પ્રશ્ન : આ શ્લોકનું સ્પષ્ટીકરણ કરશો?

ઉત્તર : જે તત્ત્વ જેનો આધાર છે અને જેમાં વ્યાપ્ત છે તે જ તેનું જીવન અને સ્વરૂપ છે અને તેને જ તેનો સાર કહેવામાં આવે છે. આ નિયમ અનુસાર જ ભગવાન એમ કહે છે - હે અર્જુન! જળનો સાર રસ-તત્ત્વ હું છું, સૂર્ય અને ચન્દ્રમાનો સાર પ્રકાશ-તત્ત્વ હું છું, બધા વેદોનો સાર પ્રણવ-તત્ત્વ 'ૐ' હું છું, આકાશનો સાર શબ્દ-તત્ત્વ હું છું અને પુરુષોનો સાર પૌરુષ-તત્ત્વ પણ હું છું.

પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ ।
જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥ ૯॥

પૃથિવ્યામ્	= (હું) પૃથ્વીમાં	ચ	= તથા
પુણ્યઃ	= પવિત્ર	સર્વભૂતેષુ	= બધાં પ્રાણીઓમાં (તેમનું)
ગન્ધઃ	= ગન્ધ	જીવનમ્	= જીવન (હું)
ચ	= અને	ચ	= અને
વિભાવસૌ	= અગ્નિમાં	તપસ્વિષુ	= તપસ્વીઓમાં
તેજઃ	= તેજ	તપઃ	= તપ
અસ્મિ	= છું	અસ્મિ	= છું.

હું પૃથ્વીમાં પવિત્ર ગન્ધ અને અગ્નિમાં તેજ છું તેમજ સમસ્ત ભૂતોમાં એમનું જીવન છું અને તપસ્વીઓમાં તપ છું. ॥ ૯॥

પ્રશ્ન : આ શ્લોકનું તાત્પર્ય શું છે?

ઉત્તર : પાછલા શ્લોક પ્રમાણે જ અહીં પણ ભગવાન પ્રત્યેક વસ્તુમાં સારરૂપે પોતાની વ્યાપકતા અને આધારત્વ બતાવીને કહે છે કે પૃથ્વીનો સાર ગંધ-તત્ત્વ, અગ્નિનો સાર તેજ-તત્ત્વ, સમસ્ત ભૂતોનો સાર જીવન-તત્ત્વ અને તપસ્વીઓનો સાર તપ-તત્ત્વ પણ હું જ છું.

પ્રશ્ન : અહીં 'ગંધઃ'ની સાથે 'પુણ્યઃ' વિશેષણનો પ્રયોગ શા માટે થયો છે?

ઉત્તર : એવો પ્રયોગ કરીને અહીં એમ જણાવવામાં આવ્યું છે કે 'ગંધ' શબ્દથી વિષયરૂપ ગંધ લક્ષિત નથી, પૃથ્વીના કારણરૂપ ગંધ તન્માત્રા લક્ષિત છે. આ જ પ્રમાણે રસ અને શબ્દની બાબતમાં પણ સમજવાનું છે.

પ્રશ્ન : 'સર્વભૂત' શબ્દ કોનો વાચક છે અને 'જીવન' શબ્દનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'સર્વભૂત' શબ્દ સમસ્ત ચરાચર સજીવ પ્રાણીઓનો વાચક છે; અને જીવન-તત્ત્વ એવી પ્રાણશક્તિનું નામ છે કે જેનાથી બધાં જ સજીવ પ્રાણીઓ અનુપ્રાણીત છે તથા જેના પ્રભાવથી તેઓ નિર્જીવ પદાર્થોથી જુદાં તરી આવે છે.

બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્ ।
બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ॥ ૧૦॥

પાર્થ	= હે પાર્થ! (તું)	અહમ્	= હું
સર્વભૂતાનામ્	= સર્વ જીવોનું	બુદ્ધિમતામ્	= બુદ્ધિમાનોની
સનાતનમ્	= સનાતન	બુદ્ધિઃ	= બુદ્ધિ (તથા)
બીજમ્	= બીજ	તેજસ્વિનામ્	= તેજસ્વીઓનું
મામ્	= મને (જ)	તેજઃ	= તેજ
વિદ્ધિ	= જાણ;	અસ્મિ	= છું.

હે પાર્થ! તું સર્વ જીવોનું સનાતન બીજ મને જ જાણ; હું બુદ્ધિમાનોની બુદ્ધિ તથા તેજસ્વીઓનું તેજ છું. ॥ ૧૦॥

પ્રશ્ન : અહીં 'સનાતન બીજ' કોને કહ્યું છે? અને ભગવાને તેને પોતાનું સ્વરૂપ શા માટે કહ્યું છે?

ઉત્તર : જે હંમેશથી હોય અને ક્યારેય નષ્ટ ન થાય તેને 'સનાતન' કહે છે. ભગવાન જ બધાં ચરાચર ભૂતપ્રાણીઓના પરમ આધાર છે અને તેમનાથી જ બધાંની ઉત્પત્તિ થાય છે. તેથી તેઓ જ બધાંનું સનાતન બીજ છે અને તેથી જ આ પ્રમાણે કહ્યું છે. આને જ નવમા અધ્યાયના અઢારમા શ્લોકમાં 'અવિનાશી બીજ' અને દસમા અધ્યાયના ઓગણચાળીસમા શ્લોકમાં 'બધાં ભૂતોનું બીજ' કહ્યું છે.

પ્રશ્ન : 'બુદ્ધિમાનોની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું.' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : બધા જ પદાર્થોનો નિશ્ચય કરનારી અને મન અને ઇન્દ્રિયોને પોતાના શાસનમાં રાખીને તેઓનું સંચાલન કરનારી અંતઃકરણની જે પરિશુદ્ધ બોધમયી શક્તિ છે તેને 'બુદ્ધિ' કહે છે; જેનામાં આ બુદ્ધિ વધારે હોય તેને બુદ્ધિમાન કહે છે; આ બુદ્ધિશક્તિ ભગવાનની અપરા પ્રકૃતિનો જ અંશ છે, તેથી ભગવાન કહે છે કે બુદ્ધિમાનોનો સાર બુદ્ધિ-તત્ત્વ હું જ છું. અને આ જ પ્રમાણે બધા જ લોકો પર પ્રભાવ નાખનારી શક્તિવિશેષનું નામ તેજસ્ છે; આ તેજસ્ તત્ત્વ જેનામાં વધારે હોય છે તેને લોકો 'તેજસ્વી' કહે છે. આ તેજ પણ ભગવાનની અપરા પ્રકૃતિનો જ એક અંશ છે, તેથી ભગવાને આ બન્નેને પોતાનાં સ્વરૂપ કહ્યાં છે.

બલં બલવતાં ચાહં કામરાગવિવર્જિતમ્ ।
ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ ॥ ૧૧॥

ભરતર્ષભ	= હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ!	ચ	= અને
અહમ્	= હું	ભૂતેષુ	= સહુ જીવોમાં
બલવતામ્	= બળવાનોનું	ધર્માવિરુદ્ધઃ	= ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ
કામરાગ-	= આસક્તિ તથા	કામઃ	= કામ
વિવર્જિતમ્	કામનાઓ વિનાનું	અસ્મિ	= છું.
બલમ્	= બળ એટલે કે સામર્થ્ય છું		

હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ! હું બળવાનોનું આસક્તિ તથા કામનાઓ વિનાનું બળ એટલે કે સામર્થ્ય છું અને સહુ જીવોમાં ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ કામ છું. ॥ ૧૧॥

પ્રશ્ન : આ શ્લોકનું સ્પષ્ટીકરણ કરશો?

ઉત્તર : જે બળમાં કામના, રાગ, અહંકાર, ક્રોધ વગેરેનો સંયોગ થયેલો હોય તે તો આસુરી બળ છે, જે બળનું વર્ણન આસુરી સમ્પદામાં કરવામાં આવ્યું છે (૧૬/૧૮) અને જેને ત્યજવાનું કહ્યું છે (૧૮/૫૩). આ જ પ્રમાણે ધર્મવિરુદ્ધ કામ પણ આસુરી સમ્પદાનો પ્રધાન ગુણ હોવાથી બધા જ અનર્થોનું મૂળ (૩/૩૭), નરકનું દ્વાર અને ત્યાજ્ય છે (૧૬/૨૧). કામ અને રાગયુક્ત 'બળ' અને ધર્મવિરુદ્ધ 'કામ' કરતાં વિલક્ષણ, વિશુદ્ધ 'બળ' અને વિશુદ્ધ 'કામ' જ ઉપાદેય છે. ભગવાન 'ભરતર્ષભ' સંબોધન કરીને એવો સંકેત કરી રહ્યા છે કે 'હે અર્જુન! તું ભરતવંશમાં શ્રેષ્ઠ છે; તારામાં આવું આસુરી બળ પણ નથી અને તે અધર્મમૂલક દૂષિત 'કામ' પણ નથી. તારામાં તો કામના અને આસક્તિથી રહિત શુદ્ધ બળ છે અને ધર્મથી અવિરુદ્ધ વિશુદ્ધ કામ છે. બળવાનોનું આવું શુદ્ધ બળ-તત્ત્વ અને ભૂતપ્રાણીઓનું તે વિશુદ્ધ કામ-તત્ત્વ હું જ છું.

સંબંધ : આ પ્રમાણે મુખ્ય-મુખ્ય વસ્તુઓમાં સારરૂપે પોતાની વ્યાપકતા બતાવીને ભગવાને પ્રકારભેદે સમસ્ત જગતમાં પોતાની સર્વવ્યાપકતા અને સર્વસ્વરૂપતા સિદ્ધ કરી છે. હવે પોતાને જ ત્રિગુણમય જગતનું મૂળ કારણ છે એમ બતાવીને આ પ્રસંગનો ઉપસંહાર કરે છે -

યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે ।
મત્ત એવેતિ તાન્વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ ॥ ૧૨॥

ચ = અને	તાન્ = એ બધાને (તું)
એવ = વળી	મત્તઃ એવ = મારાથી જ (થનારા છે)
યે = જે	ઇતિ = એમ
સાત્ત્વિકાઃ = સત્ત્વગુણમાંથી ઉદ્ભવતા	વિદ્ધિ = સમજ;
ભાવાઃ = ભાવો છે (તેમજ)	તુ = એમ હોવા છતાં પણ (વાસ્તવમાં)
યે = જે	તેષુ = તેમનામાં
રાજસાઃ = રજોગુણથી	અહમ્ = હું (કે)
ચ = અને	તે = તેઓ
તામસાઃ = તમોગુણથી થતા ભાવો છે,	મયિ = મારામાં
	ન = નથી.

અને વળી જે સત્ત્વગુણમાંથી ઉદ્ભવતા ભાવો છે તેમજ જે રજોગુણથી અને તમોગુણથી થતા ભાવો છે, એ બધાને તું મારાથી જ થનારા છે એમ સમજ; એમ હોવા છતાં પણ વાસ્તવમાં તેમનામાં હું કે તેઓ મારામાં નથી. ॥ ૧૨॥

પ્રશ્ન : સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ કોના વાચક છે? અને 'તે સર્વેને 'ભગવાનથી થનારા' સમજવા - એનો શો અર્થ છે?

ઉત્તર : મન, બુદ્ધિ, અહંકાર, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો, તન્માત્રાઓ, મહાભૂતો અને બધા જ ગુણ-અવગુણ અને કર્મ વગેરે જેટલા પણ ભાવો છે તે સર્વે સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવોની અંતર્ગત છે. આ બધા જ પદાર્થોનો વિકાસ અને વિસ્તાર ભગવાનની 'અપરા પ્રકૃતિ'થી થાય છે અને તે પ્રકૃતિ ભગવાનની છે, તેથી ભગવાનથી જુદી નથી. ભગવાનના લીલા-સંકેતથી પ્રકૃતિ વડે બધાંનું સર્જન, વિસ્તાર અને ઉપસંહાર થતાં રહે છે. આ પ્રમાણે જાણી લેવું એને જ તે બધા ભાવો 'ભગવાનથી થનારા' સમજવા ગણાય.

પ્રશ્ન : ઉપર્યુક્ત બધા જ ત્રિગુણમય ભાવો જો ભગવાનથી જ થાય છે તો પછી 'તેઓ મારામાં નથી અને હું તેમનામાં નથી' એમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : જેવી રીતે આકાશમાં ઉત્પન્ન થનારાં વાદળાંઓનું કારણ અને તેમનો આધાર આકાશ છે, પણ આકાશ તેમનાથી સર્વથા અલિપ્ત છે. વાદળાંઓ આકાશમાં હંમેશાં રહેતાં નથી અને અનિત્ય હોવાને કારણે ખરેખર તો એમનું સ્થિર અસ્તિત્વ પણ નથી; પરંતુ આકાશ વાદળાંઓ ન હોય તોપણ હંમેશાં રહે છે. જ્યાં વાદળાંઓ નથી ત્યાં પણ આકાશ તો છે જ; તે વાદળાંઓનું આશ્રિત નથી. વસ્તુતઃ વાદળાંઓ પણ આકાશથી ભિન્ન નથી, તેમાં જ અને તેનાથી ઉત્પન્ન થાય છે. તેથી હકીકતમાં વાદળાંઓનું જુદું અસ્તિત્વ નહિ હોવાથી તે આકાશ કોઈ પણ સમયે વાદળાંઓમાં હોતું નથી, તે તો હંમેશાં પોતે પોતાનામાં જ સ્થિત હોય છે. આ પ્રમાણે જોકે ભગવાન પણ ત્રિગુણમય ભાવોના કારણ અને આધાર છે, તોપણ વાસ્તવમાં તે ગુણો ભગવાનમાં નથી અને ભગવાન તે ગુણોમાં નથી. ભગવાન તો સર્વથા અને સર્વદા ગુણાતીત છે અને

નિત્ય પોતે પોતાનામાં જ સ્થિત છે. તેથી જ ભગવાન કહે છે કે 'તેઓ મારામાં નથી અને હું તેમનામાં નથી.' આનું સ્પષ્ટીકરણ નવમા અધ્યાયના ચોથા અને પાંચમા શ્લોકોમાં જોવું જોઈએ.

સંબંધ : ભગવાને એમ જણાવ્યું કે સમસ્ત જગત મારું જ સ્વરૂપ છે અને મારાથી જ વ્યાપ્ત છે. અહીં એવી જિજ્ઞાસા થાય છે કે આ પ્રમાણે બધે જ પરિપૂર્ણ અને અત્યંત નિકટ હોવા છતાં પણ લોકો ભગવાનને શા માટે ઓળખી શકતા નથી? આ બાબતમાં ભગવાન કહે છે -

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३॥

गुणमयैः	= ગુણોનાં કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા	जगत्	= સંસાર (પ્રાણી સમુદાય)
		मोहितम्	= મોહ પામી રહ્યો છે, (માટે જ)
एभिः	= આ	एभ्यः	= આ ત્રણેય ગુણોથી
त्रिभिः	= ત્રણેય પ્રકારના	परम्	= પર (એવા)
भावैः	= ભાવોથી	माम्	= મુજ
इदम्	= આ	अव्ययम्	= અવિનાશીને
सर्वम्	= આખો	न	= નથી
		अभिजानाति	= ઓળખતો.

ગુણોનાં કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા આ ત્રણેય પ્રકારના ભાવોથી આ આખો સંસાર-પ્રાણીસમુદાય મોહ પામી રહ્યો છે, માટે જ આ ત્રણેય ગુણોથી પર એવા મુજ અવિનાશીને નથી ઓળખતો. ॥ ૧૩॥

પ્રશ્ન : 'ગુણોનાં કાર્યરૂપ આ ત્રણે પ્રકારના ભાવોથી આ બધો સંસાર મોહિત થઈ રહ્યો છે.' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : પાછલા શ્લોકમાં જે ભાવોનું વર્ણન કર્યું છે, અહીં તે જ ત્રિવિધ ભાવોથી જગત મોહિત થઈ રહ્યું છે એમ જણાવ્યું છે. 'त्रिभिः' અને 'गुणमयैः' વિશેષણોથી એમ જણાવાયું છે કે તે બધા ભાવો (પદાર્થો) ત્રણે ગુણો પ્રમાણે ત્રણ ભાગોમાં વહેંચાયેલા છે અને ગુણોના જ વિકાર છે. તેમ જ 'જગત' શબ્દથી સમસ્ત સજીવ પ્રાણીઓ લક્ષિત છે; કારણ કે નિર્જીવ પદાર્થો મોહિત થાય છે એમ તો કહી જ શકાય નહીં. તેથી જ ભગવાનના કથનનો અભિપ્રાય અહીં એવો જણાય છે કે 'જગતનાં બધાં જ દેહાભિમાની પ્રાણી - મનુષ્ય પણ - પોતપોતાના સ્વભાવ, પ્રકૃતિ અને વિચાર પ્રમાણે, અનિત્ય અને દુઃખપૂર્ણ એવા આ ત્રિગુણમય ભાવોને જ નિત્ય અને સુખનો હેતુ સમજીને એમની કલ્પિત રમણીયતા અને સુખરૂપતાના માત્ર બાહ્ય ચળકાટને લીધે જીવનના પરમ લક્ષ્યને ભૂલી જાય છે અને મારા (ભગવાનના) ગુણ, પ્રભાવ, તત્ત્વ, સ્વરૂપ અને રહસ્યના ચિંતન અને જ્ઞાનથી વિમુખ થઈને વિપરીત ભાવના અને અસંભાવના કરીને મારામાં અશ્રદ્ધા કરે છે. ત્રણે ગુણોના વિકારોમાં રચ્યા-પચ્યા રહેવાને કારણે તેઓની વિવેકદૃષ્ટિ એટલી બધી સ્થૂળ થઈ હોય ગઈ છે કે તેઓ વિષયોનો સંગ્રહ કરવો અને તેઓને ભોગવવા એને જ જીવનનું લક્ષ્ય માને છે અને જીવનના સાચા લક્ષ્ય અને કર્તવ્યને સમજી શકતા નથી.

પ્રશ્ન : 'ત્રણે ગુણોથી પર એવા મને, અવિનાશીને જાણતાં નથી.' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથનથી ભગવાન એમ જણાવે છે કે તે વિષયોમાં ફસાયેલા અને મોહિત થયેલા મનુષ્યોની વિવેકદૃષ્ટિ ત્રણે ગુણોના વિનાશશીલ

વર્તુળથી આગળ જતી જ નથી; તેથી તેઓ આ બધાંથી સર્વથા અતીત, અવિનાશી એવા મને જાણી શકતા નથી.

પંદરમા અધ્યાયના અઢારમા શ્લોકમાં પણ ભગવાન પોતાને ક્ષર પુરુષથી સર્વથા અતીત અર્થાત્ પર કહે છે. ત્યાં 'ક્ષર' પુરુષના નામે જે તત્ત્વનું વર્ણન છે તેને જ અહીં આ પ્રકરણમાં 'અપરા પ્રકૃતિ' અને 'ત્રિગુણમયભાવ' કહ્યું છે. ત્યાં જેને 'અક્ષર પુરુષ' કહ્યું છે તે જ તત્ત્વને અહીં 'પરા પ્રકૃતિ' અને 'મોહિત થનારો પ્રાણીસમુદાય' કહ્યું છે અને ત્યાં જેને 'પુરુષોત્તમ' કહ્યું છે તેનું જ અહીં 'મામ્' પદથી વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રમાણે, ભગવાનને પુરુષોત્તમ ન જાણવા એ જ ભગવાનને ગુણોથી પર અવિનાશી નહીં જાણવા છે.

સંબંધ : ભગવાને સંપૂર્ણ જગતને ત્રિગુણમય ભાવોથી મોહિત બતાવ્યું. આ વાત સાંભળીને અર્જુનને એ જાણવાની ઇચ્છા થઈ કે તો પછી આનાથી છૂટવાનો કોઈ ઉપાય છે ખરો? અંતર્યામી દયામય ભગવાન આ વાતને જાણી ગયા, તેથી તેઓ પોતાની માયાને દુસ્તર જણાવી તેને તરી જવાનો ઉપાય સૂચવે છે -

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥ ૧૪॥

હિ	= કેમકે
એષા	= આ
દૈવી	= અલૌકિક અર્થાત્ ઘણી અદ્‌ભુત
ગુણમયી	= ત્રિગુણમયી
મમ	= મારી
માયા	= માયા
દુરત્યયા	= પાર કરવી ઘણી કઠિન છે, (પરંતુ)
યે	= જે માણસો
મામ્	= (માત્ર) મને
એવ	= જ
પ્રપદ્યન્તે	= (નિરંતર) ભજે છે,
તે	= તેઓ
એતામ્	= આ
માયામ્	= માયાને
તરન્તિ	= પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે.

કેમકે આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્‌ભુત ત્રિગુણમયી મારી માયા પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, તેઓ આ માયાને પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે. ॥ ૧૪॥

પ્રશ્ન : માયાની સાથે 'એષા', 'દૈવી', 'ગુણમયી' અને 'દુરત્યયા' વિશેષણોનો પ્રયોગ શા માટે થયો છે? અને આ માયાને 'મમ' (મારી) કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'એષા' પદ પ્રત્યક્ષ વસ્તુનું નિર્દેશક છે અને પ્રકૃતિ કાર્યરૂપમાં જ પ્રત્યક્ષ છે. તેથી એમ સમજવાનું છે કે જે પ્રકૃતિનું પાછલા શ્લોકમાં ત્રિગુણમય ભાવોના નામથી કાર્યરૂપમાં વર્ણન કર્યું છે તે જ પ્રકૃતિને અહીં 'માયા'ના નામે જણાવી છે. ગુણો અને ગુણોનાં કાર્યરૂપ આ સંપૂર્ણ જડ દૃશ્યપ્રપંચ આ માયાની અંદર જ છે, તેથી જ તેને 'ગુણમયી' કહી છે. આ માયા જાદુગરોની અથવા દાનવોની માયા જેવી સાધારણ નથી, આ તો ભગવાનની પોતાની અનન્ય અસાધારણ અત્યંત વિચિત્ર શક્તિ છે; તેથી જ તેને 'દૈવી' કહી છે; અને છેલ્લે ભગવાને આ દૈવી માયાને 'મારી' (મમ) કહીને તેમ જ તેને 'દુરત્યયા' બતાવીને એમ જણાવ્યું છે કે હું આનો સ્વામી છું, મારા શરણે આવ્યા વગર આ માયાથી સહજ રીતે પાર પામવું તે મનુષ્ય માટે અશક્ય છે. તેથી, આ માયા અત્યંત જ દુસ્તર છે.

પ્રશ્ન : 'જેઓ કેવલ મને જ નિરંતર ભજે છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : જેઓ એકમાત્ર ભગવાનને જ પોતાના પરમ આશ્રય, પરમગતિ, પરમપ્રિય અને

પરમ પ્રાપ્ય માને છે અને બધું ભગવાનનું જ અથવા ભગવાન માટે જ છે - એમ સમજીને જેઓ શરીર, પત્ની, પુત્ર, ધન, ઘર, કીર્તિ વગેરેમાં મમત્વ અને આસક્તિનો ત્યાગ કરીને, તે સર્વેને ભગવાનની જ પૂજાની સામગ્રી બનાવીને તથા ભગવાનના રચાયેલા વિધાનમાં હંમેશાં સંતુષ્ટ રહીને ભગવાનની આજ્ઞા પાળવામાં તત્પર રહે છે અને ભગવાનના સ્મરણને પરાયણ થઈને પોતાને બધી જ રીતે નિરંતર ભગવાનમાં જ લીન રાખે છે તે જ પુરુષો નિરંતર ભગવાનનું ભજન કરનારા મનાય છે. આનું નામ અનન્ય શરણાગતિ છે. આ પ્રકારના શરણાગત ભક્તો જ માયાને તરી જાય છે.

પ્રશ્ન : 'માયાથી તરી જવું' કોને કહેવાય?

ઉત્તર : કાર્ય અને કારણરૂપ અપરા પ્રકૃતિનું જ નામ 'માયા' છે. માયાપતિ પરમેશ્વરના શરણે થઈને તેમની કૃપાથી આ માયાના રહસ્યને સંપૂર્ણપણે જાણીને એના સંબંધથી સર્વથા મુક્તિ મેળવવી અને માયાતીત પરમેશ્વરને પ્રાપ્ત કરી લેવા - આને 'માયાથી તરી જવું' કહેવાય.

સંબંધ : ભગવાને માયાની દુસ્તરતા જણાવીને પોતાના ભજન દ્વારા તેને તરી શકાય છે એમ જણાવ્યું. તેથી અહીં એમ પ્રશ્ન ઊભો થાય છે કે જો ઉપર પ્રમાણે હકીકત છે તો પછી બધા લોકો નિરંતર આપનું ભજન શા માટે નથી કરતા? એ બાબતે ભગવાન અહીં જણાવે છે -

ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ।
માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમાશ્રિતાઃ॥ ૧૫॥

માયયા	= માયા વડે	દુષ્કૃતિનઃ	= દૂષિત કર્મ કરનાર
અપહૃતજ્ઞાનાઃ	= જેમનું જ્ઞાન હરાયેલું છે, એવાં	મૂઢાઃ	= મૂઢ જનો
આસુરમ્ ભાવમ્	= આસુરી સ્વભાવને	મામ્	= મને
આશ્રિતાઃ	= ધરી રાખનાર,	ન	= નથી
નરાધમાઃ	= મનુષ્યોમાં અધમ,	પ્રપદ્યન્તે	= ભજતા.

માયા વડે જેમનું જ્ઞાન હરાયેલું છે, એવા આસુરી સ્વભાવને ધરી રાખનાર, મનુષ્યોમાં અધમ, દૂષિત કર્મ કરનાર મૂઢ જનો મને નથી ભજતા. ॥ ૧૫॥

પ્રશ્ન : આ શ્લોકનું સ્પષ્ટીકરણ કરશો?

ઉત્તર : ભગવાન કહે છે કે જેઓ જન્મ-જન્માન્તરથી પાપ કરતા આવ્યા છે અને આ જન્મમાં પણ જેઓ જાણી જોઈને પાપોમાં જ પ્રવૃત્ત છે એવા દુષ્કર્મી - પાપાત્મા લોકો; 'પ્રકૃતિ શું છે, પુરુષ શું છે, ભગવાન શું છે અને ભગવાન સાથે જીવનો અને જીવ સાથે ભગવાનનો શો સંબંધ છે?' વગેરે વાતો જાણવી એ તો દૂર રહ્યું, પણ જેઓ એ પણ નથી જાણતા અથવા જાણવા ઇચ્છતા નથી કે મનુષ્ય-જન્મનો ઉદ્દેશ્ય ભગવત્પ્રાપ્તિ અને ભજન જ તેનું મુખ્ય કર્તવ્ય છે, એવા વિવેકહીન, મૂઢ મનુષ્યો તથા જેમના વિચાર અને કર્મો નીચ છે - વિષયાસક્તિ, પ્રમાદ અને આળસની અધિકતાને કારણે જેઓ માત્ર વિષયભોગોમાં જ પોતાનું જીવન વેડફી દેતા રહે છે અને તે વિષયભોગોને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી નિરંતર નિન્દાપાત્ર એવાં નીચ કર્મોમાં જ રત રહે છે એવા નરાધમ નીચ વ્યક્તિઓ મને ભજતા નથી; તેમ જ માયાએ જેમનું જ્ઞાન હરી લીધું છે, વિપરીત ભાવના અને અશ્રદ્ધાની અધિકતાને કારણે જેમનો વિવેક નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયો છે અને તેથી જેઓ વેદ, શાસ્ત્ર, ગુરુપરમ્પરાના સદુપદેશ, ઈશ્વર, કર્મફળ અને પુનર્જન્મમાં વિશ્વાસ કરતા નથી અને ખોટા કુતર્કોમાં તેમ જ નાસ્તિકવાદમાં જ ગૂંચવાયેલા

રહીને બીજાઓનું અનિષ્ટ કરે છે એવા અજ્ઞાનીજનો મને ભજતા નથી; તેમ જ આ બધા દુર્ગુણોની સાથે જ જેઓ દંભ, દર્પ, અભિમાન, કઠોરતા, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે આસુરી ભાવોનો આશ્રય લઈ બેઠા છે, એવી આસુરી પ્રકૃતિવાળા મૂઢલોકો મને ક્યારેય ભજતા નથી.

સંબંધ : પૂર્વશ્લોકમાં ભગવાને એમ જણાવ્યું કે પાપાત્મા આસુરી પ્રકૃતિવાળા મૂઢલોકો મારું ભજન કરતા નથી. તેથી એવી જિજ્ઞાસા થાય છે કે તો પછી કેવા મનુષ્યો આપનું ભજન કરે છે? આ બાબતે ભગવાન કહે છે -

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ १६॥

भरतर्षभ	= હે ભરતશ્રેષ્ઠ	च	= અને
अर्जुन	= અર્જુન!	ज्ञानी	= જ્ઞાની – (એવા)
सुकृतिनः	= ઉત્તમ કર્મ કરનાર	चतुर्विधाः	= ચાર પ્રકારના
अर्थार्थी	= અર્થાર્થી,	जनाः	= ભક્તજનો
आर्तः	= આર્ત	माम्	= મને
जिज्ञासुः	= જિજ્ઞાસુ	भजन्ते	= ભજે છે.

હે ભરતશ્રેષ્ઠ અર્જુન! ઉત્તમ કર્મ કરનાર અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની-એવા ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે. ॥ ૧૬॥

પ્રશ્ન : 'सुकृतिनः' પદનો શો અર્થ છે અને તે કોનું વિશેષણ છે?

ઉત્તર : જન્મજન્માંતરથી શુભ કર્મો કરતાં કરતાં જેમનો સ્વભાવ સુધરી ગયો છે અને શુભકર્મશીલ બની ગયો છે તથા જેઓ પૂર્વસંસ્કારોના બળથી અને મહાપુરુષોના સંગના પ્રભાવથી આ જન્મમાં પણ ભગવદ્-આજ્ઞા પ્રમાણે શુભ કર્મો જ કરે છે - એવા શુભ કર્મો કરનારાઓને 'સુકૃતી' કહે છે. શુભ કર્મોને લીધે ભગવાનના પ્રભાવ અને મહત્ત્વનું જ્ઞાન થાય છે અને તેથી ભગવાનમાં વિશ્વાસ વધે છે અને વિશ્વાસ થવાથી ભજન થાય છે. આનાથી એમ સૂચિત થાય છે કે 'सुकृतिनः' વિશેષણનો સંબંધ ચારે પ્રકારના ભક્તો સાથે છે અર્થાત્ ભગવાનને વિશ્વાસથી ભજનારા બધા જ ભક્તો 'સુકૃતિ' છે, પછી ભલે તે લોકો કોઈ પણ હેતુથી ભજતા હોય.

પ્રશ્ન : અર્થાર્થી ભક્તનાં શાં લક્ષણો છે?

ઉત્તર : પત્ની, પુત્ર, ધન, માન, ઇજ્જત, પ્રતિષ્ઠા, સ્વર્ગ-સુખ વગેરે આ લોકના અને પરલોકના ભોગોમાંથી કોઈ એક અથવા અધિકની કામના જેના મનમાં છે ખરી, પણ તે કામનાની પૂર્તિ માટે જે માત્ર ભગવાન પર જ નિર્ભર રહેતો હોય છે અને જે આના માટે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ભગવાનનું ભજન કરે છે તે અર્થાર્થી ભક્ત છે.

સુગ્રીવ-વિભીષણ વગેરે ભક્તોને અર્થાર્થી માનવામાં આવે છે; આવા ભક્તોમાં ધ્રુવનું નામ સવિશેષ લેવાય છે.

સ્વાયમ્ભુવ મનુના પુત્ર ઉત્તાનપાદની બે રાણીઓ હતી, સુનીતિ અને સુરુચિ. સુનીતિથી ધ્રુવનો અને સુરુચિથી ઉત્તમનો જન્મ થયો હતો. રાજા ઉત્તાનપાદ સુરુચિને વધારે પ્રેમ કરતા હતા. એક દિવસ બાળક ધ્રુવ આવીને પિતાના ખોળામાં બેસવા લાગ્યો ત્યારે સુરુચિએ તેનો તિરસ્કાર કરીને તેને ઉતારી મૂક્યો અને તેને કહ્યું, 'તું અભાગિયો છે, કે તારો જન્મ સુનીતિના ગર્ભથી થયો છે. રાજસિંહાસન પર બેસવું હતું તો મારા ગર્ભથી જન્મ લેવો હતો ને. જા, શ્રીહરિની આરાધના કર; એમ કરીશ તો જ તારો મનોરથ સફળ થશે.' અપરમાતાના

આવા અદેખાઈભર્યા વ્યવહારથી ધ્રુવને ખૂબ દુઃખ થયું. તે રોતો રોતો પોતાની મા સુનીતિ પાસે ગયો અને તેને બધી વાત કહી સંભળાવી. સુનીતિએ કહ્યું, બેટા! તારી માતા સુરુચિએ બરાબર જ કહ્યું છે. ભગવાનની આરાધના વગર તારો મનોરથ પૂર્ણ નહિ થાય.' માતાની વાત સાંભળીને રાજ્યપ્રાપ્તિના ઉદ્દેશ્યથી બાળક ધ્રુવ ભગવાનનું ભજન કરવા માટે ઘરેથી ચાલી નીકળ્યો. રસ્તામાં નારદજી મળ્યા. તેમણે ધ્રુવને પાછો વાળવા પ્રયત્ન કર્યો અને રાજ્ય અપાવવાનો દિલાસો આપ્યો; પણ ધ્રુવ પોતાના નિશ્ચય પર અટળ રહ્યા. ત્યારે નારદજીએ તેને 'ॐ नमो भगवते वासुदेवाय' આ દ્વાદશાક્ષર મંત્ર આપીને ચતુર્ભુજ ભગવાન વિષ્ણુનું ધ્યાન કરવાનો ઉપદેશ આપીને આશીર્વાદ આપ્યા.

ધ્રુવજી યમુનાજીના તટ પાસે મધુવનમાં જઈને તપ કરવા લાગ્યા. તેમને તપમાંથી ચલિત કરવા માટે વિભિન્ન પ્રકારના ભય અને લોભનાં કારણો તેમની સામે આવ્યાં, પણ તેઓ પોતાના વ્રત પર અટલ રહ્યા. ત્યારે ભગવાને તેમની એકનિષ્ઠ ભક્તિથી પ્રસન્ન થઈને તેમને દર્શન આપ્યાં. દેવર્ષિ નારદજી મારફતે સમાચાર સાંભળીને રાજા ઉત્તાનપાદ ધ્રુવને લેવા માટે પોતાના પુત્ર ઉત્તમ અને બન્ને રાણીઓની સાથે ચાલી નીકળ્યા. તપોમૂર્તિ ધ્રુવ તેમને માર્ગમાં જ મળી ગયા. રાજાએ હાથણી ઉપરથી નીચે ઊતરીને ધ્રુવને ગળે લગાવ્યા. ત્યારબાદ મોટા ઉત્સવ અને સમારોહ સાથે ધ્રુવજીને હાથણી પર બેસાડીને નગરમાં લાવવામાં આવ્યા. છેવટે, રાજાએ ધ્રુવને રાજ્ય સોંપી દીધું અને પોતે વાનપ્રસ્થ-આશ્રમ ગ્રહણ કર્યો.

પ્રશ્ન : આર્ત ભક્તનાં કયાં લક્ષણો છે?

ઉત્તર : જે શારીરિક અથવા માનસિક સંતાપ, વિપત્તિ, શત્રુભય, રોગ, અપમાન, ચોર, ડાકૂ અને આતતાયીઓ અર્થાત્ અત્યાચારીઓ અથવા હિંસક જાનવરોના આક્રમણથી અથવા અન્ય એવાં કારણસર ગભરાઈને તેમનાથી છુટકારો મેળવવા માટે પૂર્ણ વિશ્વાસથી અને હૃદયની અચળ શ્રદ્ધાથી ભગવાનનું ભજન કરે છે તે આર્ત ભક્ત છે.

આર્ત ભક્તોમાં ગજેન્દ્ર, જરાસંધના બંદીવાન રાજાઓ વગેરે બધાનો સમાવેશ થાય છે; પણ આવા ભક્તોમાં સતી દ્રૌપદીનું નામ સવિશેષ લેવાય છે.

દ્રૌપદી રાજા દ્રુપદની પુત્રી હતાં; તેમની ઉત્પત્તિ યજ્ઞવેદીમાંથી થઈ હતી. એમનું શરીર અત્યંત સુંદર અને શ્યામવર્ણનું હતું, તેથી તેમને 'કૃષ્ણા' કહેતા હતા. દ્રૌપદી અનંતગુણયુક્તા, મહાન પતિવ્રતા, આદર્શ ગૃહિણી અને ભગવાનનાં સાચાં ભક્ત હતાં. દ્રૌપદી શ્રીકૃષ્ણને પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદઘન પરમેશ્વર સમજતાં હતાં અને ભગવાન પણ એમની સામે પોતાની અંતરંગ લીલાઓ પણ કદી છુપાવતા ન હતા. વૃન્દાવનના પવિત્ર ગોપી-પ્રેમની જે લીલાઓ વિષે ગોપીઓના પતિ અને પુત્રો સુધ્ધાંને જાણ ન હતી તે લીલાઓની સંપૂર્ણ જાણ દ્રૌપદીને હતી; તેથી કૌરવસભામાં વસ્ત્ર-હરણના પ્રસંગે દ્રૌપદીએ ભગવાનને 'ગોપી-જનપ્રિય' કહીને પોકાર્યા હતા.

જ્યારે દુષ્ટ દુઃશાસન દુર્યોધનની આજ્ઞાથી એકવસ્ત્રા દ્રૌપદીને સભામાં બળપૂર્વક લાવીને તેમની સાડી ખેંચવા લાગ્યો અને ત્યારે કોઈના પણ તરફથી રક્ષણ મળવાનું કોઈ પણ લક્ષણ ન દેખાતાં દ્રૌપદીજીએ પોતાને તદ્દન અસહાય માનીને પોતાના પરમ સહાયક, પરમ બંધુ પરમાત્મા શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. તેમને એવો દૃઢ વિશ્વાસ હતો કે મારાથી સ્મરણ થતાં જ ભગવાન જરૂર આવશે, મારો આર્ત પોકાર સાંભળીને તેમનાથી રહેવાશે નહિ, તેઓ જરૂર આવશે. દ્રૌપદીએ ભગવાનનું સ્મરણ કર્યું –

गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव॥
हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन॥
कृष्ण कृष्ण महायोगिन् विश्वात्मन् विश्वभावन।
प्रपन्नां पाहि गोविन्द कुरुमध्येऽवसीदतीम्॥

(મહાભારત સભાપર્વ - ૬૭)

'હે ગોવિંદ! હે દ્વારકાવાસી! હે શ્રીકૃષ્ણ! હે ગોપીજનપ્રિય! હે કેશવ! શું તમને ખબર નથી કે

કૌરવો મારો તિરસ્કાર કરી રહ્યા છે? હે નાથ! હે લક્ષ્મીપતિ! હે વ્રજનાથ! હે દુઃખનાશન! હે જનાર્દન! કૌરવ-સમુદ્રમાં હું ડૂબી રહી છું, મને બચાવો. હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગી! હે વિશ્વાત્મા! હે વિશ્વભાવન! હે ગોવિંદ! કૌરવોના હાથોમાં પડેલી દુઃખિણી અને તમારે શરણે આવેલી હું અબળા છું. મારું રક્ષણ કરો.'

ત્યારે દ્રૌપદીનો પોકાર સાંભળતાં જ જગદીશ્વર ભગવાનનું હૃદય દ્રવીભૂત થઈ ગયું અને તેઓ - **त्यक्त्वा शय्यासनं पद्भ्यां कृपालुः कृपयाभ्यगात्।**

'કૃપાળુ ભગવાન કૃપાથી પરવશ બનીને શય્યા છોડીને પગપાળા દોડ્યા.' કૌરવોની દાનવી સભામાં ભગવાનનો વસ્ત્રાવતાર થયો. દ્રૌપદીના એક વસ્ત્રમાંથી બીજું અને બીજામાંથી ત્રીજું - એ પ્રમાણે ભિન્ન ભિન્ન રંગોનાં વસ્ત્રો નીકળવા લાગ્યાં અને ત્યાં વસ્ત્રોનો ઢગલો થઈ ગયો. ખરે વખતે પ્રિય બંધુએ પહોંચી જઈને પોતાની દ્રૌપદીની લાજ બચાવી લીધી. દુઃશાસન લોથપોથ થઈને ભોંય પર ઢળી પડ્યો.

પ્રશ્ન : જિજ્ઞાસુ ભક્તનાં કયાં લક્ષણો છે?

ઉત્તર : ધન, પત્ની, પુત્ર, ગૃહ વગેરે વસ્તુઓની અને રોગ-સંકટ વગેરેની પરવા નહિ કરતાં એકમાત્ર પરમાત્માને તત્ત્વથી જાણવાની ઇચ્છાથી જ જે એકનિષ્ઠ થઈને ભગવાનની ભક્તિ કરે છે (૧૪/૨૬) તે કલ્યાણકામી ભક્તને જિજ્ઞાસુ કહે છે.

જિજ્ઞાસુ ભક્તોમાં પરીક્ષિત વગેરે અનેક ભક્તોની ગણના થાય છે, પણ ઉદ્ધવજીનું નામ વિશેષ પ્રસિદ્ધ છે. શ્રીમદ્ભાગવતના અગિયારમા સ્કંધમાં અધ્યાય સાતથી ત્રીસ સુધી ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને દિવ્યજ્ઞાનનો મહાન ઉપદેશ આપ્યો છે, જે 'ઉદ્ધવગીતા'ના નામથી પ્રસિદ્ધ છે.

પ્રશ્ન : જ્ઞાની ભક્તનાં કયાં લક્ષણો છે?

ઉત્તર : જેઓ પરમાત્માને પામી ગયા છે, જેમની દૃષ્ટિમાં કેવલ એક પરમાત્મા જ વસેલા છે, પરમાત્મા સિવાય બીજું કશુંય નથી અને આ પ્રમાણે પરમાત્માને પ્રાપ્ત કરી લેવાથી જેમની બધી જ કામનાઓ નિઃશેષરૂપે અર્થાત્ સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગઈ છે તથા એવી સ્થિતિમાં જેઓ સહજભાવથી જ પરમાત્માનું ભજન કરે છે તેઓ જ્ઞાની છે (૧૨/૧૩-૧૯). નવમા અધ્યાયના તેરમા અને ચૌદમા શ્લોકોમાં તથા દશમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં અને પંદરમા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં જેમનું વર્ણન છે તે નિષ્કામ અનન્યપ્રેમી સાધકભક્તોની પણ ગણના જ્ઞાનીભક્તોમાં થાય છે.

જ્ઞાનીઓમાં શુકદેવજી, સનકાદિ, નારદજી, ભીષ્મજી વગેરે પ્રસિદ્ધ છે. બાળક પ્રહ્લાદને પણ જ્ઞાની ભક્ત માનવામાં આવ્યા છે, જેમને માતાના ગર્ભમાં જ દેવર્ષિ નારદજીનો ઉપદેશ મળ્યો હતો. આ ભક્ત પ્રહ્લાદ દૈત્યરાજ હિરણ્યકશિપુના પુત્ર હતા. હિરણ્યકશિપુ ભગવાનથી દ્વેષ રાખતો હતો અને પ્રહ્લાદ ભગવાનના ભક્ત હતા. તેથી હિરણ્યકશિપુએ તેમને ખૂબ જ ત્રાસ આપ્યો. સર્પોના દંશ દેવડાવ્યા, હાથીના પગ હેઠળ કચરાવ્યા, મહેલ પરથી નીચે નાખવામાં આવ્યા, સમુદ્રમાં ફેંકવામાં આવ્યા, ભયંકર આગમાં હોમી દીધા અને ગુરુઓએ તેમને મારી નાખવાનો પ્રયત્ન કર્યો, પણ દરેક વખતે ભગવાન તેમને બચાવતા રહ્યા. તેમના માટે ભગવાને શ્રીનૃસિંહદેવના રૂપમાં પ્રગટ થઈને હિરણ્યકશિપુનો વધ કર્યો. કોઈ પણ ભયથી ડરવું નહિ એ તો પ્રહ્લાદની જ્ઞાનસ્થિતિનું સૂચક છે જ; પણ ગુરુગૃહમાં તેમણે બાળપણમાં જ પોતાના સહપાઠીઓને જે દિવ્ય ઉપદેશ આપ્યો છે તે પણ તેમને જ્ઞાની સિદ્ધ કરે છે. ભાગવત અને વિષ્ણુપુરાણમાં તેમની સુંદર કથાઓ છે, જે જરૂર વાંચવી જોઈએ.

પ્રશ્ન : અહીં 'ચ'ના પ્રયોગથી શું જણાવવામાં આવ્યું છે?

જવાબ : 'ચ'નો પ્રયોગ કરીને ભગવાને અર્થાર્થી, આર્ત અને જિજ્ઞાસુ ભક્તો કરતાં જ્ઞાની ભક્તની વિલક્ષણતા અને શ્રેષ્ઠતા સૂચવી છે. સત્તરમા, અઢારમા અને ઓગણીસમા શ્લોકોમાં

જ્ઞાનીનો જે મહિમા કહી બતાવ્યો છે તેનો જ સંકેત અહીં 'ચ'ના પ્રયોગથી સૂત્રરૂપમાં કરવામાં આવ્યો છે.

પ્રશ્ન : ચાર પ્રકારના ભક્તોમાં એકબીજાથી શ્રેષ્ઠ કોણ છે અને શા માટે છે?

ઉત્તર : ભગવાનમાં દૃઢ વિશ્વાસ હોય અને કોઈ પણ રીતે ભગવાનનું ભજન કરતા હોય તે બધા જ ભક્તો ઉત્તમ છે. તેથી જ ભગવાને આ ચારે પ્રકારના ભક્તોને આ શ્લોકમાં 'સુકૃતી' અને અઢારમા શ્લોકમાં 'ઉદાર' કહ્યા છે. પણ અહીં જે વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે તુલનાત્મક રીતે સમજીએ તો 'અર્થાર્થી' કરતાં 'આર્ત', 'આર્ત' કરતાં 'જિજ્ઞાસુ' અને 'જિજ્ઞાસુ' કરતાં 'જ્ઞાની' ઉત્તમ જણાય છે; કારણ કે અર્થાર્થી સાંસારિક ભોગોને સુખનું કારણ સમજીને તેમની કામનાથી ભગવાનને ભજે છે, તેઓ ભગવાનના પ્રભાવને સંપૂર્ણ રીતે જાણતા નથી, તેથી ભગવાનમાં તેમનો પૂર્ણ પ્રેમ હોતો નથી અને તેથી જ તેઓ ભોગોની આકાંક્ષા કરે છે. આર્ત ભક્તો સુખભોગ માટે તો કશું જ માગતા નથી. તેથી એ તો સાબિત થાય જ છે કે અર્થાર્થી કરતાં તેઓ ભગવાનને વધુ પ્રેમ કરે છે; તેમ છતાં તેમનો પ્રેમ શરીર-સુખ અને માન-ઇજ્જત વગેરેમાં થોડોક વહેંચાયેલો તો હોય છે જ; તેથી તેઓ ઘોર સંકટ આવવાથી અથવા અપમાનિત થવાથી તેવા દુઃખથી બચવા માટે ભગવાનને પોકારે છે. 'જિજ્ઞાસુ' ભક્તો તો ભોગ-સુખ ઇચ્છતા નથી અને લૌકિક વિપત્તિઓ આવવાથી ગભરાતા પણ નથી, તેઓ તો માત્ર ભગવાનના તત્ત્વને જ જાણવા માગે છે. તેથી એ સાબિત થાય છે કે સાંસારિક ભોગોમાં તેમની આસક્તિ હોતી નથી, પણ તેમનામાં મોક્ષની કામના તો રહેલી જ હોય છે; તેથી તેમનો પ્રેમ પણ જોકે અર્થાર્થી અને આર્તની તુલનામાં વધારે વિલક્ષણ અને વધુ માત્રામાં હોય છે તોપણ 'જ્ઞાની' કરતાં તો ઓછો જ હોય છે. પણ ભગવાનના સમગ્ર સ્વરૂપ તત્ત્વને જાણનારા જ્ઞાની ભક્તો તો કોઈ પણ અપેક્ષા વગર સ્વાભાવિકપણે જ ભગવાનને નિષ્કામ ભાવથી નિત્ય-નિરંતર ભજે છે. તેથી તેઓ સર્વોત્તમ ભક્તો છે.

પ્રશ્ન : અહીં ભગવાને અર્જુનને 'ભારતર્ષભ' નામથી સંબોધિત કર્યા છે, તેનો શો હેતુ છે?

ઉત્તર : અર્જુનને 'ભરતવંશીઓમાં શ્રેષ્ઠ' કહીને ભગવાન એમ જણાવવા માગે છે કે તું સુકૃતી છે. તેથી તું તો મારું ભજન કરી જ રહ્યો છે.

સંબંધ : ચાર પ્રકારના ભક્તોની વાત કહીને હવે ભગવાન તે સર્વ ભક્તો પૈકી જ્ઞાની ભક્તના પ્રેમની પ્રશંસા અને અન્યાન્ય ભક્તો કરતાં જ્ઞાની ભક્તની શ્રેષ્ઠતાનું નિરૂપણ કરે છે -

તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ॥ ૧૭॥

તેષામ્	= એમનામાંથી	અહમ્	= હું
નિત્યયુક્તઃ	= હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત,	અત્યર્થમ્	= અત્યંત
એકભક્તિઃ	= અનન્ય પ્રેમભક્તિ રાખનાર	પ્રિયઃ	= પ્રિય છું
જ્ઞાની	= જ્ઞાની ભક્ત	ચ	= અને
વિશિષ્યતે	= ઘણો શ્રેષ્ઠ છે;	સઃ	= એ જ્ઞાની
હિ	= કેમકે	મમ	= મને
જ્ઞાનિનઃ	= (મને તત્ત્વથી ઓળખનાર) જ્ઞાનીને	પ્રિયઃ	= (અત્યંત) પ્રિય છે.

એમનામાંથી હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત, અનન્ય પ્રેમભક્તિ રાખનાર જ્ઞાની ભક્ત ઘણો શ્રેષ્ઠ છે; કેમકે મને તત્ત્વથી ઓળખનાર જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને એ જ્ઞાની મને અત્યંત પ્રિય છે. ॥ ૧૭॥

પ્રશ્ન : અહીં જ્ઞાનીની સાથે 'नित्ययुक्तः' અને 'एकभक्तिः' વિશેષણોનો પ્રયોગ થયો છે, તેનો શો અભિપ્રાય છે?

ઉત્તર : સંસાર, શરીર અને પોતાની જાતને સર્વથા વિસરી જઈને જે અનન્યભાવથી નિત્ય-નિરંતર માત્ર ભગવાનમાં જ સ્થિત હોય છે તેને 'નિત્યયુક્ત' કહે છે; અને જે નિર્હેતુકપણે ભગવાનમાં જ અવિરલ (પ્રગાઢ) પ્રેમ કરે છે તેને 'એકભક્તિ' કહે છે. ભગવાનના તત્ત્વને જાણનારા જ્ઞાનીભક્તમાં આ બન્ને વાતો પૂર્ણરૂપે હોય છે, તેથી આ બન્ને વિશેષણોનો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : 'જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : જેમને ભગવાનના યથાર્થ તત્ત્વ અને રહસ્યની સમ્યક્ ઉપલબ્ધિ થઈ ગઈ છે, જેમને સર્વત્ર, સર્વદા બધું જ ભગવત્સ્વરૂપ જ દેખાય છે, જેમની દૃષ્ટિમાં એક માત્ર ભગવાન છે અને તેમના સિવાય કશું જ રહેલું હોતું નથી, ભગવાનને જ એકમાત્ર પરમ શ્રેષ્ઠ અને પરમ પ્રિયતમ સમજી લેવાને લીધે જેમનાં મન અને બુદ્ધિ તમામ આસક્તિ અને આકાંક્ષાઓથી સર્વથા રહિત થઈને એકમાત્ર ભગવાનમાં જ તલ્લીન બની રહે છે - આ પ્રમાણે જેઓ અનન્ય પ્રેમથી ભગવાનની ભક્તિ કરે છે તેમને ભગવાન કેટલા પ્રિય છે એ કોણ કહી શકે? જેમણે આ લોક અને પરલોકના અત્યંત પ્રિય અને સુખપ્રદ તેમ જ સાંસારિક મનુષ્યોની દૃષ્ટિએ દુર્લભાતિદુર્લભ ગણાતા ભોગો અને સુખોની બધી જ અભિલાષાઓનો ભગવાન માટે ત્યાગ કરી દીધો છે તેમની દૃષ્ટિએ ભગવાનનું કેટલું મહત્ત્વ છે અને તેમને ભગવાન કેટલા પ્યારા છે - એની તો કલ્પના પણ બીજા ન કરી શકે. તેથી જ ભગવાન કહે છે કે 'તેમને હું અત્યંત પ્રિય છું.' અને જેમને ભગવાન અતિશય પ્રિય છે તેઓ ભગવાનને તો અતિશય પ્રિય હોવાના જ; કારણ કે એક તો ભગવાન સ્વાભાવિક જ પોતે જ 'પ્રેમ-સ્વરૂપ' છે* – ત્યાં સુધી કે પ્રેમ-રસ-સાગરમાંથી પ્રેમનું એક બુંદ મેળવીને જગતમાં બધા લોકો સુખી થાય છે; અને બીજું - તેઓએ ઘોષણા કરેલી છે કે 'જેઓ મને જેવી રીતે ભજે છે, હું તેમને તેવી જ રીતે ભજું છું.' - તેથી જો ભગવાન એમને અત્યંત પ્રેમ કરે તો તેમાં શી નવાઈ? તેથી જ ભગવાન કહે છે કે 'તેઓ મને અત્યંત પ્રિય છે.'

આ શ્લોકમાં ભગવાનના ગુણ, પ્રભાવ, રહસ્ય અને તત્ત્વને સમ્યક્પણે જાણનારા ભગવત્પ્રાપ્ત પ્રેમી ભક્તોના પ્રેમની અને ઉચ્ચકોટિના સાધક એવા અનન્ય પ્રેમી ભક્તોના પ્રેમની પરાકાષ્ઠા બતાવીને તેમની પ્રશંસા કરવામાં આવી છે.

સંબંધ : ભગવાને જ્ઞાનીભક્તને સૌથી શ્રેષ્ઠ અને અત્યંત પ્રિય બતાવ્યો છે. તેથી એવી શંકા થઈ શકે કે શું બીજા ભક્તો શ્રેષ્ઠ અને પ્રિય નથી? તેથી ભગવાન કહે છે -

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ १८॥

एते	= આ	ज्ञानी	= જ્ઞાની (તો સાક્ષાત્)
सर्वे, एव	= બધાય (ભક્તો)	आत्मा	= મારું સ્વરૂપ
उदाराः	= ઉદાર છે,	एव	= જ છે, (એવો)
तु	= છતાં (એ સર્વેમાં)	मे	= મારો

* 'रसो वै सः। रसं ह्येवायं लब्ध्वानन्दी भवति।' (तैत्तिरीयोपनिषद् २।७)
'તે રસ જ છે. આ પુરુષ આ રસને પામીને જ આનંદિત થાય છે.'

મતમ્	= મત છે;
હિ	= કેમકે
સઃ	= એ
યુક્તાત્મા	= મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર (જ્ઞાની ભક્ત)
અનુત્તમામ્	= અતિ ઉત્તમ
ગતિમ્	= ગતિસ્વરૂપ (એવો)
મામ્	= મારામાં
એવ	= જ
આસ્થિતઃ	= સમ્યક્ રીતે સ્થિત છે.

આ બધાય ભક્તો ઉદાર છે, છતાં એ સર્વેમાં જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે એવો મારો મત છે; કેમકે એ મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિસ્વરૂપ એવા મારામાં જ સમ્યક્ રીતે સ્થિત છે. ॥ ૧૮॥

પ્રશ્ન : 'આ બધા જ ઉદાર છે' — આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં જે ચાર પ્રકારના ભક્તોનો પ્રસંગ ચાલે છે તેઓમાં જ્ઞાની માટે તો કશું જ કહેવાનું નથી; અર્થાર્થી, આર્ત અને જિજ્ઞાસુ ભક્તો પણ સર્વથા એકનિષ્ઠ હોય છે, તેઓનો ભગવાનમાં દૃઢ અને પરમ વિશ્વાસ હોય છે. તેઓ એ વાતનો સંપૂર્ણપણે નિશ્ચય કરી ચૂક્યા હોય છે કે ભગવાન સર્વશક્તિમાન છે, સર્વજ્ઞ છે, સર્વેશ્વર છે, પરમ દયાળુ છે અને પરમ સુહૃદ્ છે. આપણી આશાઓ અને આકાંક્ષાઓની પૂર્તિ એકમાત્ર ભગવાનથી જ થઈ શકે છે એવું સમજીને અને માનીને તેઓ બીજા બધા જ પ્રકારોના આશ્રયોનો ત્યાગ કરીને પોતાના જીવનને ભગવાનના જ ભજન-સ્મરણ, પૂજન, સેવા વગેરેમાં લગાવે છે. તેમની એક પણ ચેષ્ટા એવી નથી થતી કે જે ભગવાનના વિશ્વાસમાં જરાયે ઊણપ લાવે. તેઓની કામનાઓ સર્વથા સમાપ્ત નથી થઈ હોતી, પણ તેઓ પોતાની તે કામનાઓની પૂર્તિ એકમાત્ર ભગવાન મારફત જ કરાવવા ઇચ્છે છે. જેમ કોઈ પતિવ્રતા સ્ત્રી પોતાના માટે જે કશુંય ઇચ્છે છે અને તે પોતાના પ્રિયતમ પતિથી જ ઇચ્છે છે; તે બીજાની તરફ નજર પણ નથી કરતી અને બીજા પર વિશ્વાસ પણ નથી કરતી અને બીજા કોઈને જાણતી પણ નથી. આ જ પ્રમાણે આ ભક્તો પણ એકમાત્ર ભગવાન પર જ ભરોસો કરે છે. તેથી જ ભગવાન કહે છે કે તેઓ બધા જ ઉદાર (શ્રેષ્ઠ) છે. એટલે જ ત્રેવીસમા શ્લોકમાં ભગવાને કહ્યું છે કે 'મારા ભક્તો મને જે રીતે પણ ભજે છે, છેવટે તેઓ મને જ પામે છે.' નવમા અધ્યાયમાં પણ ભગવાનની ભક્તિનું આવું જ ફળ બતાવ્યું છે. (૯/૨૫)

પ્રશ્ન : અહીં 'તુ'નો પ્રયોગ શા માટે થયો છે?

ઉત્તર : ચારે પ્રકારના ભક્તો ઉત્તમ અને ભગવાનને પ્રિય છે. પણ તે પૈકી આગળના ત્રણ કરતાં જ્ઞાનીભક્તમાં જે વિલક્ષણતા છે તેને વ્યક્ત કરવા માટે જ 'તુ'નો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : 'જ્ઞાની તો મારું સ્વરૂપ જ છે - એમ મારો મત છે.' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં ભગવાન એમ જણાવવા માગે છે કે જ્ઞાની ભક્તમાં અને મારામાં કોઈ પણ અંતર નથી. ભક્તો છે તે હું છું અને હું છું તે ભક્તો છે.

પ્રશ્ન : 'યુક્તાત્મા' શબ્દનો શો અર્થ છે? અને તેનું અતિ ઉત્તમ ગતિસ્વરૂપ ભગવાનમાં સારી રીતે સ્થિત થવું એ શું છે?

ઉત્તર : જેમનાં મન-બુદ્ધિ સમ્યક્પણે ભગવાનમાં તન્મય થઈ ગયાં છે તેમને 'યુક્તાત્મા' કહે છે; અને આવા પુરુષનું એકમાત્ર ભગવાનને જ સર્વોત્તમ અને પરમ ગતિ સમજીને નિત્ય-નિરંતર ભગવાનમાં એકીભાવથી અચળ સ્થિત થઈ જવું અર્થાત્ તેમને પામી લેવા એ જ ઉત્તમ ગતિસ્વરૂપ ભગવાનમાં સમ્યક્પણે સ્થિત થવું છે.

સંબંધ : હવે ભગવાન તે જ્ઞાની ભક્તની દુર્લભતા જણાવવા માટે કહે છે -

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९॥

बहूनाम्	= ઘણા	इति	= એવા ભાવે
जन्मनाम्	= જન્મો પછીના	माम्	= મને
अन्ते	= અંતિમ જન્મમાં	प्रपद्यते	= ભજે છે;
ज्ञानवान्	= તત્ત્વજ્ઞાન પામેલો માણસ	सः	= એ
सर्वम्	= 'સર્વ કાંઈ	महात्मा	= મહાત્મા
वासुदेवः	= વાસુદેવ જ છે'	सुदुर्लभः	= ઘણો દુર્લભ છે.

ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એવા ભાવે મને ભજે છે; એ મહાત્મા ઘણો દુર્લભ છે. ॥ ૧૯॥

પ્રશ્ન : અહીં 'बहूनां जन्मनामन्ते'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : જે જન્મમાં મનુષ્ય ભગવાનનો જ્ઞાની-ભક્ત બની જાય છે તે જ તેના અનેક જન્મોનો છેલ્લો જન્મ હોય છે. કારણ કે ભગવાનને આ પ્રમાણે તત્ત્વતઃ જાણી લીધા પછી તેનો ફરીથી જન્મ થતો નથી, તે જ તેનો અંતિમ જન્મ હોય છે.

પ્રશ્ન : જો આનો એવો અર્થ કરવામાં આવે કે ઘણા જન્મો સુધી સકામભાવથી ભગવાનની ભક્તિ કરતાં કરતાં તે પછી મનુષ્ય ભગવાનનો એકાંતિક જ્ઞાનીભક્ત બને છે, તો શો વાંધો?

ઉત્તર : જો ઉપર પ્રમાણે અર્થ કરવામાં આવે તો પછી અર્થાર્થી, આર્ત અને જિજ્ઞાસુ ભક્તોના ઘણા જન્મો અનિવાર્ય થઈ જાય. પણ ભગવાને ઠેર-ઠેર પોતાના બધા જ પ્રકારના ભક્તોને ભગવત્પ્રાપ્તિ થાય છે એમ જણાવ્યું છે (૭/૨૩; ૯/૨૫); અને ત્યાં ક્યાંય એમ નથી કહ્યું કે ઘણાબધા જન્મો લેવા પડે છે. એ ખરું કે શ્રદ્ધા અને પ્રેમની ઊણપને કારણે સાધનમાં ઢિલાશ આવવાથી ઘણા જન્મો પણ લેવા પડે છે, પણ જો શ્રદ્ધા અને પ્રેમની માત્રા સવિશેષ હોય અને સાધનમાં તીવ્રતા હોય તો એક જ જન્મમાં ભગવત્પ્રાપ્તિ થઈ શકે છે. આમાં સમયનો કોઈ નિયમ નથી.

પ્રશ્ન : અહીં 'ज्ञानवान्' શબ્દનો પ્રયોગ કોના માટે થયો છે?

ઉત્તર : ભગવાને આ જ અધ્યાયના બીજા શ્લોકમાં વિજ્ઞાન-સહિત જે જ્ઞાનને જાણવાની પ્રશંસા કરી હતી તે વિજ્ઞાન-સહિત જ્ઞાનને જે પ્રેમી ભક્તે પ્રાપ્ત કર્યું છે અને ત્રીજા શ્લોકમાં જેના માટે કહ્યું છે કે કોઈ એકાદ જ મને તત્ત્વથી જાણે છે તેના જ માટે અહીં 'ज्ञानवान' શબ્દનો પ્રયોગ થયો છે. તેથી જ અઢારમા શ્લોકમાં ભગવાને તેને પોતાનું સ્વરૂપ બતાવ્યો છે.

પ્રશ્ન : 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એમ માનીને ભજન કરવું એ શું છે?

ઉત્તર : સંપૂર્ણ જગત ભગવાન વાસુદેવનું જ સ્વરૂપ છે. વાસુદેવ સિવાય બીજું કશું છે જ નહિ. આ તત્ત્વનો પ્રત્યક્ષ અને અટલ અનુભવ થવો અને તેમાં જ નિત્ય સ્થિત રહેવું - એને જ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એમ માનીને ભજન કરવું કહેવાય.

પ્રશ્ન : 'તે મહાત્મા અત્યંત દુર્લભ છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આનો એવો અભિપ્રાય છે કે જગતમાં પહેલાં તો લોકોની ભજન માટે રુચિ જ હોતી નથી અને હજારોમાં કોઈ એકાદની થોડી રુચિ હોય તો તે પણ પોતાના સ્વભાવને કારણે પ્રયત્નમાં શિથિલ થઈ જાય છે અને ભજન કરવાનું છોડી દે છે. કોઈ કદાચ વિશેષ પ્રયત્ન કરે તોપણ તે શ્રદ્ધા અને ભક્તિની ઊણપને કારણે કામનાઓના પ્રવાહમાં તણાઈ જાય છે એ કારણે તે પણ ભગવાનને

તત્ત્વથી જાણી નથી શકતો. તેથી એ વાત સાબિત થાય છે કે આ જગતમાં ભગવાનને તત્ત્વથી જાણનારા કોઈ વિરલ મહાપુરુષ જ હોય છે. તેથી અહીં એમ સમજવાનું છે કે આ પ્રકારના મહાત્મા અત્યંત દુર્લભ હોય છે.

આવા મહાત્મા કોઈને મળી જાય તો તેનું મહાન સૌભાગ્ય સમજવું જોઈએ. દેવર્ષિ નારદજીએ કહ્યું છે -

'महत्सङ्गस्तु दुर्लभोऽगम्योऽमोघश्च।'

(ભક્તિસૂત્ર - ૩૯)

'મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે.'

સંબંધ : પંદરમા શ્લોકમાં આસુરી પ્રકૃતિના દુષ્કૃતી લોકો ભગવાનને નહિ ભજવાની અને સોળમા શ્લોકથી ઓગણીસમા શ્લોક સુધી સુકૃતી પુરુષો વડે ભગવાનને ભજવાની વાત કહેવામાં આવી છે. હવે ભગવાન તે લોકોની વાત કહે છે કે જેઓ સુકૃતી હોવા છતાં પણ કામનાના વશમાં થઈને પોત-પોતાની પ્રકૃતિ પ્રમાણે અન્યાન્ય દેવતાઓની ઉપાસના કરે છે -

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया॥२०॥

तैः, तैः = અમુક-અમુક
कामैः = ભોગોની કામના વડે
हृतज्ञानाः = જેમનું જ્ઞાન હરાઈ ચુક્યું છે, એવાં માણસો
स्वया = પોતાના
प्रकृत्या = સ્વભાવથી
नियताः = પ્રેરાઈને
तम्, तम् = અમુક-અમુક
नियमम् = નિયમને
आस्थाय = ધારણ કરી
अन्यदेवताः = અન્ય દેવતાઓને
प्रपद्यन्ते = ભજે છે એટલે કે ઉપાસે છે.

અમુક-અમુક ભોગોની કામના વડે જેમનું જ્ઞાન હરાઈ ચુક્યું છે, એ માણસો પોતાના સ્વભાવથી પ્રેરાઈને અમુક-અમુક નિયમને ધારણ કરી અન્ય દેવતાઓને ભજે છે એટલે કે ઉપાસે છે. ॥ ૨૦॥

પ્રશ્ન : અહીં 'तैः' (તે કામનાઓ વડે) શબ્દનો પ્રયોગ બે વાર શા માટે થયો છે અને કામનાઓ વડે જ્ઞાનનું હરણ થવું એ શું છે?

ઉત્તર : 'तैः' શબ્દનો બે વાર પ્રયોગ કરીને ભગવાન એમ જણાવે છે કે આ પ્રમાણે બધાંની કામનાઓ એક-સરખી હોતી નથી. તે ભોગ-કામનાઓના મોહને કારણે મનુષ્યમાં એવો વિવેક નથી રહેતો કે 'હું કોણ છું, મારું શું કર્તવ્ય છે, ઈશ્વર અને જીવનો શો સંબંધ છે, મનુષ્ય-જન્મ શા માટે મળ્યો છે, બીજા શરીરો કરતાં આમાં શી વિશેષતા છે અને ભોગોમાં ભ્રમિત નહિ થઈને ભજન કરવામાં જ પોતાનું કલ્યાણ છે.' આવું તે વિચારી શકતો નથી અને આ પ્રમાણે તેની વિવેક-શક્તિ વિમોહિત થઈ જાય છે. - આને જ કામનાઓ વડે જ્ઞાનનું હરણ થવું માની શકાય.

પ્રશ્ન : પંદરમા શ્લોકમાં જેમને 'माययापहृतज्ञानाः' કહેવામાં આવ્યા છે તેઓ અને અહીં જેમને 'तैः तैः कामैः हृतज्ञानाः' કહેવામાં આવ્યા છે તેઓ - એ બન્નેમાં શો તફાવત છે?

ઉત્તર : પંદરમા શ્લોકમાં જેમનું વર્ણન છે તેમને ભગવાને પાપાત્મા, મૂઢ, નરાધમ અને આસુરી સ્વભાવવાળા કહ્યા છે; તેઓ આસુરી પ્રકૃતિના હોવાથી તમઃપ્રધાન છે અને તેમને નરક મળે છે (૧૬/૧૬, ૧૯); અને અહીં જુદી જુદી કામનાઓથી જેમના જ્ઞાનનું હરણ થયાનું કહ્યું છે તેઓ દેવતાઓની પૂજા કરનારા ભક્તો છે, શ્રદ્ધાળુ છે અને તેમને દેવલોક મળે છે (૭/૨૩; ૯/૨૫) તથા તેમને રજોમિશ્રિત સાત્ત્વિક પ્રકૃતિના માનવામાં આવ્યા છે.

આમ, એ બન્નેમાં મોટો તફાવત છે.

પ્રશ્ન : 'પોતાનો સ્વભાવ' એ શબ્દો કોના વાચક છે? અને તેનાથી પ્રેરિત થવું એ શું છે?

ઉત્તર : જન્મ-જન્માંતરમાં કરેલાં કર્મોથી સંસ્કારોનો સંચય થાય છે અને તે સંસ્કારોના સમૂહથી જે પ્રકૃતિ બને છે તેને 'સ્વભાવ' કહે છે. પ્રત્યેક જીવનો સ્વભાવ ભિન્ન હોય છે. તે સ્વભાવ પ્રમાણે અંતઃકરણમાં જુદા જુદા દેવતાઓની પૂજા કરવાની જુદી જુદી ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે તેને જ તેનાથી પ્રેરિત થવું કહે છે.

પ્રશ્ન : 'તે-તે નિયમોને ધારણ કરીને અન્ય દેવતાઓને ભજવા' એ શું છે?

ઉત્તર : સૂર્ય, ચન્દ્રમા, અગ્નિ, ઇન્દ્ર, મરુત, યમરાજ, વરુણ વગેરે શાસ્ત્રોક્ત દેવતાઓને ભગવાનથી ભિન્ન સમજીને, જે દેવતાની જે ઉદ્દેશ્યથી કરવામાં આવતી ઉપાસનામાં જપ, ધ્યાન, પૂજા, નમસ્કાર, ન્યાસ, હવન, વ્રત, ઉપવાસ વગેરે જે ભિન્ન ભિન્ન નિયમો છે તે તે નિયમોને ધારણ કરીને ખૂબ જ સાવચેતી સાથે તે નિયમોનું સમ્યક્-પણે પાલન કરતા રહીને તે દેવતાઓની આરાધના કરવી એને જ 'તે-તે નિયમને ધારણ કરીને અન્ય દેવતાઓને ભજવા' કહેવાય. કામના અને ઇષ્ટદેવની ભિન્નતા પ્રમાણે પૂજા વગેરેના નિયમોમાં તફાવત હોય છે, તેથી 'તે' શબ્દનો પ્રયોગ બે વાર કરવામાં આવ્યો છે.

આ સાથે એક બીજી પણ વાત છે – ભગવાનથી ભિન્ન માનીને તે દેવતાઓની પૂજા કરવાથી જ તે અન્ય દેવતાઓની પૂજા થાય છે. જો દેવતાઓને ભગવાનનું જ સ્વરૂપ સમજીને, ભગવાનની આજ્ઞા પ્રમાણે નિષ્કામભાવથી અથવા ભગવત્પ્રીત્યર્થ તે દેવતાઓની પૂજા કરવામાં આવે તો તે અન્ય દેવતાઓની પૂજા નહિ ગણાતાં ભગવાનની જ પૂજા ગણાય અને તેનું ફળ પણ ભગવત્પ્રાપ્તિ જ છે.

સંબંધ : હવે આગળના બે શ્લોકોમાં દેવતાઓના ઉપાસકોને તેઓની ઉપાસનાનું શું અને કેવું ફળ મળે છે તેનું વર્ણન ભગવાન કરે છે –

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ २१॥

यः, यः	= જે-જે	तस्य, तस्य	= તે-તે ભક્તની
भक्तः	= સકામ ભક્ત	श्रद्धाम्	= શ્રદ્ધાને
याम्, याम्	= જે-જે	अहम्	= હું
तनुम्	= દેવતાના સ્વરૂપને	ताम्, एव	= એ જ દેવતા પ્રત્યે
श्रद्धया	= શ્રદ્ધાથી	अचलाम्	= દૃઢ
अर्चितुम्	= પૂજવા	विदधामि	= કરું છું.
ईच्छति	= ઇચ્છે છે,		

જે - જે સકામ ભક્ત જે - જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે, તે - તે ભક્તની શ્રદ્ધાને હું એ જ દેવતા પ્રત્યે દૃઢ કરું છું. ॥ ૨૧॥

પ્રશ્ન : 'भक्तः' પદની સાથે 'यः'નો અને 'तनुम्' પદની સાથે 'याम्'નો બે વાર પ્રયોગ કરવાનું પ્રયોજન શું છે?

ઉત્તર : 'यः'નો બે વાર પ્રયોગ થયો છે તે સૂચવે છે કે ભક્તો અનેક છે અને 'याम्'નો બે વાર પ્રયોગ થયો છે તે દેવતાઓની અનેકતા સૂચવે છે. અહીં ભગવાનનો અભિપ્રાય એવો છે કે સકામ ભક્તો પણ ઘણા પ્રકારના હોય છે અને તેઓની પોત-પોતાની કામનાઓ અને પ્રકૃતિના ભેદ પ્રમાણે તેઓના ઇષ્ટદેવતાઓ પણ જુદા જુદા હોય છે.

પ્રશ્ન : 'દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : દેવતાઓની સત્તા અર્થાત્ તેમના અસ્તિત્વમાં, તેમના પ્રભાવ અને ગુણોમાં તેમ જ તેમની પૂજાના પ્રકારો અને તેનાં ફળમાં પૂર્ણ વિશ્વાસ રાખીને શ્રદ્ધાથી, તેમ જ તે દેવતાની જે પ્રમાણેની મૂર્તિનું વિધાન હોય, તેની ધાતુ, લાકડું, માટી, પથ્થર વગેરેની તેવી જ મૂર્તિ બનાવવી અથવા ફોટો લેવો અને તેની વિધિવત્ સ્થાપના કરવી અથવા મનમાં માનસિક મૂર્તિનું નિર્માણ કરવું અને જે મંત્રની જેટલી સંખ્યાનું વિધાન હોય તે પ્રમાણે જપ કરવા અને જે સામગ્રીથી પૂજા કરવાનું વિધાન હોય તે પ્રમાણે પૂજા કરવી, તે દેવતાઓના નિમિત્તે અગ્નિમાં આહુતિ આપી યજ્ઞ કરવો, તે દેવતાઓનું ધ્યાન કરવું, સૂર્ય, ચન્દ્ર, અગ્નિ વગેરે પ્રત્યક્ષ દેવતાઓનું પૂજન કરવું અને આ સર્વેને યથાવિધિ નમસ્કારાદિ કરવા એને જ 'દેવતાઓના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજા કરવી' કહેવાય.

પ્રશ્ન : 'તામ્' પદનો શ્રદ્ધાની સાથે સંબંધ નહિ જોડતાં તે પદને 'તનુમ્' (દેવતાઓના સ્વરૂપ)નું બોધક શા માટે માનવામાં આવ્યું છે?

ઉત્તર : પૂર્વાર્ધમાં જે 'યાં યામ્' પદોનો 'તનુમ્' (દેવતાઓના સ્વરૂપ) સાથે સંબંધ છે, તેમની સાથે એકાન્વય કરવા માટે 'તામ્' પદને પણ 'તનુમ્'નું બોધક માનવું વધુ યોગ્ય લાગે છે. શ્રદ્ધાની સાથે તેનો સંબંધ માની લેવાથી પણ કથનના ભાવમાં કોઈ ફરક પડતો નથી; કારણ કે એમ માનવાથી પણ તે શ્રદ્ધાને દેવતા વિષેની શ્રદ્ધા જ માનવી પડશે.

પ્રશ્ન : અહીં 'એવ'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'એવ'નો પ્રયોગ કરીને ભગવાન એમ જણાવે છે કે જે ભક્ત જે દેવતાનું પૂજન કરવા ઇચ્છે છે તેની શ્રદ્ધાને હું તે જ ઇષ્ટ દેવતા પ્રત્યે સ્થિર કરી દઉં છું.

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥ २२॥

सः	= એ માણસ	ततः	= એ દેવતા પાસેથી
तया	= એ	मया	= મારા વડે
श्रद्धया	= શ્રદ્ધાથી	एव	= જ
युक्तः	= યુક્ત થઈ	विहितान्	= વિધાન કરેલા
तस्य	= એ દેવતાનું	तान्	= એ
आराधनम्	= પૂજન	कामान्	= ઇચ્છેલા ભોગો
ईहते	= કરે છે	हि	= નિઃસંદેહ
च	= અને	लभते	= પામે છે.

એ માણસ એ શ્રદ્ધાથી યુક્ત થઈ એ દેવતાનું પૂજન કરે છે અને એ દેવતા પાસેથી મારા વડે જ વિધાન કરેલા એ ઇચ્છેલા ભોગોને નિઃસંદેહ પામે છે. ॥ ૨૨॥

પ્રશ્ન : આ શ્લોકમાં ભગવાનના કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં ભગવાન એવો ભાવ જણાવે છે કે હું ભક્તમાં જે શ્રદ્ધા સ્થાપિત કરું છું તે શ્રદ્ધાથી યુક્ત થઈને ભક્ત વિધિસર તે દેવતાની પૂજા કરે છે ત્યારે તેની તે ઉપાસનાના ફળરૂપે જે તે દેવતા તેને ઇચ્છિત ભોગો આપે છે, કે જે ભોગોનું નિર્ધારણ મેં પહેલાંથી જ કરેલું હોય છે. મારા વિધાનથી ઓછા અથવા વધારે ભોગો તે દેવતા આપી શકતા નથી, તેમનું એ સામર્થ્ય નથી. અભિપ્રાય એવો છે કે જેમ કોઈ મોટા રાજ્યમાં જુદા જુદા સરકારી અધિકારીઓ જુદા જુદા વિભાગોમાં કાયદાઓ પ્રમાણે કાર્ય કરે છે; તેઓ જ્યારે કોઈને પણ કશું તેના કામના બદલામાં આપવા માગે છે તો કાયદા પ્રમાણે મળવાપાત્ર હોય

તેટલું જ આપી શકે છે, કાયદાના વિધાન પ્રમાણે જ કર્મચારીના અધિકાર પ્રમાણે જ આપી શકે છે. (આવી જ સ્થિતિ દેવતાઓની છે. તેઓ ભગવાનના વિધાન પ્રમાણે જ આપી શકે છે.)

પ્રશ્ન : આ શ્લોકમાં 'हितान्' પદને 'कामान्'નું વિશેષણ માનીને જો એવો અર્થ કરવામાં આવે કે તેઓ 'હિતકર' ભોગો આપે છે, તો કશો વાંધો ખરો?

ઉત્તર : આ પ્રમાણે અર્થ કરવો તે યોગ્ય લાગતું નથી, કારણ કે 'કામ' શબ્દવાચ્ય ભોગપદાર્થો કોઈના પણ માટે ખરેખર 'હિતકર' હોતા જ નથી.

સંબંધ : ઉપર પ્રમાણે અન્ય દેવતાઓની ઉપાસનાનું ફળ વિનાશી છે એમ જણાવીને હવે ભગવાન પોતાની ઉપાસનાના ફળની મહત્તા જણાવે છે –

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥ २३॥

तु = પરંતુ	देवयजः = દેવતાઓને પૂજનાર જનો
तेषाम् = એ	देवान् = દેવતાઓને
अल्पमेधसाम् = અલ્પબુદ્ધિજનોનું	यान्ति = પામે છે; (જ્યારે)
तत् = એ	मद्भक्ताः = મારા ભક્તો (ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ)
फलम् = ફળ	माम् = મને
अन्तवत् = નાશવંત	अपि = જ
भवति = હોય છે, (તેમજ એ)	यान्ति = પામે છે.

પરંતુ એ અલ્પબુદ્ધિજનોનું એ ફળ નાશવંત હોય છે, તેમજ એ દેવતાઓને પૂજનાર જનો દેવતાઓને પામે છે; જ્યારે મારા ભક્તો ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ મને જ પામે છે. ॥ ૨૩॥

પ્રશ્ન : પંદરમા શ્લોકમાં જેમને મૂઢ કહ્યા છે તેઓમાં અને આ દેવતાઓની ઉપાસના કરનારા 'અલ્પબુદ્ધિ' મનુષ્યોમાં શો તફાવત છે? આ લોકોને 'અલ્પબુદ્ધિ' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : પંદરમા શ્લોકમાં ભગવાનની ભક્તિ નહિ કરનારા અને પાપાચરણ કરનારા નરાધમોને આસુરી સ્વભાવથી યુક્ત અને મૂઢ કહ્યા છે. અહીં આ લોકો પાપાચરણથી રહિત અને શાસ્ત્રવિધિથી દેવતાઓની ઉપાસના કરનારા હોવાથી તે મૂઢ લોકો કરતાં ઘણા શ્રેષ્ઠ હોય છે અને આસુરી ભાવથી ગ્રસ્ત તથા સર્વદા મૂઢ હોતા નથી; પરંતુ કામનાઓને વશ થઈને, અન્ય દેવતાઓને ભગવાનથી ભિન્ન માનીને, ભોગવસ્તુઓ માટે તે દેવતાઓની ઉપાસના કરે છે, તેથી તેઓ ભક્તો કરતાં નિમ્ન શ્રેણીના અને 'અલ્પબુદ્ધિ'ના તો છે જ. જો તેમની બુદ્ધિ અલ્પ ન હોત તો તેમને એ વાત જરૂર સમજાત કે બધા જ દેવતાઓના રૂપમાં ભગવાન જ બધી પૂજાઓ અને આહુતિઓને ગ્રહણ કરે છે તથા ભગવાન જ બધાના એકમાત્ર પરમ અધીશ્વર છે (૫/૨૯; ૯/૨૪). બુદ્ધિની આવી અલ્પતાને કારણે જ ઘણા જ મહાન પરિશ્રમથી કરવામાં આવતાં યજ્ઞાદિ વિશાળ કર્મોનું ખૂબ જ ક્ષુદ્ર અને વિનાશી ફળ મળે છે. જો તે લોકો બુદ્ધિમાન હોત તો ભગવાનના પ્રભાવને સમજીને ભગવાનની ઉપાસના માટે જ એટલો પરિશ્રમ કરત અથવા બધા જ દેવતાઓને ભગવાનથી અભિન્ન માનીને ભગવત્પ્રીતિ માટે તે દેવતાઓની ઉપાસના કરત; અને એમ થાત તો એટલા જ પરિશ્રમથી તે મહાન અને દુર્લભ ફળને અવશ્ય મેળવી શકત અને તેઓ કૃતકૃત્ય બની જાત. આ ભાવને અભિવ્યક્ત કરવા માટે આવા ભક્તોને 'અલ્પબુદ્ધિ' કહ્યા છે.

પ્રશ્ન : 'દેવતાઓને પામવા' એ શું છે? શું

દેવતાઓની ઉપાસના કરનારા બધા જ ભક્તો તેઓને પામે છે? અને દેવઉપાસનાના ફળને 'અન્તવત્' શા માટે કહેવામાં આવ્યું છે?

ઉત્તર : જે દેવતાઓની ઉપાસના કરવામાં આવે છે તે દેવતાઓના લોકમાં પહોંચીને તેઓનું સામીપ્ય, સારૂપ્ય અને ત્યાંના ભોગોને પામવું એને જ 'દેવતાઓને પામવા' એમ ગણાય. દેવોપાસનાનું મોટામાં મોટું ફળ આ જ છે, પણ બધા જ દેવોપાસકોને આ ફળ પણ મળતું નથી. ઘણાખરા લોકો તો પત્ની, પુત્ર, ધન, માન-પ્રતિષ્ઠા વગેરે તુચ્છ અને ક્ષણિક ભોગો માટે ઉપાસના કરે છે અને તે લોકોને તે ભોગો જ મળે છે અને એમની કામનાની પૂર્તિ થાય છે. થોડાક લોકો કે જેમની દેવતાઓમાં વિશેષ શ્રદ્ધા હોય છે, તેઓ દેવતાઓમાં અધિક પ્રેમ કરીને ઉપાસના કરે છે અને મરણકાળમાં જેમને તે દેવતાઓની સ્મૃતિ રહે છે તેઓ દેવલોકમાં જાય છે. પણ એ વાત યાદ રાખવાની છે કે તે દેવતાઓ, એમના વડે મળનારા ભોગો અને તેમના લોક - બધું જ વિનાશશીલ છે. તેથી જ તે ફળને 'અન્તવત્' કહ્યું છે.

પ્રશ્ન : ભગવાનને પામવા એ શું છે? ભગવાનના આર્ત વગેરે બધા જ ભક્તો ભગવાનને કેવી રીતે પામે છે? અને આ વાક્યમાં 'અપિ'નો પ્રયોગ શો ભાવ દર્શાવવા માટે થયો છે?

ઉત્તર : ભગવાનના નિત્ય દિવ્ય પરમધામમાં નિરંતર ભગવાનની સમીપે રહેવું અથવા અભેદભાવથી ભગવાનમાં એકત્વને પામવું - એ બન્નેયનું નામ 'ભગવત્પ્રાપ્તિ' છે. ભગવાનના જ્ઞાનીભક્તોની દૃષ્ટિમાં તો સમસ્ત જગત ભગવાનનું જ સ્વરૂપ છે, તેથી તેઓને તો ભગવાન નિત્યપ્રાપ્ત છે જ; તેઓના માટે તો કશું જ કહેવાનું નથી. જિજ્ઞાસુ ભક્તો ભગવાનને તત્ત્વથી જાણવા ઇચ્છે છે, તેથી તેઓને પણ ભગવાનના તત્ત્વનું જ્ઞાન થતાં જ ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે. બાકી રહ્યા અર્થાર્થી અને આર્ત ભક્તો - કે જેઓ પણ ભગવાનની દયાથી ભગવાનને પ્રાપ્ત થાય છે. ભગવાન પરમ દયાળુ અને પરમ સુહૃદ્ છે. તેઓ એવું જ કામ કરે છે કે જેનાથી ભક્તનું કલ્યાણ થાય અને તે ભગવાન પાસે શીઘ્ર પહોંચી જાય. જે કામનાની પૂર્તિથી અથવા જે સંકટના નિવારણથી ભક્તનું અનિષ્ટ થતું હોય તેની યાચના જો મોહવશ ભક્ત કરે તોપણ ભગવાન તે કામનાની પૂર્તિ અથવા સંકટનું નિવારણ કરતા નથી. જે કામનાની પૂર્તિથી ભગવાનમાં ભક્તનો વિશ્વાસ અને પ્રેમ વધે છે ભગવાન તેની જ પૂર્તિ કરે છે. તેથી ભગવાનના ભક્તો કામનાની પૂર્તિની સાથે સાથે આગળ વધતાં ભવિષ્યમાં ભગવાનને મેળવી પણ લે છે. આ ભાવને અભિવ્યક્ત કરવા માટે આ શ્લોકમાં 'અપિ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ભગવાનનો સ્વભાવ જ એવો છે કે જે ભક્ત એક વાર કોઈ પણ ઉદ્દેશ્યથી ભક્તિ વડે ભગવાન સાથે સંબંધ જોડી લે છે, તો પછી જો તે ભક્ત આ સંબંધ તોડવા ઇચ્છે તોપણ ભગવાન તેને તે સંબંધ તોડવા દેતા નથી. ભગવાનની ભક્તિનો એ જ મહિમા છે કે તે ભક્તને તેની ઇચ્છિત વસ્તુ આપીને અથવા તે વસ્તુ આપવાથી પરિણામે જો હાનિ થતી હોય તો તે નહિ આપીને પણ તે નષ્ટ થતી નથી તે (ભક્તિ) ભક્તની અન્દર છૂપાયેલી રહે છે અને તક મળતાં તેને ભગવાન તરફ ખેંચીને લઈ જાય છે. એક વાર કોઈ પણ કારણસર મળેલી ભક્તિ અનેકો જન્મ વ્યતીત થઈ જાય તોપણ ભક્તનો પીછો ત્યાં સુધી છોડતી નથી કે જ્યાં સુધી તેને ભગવાનની પ્રાપ્તિ ન કરાવી આપે; અને ભગવાનની પ્રાપ્તિ થયા પછી તો ભક્તિ છૂટી જવાનો પ્રશ્ન જ રહેતો નથી; પછી તો ભક્તિ, ભક્ત અને ભગવાન - બધા એકરૂપ થઈ જાય છે.

સંબંધ : જ્યારે ભગવાન આટલા પ્રેમી અને દયાના સાગર છે કે કોઈ પણ રીતે તેમને ભજનારાને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવી જ આપે છે, તો પછી બધા લોકો તેમને શા માટે ભજતા નથી, એવી જિજ્ઞાસા થાય, તેથી ભગવાન અહીં તેનું સ્પષ્ટીકરણ કરે છે -

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥ २४॥

अबुद्धयः = અજ્ઞાનીઓ	अव्यक्तम् = અવ્યક્ત અર્થાત્ મન-ઇન્દ્રિયોથી પર (એવા)
मम = મારા	माम् = મુજ સચ્ચિદાનંદઘન પરમાત્માને (માણસની પેઠે જન્મ લઈને)
अनुत्तमम् = સર્વશ્રેષ્ઠ	व्यक्तिम् = વ્યક્તિભાવને
अव्ययम् = અવિનાશી	आपन्नम् = પામનાર
परम् = પરમ	मन्यन्ते = માને છે.
भावम् = ભાવને	
अजानन्तः = નહિ ઓળખીને	

અજ્ઞાનીઓ મારા સર્વશ્રેષ્ઠ અવિનાશી પરમ ભાવને નહિ ઓળખીને અવ્યક્ત અર્થાત્ મન-ઇન્દ્રિયોથી પર એવા મુજ સચ્ચિદાનંદઘન પરમાત્માને માણસની પેઠે જન્મ લઈને વ્યક્તિભાવને પામનાર માને છે. ॥ ૨૪॥

પ્રશ્ન : અહીં 'अबुद्धयः' પદ કેવા પ્રકારના મનુષ્યોનું વાચક છે? અને 'ભગવાનના અનુત્તમ અવિનાશી પરમભાવને ન જાણવો' એટલે શું?

ઉત્તર : ભગવાનના ગુણ, પ્રભાવ, નામ, સ્વરૂપ, લીલા વગેરેમાં જેમને વિશ્વાસ નથી અને જેમની બુદ્ધિ મોહથી આવૃત છે, વિષયોથી વિમોહિત છે, તર્કજાળોથી આચ્છાદિત છે તે મનુષ્યો 'બુદ્ધિહીન' છે. તેમના માટે જ 'अबुद्धयः' પદનો પ્રયોગ થયો છે. આવા લોકોની બુદ્ધિમાં એ વાત આવી જ શકતી નથી કે સમસ્ત જગત ભગવાનની જ દિવ્ય પ્રકૃતિઓનો વિસ્તાર છે અને તે બન્ને પ્રકૃતિઓના પરમાધાર હોવાથી ભગવાન જ સૌથી ઉત્તમ છે, તેમનાથી ઉત્તમ કોઈ છે જ નહીં. તેમનું અચિન્ત્ય અને અકથનીય સ્વરૂપ, સ્વભાવ, મહત્ત્વ તથા તેમના અપ્રતિમ ગુણ મન અને વાણી વડે યથાર્થ રીતે સમજી શકાતાં નથી અને કહી શકાતાં નથી. પોતાની અનંત દયાળુતા અને શરણાગતવત્સલતાને કારણે જગતનાં પ્રાણીઓને પોતાની શરણાગતિનો સહારો આપવા માટે જ ભગવાન પોતાના અજન્મા, અવિનાશી અને મહેશ્વર તરીકેના સ્વભાવ તથા સામર્થ્ય સાથે જ વિભિન્ન સ્વરૂપોમાં પ્રગટ થાય છે અને પોતાની અલૌકિક લીલાઓથી જગતનાં પ્રાણીઓને પરમાનંદના મહાન પ્રશાંત મહાસાગરમાં નિમગ્ન કરે છે. ભગવાનનો આ જ નિત્ય, અનુત્તમ (સર્વોત્તમ) અને પરમ ભાવ છે, જેને ન સમજવો એ જ તેમના અનુત્તમ, અવિનાશી, પરમભાવને ન સમજવો કહેવાય.

પ્રશ્ન : 'મને અવ્યક્તથી વ્યક્ત થયેલો માને છે' - આ વાક્યનો શો અભિપ્રાય છે?

ઉત્તર : ભગવાનનાં નિર્ગુણ-સગુણ બન્ને રૂપો નિત્ય અને દિવ્ય છે. તેઓ પોતાના અચિન્ત્ય અને અલૌકિક દિવ્ય સ્વરૂપ, સ્વભાવ, પ્રભાવ અને ગુણોની સાથે જ મનુષ્ય વગેરે રૂપોમાં અવતાર ધારણ કરે છે. મનુષ્ય વગેરેનાં રૂપોમાં તેમનો પ્રાદુર્ભાવ થવો એ જ તેમનો જન્મ છે અને અંતર્ધાન થવું એ જ તેમનું પરમધામગમન છે. અન્ય પ્રાણીઓની જેમ શરીરના સંયોગ-વિયોગરૂપ જન્મ-મરણ તેમનાં થતાં નથી. આ રહસ્યને સમજી નહિ શકવાને કારણે બુદ્ધિહીન મનુષ્યો એમ સમજે છે કે જેવી રીતે અન્ય બધાં જ પ્રાણીઓ તેમના જન્મ પહેલાં અવ્યક્ત હતાં અર્થાત્ એમની કોઈ સત્તા જ ન હતી, હવે જન્મ લઈને તેઓ વ્યક્ત થયાં છે; તે જ પ્રમાણે આ શ્રીકૃષ્ણ

પણ એમના જન્મ પહેલાં ન હતા અને હવે વસુદેવના ઘરમાં જન્મ લઈને વ્યક્ત થયા છે. અન્ય મનુષ્યો અને એમનામાં શો ફર્ક છે? અર્થાત્ કોઈ ભેદ નથી. બુદ્ધિહીનોના આ ભાવને સ્પષ્ટ કરવા માટે ભગવાને એમ કહ્યું છે કે 'બુદ્ધિહીન મનુષ્યો મને અવ્યક્તથી વ્યક્ત થયેલો માને છે.'

પ્રશ્ન : જો એવો અર્થ કરવામાં આવે કે 'બુદ્ધિહીન મનુષ્યો મને અવ્યક્તને અર્થાત્ નિર્ગુણ-નિરાકાર પરમેશ્વરને સગુણ-સાકાર મનુષ્યરૂપમાં પ્રગટ થનારો માને છે' તો શો વાંધો?

ઉત્તર : અહીં આવો અર્થ કરવો યોગ્ય લાગતો નથી, કારણ કે ભગવાનનાં નિર્ગુણ-સગુણ, નિરાકાર-સાકાર બધાં જ સ્વરૂપો શાસ્ત્રસંમત છે. સ્વયં ભગવાને કહ્યું છે કે 'હું અજન્મા અવિનાશી પરમેશ્વર જ પોતાની પ્રકૃતિનો સ્વીકાર કરીને સાધુઓના પરિત્રાણ, દુષ્ટોના વિનાશ અને ધર્મસંસ્થાપનાદિ માટે સમયે સમયે પ્રગટ થાઉં છું' (૪/૬-૭-૮). તેથી તેઓને બુદ્ધિહીન માનવાથી તો ભગવાનના આ કથન સાથે વિરોધ થાય છે અને અવતારવાદનું ખંડન થાય છે, કે જે ગીતાને કોઈ પણ પ્રકારે માન્ય નથી.

પ્રશ્ન : જો અહીં આનો અર્થ એવો માનવામાં આવે કે "બુદ્ધિહીન મનુષ્યો મને 'व्यक्तिमापन्नम्' અર્થાત્ મનુષ્યરૂપમાં પ્રગટ થયેલા સગુણ-સાકાર પરમેશ્વરને અવ્યક્ત અર્થાત્ નિર્ગુણ-નિરાકાર સમજે છે" - તો શો વાંધો?

ઉત્તર : આ અર્થ પણ બરોબર નથી, કારણ કે જે પરમેશ્વર સગુણ-સાકાર રૂપમાં પ્રગટ થયા છે તે નિર્ગુણ-નિરાકાર પણ છે. તેથી આ યથાર્થતત્ત્વને સમજનારા પુરુષને બુદ્ધિહીન કેવી રીતે કહી શકાય? ભગવાને સ્વયં કહ્યું છે કે 'મારા અવ્યક્ત (નિરાકાર) સ્વરૂપથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે' (૯/૪). તેથી જે અર્થ કરવામાં આવ્યો છે તે જ યોગ્ય લાગે છે.

સંબંધ : આ પ્રમાણે મનુષ્યરૂપે પ્રગટેલા સર્વશક્તિમાન પરમેશ્વરને લોકો સાધારણ મનુષ્ય શા માટે સમજે છે, તે વિષે જણાવતાં ભગવાન કહે છે -

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥ २५॥

योगमायासमावृतः	= પોતાની યોગમાયા વડે ઢંકાયેલો	लोकः	= જનસમુદાય
अहम्	= હું	माम्	= મુજ
सर्वस्य	= સૌને	अजम्	= અજન્મા
प्रकाशः	= પ્રત્યક્ષ	अव्ययम्	= અવિનાશી પરમેશ્વરને
न	= નથી થતો, (માટે)	न	= નથી
अयम्	= આ	अभिजानाति	= ઓળખી શકતો એટલે કે મને જન્મ-મરણશીલ સમજે છે.
मूढः	= અજ્ઞાની		

પોતાની યોગમાયા વડે ઢંકાયેલો હું સૌને પ્રત્યક્ષ નથી થતો, માટે આ અજ્ઞાની જનસમુદાય મુજ અજન્મા અવિનાશી પરમેશ્વરને નથી ઓળખી શકતો એટલે કે મને જન્મ-મરણશીલ સમજે છે. ॥ ૨૫॥

પ્રશ્ન : 'યોગમાયા' શબ્દ કોનો વાચક છે? અને 'ભગવાન તે યોગમાયાથી સમાવૃત છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : ચોથા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં ભગવાને જેને 'આત્મમાયા' કહી છે, જે યોગશક્તિથી ભગવાન દિવ્ય ગુણો સાથે સ્વયં મનુષ્યાદિ રૂપોમાં પ્રગટ થાય છે પણ લોકદૃષ્ટિમાં જન્મ ધારણ કરનારા સાધારણ મનુષ્ય જેવા જ પ્રતીત થાય છે તે જ માયાશક્તિનું નામ 'યોગમાયા' છે. ભગવાન જ્યારે મનુષ્યાદિ રૂપમાં અવતીર્ણ થાય છે ત્યારે, જેમ કોઈ બહુરૂપી કોઈ અન્ય વેશ ધારણ કરીને લોકોની સામે આવે છે અને પોતાનું અસલી રૂપ

છુપાવી રાખે છે, તે જ પ્રમાણે ભગવાન પોતાની આ યોગમાયાનો ચારે બાજુ વિસ્તાર કરીને પોતે તેમાં છુપાયેલા રહે છે; આ જ 'એમનું યોગમાયાથી સમાવૃત થવું' કહેવાય.

પ્રશ્ન : 'હું સૌને માટે પ્રત્યક્ષ નથી થતો' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં એવો ભાવ જણાવવામાં આવ્યો છે કે ભગવાન પોતાની યોગમાયાથી છુપાયેલા રહે છે અને સાધારણ મનુષ્યોની દૃષ્ટિ તે માયાના પરદાની પેલે પાર જઈ શકતી નથી. તેથી અધિકાંશ મનુષ્યો તેઓને પોતાના જેવા જ સાધારણ મનુષ્ય માને છે. તેથી ભગવાન સૌને માટે પ્રત્યક્ષ નથી થતા. જેઓ ભગવાનના પ્રેમી ભક્તો છે તથા તેમના ગુણ, પ્રભાવ, સ્વરૂપ અને લીલામાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે છે, જેમને ભગવાન પોતાનો પરિચય આપવા ઇચ્છે છે, માત્ર તે જ લોકોને માટે ભગવાન પ્રત્યક્ષ થાય છે.

પ્રશ્ન : જીવ તો માયાથી આવૃત થાય છે એમ માની શકાય, પણ ભગવાન માયાથી આવૃત થાય છે એમ કેવી રીતે માની શકાય?

ઉત્તર : જેવી રીતે સૂર્ય વાદળાંઓથી ઢંકાઈ જાય છે પણ ખરેખર તો સૂર્ય ઢંકાઈ જતો નથી, લોકોની દૃષ્ટિ પર વાદળાંઓનું આવરણ આવી જાય છે; જો સૂર્ય ખરેખર ઢંકાઈ જાય તો બ્રહ્માંડમાં તેનો પ્રકાશ ક્યાંય ન હોય. તેવી જ રીતે ભગવાન ખરેખર માયાથી આવૃત થતા નથી, જો તેઓ આવૃત થતા હોત તો કોઈ પણ ભક્તને તેમનાં યથાર્થ દર્શન થાત નહિ. માત્ર મૂઢ લોકો માટે જ તેમનું આવૃત થવાનું શા માટે કહ્યું હોત? ખરેખર તો સૂર્યનું ઉદાહરણ પણ યોગ્ય નથી અને ભગવાન સાથે બંધબેસતું નથી; કારણ કે અનન્તની સાથે સાન્ત(સીમિત)ની તુલના થઈ જ ન શકે. લોકોને સમજાવવા માટે જ આમ કહેવામાં આવે છે.

પ્રશ્ન : અહીં 'अयम्' અને 'मूढः' વિશેષણોની સાથે જે 'लोकः' પદ આવ્યું છે તે કોનું વાચક છે? આ પદ પંદરમા શ્લોકમાં જે આસુરી પ્રકૃતિવાળા મૂઢ લોકોનું વર્ણન છે તેમનું વાચક છે કે પછી વીસમા શ્લોકમાં જેમનું જ્ઞાન કામનાઓ દ્વારા હરણ થયેલું કહેવાયું છે અને જેઓ અન્ય દેવતાઓની ઉપાસના કરે છે તે લોકોનું?

ઉત્તર : અહીં 'अयम्' વિશેષણથી એમ પ્રતીત થાય છે કે 'लोकः' પદનો પ્રયોગ માત્ર ભગવાનના ભક્તોને બાદ કરતાં શેષ બાકી-પુણ્યાત્મા - બધી જ શ્રેણીના સાધારણ અજ્ઞાની મનુષ્ય-સમુદાય માટે કરવામાં આવ્યો છે, કોઈ એક શ્રેણી-વિશેષ માટે કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન : 'અજ્ઞાની જન-સમુદાય મને, જન્મરહિત અવિનાશી પરમેશ્વરને જાણતો નથી' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે કે શ્રદ્ધા અને પ્રેમના અભાવને કારણે ભગવાનના ગુણ, પ્રભાવ, સ્વરૂપ, લીલા, રહસ્ય તેમ જ મહિમાને નહિ જાણનારા સાધારણ અજ્ઞાની મનુષ્યો એવા ભ્રમમાં પડવા રહે છે કે આ શ્રીકૃષ્ણ પણ અમારા જેવા જ મનુષ્ય છે અને અમારી જેમ જ જન્મે છે અને મરે છે. તેઓ એ વાતને સમજી શકતા નથી કે શ્રીકૃષ્ણ જન્મ-મૃત્યુથી અતીત, નિત્ય, સત્ય, વિજ્ઞાનાનન્દઘન સાક્ષાત્ પરમેશ્વર છે.

સંબંધ : ભગવાને પોતાને યોગમાયાથી આવૃત બતાવ્યા. એનો અર્થ એમ નથી કે જેમ જાડા પરદા પાછળ રહેનારાને બહારવાળા જોઈ નથી શકતા અને પેલો બહારવાળાઓને જોઈ નથી શકતો, તે જ પ્રમાણે લોકો જો ભગવાનને જાણતા નથી તો ભગવાન પણ લોકોને જાણતા નહીં હોય. ભગવાન તો સૌને જાણે જ છે - તે બતાવવાની સાથે ભગવાન અહીં એમ જણાવવા માગે છે કે યોગમાયા મારા આધીન જ છે અને મારી જ શક્તિવિશેષ છે અને તે મારા દિવ્ય જ્ઞાનને આવૃત કરી શકતી નથી. ભગવાન કહે છે -

વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન।
ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન॥ ૨૬॥

અર્જુન	= હે અર્જુન!	અહમ્	= હું
સમતીતાનિ, ચ	= પૂર્વે થઈ ગયેલા અને	વેદ	= જાણું છું,
વર્તમાનાનિ	= વર્તમાનમાં હયાત	તુ	= પરંતુ
ચ	= તથા	મામ્	= મને
ભવિષ્યાણિ	= ભવિષ્યમાં થનાર	કશ્ચન	= કોઈ પણ (શ્રદ્ધાભક્તિ વિનાનો માણસ)
ભૂતાનિ	= સર્વ ભૂતોને	ન	= નથી
		વેદ	= જાણી શકતો.

હે અર્જુન! પૂર્વે થઈ ગયેલા અને વર્તમાનમાં હયાત તથા ભવિષ્યમાં થનાર સર્વ ભૂતોને હું જાણું છું, પરંતુ મને કોઈ પણ શ્રદ્ધાભક્તિ વિનાનો માણસ નથી જાણી શકતો. ॥ ૨૬॥

પ્રશ્ન : અહીં 'ભૂતાનિ' પદ કોનું વાચક છે? અને 'પૂર્વમાં વ્યતીત થયેલાં, વર્તમાનમાં સ્થિત અને ભવિષ્યમાં થનારાં બધાં જ ભૂત-પ્રાણીઓને હું જાણું છું' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : દેવતાઓ, મનુષ્યો, પશુ-પક્ષી કીડા-પતંગિયાં વગેરે જેટલાં પણ ચરાચર પ્રાણીઓ છે તે સર્વેનું વાચક 'ભૂતાનિ' પદ છે. ભગવાન કહે છે કે તે બધાં જ આજની પહેલાં અનંત કલ્પ-કલ્પાંતરોમાં ક્યારે અને કઈ કઈ યોનિઓમાં કેવી રીતે ઉત્પન્ન થયાં, કેવી રીતે રહ્યાં અને તેઓએ શું શું કર્યું તથા આ કલ્પમાં કોણ, ક્યાં, કઈ યોનિઓમાં ઉત્પન્ન થઈને શું કરી રહ્યાં છે અને ભવિષ્યના કલ્પોમાં કોણ, ક્યાં અને કેવી રીતે રહેશે, આ બધું જ હું જાણું છું.

આ કથન પણ લોકદૃષ્ટિથી કહ્યું છે; કારણ કે ભગવાન માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનો ભેદ નથી. એમના અખંડ જ્ઞાનસ્વરૂપમાં બધું જ હંમેશ પ્રત્યક્ષ જ હોય છે. એમના માટે બધું જ વર્તમાન છે. ખરેખર તો બધા જ કાળોના આશ્રય મહાકાળ ભગવાન જ છે, તેથી એમનાથી કશુંએ અછાનું નથી.

પ્રશ્ન : અહીં 'તુ' પદનો પ્રયોગ શા માટે કરવામાં આવ્યો છે?

ઉત્તર : જીવોથી ભગવાનની અત્યંત વિશેષતા બતાવવા માટે 'તુ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન : 'કશ્ચન' પદ કોનું વાચક છે? અને અર્થમાં તેની સાથે 'શ્રદ્ધા-ભક્તિરહિત પુરુષ' એવું વિશેષણ જોડવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ જ અધ્યાયના ત્રીજા શ્લોકમાં ભગવાન કહી ચૂક્યા છે કે 'કોઈ એક મને તત્ત્વથી જાણે છે' અને આજ અધ્યાયના ત્રીસમા શ્લોકમાં પણ કહ્યું છે - 'અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે.' આ સિવાય અગિયારમા અધ્યાયના ચોપનમા શ્લોકમાં પણ ભગવાને કહ્યું છે - 'અનન્ય ભક્તિ વડે મનુષ્ય મને તત્ત્વથી જાણી શકે છે, મને જોઈ શકે છે અને મારામાં પ્રવેશ પણ કરી શકે છે.' તેથી અહીં એમ સમજવું જોઈએ કે ભગવાનના ભક્તો સિવાય જે સાધારણ મૂઢ મનુષ્યો છે તેઓમાંથી કોઈ પણ ભગવાનને જાણી શકતા નથી. 'કશ્ચન' પદ આવા જ મનુષ્યોને લક્ષિત કરે છે; અને આ જ ભાવને સ્પષ્ટ કરવા માટે અર્થમાં 'શ્રદ્ધા-ભક્તિરહિત પુરુષ' વિશેષણ જોડવામાં આવ્યું છે. આગળના શ્લોકમાં રાગ-દ્વેષજનિત દ્વન્દ્વમોહને જ નહિ જાણવાનું કારણ બતાવ્યું છે, તેથી પણ એ સાબિત થાય છે કે રાગ-દ્વેષરહિત ભક્તગણ ભગવાનને જાણી શકે છે.

સંબંધ : શ્રદ્ધા-ભક્તિરહિત મૂઢ મનુષ્યોમાંથી કોઈ પણ ભગવાનને જાણતા નથી, તેનું શું કારણ છે? આ સ્પષ્ટ કરવા માટે ભગવાન કહે છે -

ઇચ્છાદ્વેષસમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત ।
સર્વભૂતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ ॥ ૨૭॥

ભારત	= હે ભરતવંશી	દ્વન્દ્વમોહેન	= સુખ-દુઃખ આદિ દ્વંદ્વરૂપ મોહને લીધે
પરન્તપ	= અર્જુન!	સર્વભૂતાનિ	= સઘળાં પ્રાણીઓ
સર્ગે	= સંસારમાં	સમ્મોહમ્	= અત્યંત અજ્ઞતાને
ઇચ્છાદ્વેષસમુત્થેન	= ઇચ્છા અને દ્વેષથી ઉદ્ભવેલા	યાન્તિ	= પામી રહ્યાં છે.

હે ભરતવંશી અર્જુન! સંસારમાં ઇચ્છા અને દ્વેષથી ઉદ્ભવેલા સુખ - દુઃખ આદિ દ્વંદ્વરૂપ મોહને લીધે સઘળાં પ્રાણીઓ અત્યંત અજ્ઞતાને પામી રહ્યાં છે. ॥ ૨૭॥

પ્રશ્ન : 'ઇચ્છા-દ્વેષ' શબ્દો કોના વાચક છે? અને તેમનાથી ઉત્પન્ન થનારો દ્વન્દ્વરૂપી મોહ – એ શું છે?

ઉત્તર : જેમને ભગવાને મનુષ્યના કલ્યાણમાર્ગમાં વિઘ્ન નાખનારા શત્રુ (પરિપન્થી) બતાવ્યા છે (૩/૩૪) અને કામ-ક્રોધના નામે (૩/૩૭) જેમને પાપોના હેતુ અને મનુષ્યોના વેરી ગણ્યા છે - તે જ રાગ-દ્વેષનું અહીં 'ઇચ્છા' અને 'દ્વેષ'ના નામથી વર્ણન કર્યું છે. આ 'ઇચ્છા-દ્વેષ'થી જે હર્ષ-શોક અને સુખ-દુઃખાદિ દ્વન્દ્વો ઉત્પન્ન થાય છે, તે આ જીવના અજ્ઞાનને દૃઢ કરવામાં કારણરૂપ હોય છે; તેથી જ તેમનું નામ 'દ્વન્દ્વરૂપ મોહ' છે.

પ્રશ્ન : 'સર્વભૂતાનિ' પદ કોનું વાચક છે? અને તે સર્વભૂતોનું મોહિત થવું એ શું છે?

ઉત્તર : સાચી શ્રદ્ધા અને ભક્તિથી ભગવાનનું ભજન કરનારા ભક્તો સિવાયના બધા જ જનસમુદાયનું વાચક અહીં 'સર્વભૂતાનિ' પદ છે. તેઓ ઇચ્છા-દ્વેષ-જનિત હર્ષ-શોક અને સુખ-દુઃખાદિરૂપ મોહને વશ થઈને, પોતાના જીવનના પરમ-ઉદ્દેશ્યને ભૂલીને ભગવાનના ભજન-સ્મરણની જરા પણ પરવા કરતા નથી એને અને દુઃખ તથા ભય ઉત્પન્ન કરનારા નાશવંત અને ક્ષણભંગુર ભોગોને જ સુખનો હેતુ માનીને તેમના સંગ્રહ અને ભોગની ચેષ્ટા કરવામાં પોતાના અમૂલ્ય જીવનને નષ્ટ કરે છે એને જ એમનું મોહિત થવાનું કહેવાય.

સંબંધ : 'ભૂતાનિ'ની સાથે 'સર્વ' શબ્દનો પ્રયોગ થવાથી એવો પણ ભ્રમ થઈ શકે કે બધાં જ પ્રાણીઓ દ્વન્દ્વમોહથી મોહિત થઈ રહ્યાં છે, કોઈ પણ તેનાથી બચ્યું નથી. તેથી આ પ્રમાણેના ભ્રમના નિવારણ માટે ભગવાન કહે છે -

યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।
તે દ્વન્દ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દૃઢવ્રતાઃ ॥ ૨૮॥

તુ	= પરંતુ	અન્તગતમ્	= નષ્ટ થઈ ચુક્યું છે,
પુણ્યકર્મણામ્	= (નિષ્કામભાવે) ઉત્તમ કર્મોનું આચરણ કરનારા	તે	= એ
		દ્વન્દ્વમોહ-	= રાગદ્વેષજનિત દ્વંદ્વરૂપ મોહથી
યેષામ્	= જે	નિર્મુક્તાઃ	મુક્ત થયેલા
જનાનામ્	= માણસોનું	દૃઢવ્રતાઃ	= દૃઢનિશ્ચયી ભક્તો
પાપમ્	= પાપ	મામ્	= મને
		ભજન્તે	= (સર્વ રીતે) ભજે છે.

પરંતુ નિષ્કામભાવે ઉત્તમ કર્મોનું આચરણ કરનારા જે માણસોનું પાપ નષ્ટ થઈ ચુક્યું છે, એ રાગદ્વેષ-જનિત દ્વંદ્વરૂપ મોહથી મુક્ત થયેલા દૃઢનિશ્ચયી ભક્તો મને સર્વ રીતે ભજે છે. ॥ ૨૮॥

પ્રશ્ન : અહીં 'તુ'નો પ્રયોગ શા માટે થયો છે?

ઉત્તર : સાધારણ જનસમુદાય કરતાં ભગવાનના શ્રેષ્ઠ ભક્તોની વિશેષતા બતાવવા માટે અહીં 'તુ'નો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : 'નિષ્કામભાવથી શ્રેષ્ઠ કર્મોનું આચરણ કરનારા જે પુરુષોનાં પાપો નષ્ટ થઈ ગયાં છે' - આ કથન કયા પુરુષો માટે છે?

ઉત્તર : જે લોકો જન્મ-જન્માંતરથી શાસ્ત્રવિહિત યજ્ઞ, દાન, તપ વગેરે શ્રેષ્ઠ કર્મો અને ભગવાનની ભક્તિ કરતા આવ્યા છે તથા પૂર્વસંસ્કાર અને ઉત્તમ સંગના પ્રભાવથી જેઓ આ જન્મમાં પણ નિષ્કામભાવથી શ્રેષ્ઠ કર્મોનું આચરણ અને ભગવાનનું ભજન કરે છે અને જેમના દુર્ગુણ-દુરાચારાદિ બધા જ દોષોનો સર્વથા નાશ થઈ જવાથી જેઓ પવિત્ર અંતઃકરણવાળા થઈ ગયેલા છે તે પુરુષો માટે ઉપર્યુક્ત કથન છે.

પ્રશ્ન : 'દ્વન્દ્વમોહથી મુક્ત થવું' એ શું છે?

ઉત્તર : રાગ-દ્વેષથી ઉત્પન્ન થનારા સુખ-દુઃખ અને હર્ષ-શોક વગેરે દ્વન્દ્વોના સમુદાયરૂપ મોહથી સર્વથા રહિત થઈ જવું અર્થાત્ સાંસારિક સુખ-દુઃખાદિથી તેમના સંયોગવિયોગ થવાથી ક્યારેય અને કોઈ પણ અવસ્થામાં ચિત્તમાં કોઈ પણ પ્રકારનો વિકાર ન થવો એ 'દ્વન્દ્વમોહથી મુક્ત થવું' છે એમ કહેવાય.

પ્રશ્ન : 'દૃઢવ્રતાઃ'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : જેઓ મોટામાં મોટાં પ્રલોભનો અને વિઘ્નો આવવા છતાં પણ કોઈનીયે કંઈ પણ પરવા કર્યા વગર ભજનના બળથી બધાંને પદદલિત કરતા રહીને પોતાના શ્રદ્ધા-ભક્તિમય વિચારો અને નિયમોમાં ખૂબ જ દૃઢતાથી અટલ રહે છે, જરાયે વિચલિત થતા નથી તેવા દૃઢનિશ્ચયી ભક્તોને 'દૃઢવ્રત' કહે છે.

પ્રશ્ન : 'ભગવાનને બધી જ રીતે ભજવા' એ શું છે?

ઉત્તર : ભગવાનને જ સર્વવ્યાપી, સર્વાધાર, સર્વશક્તિમાન, સર્વના આત્મા અને પરમ પુરુષોત્તમ સમજીને પોતાનાં બાહ્ય અને આંતરિક બધાં જ કરણો (ઇન્દ્રિયો)ને શ્રદ્ધા-ભક્તિ-પૂર્વક તેઓની સેવામાં લગાડવાં અર્થાત્ બુદ્ધિથી તેઓના તત્ત્વનો નિશ્ચય કરવો, મનથી તેઓના ગુણ, પ્રભાવ, સ્વરૂપ અને લીલા-રહસ્યનું ચિંતન, વાણીથી તેઓનું નામકીર્તન અને ગુણોનું કીર્તન, શિરથી તેઓને નમસ્કાર, હાથોથી તેઓની પૂજા અને દીન-દુઃખી વગેરેના રૂપમાં તેઓની સેવા, નેત્રોથી તેઓના વિગ્રહનાં દર્શન, ચરણોથી તેમના મંદિર-તીર્થાદિમાં જવું અને પોતાની બધી જ વસ્તુઓને નિઃશેષરૂપે માત્ર તેમને જ અર્પણ કરીને બધી જ રીતે માત્ર તેઓના જ થઈને રહેવું - આ જ તેમને બધી રીતે ભજવાનું છે

સંબંધ : હવે ભગવાનનું ભજન કરનારાઓના ભજનનો પ્રકાર અને ફળ બતાવે છે -

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥ २९॥

ये	= જેઓ
माम्	= મારે
आश्रित्य	= શરણે થઈને
जरामरणमोक्षाय	= જરા અને મરણમાંથી છૂટવા માટે
यतन्ति	= પ્રયત્ન કરે છે,
ते	= એ (માણસો)
तत्	= એ
ब्रह्म	= બ્રહ્મને,
कृत्स्नम्	= સમગ્ર
अध्यात्मम्	= અધ્યાત્મને
च	= તેમજ
अखिलम्	= સંપૂર્ણ
कर्म	= કર્મને
विदुः	= ઓળખી લે છે.

જેઓ મારે શરણે થઈને જરા અને મરણમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, એ માણસો એ બ્રહ્મને, સમગ્ર અધ્યાત્મને તેમજ સંપૂર્ણ કર્મને ઓળખી લે છે. ॥ ૨૯॥

પ્રશ્ન : 'જરા-મરણથી છૂટવા માટે ભગવાનના શરણે થઈ 'પ્રયત્ન કરવો' એટલે શું?

ઉત્તર : જ્યાં સુધી જન્મથી છુટકારો મળતો નથી ત્યાં સુધી વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી છુટકારો મળતો નથી અને જન્મથી છુટકારો તો ત્યારે જ મળે છે કે જ્યારે જીવ અજ્ઞાનજનિત કર્મબંધનથી સર્વથા મુક્ત થઈને ભગવાનને પ્રાપ્ત કરી લે છે. ભગવાનની પ્રાપ્તિ તો બધી જ કામનાઓનો ત્યાગ કરીને દૃઢ નિશ્ચય સાથે ભગવાનનું નિત્ય-નિરંતર ભજન કરવાથી જ મળે છે અને આવું ભજન મનુષ્ય ત્યારે જ કરી શકે છે કે જ્યારે તે સત્સંગનો આશ્રય લઈને પાપોથી છૂટી જાય છે અને આસુરી ભાવોનો સર્વથા ત્યાગ કરી દે છે. ભગવાને આ જ અધ્યાયમાં કહ્યું છે કે 'આસુરી સ્વભાવવાળા નીચ, પાપી અને મૂઢ મનુષ્યો મને ભજતા નથી' (૭/૧૫); તેથી સત્તાવીસમા શ્લોકમાં પણ ભગવાનને નહિ જાણવાનાં કારણો બતાવીને કહ્યું છે કે 'રાગ-દ્વેષજનિત સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોના મોહમાં પડેલા જીવ સર્વથા અજ્ઞાનમાં ડૂબેલા રહે છે.' આવા મનુષ્યોનાં મન વિવિધ પ્રકારના ભોગો અને કામનાઓથી ભરેલાં હોય છે, તેમનાં મનમાં અન્યાન્ય બધી જ કામનાઓનો નાશ થાય અને જન્મ-મરણથી છુટકારો મળે એવી ઇચ્છા જ જાગતી નથી. તેથી અઠ્ઠાવીસમા શ્લોકમાં ભગવાનને પૂર્ણરૂપથી જાણી શકે તેવા અધિકારી ભક્ત અંગે નિર્ણય આપતા ભગવાન તેને 'પાપરહિત, પુણ્યકર્મી, સુખ-દુઃખાદિ દ્વન્દ્વોથી મુક્ત અને દૃઢનિશ્ચયી થઈને ભગવાનનું ભજન કરનારો' કહ્યો છે. આવા નિષ્પાપ હૃદયવાળા પુરુષના જ મનમાં એવી શુભ કામના જાગ્રત થાય છે કે હું જન્મ-મરણના ચક્કરમાંથી કેમ કરીને મુક્ત થઈ જાઉં અને ખૂબ જ જલદી પરબ્રહ્મ પરમાત્માને જાણી લઉં અને પામી લઉં. તેથી જ ભગવાન કહે છે કે "જે પુરુષો સંસારના બધા જ વિષયોના આશ્રયને છોડીને દૃઢ વિશ્વાસ સાથે એક-માત્ર મારો જ આશ્રય લઈને નિરંતર મારામાં જ મન અને બુદ્ધિને લગાડેલાં રાખે છે તેઓ મારા શરણે થઈ 'પ્રયત્ન કરનારા' છે.

પ્રશ્ન : 'તત્' વિશેષણ-સહિત 'બ્રહ્મ' પદ કોનું વાચક છે? 'કૃત્સ્ન' વિશેષણ-સહિત 'અધ્યાત્મ' પદ કોનું વાચક છે? અને 'અખિલ' વિશેષણ-સહિત 'કર્મ' પદ કોનું વાચક છે? અને આ બધાંને જાણી લેવાં - એટલે શું?

ઉત્તર : 'તત્' વિશેષણની સાથે પ્રયોજાયેલ 'બ્રહ્મ' પદથી નિર્ગુણ, નિરાકાર, સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માનો નિર્દેશ છે. ઉક્ત પરબ્રહ્મ પરમાત્માના તત્ત્વનો સમ્યક્ રીતે અનુભવ કરીને તેનો સાક્ષાત્કાર કરવો એ જ પરમાત્માને જાણી લેવા ગણાય. આ અધ્યાયમાં જે તત્ત્વનું વર્ણન ભગવાને 'પરા પ્રકૃતિ'ના નામે કર્યું છે તેમ જ પંદરમા અધ્યાયમાં જેને 'અક્ષર' કહ્યો છે તે સમસ્ત 'જીવસમુદાય'નું વાચક 'कृत्स्न' વિશેષણની સાથે પ્રયોજાયેલું 'અધ્યાત્મ' પદ છે. એક સચ્ચિદાનંદઘન પરમાત્મા જ જીવોના રૂપમાં અનેક આકારોમાં દેખાય છે. ખરેખર જીવસમુદાયરૂપી સમસ્ત 'અધ્યાત્મ' એ સચ્ચિદાનંદઘન પરમાત્માથી ભિન્ન નથી. આ તત્ત્વને જાણી લેવું એ જ પરમેશ્વરને જાણી લેવા ગણાય; અને જેનાથી બધાં જ ભૂતોની અને સંપૂર્ણ ચેષ્ટાઓ (અથવા કાર્યવ્યાપારોની)ની ઉત્પત્તિ થાય છે, ભગવાનના તે આદિ સંકલ્પરૂપી 'વિસર્ગ'નું નામ 'કર્મ' છે (આનું વિશેષ વિવેચન આઠમા અધ્યાયના ત્રીજા શ્લોકની વ્યાખ્યામાં કરવામાં આવેલું છે); અને ભગવાનનો સંકલ્પ હોવાથી આ કર્મ ભગવાનથી અભિન્ન જ છે, આ પ્રમાણે જાણી લેવું એને જ 'અખિલ કર્મ'ને ને જાણી લેવું કહેવાય.

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः॥ ३०॥

યે	= જે માણસો
સાધિભૂતાધિ-	= અધિભૂત અને
દૈવમ્	અધિદૈવસહિત
ચ	= તેમજ
સાધિયજ્ઞમ્	= અધિયજ્ઞસહિત
મામ્	= (સૌના આત્માસ્વરૂપ) મને
પ્રયાણકાલે	= અંતકાળે
અપિ	= પણ
વિદુઃ	= ઓળખી લે છે
તે	= એ
યુક્તચેતસઃ	= મારામાં ચિત્ત પરોવેલા માણસો
મામ્	= મને
ચ	= જ
વિદુઃ	= ઓળખી લે છે એટલે કે પામી જાય છે.

જે માણસો અધિભૂત અને અધિદૈવસહિત તેમજ અધિયજ્ઞસહિત સૌના આત્માસ્વરૂપ મને અંતકાળેય ઓળખી લે છે, એ મારામાં ચિત્ત પરોવેલા માણસો મને જ ઓળખી લે છે એટલે કે પામી જાય છે. ॥ ૩૦॥

પ્રશ્ન : 'અધિભૂત', 'અધિદૈવ' અને 'અધિયજ્ઞ' શબ્દો કયાં-કયાં તત્ત્વોના વાચક છે? અને આ સર્વેની સાથે સમગ્ર ભગવાનને જાણી લેવા એટલે શું?

ઉત્તર : આ અધ્યાયમાં જેને ભગવાને 'અપરા પ્રકૃતિ' અને પંદરમા અધ્યાયમાં જેને 'ક્ષર પુરુષ' કહ્યો છે તે વિનાશશીલ સમસ્ત જડવર્ગનું નામ 'અધિભૂત' છે; આઠમા અધ્યાયમાં જેને 'બ્રહ્મા' કહ્યા છે તે સૂત્રાત્મા હિરણ્યગર્ભનું નામ 'અધિદૈવ' છે; અને નવમા અધ્યાયના ચોથા, પાંચમા અને છઠ્ઠા શ્લોકોમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે સમસ્ત પ્રાણીઓના અંતઃકરણમાં અંતર્યામીરૂપે વ્યાપ્ત રહેનારા ભગવાનના અવ્યક્ત સ્વરૂપનું નામ 'અધિયજ્ઞ' છે.

ઓગણત્રીસમા શ્લોકમાં વર્ણિત 'બ્રહ્મ' જીવસમુદાયરૂપી 'અધ્યાત્મ', ભગવાનનું આદિ સંકલ્પરૂપ 'કર્મ', ઉપર્યુક્ત જડવર્ગરૂપ 'અધિભૂત', હિરણ્યગર્ભરૂપી 'અધિદૈવ' અને અંતર્યામીરૂપ 'અધિયજ્ઞ' - બધાં ભગવાનનું જ સ્વરૂપ છે, એ જ ભગવાનનુ સમગ્રરૂપ છે. અધ્યાયના આરંભમાં ભગવાને આ જ સમગ્ર રૂપને બતાવવાની પ્રતિજ્ઞા કરેલી. પછી સાતમા શ્લોકમાં 'મારાથી ભિન્ન બીજું કોઈ પણ પરમ કારણ નથી', બારમા શ્લોકમાં 'સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવ બધું મારાથી જ થાય છે' અને ઓગણીસમા શ્લોકમાં 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' – કહીને આ સમગ્રનું વર્ણન કર્યું છે; અને અહીં પણ ઉપર્યુક્ત શબ્દોથી આનું જ વર્ણન કરીને અધ્યાયનો ઉપસંહાર કર્યો છે. આ સમગ્રને જાણી લેવું અર્થાત્ જેમ પરમાણુ, વરાળ, વાદળ, ધુમાડો, પાણી, બરફ - બધાં જળસ્વરૂપ જ છે, તે જ રીતે બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ - સર્વ કંઈ વાસુદેવ જ છે - આ પ્રમાણે યથાર્થપણે અનુભવ કરવો એને જ સમગ્ર બ્રહ્મને અથવા ભગવાનને જાણી લેવા કહેવાય.

પ્રશ્ન : 'પ્રયાણ કાલે'ની સાથે 'અપિ'નો પ્રયોગ શા માટે થયો છે?

ઉત્તર : અહીં ભગવાને એવો ભાવ જણાવ્યો છે કે જે સાધકો 'વાસુદેવ: સર્વમિતિ' પ્રમાણે ઉપર્યુક્ત રીતે મને, સમગ્રને પહેલાંથી જ જાણી લે છે તેમના માટે તો કશુંય કહેવાનું બાકી રહેતું નથી; પણ જે લોકો અંતકાળે - મૃત્યુના સમયે પણ મને સમગ્રરૂપે જાણી લે છે તેઓ પણ મને યથાર્થપણે જાણી લે છે અર્થાત્ મને પ્રાપ્ત કરી લે છે. બીજા અધ્યાયના અંતમાં બ્રાહ્મી સ્થિતિનો મહિમા જણાવતી વેળાએ પણ આ જ પ્રમાણે 'અપિ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

• ★ •

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥ ७॥

॥ જ્ઞાનવિજ્ઞાનયોગ નામનો સાતમો અધ્યાય સમાપ્ત ॥

શ્રીભગવાન્ ઉવાચ

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥ ૨॥

મયિ	= મારામાં	શ્રદ્ધયા	= શ્રદ્ધાભાવથી
મનઃ	= મનને	ઉપેતાઃ	= યુક્ત થઈને,
આવેશ્ય	= પરોવીને	મામ્	= મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને
નિત્યયુક્તાઃ	= નિરંતર મારાં ભજન-ધ્યાનમાં રચ્યાપચ્યા રહેનારા	ઉપાસતે	= ભજે છે,
		તે	= તેઓ
યે	= જે ભક્તજનો,	મે	= મને
પરયા	= અત્યંત અડગ	યુક્તતમાઃ	= યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે
		મતાઃ	= માન્ય છે.

આ રીતે અર્જુને પૂછવાથી શ્રીભગવાન બોલ્યા : હે અર્જુન! મારામાં મનને પરોવીને નિરંતર મારાં ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહેનારા જે ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે, તેઓ મને યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે માન્ય છે. ॥ ૨॥

પ્રશ્ન : 'ભગવાનમાં મનને એકાગ્ર કરીને નિરંતર તેમના જ ભજન-ધ્યાનમાં રત રહીને તેમની ઉપાસના કરવી' – આ વિધાનનો શો અર્થ છે?

ઉત્તર : ગોપીઓની જેમ* સમસ્ત કર્મો કરતી વેળાએ પરમ પ્રેમાસ્પદ, સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી સંપૂર્ણ ગુણોના સમુદ્ર એવા ભગવાનમાં મનને તન્મય કરીને તેમના ગુણ, પ્રભાવ અને સ્વરૂપનું સદા-સર્વદા પ્રેમપૂર્વક ચિંતન કરતા રહેવું – એને જ મનને એકાગ્ર કરીને નિરંતર તેમના ધ્યાનમાં રત રહીને તેમની ઉપાસના કરવી કહેવાય.

પ્રશ્ન : અતિશય શ્રેષ્ઠ શ્રદ્ધાનું સ્વરૂપ કેવું હોય છે? અને એવી શ્રદ્ધાથી યુક્ત હોવું એટલે શું?

ઉત્તર : ભગવાનની સત્તામાં, તેમના અવતારોમાં, તેમનાં વચનોમાં, તેમની શક્તિમાં, તેમના ગુણો, પ્રભાવ, લીલા, ઐશ્વર્ય વગેરેમાં ખૂબ સમ્માનપૂર્વક પ્રત્યક્ષ કરતાં પણ વધુ જે વિશ્વાસ છે તે જ અતિશય શ્રદ્ધા છે; અને ભક્ત પ્રહ્લાદની જેમ બધી જ રીતે ભગવાન પર જ નિર્ભર થઈ રહેવું એને જ ઉપર્યુક્ત શ્રદ્ધાથી યુક્ત હોવું કહેવાય.

પ્રશ્ન : 'તે મને ઉત્તમ યોગવેત્તા માન્ય છે' એનો શો ભાવ છે?

ઉત્તર : આ વાક્યથી ભગવાને એવો ભાવ બતાવ્યો છે કે, બન્ને પ્રકારના ઉપાસકોમાં જે મારા સગુણ પરમેશ્વરના ઉપાસક છે, તેમને હું ઉત્તમ યોગવેત્તા માનું છું.

---

* યા દોહનેઽવહનને મથનોપલેપપ્રેઙ્ખેઙ્ખનાર્ભરુદિતોક્ષણમાર્જનાદૌ ।
ગાયન્તિ ચૈનમનુરક્તધિયોઽશ્રુકણ્ઠ્યો ધન્યા વ્રજસ્ત્રિય ઉરુક્રમચિત્તયાનાઃ ॥
(શ્રીમદ્ભાગવત ૧૦/૪૪/૧૫)

'જેઓ ગાયોને દોહતી વેળાએ, ધાન, અનાજ વગેરે ખાંડતી વેળાએ, દહીં વલોવતી વખતે, આંગણામાં લીંપણ કરતી વખતે, બાળકોને સાચવતાં પારણાનાં ઝુલાવતી વખતે, રોતાં બાળકોને હાલરડાં ગાઈને સૂવરાવતી વખતે, ઘરોમાં જળ છાંટતી વેળાએ – સાવરણીથી વાળતી વેળાએ, વગેરે કર્મો કરતી વેળાએ પ્રેમથી ભરપૂર હૃદયથી અને આંખોમાં અશ્રુ હોય અને કંઠ અવરુદ્ધ હોય એ રીતે ગદ્‌ગદ વાણીથી શ્રીકૃષ્ણનું ગાન કર્યા કરે છે – આ પ્રમાણે હંમેશાં શ્રીકૃષ્ણમાં જ ચિત્ત લગાડનારી તે વ્રજવાસિની ગોપ-સ્ત્રીઓ ધન્ય છે.'

સંબંધ : ઉપરના શ્લોકમાં સગુણ-સાકાર પરમેશ્વરના ઉપાસકોને ઉત્તમ યોગવેત્તા કહ્યા છે. તેથી એવી જિજ્ઞાસા થઈ શકે કે તો પછી શું નિર્ગુણ-નિરાકાર બ્રહ્મના ઉપાસકો ઉત્તમ યોગવેત્તા નથી? તેથી ભગવાન કહે છે –

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ ४॥

तु = પરંતુ	च = અને
ये = જે ભક્તો,	अक्षरम् = અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને
इन्द्रियग्रामम् = ઇન્દ્રિયોના સમુદાયને	पर्युपासते = નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે,
सन्नियम्य = સારી પેઠે વશમાં કરીને	ते = એ
अचिन्त्यम् = મન-બુદ્ધિથી પર,	सर्वभूतहिते = સઘળાં ભૂતોના હિતમાં
सर्वत्रगम् = સર્વવ્યાપક,	रताः = રત રહેનારા (અને)
अनिर्देश्यम् = કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા,	सर्वत्र = સૌમાં
कूटस्थम् = સદા એકરસ રહેનાર,	समबुद्धयः = સમાન ભાવ રાખનારા યોગીઓ
ध्रुवम् = નિત્ય,	माम् = મને
अचलम् = અચળ,	एव = જ
अव्यक्तम् = નિરાકાર	प्राप्नुवन्ति = પામે છે.

પરંતુ જે ભક્તો, ઇન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સર્વવ્યાપક, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાન ભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે. ॥ ૩-૪॥

પ્રશ્ન : 'अचिन्त्यम्'નો શો અર્થ છે?

ઉત્તર : જે મન અને બુદ્ધિનો વિષય ન હોય તેને 'અચિન્ત્ય' કહે છે.

પ્રશ્ન : 'सर्वत्रगम्'નો શો અર્થ છે?

ઉત્તર : જે આકાશની જેમ સર્વવ્યાપી હોય – જેના વગર કોઈ પણ ખાલી જગ્યા ન હોય તેને 'સર્વત્રગ' કહે છે.

પ્રશ્ન : 'अनिर्देश्यम्'નો શો અર્થ છે?

ઉત્તર : જેનો નિર્દેશ કરી શકાતો નથી – જેનું સ્વરૂપ કોઈ પણ યુક્તિ (તર્ક) અથવા ઉપમાથી સમજાવી કે દર્શાવી શકાતું નથી તેને 'અનિર્દેશ્ય' કહે છે.

પ્રશ્ન : 'कूटस्थम्'નો અર્થ શો છે?

ઉત્તર : જેનામાં ક્યારેય અને કોઈ પણ કારણથી પરિવર્તન ન થાય, જે સદા એક-સરખું અર્થાત્ અચળ રહે છે તેને 'કૂટસ્થ' કહે છે.

પ્રશ્ન : 'ध्रुवम्'નો અર્થ શો છે?

ઉત્તર : જે નિત્ય અને નિશ્ચિત હોય છે – જેની સત્તામાં કોઈ પણ પ્રકારનો સંશય ન હોય અને જેનો ક્યારેય અભાવ ન હોય તેને 'ધ્રુવ' કહે છે.

પ્રશ્ન : 'अचलम्'નો અર્થ શો છે?

ઉત્તર : જે હલનચલનની ક્રિયાથી સર્વથા રહિત હોય તેને 'અચળ' કહે છે.

પ્રશ્ન : 'अव्यक्तम्'નો શો અર્થ છે?

ઉત્તર : જે કોઈ પણ ઇન્દ્રિયનો વિષય ન હોય અર્થાત્ જેને ઇન્દ્રિયોથી જાણી ન શકાય, જેનું કોઈ રૂપ અથવા આકાર ન હોય તેને 'અવ્યક્ત' કહે છે.

પ્રશ્ન : 'अक्षरम्'નો અર્થ શો છે?

ઉત્તર : જેનો ક્યારેય કોઈ પણ કારણથી

વિનાશ ન થાય તેને 'અક્ષર' કહે છે.

પ્રશ્ન : આ બધાં વિશેષણોના પ્રયોગનું શું ભાવ છે? અને 'તે બ્રહ્મની શ્રેષ્ઠ ઉપાસના કરવી' –એટલે શું?

ઉત્તર : ઉપર્યુક્ત વિશેષણો વડે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ રીતે તે પરબ્રહ્મનું ઉપર્યુક્ત સ્વરૂપ સમજીને અભિન્ન ભાવથી નિરંતર ધ્યાન કરતા રહેવું એટલે જ તેની ઉત્તમ ઉપાસના કરવી કહેવાય.

પ્રશ્ન : 'सर्वभूतहिते रता:'નો અર્થ શો છે?

ઉત્તર : 'सर्वभूतहिते रता:' દ્વારા એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે કે જે રીતે અવિવેકી મનુષ્ય પોતાના હિતમાં (અર્થાત્ સ્વાર્થમાં) રત રહે છે તે જ રીતે નિર્ગુણ ઉપાસકોનો સમસ્ત પ્રાણીઓમાં આત્મભાવ થઈ જવાને કારણે તેઓ સમાનભાવે સર્વના હિતમાં રત રહે છે.

પ્રશ્ન : 'सर्वत्र समबुद्धय:'નો શો ભાવ છે?

ઉત્તર : આનાથી એવો ભાવ દર્શાવ્યો છે કે ઉપર્યુક્ત રીતે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના કરનારાઓની ક્યાંય ભેદબુદ્ધિ રહેતી નથી. સમસ્ત જગતમાં એક બ્રહ્મ સિવાય અન્ય કોઈનીય સત્તા નથી એવું જ્ઞાન થવાને કારણે તેમની સર્વત્ર સમબુદ્ધિ થઈ જાય છે.

પ્રશ્ન : 'તેઓ મને જ પ્રાપ્ત કરે છે' – આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : અહીં ભગવાને જણાવ્યું છે કે બ્રહ્મ તેમનાથી અભિન્ન છે. અહીં અભિપ્રાય એવો છે કે ઉપર્યુક્ત ઉપાસનાનું ફળ જે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ છે એ મારી જ પ્રાપ્તિ છે; કારણ કે હું બ્રહ્મથી જુદો નથી અને બ્રહ્મ મારાથી જુદા નથી. તે બ્રહ્મ હું જ છું – આવો જ ભાવ ભગવાને ચૌદમા અધ્યાયના સત્તાવીસમા શ્લોકમાં 'ब्रह्मणो हि प्रतिष्ठाहम्' અર્થાત્ 'હું બ્રહ્મની પ્રતિષ્ઠા છું' - એ કથનથી દર્શાવ્યો છે.

પ્રશ્ન : જ્યારે બંનેને (અર્થાત્ નિર્ગુણના ઉપાસક અને સગુણના ઉપાસક બંનેને) ઈશ્વર-પ્રાપ્તિ થાય છે તો પછી બીજા શ્લોકમાં સગુણ-ઉપાસકોને શ્રેષ્ઠ કહેવાનો શો ભાવ છે?

ઉત્તર : અગિયારમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે અનન્યભક્તિ દ્વારા મનુષ્ય મને જોઈ શકે છે, તત્ત્વથી જાણી શકે છે અને મને પ્રાપ્ત કરી શકે છે (૧૧/૫૪). તેથી સ્પષ્ટ થાય છે કે પરમાત્માને તત્ત્વથી જાણવા અને પ્રાપ્ત કરવા એ બંને તો નિર્ગુણ-ઉપાસક માટે પણ શક્ય છે, પણ નિર્ગુણ-ઉપાસકોને સગુણ રૂપમાં દર્શન આપવા ભગવાન બંધાયેલા નથી; જ્યારે સગુણ-ઉપાસકને ભગવાનનાં દર્શન પણ થાય છે. આ જ તેની વિશિષ્ટતા છે.

સંબંધ : આ રીતે નિર્ગુણ-ઉપાસના અને તેના ફળનું પ્રતિપાદન કર્યા પછી હવે દેહાભિમાનીઓ માટે અવ્યક્ત ગતિની પ્રાપ્તિ મુશ્કેલ છે તેમ જણાવે છે –

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५॥

अव्यक्ता-	= (પણ) સચ્ચિદાનંદઘન	हि	= કારણકે
सक्तचेतसाम्	નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર	देहवद्भिः	= દેહાભિમાનીઓ વડે
तेषाम्	= એ માણસોના (સાધનમાં)	अव्यक्ता	= અવ્યક્તવિષયક
क्लेशः	= પરિશ્રમ	गतिः	= ગતિ
अधिकतरः	= વધુ છે;	दुःखम्	= ઘણું દુઃખ વેઠીને
		अवाप्यते	= પ્રાપ્ત કરવામાં આવે છે.

પણ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર એ માણસોના સાધનમાં પરિશ્રમ વધુ છે; કારણ કે દેહાભિમાનીઓ વડે અવ્યક્તવિષયક ગતિ ઘણું દુઃખ વેઠીને પ્રાપ્ત કરવામાં આવે છે અર્થાત્ દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. ॥ ૫॥

પ્રશ્ન : 'तेषाम्' પદની સાથે 'अव्यक्तासक्तचेतसाम्' પદ કોનું વાચક છે? 'તેઓના સાધનમાં વિશેષ પરિશ્રમ હોય છે' – આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : અગાઉના શ્લોકોમાં જે નિર્ગુણ-ઉપાસકોનું વર્ણન છે, જેમનું મન નિર્ગુણ-નિરાકાર સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં જ આસક્ત છે – તે સર્વેનું વાચક અહીં 'तेषाम्'ની સાથે 'अव्यक्तासक्तचेतसाम्' પદ છે. આવા ઉપાસકોને કષ્ટ વધારે હોય છે એમ કહી ભગવાન અહીં એમ દર્શાવવા માગે છે કે નિર્ગુણ બ્રહ્મનું તત્ત્વ ખૂબ જ ગહન છે; જેની બુદ્ધિ શુદ્ધ, સ્થિર અને સૂક્ષ્મ હોય છે, જેનું શરીરમાં અભિમાન હોતું નથી તે જ તે બ્રહ્મને સમજી શકે છે, સાધારણ મનુષ્ય તેને સમજી શકતો નથી. તેથી નિર્ગુણની ઉપાસનાના સાધનની શરૂઆતમાં વધારે પરિશ્રમ કરવો પડે છે.

પ્રશ્ન : દેહાભિમાનીઓ માટે અવ્યક્તવિષયક ગતિ મેળવવી તે કષ્ટસાધ્ય છે – આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : ઉપર્યુક્ત કથન દ્વારા ભગવાને પૂર્વાર્ધમાં બતાવેલા પરિશ્રમનો હેતુ જણાવ્યો છે. અહીં અભિપ્રાય એવો છે કે જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી નિર્ગુણ બ્રહ્મના તત્ત્વને સમજવું ખૂબ જ અઘરું છે. તેથી જેમને શરીરમાં અભિમાન છે તેમને તેવી સ્થિતિ ખૂબ જ પરિશ્રમ કરવાથી મળે છે.

પ્રશ્ન : અહીં તો અવ્યક્તની ઉપાસનામાં અધિકતર પરિશ્રમ કરવો પડે છે એમ જણાવ્યું છે અને નવમા અધ્યાયના બીજા શ્લોકમાં 'कर्तुम्', 'सुसुखम्' પદોના પ્રયોગથી એમ જણાવ્યું છે કે જ્ઞાન-વિજ્ઞાનનું સાધન સુગમ છે અને ચોથા, પાંચમા તથા છઠ્ઠા શ્લોકોમાં અવ્યક્તનું જ વર્ણન કરવામાં આવ્યું છે. આમ અહીં કરાયેલ કથન અને નવમા અધ્યાયમાં ઉપર જણાવેલ કથન બંનેમાં વિરોધાભાસ છે, તેનું સમાધાન શું છે?

ઉત્તર : આ બંને કથનોમાં વિરોધ નથી, કારણ કે નવમા અધ્યાયમાં 'જ્ઞાન' અને 'વિજ્ઞાન' શબ્દો સગુણ ભગવાનના ગુણ, પ્રભાવ અને તત્ત્વથી વિશેષ સંબંધિત છે; તેથી ત્યાં સગુણ-નિરાકારની ઉપાસનાને જ કરવામાં સુગમ જણાવી છે. ત્યાં ચોથા શ્લોકમાં આવેલો 'અવ્યક્ત' શબ્દ સગુણ-નિરાકારનો વાચક છે; તેથી જ તેમને બધાં જ ભૂતોને ધારણ કરનાર અને પોષણ કરનાર, બધાંમાં વ્યાપ્ત અને વાસ્તવમાં અસંગ હોવા છતાં પણ સૌની ઉત્પત્તિ વગેરે કરનાર કહ્યા છે.

પ્રશ્ન : છઠ્ઠા અધ્યાયના ચોવીસમા શ્લોકથી સત્તાવીસમા શ્લોક સુધી નિર્ગુણ ઉપાસનાના પ્રકાર દર્શાવીને અઠ્ઠાવીસમા શ્લોકમાં જણાવ્યું છે કે તે પ્રમાણે સાધન કરતાં-કરતાં સુખપૂર્વક પરમાત્માની પ્રાપ્તિ રૂપી અત્યંત આનંદનો લાભ મળે છે. તો આ બંને કથનોમાં કેવી રીતે સંગતિ અથવા મેળ બેસશે?

ઉત્તર : ત્યાં એવા પુરુષોનું વર્ણન છે કે જેમનાં બધાં જ પાપો તથા રજોગુણ અને તમોગુણ શાંત થઈ ગયાં છે, જેઓ 'બ્રહ્મભૂત' થઈ ગયા છે અર્થાત્ જેઓ બ્રહ્મમાં અભિન્ન ભાવથી સ્થિત થઈ ગયા છે. એવા પુરુષો માટે છે દેહાભિમાનીઓ માટે નથી. તેથી આવા ઉપાસકને સુખપૂર્વક બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એવું કહેવું ઉચિત જ છે.

પ્રશ્ન : શું સાધન-કાળમાં નિર્ગુણના ઉપાસકોને જ વધારે પરિશ્રમ પડે છે, સગુણના ઉપાસકોને નથી પડતો?

ઉત્તર : સગુણના ઉપાસકોને નથી પડતો; કારણ કે એક તો સગુણની ઉપાસના સુગમ છે અને બીજું એ કે તેઓ ભગવાન ઉપર જ નિર્ભર રહે છે; તેથી ભગવાન સ્વયં બધી જ રીતે તેમને મદદ કરે છે. આવી સ્થિતિમાં તેમને શા માટે પરિશ્રમ પડે?

સંબંધ : આ પ્રમાણે દેહાભિમાનીઓ માટે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસનાથી પરમાત્માની પ્રાપ્તિ થવી અઘરી છે એમ જણાવીને ભગવાન હવે પછીના બે શ્લોકોમાં સગુણ પરમેશ્વરની ઉપાસના કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ શીઘ્ર અને અનાયાસે થાય છે એમ જણાવે છે –

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥ ૬॥

તુ	= પરંતુ	સન્ન્યસ્ય	= અર્પણ કરીને,
મત્પરાઃ	= મારે પરાયણ રહેનાર	મામ્	= મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને
યે	= જે ભક્તજનો,	એવ	= જ
સર્વાણિ	= સર્વ	અનન્યેન	= અનન્ય
કર્માણિ	= કર્મોને	યોગેન	= ભક્તિયોગથી
મયિ	= મારામાં	ધ્યાયન્તઃ	= નિરંતર ચિંતન કરતાં
		ઉપાસતે	= ભજે છે,

પરંતુ મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે, ॥ ૬॥

પ્રશ્ન : અહીં 'તુ' પદનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'તુ' પદ અહીં નિર્ગુણ-ઉપાસકો કરતાં સગુણ-ઉપાસકોની વિલક્ષણતા બતાવવા માટે વપરાયું છે.

પ્રશ્ન : 'ભગવાનમાં પરાયણ થવું એટલે શું?

ઉત્તર : ભગવાન પર નિર્ભર થઈને જાત-જાતનાં દુઃખો પ્રાપ્ત થવા છતાં પણ ભક્ત પ્રહ્લાદની જેમ નિર્ભય અને નિર્વિકાર રહેવું; તે દુઃખોને ભગવાને મોકલેલો પુરસ્કાર સમજીને તેઓને સુખ-રૂપ માનવાં તથા ભગવાનને જ પરમ પ્રેમી, પરમ ગતિ, પરમ સુહૃદ્ અને બધી રીતે શરણ લેવા યોગ્ય સમજીને પોતાની જાતને ભગવાનને અર્પણ કરી દેવી – એને ભગવદ્પરાયણ થઈ જવું કહેવાય.

પ્રશ્ન : સંપૂર્ણ કર્મો ભગવાનને સમર્પિત કરવાં એટલે શું?

ઉત્તર : કર્મો કરવામાં પોતાની જાતને પરાધીન સમજીને ભગવાનની આજ્ઞા અને સંકેત અનુસાર કઠપૂતળીની જેમ સમસ્ત કર્મો કરતા રહેવું – તે કર્મોમાં ન તો મમતા રાખવી અને ન તો આસક્તિ રાખવી અને તેમના ફળ સાથે પણ કોઈ પણ પ્રકારનો સંબંધ ન રાખવો; શાસ્ત્રાનુકૂળ પ્રત્યેક ક્રિયામાં એવો જ ભાવ રાખવો કે હું તો કેવળ નિમિત્તમાત્ર છું, મારામાં કશુંય કરવાની શક્તિ નથી, ભગવાન જ પોતાની ઇચ્છાનુસાર મારી પાસે સમસ્ત કર્મો કરાવે છે – આને જ, સમસ્ત કર્મો ભગવાનને સમર્પિત કરવાં કહેવાય.

પ્રશ્ન : 'અનન્ય ભક્તિયોગ શું છે? અને તેના વડે ભગવાનનું ચિંતન કરતાં કરતાં તેમની ઉપાસના કરવી એટલે શું?

ઉત્તર : 'એક પરમેશ્વર સિવાય આ દુનિયામાં મારું કોઈ નથી, તેઓ જ મારું સર્વસ્વ છે – એવું માનીને ભગવાનમાં સ્વાર્થરહિત અને અત્યંત શ્રદ્ધાપૂર્વક અનન્ય પ્રેમ કરવાનો છે. જે પ્રેમમાં સ્વાર્થ, અભિમાન અને વ્યભિચારનો જરા પણ દોષ ન હોય, જે સર્વથા પૂર્ણ અને અટળ હોય, જે પ્રેમનો અંશમાત્ર પણ ભગવાનથી ભિન્ન વસ્તુમાં ન હોય, જે પ્રેમને કારણે ભગવાનની ક્ષણમાત્રની પણ વિસ્મૃતિ અસહ્ય થઈ પડે છે તે અનન્ય પ્રેમને 'અનન્ય ભક્તિયોગ' કહે છે; અને આવા ભક્તિયોગ વડે સતત ભગવાનનું ચિંતન કરતા રહીને ભગવાનના ગુણ, પ્રભાવ અને લીલાઓનું શ્રવણ, કીર્તન, તેમનાં નામોનું ઉચ્ચારણ અને જપ વગેરે કરવાનું છે. આને જ અનન્ય ભક્તિયોગ દ્વારા ભગવાનનું ચિંતન કરતાં-કરતાં તેમની ઉપાસના કરવી કહેવાય.

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥ ૭॥

પાર્થ	= હે પાર્થ!	અહમ્	= હું
તેષામ્	= એવા	નચિરાત્	= સત્વરે
મયિ	= મારામાં	મૃત્યુસંસાર-	= મૃત્યુરૂપી સંસાર-
આવેશિત-	= ચિત્ત પરોવનારા પ્રેમી	સાગરાત્	સાગરમાંથી
ચેતસામ્	ભક્તોનો	સમુદ્ધર્તા	= ઉદ્ધાર કરનારો
		ભવામિ	= બનું છું.

હે પાર્થ! એવા મારામાં ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હું સત્વરે મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું. ॥૭॥

પ્રશ્ન : 'તેષામ્' પદની સાથે 'મય્યાવેશિત-ચેતસામ્' પદ કોનું વાચક છે?

ઉત્તર : અગાઉના શ્લોકમાં મન અને બુદ્ધિને સદાને માટે ભગવાનમાં નિમગ્ન કરનાર જે અનન્યપ્રેમી સગુણ-ઉપાસકોનું વર્ણન કરેલું છે, તે પ્રેમી ભક્તો માટે જ અહીં 'મય્યાવેશિતચેતસામ્' પદનો પ્રયોગ 'તેષામ્' પદની સાથે થયો છે.

પ્રશ્ન : 'મૃત્યુરૂપી સંસાર-સાગર' એટલે શું? અને 'તેનાથી ઉપર્યુક્ત ભક્તોનો ભગવાન દ્વારા શીઘ્ર ઉદ્ધાર થઈ જવો' એટલે શું?

ઉત્તર : આ સંસારમાં બધું જ મૃત્યુમય છે. અહીં પેદા થનારી એક પણ વસ્તુ એવી નથી કે જે એક ક્ષણ માટે પણ મૃત્યુની ઝપટમાંથી ક્યારેય બચી શકે; અને જેમ સાગરમાં અસંખ્ય મોજાં ઊછળતાં રહે છે તે જ રીતે આ અપાર સંસાર-સાગરમાં અનવરત અર્થાત્ સતત જન્મ-મરણરૂપી તરંગો આવ્યા જ કરે છે. સમુદ્રનાં મોજાંની કદાચ ગણતરી કરી શકાય; પણ જ્યાં સુધી પરમેશ્વરની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવને કેટલી વાર જન્મવું અને મરવું પડશે તેની ગણતરી નથી થઈ શકતી. તેથી તેને 'મૃત્યુરૂપી સંસાર-સાગર' કહે છે.

ઉપર કહ્યા પ્રમાણે મન અને બુદ્ધિને ભગવાનમાં મગ્ન કરીને જે ભક્તો નિરંતર ભગવાનની ઉપાસના કરે છે તેમને ભગવાન જ તત્કાળ જન્મ-મૃત્યુના ફેરામાંથી છોડાવી પોતાની પ્રાપ્તિ અહીં જ કરાવી દે છે અથવા મૃત્યુ પછી પોતાના પરમધામમાં લઈ જાય છે – ત્યાં સુધી કે, જેમ નાવિક કોઈને હોડીમાં બેસાડીને નદી પાર કરાવી દે છે તે જ રીતે ભક્તિરૂપી હોડીમાં બેઠેલા ભક્તને ભગવાન પોતે નાવિક બનીને તેની સમસ્ત મુશ્કેલીઓ અને આપદાઓ દૂર કરીને તરત જ ભીષણ સંસાર-સાગરની પેલે પાર પોતાના પરમધામમાં લઈ જાય છે. આને જ 'ભગવાન દ્વારા પોતાના ઉપર્યુક્ત ભક્તોને મૃત્યુરૂપી સંસાર-સાગર પાર કરાવવો' કહેવાય.

સંબંધ : આ પ્રમાણે અગાઉના શ્લોકોમાં નિર્ગુણ-ઉપાસના કરતાં સગુણ-ઉપાસના સરળ છે એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું. તેથી ભગવાન હવે અર્જુનને તે જ રીતે મન અને બુદ્ધિ પરોવીને સગુણ-ઉપાસના કરવાની આજ્ઞા આપે છે –

મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥ ૮॥

મયિ	= મારામાં	એવ	= જ
મનઃ	= મનને	બુદ્ધિમ્	= બુદ્ધિને
આધત્સ્વ	= પરોવ (અને)	નિવેશય	= જોડ;
મયિ	= મારામાં	અતઃ	= એ

ઊર્ધ્વમ્	= પછી (તું)	નિવસિષ્યસિ	= નિવાસ કરીશ, (એમાં લેશમાત્ર)
મયિ, એવ	= મારામાં જ	સંશયઃ	= સંશય
		ન	= નથી.

માટે હે અર્જુન! તું મારામાં મનને પરોવ અને મારામાં જ બુદ્ધિને જોડ; એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી ॥ ૮॥

પ્રશ્ન : મન અને બુદ્ધિ ભગવાનમાં પરોવવાં – કોને કહેવાય?

ઉત્તર : જેઓ સંપૂર્ણ ચરાચર જગતમાં વ્યાપ્ત છે અને બધાંના હૃદયમાં વસેલા છે અને જેઓ દયાળુતા, સર્વજ્ઞતા, સુશીલતા, સુહૃદયતા વગેરે અનંત ગુણોના સમુદ્ર છે તે પરમદિવ્ય, પ્રેમમય અને આનંદમય, સર્વશક્તિમાન, સર્વોત્તમ, શરણ લેવા યોગ્ય પરમેશ્વરનાં ગુણ, પ્રભાવ અને લીલાના તત્ત્વ અને રહસ્યને સમ્યક્‌રૂપથી સમજીને તેમનામાં સદા-સર્વદા અને સર્વત્ર અટલ શ્રદ્ધા રાખવી – તેને જ 'ભગવાનમાં બુદ્ધિ પરોવવી' કહેવાય. આ રીતે પોતાના પરમ પ્રેમાસ્પદ પુરુષોત્તમ ભગવાન સિવાયના અન્ય તમામ વિષયોમાંથી આસક્તિને સર્વથા દૂર કરી મનને માત્ર તેમનામાં જ તન્મય કરી દેવું અને નિત્ય-નિરંતર ઉપર કહ્યા મુજબ તેમનું જ ચિંતન કરતા રહેવું – આને જ 'મનને ભગવાનમાં પરોવવું' કહેવાય.

આ રીતે જે પોતાનાં મન અને બુદ્ધિને ભગવાનમાં પરોવે છે તે ભગવાનને શીઘ્ર પામે છે.

પ્રશ્ન : જો ભગવાનમાં મન અને બુદ્ધિ પરોવી દેવાથી મનુષ્યને ચોક્કસપણે ભગવાનની પ્રાપ્તિ થાય જ છે, તો પછી બધા લોકો ભગવાનમાં મન અને બુદ્ધિને કેમ નથી પરોવતા?

ઉત્તર : ભગવાનનાં ગુણ, પ્રભાવ અને લીલાઓના તત્ત્વ અને રહસ્યને નહિ જાણવાને કારણે ભગવાનમાં શ્રદ્ધા-ભક્તિ અને પ્રેમ હોતાં નથી અને અજ્ઞાનજનિત આસક્તિને કારણે સાંસારિક વિષયોનું ચિંતન થતું રહે છે. સંસારમાં મોટા ભાગના લોકોની આવી જ સ્થિતિ હોવાને લીધે બધા લોકો ભગવાનમાં મન-બુદ્ધિ પરોવી શકતા નથી.

પ્રશ્ન : જે અજ્ઞાનજનિત આસક્તિને કારણે લોકોમાં સાંસારિક ભોગોના ચિંતનની કુટેવ પડી હોય છે તેનાથી છૂટવાનો શો ઉપાય છે?

ઉત્તર : ભગવાનનાં ગુણ, પ્રભાવ અને લીલાઓના તત્ત્વ અને રહસ્યને જાણીને તેમાં શ્રદ્ધા રાખવાથી આ કુટેવમાંથી છુટકારો થઈ શકે છે.

પ્રશ્ન : ભગવાનનાં ગુણ, પ્રભાવ અને લીલાઓના તત્ત્વ અને રહસ્યનું જ્ઞાન કેવી રીતે થઈ શકે?

ઉત્તર : જેઓ ભગવાનનાં ગુણ, પ્રભાવ અને લીલાઓના તત્ત્વ અને રહસ્યને જાણે છે એવા મહાપુરુષોનો સંગ કરવાથી, એમના ગુણો અને આચરણોનું અનુકરણ કરવાથી તથા ભોગ, આળસ અને પ્રમાદ ત્યજી દેવાથી અને આવા મહાપુરુષોએ બતાવેલા માર્ગનું વિશ્વાસપૂર્વક અને તત્પરતાથી અનુસરણ કરવાથી ભગવાનનાં ગુણ, પ્રભાવ અને લીલાઓના તત્ત્વ અને રહસ્યનું જ્ઞાન થઈ શકે છે.

સંબંધ : અહીં એવી જિજ્ઞાસા થઈ શકે કે જો હું ઉપર મુજબની રીતે તમારામાં મન અને બુદ્ધિ ન પરોવી શકું તો મારે શું કરવું જોઈએ? તેથી ભગવાન આ પ્રમાણે જણાવે છે –

અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનઞ્જય ॥ ૯॥

અથ	= જો (તું)	મયિ	= મારામાં
ચિત્તમ્	= મનને	સ્થિરમ્	= અચળ ભાવે

સમાધાતુમ્	= સ્થાપવા
ન, શક્નોષિ	= સમર્થ ન હોય,
તતઃ	= તો
ધનઞ્જય	= હે ધનંજય!
અભ્યાસ-	= અભ્યાસરૂપ
યોગેન	યોગ દ્વારા
મામ્	= મને
આપ્તુમ્	= પામવાની
ઇચ્છ	= ઇચ્છા કર.

અને જો તું મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હોય, તો હે ધનંજય! અભ્યાસરૂપ યોગ દ્વારા મને પામવાની ઇચ્છા કર ॥૯॥

પ્રશ્ન : આ શ્લોકનો શો ભાવ છે?

ઉત્તર : ભગવાન અર્જુનને નિમિત્ત બનાવીને સંપૂર્ણ જગતના હિતાર્થે ઉપદેશ આપી રહ્યા છે. સંસારમાં બધા સાધકોની પ્રકૃતિ એક-સરખી હોતી નથી. તેથી બધા માટે એક સાધન ઉપયોગી ન થઈ શકે. જુદી-જુદી પ્રકૃતિવાળા મનુષ્યો માટે જુદા-જુદા પ્રકારનાં સાધનો જ ઉપયુક્ત હોય છે. તેથી ભગવાન આ શ્લોકમાં એમ કહે છે કે જો તું ઉપર વર્ણવેલ રીતે મારામાં મન અને બુદ્ધિને સ્થિર કરવામાં પોતાને અસમર્થ સમજતા હો તો તારે અભ્યાસયોગ વડે મારી પ્રાપ્તિની ઇચ્છા કરવી જોઈએ.

પ્રશ્ન : 'અભ્યાસયોગ' એટલે શું? તેના વડે ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા કરવી – એટલે શું?

ઉત્તર : ભગવાનની પ્રાપ્તિ માટે ભગવાનમાં વિવિધ પ્રકારે ચિત્તને સ્થિર કરવાનો વારંવાર જે પ્રયત્ન કરવામાં આવે છે તેને 'અભ્યાસયોગ' કહે છે. ભગવાનનાં જે નામ, રૂપ, ગુણ, લીલા વગેરેમાં સાધકને શ્રદ્ધા અને પ્રેમ હોય તેમાં જ એકમાત્ર ભગવદ્પ્રાપ્તિના ઉદ્દેશથી વારંવાર મન પરોવવાનો પ્રયત્ન કરવો – એને જ અભ્યાસયોગ વડે ભગવાનને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી કહેવાય.

શાસ્ત્રોમાં ભગવાનમાં મન પરોવવાના અનેક માર્ગો દર્શાવેલા છે, તેમાંથી નીચે વર્ણવેલા કેટલાંક સાધનો સર્વસામાન્ય મનુષ્ય માટે વિશેષ ઉપયોગી પ્રતીત થાય છે –

(૧) સૂર્યની સામે આંખો બંધ કરવાથી મન થકી સર્વત્ર સમભાવથી જે એક પ્રકાશનો પુંજ પ્રતીત થાય છે તેનાથી પણ હજારોગણા વધારે પ્રકાશનો પુંજ ભગવત્સ્વરૂપમાં છે, આ પ્રમાણે મનથી નક્કી કરીને પરમાત્માના એ તેજોમય જ્યોતિસ્વરૂપમાં ચિત્ત પરોવવા માટે વારંવાર પ્રયત્ન કરવો.

(૨) જેમ દિવાસળીમાં અગ્નિ વ્યાપક છે તેવી જ રીતે ભગવાન સર્વત્ર વ્યાપક છે એમ સમજીને જ્યાં-જ્યાં મન જાય ત્યાં-ત્યાં ગુણ અને પ્રભાવ-સહિત સર્વશક્તિમાન પરમ પ્રેમાસ્પદ પરમેશ્વરના સ્વરૂપનું પ્રેમપૂર્વક ફરી-ફરીને ચિંતન કરતા રહેવું.

(૩) જ્યાં-જ્યાં મન જાય ત્યાં-ત્યાંથી તેને હટાવીને, ભગવાન વિષ્ણુ, શિવ, રામ, કૃષ્ણ વગેરે જે કોઈ પણ પોતાના ઇષ્ટદેવ હોય તેમની માનસ-છબિ અથવા ધાતુ વગેરેમાંથી બનાવેલી મૂર્તિમાં અથવા ચિત્રમાં અથવા તેમના નામ-જપમાં શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ફરી-ફરીને મન પરોવવાનો પ્રયત્ન કરવો.

(૪) ભમરાના ગુંજારવની જેમ એકધારો ઓંકારનો ધ્વનિ કરતા રહીને તે ધ્વનિમાં પરમેશ્વર-ના સ્વરૂપનું ફરી-ફરીને ચિંતન કરવું.

(૫) સ્વાભાવિક શ્વાસ-પ્રશ્વાસની સાથે સાથે ભગવાનના નામનો જપ નિત્ય-નિરંતર થતો રહે તે માટે પ્રયત્ન કરવો.

(૬) પરમાત્માનાં નામ, રૂપ, ગુણ, ચરિત્ર અને પ્રભાવના રહસ્યને જાણવા માટે તેને લગતાં શાસ્ત્રોનો ફરી-ફરીને અભ્યાસ કરવો.

(૭) ચોથા અધ્યાયના ઓગણત્રીસમા શ્લોકમાં જણાવ્યા મુજબ પ્રાણાયામનો અભ્યાસ કરવો.

આમાંથી કોઈ પણ અભ્યાસ જો શ્રદ્ધા, વિશ્વાસ અને લગન સાથે કરવામાં આવે તો ક્રમશઃ બધાં

પાપો અને વિઘ્નોનો નાશ થતાં અંતે ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે. તેથી ખૂબ ઉત્સાહ અને તત્પરતાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. સાધકોની સ્થિતિ, અધિકાર અને સાધનની ગતિના તારતમ્યથી ફળની પ્રાપ્તિમાં વહેલું-મોડું થઈ શકે છે; તેથી તત્કાળ ફળ ન મળે તો એ અઘરું માનીને, કંટાળીને કે આળસને વશ થઈને પોતાનો અભ્યાસ છોડવો નહીં જોઈએ તેમ જ તેમાં કોઈ પ્રકારની કમી પણ નહીં કરવી જોઈએ. બલકે અભ્યાસ અથવા પ્રયત્ન વધારતા રહેવું જોઈએ.

સંબંધ : અહીં એવી જિજ્ઞાસા થાય છે કે આ રીતનો અભ્યાસયોગ પણ હું ન કરી શકું તો મારે શું કરવું જોઈએ? એના અનુસંધાનમાં ભગવાન જણાવે છે કે —

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १०॥

अभ्यासे	= (જો તું ઉપર જણાવેલા) અભ્યાસમાં
अपि	= પણ
असमर्थः	= અસમર્થ
असि	= હોય,
मत्कर्म-	= (તો કેવળ) મારે અર્થે
परमः	કર્મ કરવાને જ પરાયણ
भव	= થા; (આ રીતે)
मदर्थम्	= મારે અર્થે
कर्माणि	= કર્મોને
कुर्वन्	= કરતો રહીને
अपि	= પણ (તું)
सिद्धिम्	= મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને (જ)
अवाप्स्यसि	= પામીશ.

અને જો તું ઉપર જણાવેલા અભ્યાસમાં પણ અસમર્થ હોય, તો કેવળ મારે અર્થે કર્મ કરવાને જ પરાયણ થા; આ રીતે મારે અર્થે કર્મોને કરતો રહીને પણ તું મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ. ॥ ૧૦॥

પ્રશ્ન : 'જો તું અભ્યાસ કરવામાં પણ અસમર્થ છે — આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથનથી ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે આમ તો તારા માટે વાસ્તવમાં મારામાં મન પરોવવાનું કે ઉપર દર્શાવેલ રીતે 'અભ્યાસયોગ' વડે મને પામવાનું બહુ અઘરું નથી, છતાં પણ તું પોતાને તે માટે અસમર્થ માનતો હોય તો પણ કંઈ વાંધો નથી. હું તને ત્રીજો ઉપાય બતાવું છું. સ્વભાવ-ભેદને કારણે જુદા-જુદા સાધકો માટે જુદા-જુદા પ્રકારનાં સાધન ઉપયોગી થતાં હોય છે.

પ્રશ્ન : 'मत्कर्म' શબ્દ કયા પ્રકારનાં કર્મોનો વાચક છે? અને તે કર્મોમાં પરાયણ થવું — એટલે શું?

ઉત્તર : અહીં 'મત્કર્મ' શબ્દ એવાં કર્મોનો વાચક છે કે જે કર્મો માત્ર ભગવાન માટે જ થતાં હોય છે અથવા ભગવદ્-સેવા-પૂજાવિષયક હોય છે તથા જે કર્મોમાં પોતાનો જરા પણ સ્વાર્થ, મમત્વ અને આસક્તિ ન હોય. આવા કર્મો મત્કર્મ કહેવાય છે. અગિયારમા અધ્યાયના છેલ્લા શ્લોકમાં પણ 'मत्कर्मकृत्' શબ્દમાં પણ 'મત્કર્મ' શબ્દ આવ્યો છે. ત્યાં પણ એની વ્યાખ્યા આપવામાં આવી છે.

એકમાત્ર ભગવાનને જ પોતાનો પરમ આશ્રય અને પરમ (શ્રેષ્ઠ) ગતિ માનવા તથા માત્ર તેમની જ પ્રસન્નતા માટે પરમ શ્રદ્ધા અને અનન્ય પ્રેમપૂર્વક મન, વચન અને તનથી તેમની સેવા-પૂજા વગેરે તથા યજ્ઞ, દાન, તપ વગેરે શાસ્ત્ર વિહિત કર્મોને પોતાનું કર્તવ્ય સમજી નિરંતર કરતા રહેવું — એને જ તે કર્મોમાં પરાયણ થવું કહેવાય.

પ્રશ્ન : 'મારે માટે કર્મો કરતાં-કરતાં પણ મને પ્રાપ્ત કરવાની સિદ્ધિને જ પામીશ — આ વાક્યનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ વાક્યથી ભગવાને એવો ભાવ

દર્શાવ્યો છે કે આ રીતે કર્મો કરવાં, એ પણ મને પામવા માટેનું એક સ્વતંત્ર અને સરળ સાધન છે. જેમ ભજન-ધ્યાન વગેરે કરનારાઓ મને પ્રાપ્ત કરી લે છે તે જ રીતે મારા માટે કર્મો કરનારા પણ મને પ્રાપ્ત કરી શકે છે. તેથી મારા માટે કર્મો કરવાનું સાધન પણ અગાઉ દર્શાવેલાં સાધનોની સરખામણીમાં જરા પણ ઊતરતી કક્ષાનું સાધન નથી.

સંબંધ : અહીં અર્જુનને એવી જિજ્ઞાસા થઈ શકે છે કે જો ઉપર્યુક્ત રીતે હું આપના માટે કર્મ પણ ન કરી શકું તો મારે શું કરવું જોઈએ? આના અનુસંધાનમાં ભગવાન કહે છે –

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११॥

अथ	= જો	अशक्तः	= અસમર્થ
मद्योगम्	= મારી પ્રાપ્તિરૂપી યોગનો	असि	= હોય,
आश्रितः	= આશરો લઈને	ततः	= તો
एतत्	= ઉપર જણાવેલ સાધન	यतात्मवान्	= મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને
कर्तुम्	= કરવામાં	सर्वकर्मफल-	= સર્વ કર્મોના ફળનો
अपि	= પણ (તું)	त्यागम्	त्याग
		कुरु	= કર.

અને જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ હોય, તો મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને સર્વ કર્મોના ફળનો ત્યાગ કર. ॥ ૧૧॥

પ્રશ્ન : 'જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશ્રય લઈને ઉપર્યુક્ત સાધન કરવામાં પણ તું અસમર્થ હોય, – આ વાક્યનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ વાક્યથી ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે વાસ્તવમાં ઉપર્યુક્ત રીતે ભક્તિયુક્ત કર્મયોગનું સાધન કરવું તારા માટે અઘરું નથી, સરળ છે; છતાં પણ તું જો તેને મુશ્કેલ માનતો હોય તો હું તને હવે એક બીજા પ્રકારનું સાધન બતાવું છું.

પ્રશ્ન : 'यतात्मवान्' કોને કહેવાય? અર્જુનને 'यतात्मवान्' થવાનું કહ્યું છે તેનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'આત્મા' શબ્દ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો સહિતના શરીરનો વાચક છે. આથી જેણે મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો સહિત શરીર પર વિજય પ્રાપ્ત કરી લીધો હોય તેને 'यतात्मवान्' કહે છે. મન, ઇન્દ્રિયો વગેરે જો વશમાં ન હોય તો તેઓ મનુષ્યને પરાણે ભોગોમાં ફસાવી દે છે અને એમ થવાથી બધાં કર્મોનાં ફળસ્વરૂપ ભોગોની લાલસાનો અને આસક્તિનો ત્યાગ નથી થઈ શકતો. તેથી જ 'सर्वकर्मफलत्याग'ના સાધન માટે આત્મસંયમને પરમ આવશ્યક સમજીને અહીં અર્જુનને 'यतात्मवान्' બનવા માટે કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : છઠ્ઠાથી દસમા શ્લોક સુધી બતાવેલાં સાધનોમાં 'यतात्मवान्' બનવા માટે કહેવામાં આવ્યું નથી, તેનો શો અભિપ્રાય છે?

ઉત્તર : છઠ્ઠા, સાતમા અને આઠમા શ્લોકોમાં અનન્ય ભક્તિયોગના સાધકોનું વર્ણન છે; એવા અનન્ય પ્રેમી ભક્તોને સંસારના ભોગોમાં આસક્તિ નહિ રહેવાને લીધે તેમનાં મન, બુદ્ધિ વગેરે સ્વાભાવિક રીતે જ સંસારથી વિરક્ત રહીને ભગવાનમાં લીન રહે છે, તેથી તે શ્લોકોમાં 'यतात्मवान्' થવા માટે કહેવામાં આવ્યું નથી.

નવમા શ્લોકમાં 'અભ્યાસયોગ' દર્શાવવામાં આવ્યો છે અને ભગવાનમાં મન-બુદ્ધિ પરોવવા માટે

જેટલાં પણ સાધનો છે તે બધાંનો સમાવેશ અભ્યાસયોગમાં થઈ જાય છે. તેથી ત્યાં પણ 'યતાત્મવાન્' થવાનું કહેવાની અલગ જરૂર નથી. તેમ જ દસમા શ્લોકમાં ભક્તિયુક્ત કર્મયોગનું વર્ણન છે, તેમાં ભગવાનનો આશ્રય લેવાનું કહ્યું છે અને સાધકનાં તમામ કર્મો ભગવદર્થે જ થાય છે તેથી તેમાં પણ 'યતાત્મવાન્' બનવા માટે અલગથી કહેવાનું કોઈ પ્રયોજન નથી. પણ આ શ્લોકમાં 'સર્વકર્મફલત્યાગ'રૂપી કર્મયોગનું જે સાધન બતાવ્યું છે તેમાં મન-બુદ્ધિને વશમાં રાખ્યા વગર ચાલે તેમ નથી, કારણ કે વર્ણાશ્રમ અનુસાર બધાં વ્યાવહારિક કર્મો કરતાં કરતાં જો મન-બુદ્ધિ અને ઇન્દ્રિયો વશમાં ન હોય તો તેમની ભોગોમાં મમતા, આસક્તિ અને લાલસા થવી ખૂબ જ સહજ છે અને એમ થવાથી 'સર્વકર્મફલત્યાગ'રૂપી સાધન થઈ નથી શકતું. તેથી અહીં 'યતાત્મવાન્' પદનો પ્રયોગ કરી મન-બુદ્ધિ વગેરેને વશમાં રાખવા માટે વિશેષ રૂપે સાવચેત કરેલ છે.

પ્રશ્ન : 'સર્વકર્મ' શબ્દ અહીં કયાં કર્મોનો વાચક છે? અને તેઓનાં ફળનો ત્યાગ કરવો – એટલે શું?

ઉત્તર : યજ્ઞ, દાન, તપ, સેવા અને વર્ણાશ્રમ અનુસાર આજીવિકા તથા શરીરનિર્વાહ માટે કરવામાં આવતાં શાસ્ત્રસમ્મત બધાં જ કર્મોનો વાચક અહીં 'સર્વકર્મ' શબ્દ છે. તે કર્મોને યોગ્ય રીતે કરતાં-કરતાં આ લોક અને પરલોકના ભોગોની પ્રાપ્તિરૂપ તેમનું જે ફળ છે તેમાં મમતા, આસક્તિ અને કામનાનો સદંતર ત્યાગ કરવો એને જ બધાં કર્મોનાં ફળનો ત્યાગ કરવો કહેવાય.

અહીં એ યાદ રાખવાનું છે કે જૂઠ, કપટ, વ્યભિચાર, હિંસા, ચોરી વગેરે નિષેધ કર્મોનો 'સર્વકર્મ'માં સમાવેશ નથી. ભોગોમાં આસક્તિ અને તેમની કામના હોવાને કારણે જ આવાં પાપકર્મો થાય છે અને તેના ફળસ્વરૂપે મનુષ્યનું બધી જ રીતે પતન થાય છે. તેથી આવાં કર્મોનો સ્વરૂપથી જ સર્વથા ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે અને જ્યારે એવાં કર્મોનો સર્વથા નિષેધ છે ત્યારે તેમનાં ફળના ત્યાગનો તો પ્રશ્ન જ કેવી રીતે ઉદ્ભવી શકે?

પ્રશ્ન : ભગવાને પહેલાં મન-બુદ્ધિને પોતાનામાં પરોવવાનું કહ્યું, પછી અભ્યાસયોગ બતાવ્યો, તે પછી મદર્થ (મારા માટે અર્થાત્ ભગવાન માટે) કર્મ કરવા કહ્યું અને છેલ્લે સર્વકર્મફલત્યાગની આજ્ઞા આપી અને એકમાં અસમર્થ હોવાને કારણે બીજાનું આચરણ કરવા કહ્યું. ભગવાનનું આ પ્રકારનું આ કથન ફળભેદની દૃષ્ટિએ છે કે પછી એક કરતાં બીજાને સરળ બતાવવા માટે છે અથવા અધિકારભેદથી છે?

ઉત્તર : ભગવાનનું આ કથન ફળભેદની દૃષ્ટિએ નથી, કારણ કે બધાનું એક જ ફળ છે 'ભગવત્-પ્રાપ્તિ'. તેમ જ આ કથન એક કરતાં બીજાને સરળ બતાવવા માટે પણ નથી, કારણ કે ઉપર્યુક્ત સાધનો એક-બીજાની તુલનામાં ઉત્તરોત્તર સરળ હોય એવું પણ નથી. જે સાધન એક માટે સરળ છે તે બીજાને માટે મુશ્કેલ પણ હોઈ શકે છે. તેથી એમ વિચારી શકાય કે આ ચારે સાધનોનું વર્ણન માત્ર અધિકારભેદથી જ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : આ ચારે સાધનોમાંથી કયું સાધન કેવા મનુષ્ય માટે ઉપયોગી છે?

ઉત્તર : જે પુરુષમાં સગુણ ભગવાનના પ્રેમની પ્રધાનતા હોય છે, જેને ભગવાનમાં સ્વાભાવિક શ્રદ્ધા હોય છે, ભગવાનના ગુણ, પ્રભાવ અને રહસ્યની વાતો તથા તેમની લીલાનું વર્ણન જેને સ્વભાવથી જ પ્રિય લાગે છે તેવા મનુષ્ય માટે આઠમા શ્લોકમાં બતાવેલું સાધન સરળ અને ઉપયોગી છે.

જે પુરુષને ભગવાનમાં સ્વાભાવિક પ્રેમ તો નથી પણ શ્રદ્ધા હોવાને કારણે જે હઠપૂર્વક સાધન કરીને ભગવાનમાં મન પરોવવા ઇચ્છે છે એવા સ્વભાવવાળા મનુષ્ય માટે નવમા શ્લોકમાં બતાવેલું સાધન સરળ અને ઉપયોગી છે.

જે મનુષ્યની સગુણ પરમેશ્વરમાં શ્રદ્ધા છે તથા યજ્ઞ, દાન, તપ વગેરે કર્મોમાં જેને સ્વાભાવિક પ્રેમ

છે અને ભગવાનની મૂર્તિની સેવા-પૂજા કરવામાં જેને શ્રદ્ધા છે તેવા મનુષ્ય માટે દસમા શ્લોકમાં બતાવેલું સાધન સરળ અને ઉપયોગી છે.

અને જે મનુષ્યને સગુણ-સાકાર ભગવાનમાં સ્વાભાવિક પ્રેમ અને શ્રદ્ધા નથી, જે ઈશ્વરના સ્વરૂપને માત્ર સર્વવ્યાપી નિરાકાર માને છે, જેનો સ્વાભાવિક પ્રેમ વ્યાવહારિક અને લોકહિતનાં કાર્યો કરવામાં જ છે તથા કર્મોમાં શ્રદ્ધા અને રુચિ વધુ હોવાને કારણે જેનું મન નવમા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે અભ્યાસયોગમાં પણ નથી પરોવાતું તેવા મનુષ્ય માટે આ શ્લોકમાં બતાવેલું સાધન સરળ અને ઉપયોગી છે.

પ્રશ્ન : છઠ્ઠા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે સમસ્ત કર્મો ભગવાનને અર્પણ કરવાં, દસમા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ભગવાનને માટે ભગવાનનાં કર્મો કરવાં અને આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે બધાં કર્મોનાં ફળનો ત્યાગ કરવો — આ ત્રણે પ્રકારનાં સાધનોમાં શો ભેદ છે? ત્રણેનું ફળ જુદું-જુદું છે કે એક જ છે?

ઉત્તર : સમસ્ત કર્મો ભગવાનને અર્પણ કરવાં, ભગવાનને માટે જ સમસ્ત કર્મો કરવાં અને બધાં કર્મોનાં ફળનો ત્યાગ કરવો – આ ત્રણેય 'કર્મયોગ' છે; અને ત્રણેનું ફળ પરમેશ્વરની પ્રાપ્તિ છે. તેથી ફળમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. માત્ર સાધકોની ભાવના અને તેમના સાધનની પ્રણાલીના ભેદથી તેમાં ભેદ કરવામાં આવ્યો છે. સમસ્ત કર્મો ભગવાનને અર્પણ કરવાં અને ભગવાન માટે સમસ્ત કર્મો કરવાં – આ બંનેમાં તો ભક્તિની પ્રધાનતા છે. સર્વકર્મફળત્યાગમાં માત્ર ફળ-ત્યાગની પ્રધાનતા છે. આ જ મુખ્ય ભેદ છે.

સર્વકર્મ ભગવાનને અર્પણ કરનારો મનુષ્ય એમ માને છે કે હું ભગવાનના હાથની કઠપૂતળી છું, મારામાં કંઈ પણ કરવાનું સામર્થ્ય નથી, મારાં મન, બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરે જે કંઈ છે તે બધાં જ ભગવાનનાં જ છે અને ભગવાન જ પોતાની ઇચ્છાનુસાર તેમના દ્વારા સમસ્ત કર્મો કરાવે છે, તે કર્મો અને તેનાં ફળ સાથે મારે કોઈ લેવા-દેવા નથી. આવા ભાવને કારણે તે સાધકને કર્મોમાં અને તેમનાં ફળમાં લેશમાત્ર પણ રાગદ્વેષ નથી રહેતો; તેને પ્રારબ્ધ પ્રમાણે જે કંઈ સુખ-દુઃખના ભોગ પ્રાપ્ત થાય છે તે બધાને તે ભગવાનનો પ્રસાદ સમજીને સદા પ્રસન્ન રહે છે. તેથી તેનો સર્વમાં સમભાવ રહે છે અને તેને જલદી ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે.

ભગવદર્થ કર્મ કરનારો મનુષ્ય અગાઉ કહ્યું તેવા સાધકની જેમ એમ નથી માનતો કે, 'હું કંઈ કરતો નથી અને ભગવાન જ બધું મારી પાસે કરાવે છે.' તે એમ માને છે કે ભગવાન મારા પરમ પૂજ્ય છે, પરમ પ્રેમી છે અને પરમ સુહૃદ્ છે; તેમની સેવા કરવી અને તેમની આજ્ઞાનું પાલન કરવું એ જ મારું પરમ કર્તવ્ય છે. તેથી તે ભગવાનને સમસ્ત જગતમાં વ્યાપ્ત માનીને તેમની સેવાના ઉદ્દેશથી, શાસ્ત્ર દ્વારા મળેલી તેમની આજ્ઞા અનુસાર યજ્ઞ, દાન, તપ તથા વર્ણાશ્રમ અનુસાર આજીવિકા અને શરીરનિર્વાહનાં સઘળાં કર્મો તથા ભગવાનની સેવા-પૂજા વગેરે કર્મોમાં ગૂંથાયેલો રહે છે. તેની પ્રત્યેક ક્રિયા ભગવાનની આજ્ઞા પ્રમાણે અને ભગવાનની જ સેવાના ઉદ્દેશથી થાય છે (૧૧/૫૫). તેથી તે સમસ્ત ક્રિયાઓમાં અને તેમનાં ફળોમાં તેની આસક્તિ અને કામનાનો અભાવ થાય છે અને તેથી તેને શીઘ્ર ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે.

જેણે માત્ર 'સર્વ કર્મોનાં ફળોનો ત્યાગ' કર્યો છે તે મનુષ્ય એમ નથી માનતો કે ભગવાન મારા વડે કર્મો કરાવે છે અને એમ પણ નથી માનતો કે હું ભગવાન માટે સમસ્ત કર્મો કરું છું. તે એમ માને છે કે માત્ર કર્મ કરવાનો જ અધિકાર મનુષ્યને છે, તેના ફળ ઉપર અધિકાર નથી (૨/૪૭ થી ૫૧ સુધી). તેથી કોઈ પણ પ્રકારના ફળની અપેક્ષા રાખ્યા વગર યજ્ઞ, દાન, તપ, સેવા તથા વર્ણાશ્રમ અનુસાર જીવિકા અને શરીરનિર્વાહ માટેનાં ખાવું-પીવું વગેરે સમસ્ત શાસ્ત્રવિહિત કર્મો કરવાં એ

જ મારું કર્તવ્ય છે. તેથી તે સમસ્ત કર્મોનાં ફળસ્વરૂપે આ લોકના અને પરલોકના ભોગોમાં મમતા, આસક્તિ અને કામનાનો સદંતર ત્યાગ કરે છે (૧૮/૯); તેથી તેનામાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ થાય છે અને તેથી તેને શીઘ્ર પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

આમ ત્રણેયનું ફળ એકમાત્ર ભગવત્પ્રાપ્તિ હોવા છતાં પણ સાધકોની માન્યતામાં અને સાધનપ્રણાલીમાં ભેદ હોવાને કારણે ત્રણ પ્રકારનાં સાધનો જુદાં જુદાં બતાવવામાં આવ્યાં છે.

સંબંધ : છઠ્ઠા શ્લોકથી આઠમા શ્લોક સુધી અનન્ય ધ્યાનનું ફળસહિત વર્ણન કરીને, નવમાથી અગિયારમા શ્લોક સુધી એક પ્રકારના સાધનમાં અસમર્થ હોવાથી, બીજાં સાધનો બતાવીને અંતે 'સર્વકર્મફલત્યાગ' રૂપી સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે. તેથી એમ શંકા થઈ શકે કે 'કર્મફલત્યાગ'રૂપી સાધન અન્ય બીજાં પૂર્વોક્ત સાધનો કરતાં નીચી કક્ષાનું હશે; તેથી આવી શંકાનું નિરાકરણ કરવા માટે હવે આગળના શ્લોકમાં કર્મ-ફળના ત્યાગનું મહત્ત્વ બતાવવામાં આવે છે –

શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે ।
ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥ ૧૨ ॥

અભ્યાસાત્	= મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં	ધ્યાનાત્	= ધ્યાન કરતાં (પણ)
જ્ઞાનમ્	= જ્ઞાન	કર્મફલત્યાગઃ	= સર્વ કર્મોના ફળનો ત્યાગ (ચડિયાતો છે);
શ્રેયઃ	= ચડિયાતું છે,	હિ	= કેમકે
જ્ઞાનાત્	= જ્ઞાન કરતાં	ત્યાગાત્	= ત્યાગથી
ધ્યાનમ્	= મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન	અનન્તરમ્	= તરત જ
વિશિષ્યતે	= ચડિયાતું છે (અને)	શાન્તિઃ	= પરમ શાન્તિ મળે છે.

મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં જ્ઞાન ચડિયાતું છે, જ્ઞાન કરતાં મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન ચડિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોના ફળનો ત્યાગ ચડિયાતો છે; કેમકે ત્યાગથી તરત જ પરમ શાન્તિ મળે છે. ॥ ૧૨ ॥

પ્રશ્ન : અહીં 'અભ્યાસ' શબ્દ કોનો વાચક છે અને 'જ્ઞાન' શબ્દ કોનો વાચક છે? તથા અભ્યાસની સરખામણીમાં જ્ઞાનને શ્રેષ્ઠ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં 'અભ્યાસ' શબ્દ નવમા શ્લોકમાં દર્શાવેલ અભ્યાસયોગ પૈકીના માત્ર અભ્યાસનો જ વાચક છે અર્થાત્ સકામ ભાવથી પ્રાણાયામ, મનોનિગ્રહ, સ્તોત્ર-પાઠ, વેદોનું અધ્યયન, ભગવાનના નામનો જપ વગેરે માટે વારંવાર જે ક્રિયાઓ કરવામાં આવે છે તેનું વાચક અહીં 'અભ્યાસ' પદ છે, પરંતુ તેમાં નથી વિવેકજ્ઞાન, નથી ધ્યાન કે નથી કર્મ-ફળનો ત્યાગ. અભિપ્રાય એવો છે કે નવમા શ્લોકમાં જે યોગ અર્થાત્ નિષ્કામભાવ અને વિવેક-જ્ઞાનનું ફળ ભગવત્પ્રાપ્તિની ઇચ્છા છે, તે આમાં નથી; કારણ કે આ બન્ને (અર્થાત્ નિષ્કામભાવ અને વિવેકજ્ઞાન) જે અભ્યાસમાં સમાયેલાં હોય તેવા અભ્યાસ(યોગ)ની સાથે (શાસ્ત્રીય) જ્ઞાનની સરખામણી કરવી અને તેના કરતાં અભ્યાસરહિત જ્ઞાનને શ્રેષ્ઠ બતાવવું, તે કોઈ રીતે સંભવિત નથી.

એ જ રીતે અહીં 'જ્ઞાન' શબ્દ પણ સત્સંગ અને શાસ્ત્ર વડે ઉત્પન્ન વિવેક-જ્ઞાનનો વાચક છે કે જેના વડે મનુષ્ય આત્મા અને પરમાત્માના સ્વરૂપને તથા ભગવાનનાં ગુણ, પ્રભાવ, લીલા વગેરેને સમજી શકે છે અને સંસાર અને ભોગોની અનિત્યતા વગેરે અન્ય આધ્યાત્મિક વાતોને પણ

સમજી શકે છે પણ આવા જ્ઞાન સાથે ન તો અભ્યાસ છે, ધ્યાન પણ નથી અને કર્મ-ફળની ઈચ્છાનો ત્યાગ પણ નથી. કારણ કે જો 'જ્ઞાન' સાથે આ બધાં હોય, અર્થાત્ જ્ઞાન સાથે અભ્યાસ, ધ્યાન અને કર્મ-ફળની આસક્તિનો ત્યાગ આ ત્રણે હોય તો તેવા જ્ઞાન સાથે અભ્યાસ, ધ્યાન અને કર્મ-ફળના ત્યાગની સરખામણી કરવી અને આવા જ્ઞાન કરતાં ધ્યાન અને કર્મફળના ત્યાગને શ્રેષ્ઠ કહેવો એ યુક્તિ સંગત નથી.

ઉપર્યુક્ત અભ્યાસ અને જ્ઞાન બન્ને પોતપોતાના સ્થાને ભગવદ્પ્રાપ્તિમાં સહાયક છે, શ્રદ્ધા-ભક્તિ અને નિષ્કામભાવના સંબંધથી, બન્ને સાધનો દ્વારા મનુષ્ય પરમાત્માને પ્રાપ્ત કરી જ શકે છે. તેમ છતાં બન્નેની એક-બીજા સાથે તુલના કરતાં અભ્યાસની અપેક્ષા જ્ઞાન જ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે. વિવેકવિનાનો અભ્યાસ ભગવદ્પ્રાપ્તિમાં એટલો સહાયક નથી થઈ શકતો, જેટલો અભ્યાસ વગરનું વિવેકજ્ઞાન થઈ શકે છે; કારણ કે તે ભગવદ્પ્રાપ્તિની ઇચ્છાનું કારણ છે. આ જ વાત સ્પષ્ટપણે કહેવા માટે અહીં અભ્યાસ કરતા જ્ઞાનને શ્રેષ્ઠ કહ્યું છે.

પ્રશ્ન : અહીં 'ધ્યાન' શબ્દ કોનો વાચક છે અને તેને જ્ઞાનની અપેક્ષા શ્રેષ્ઠ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં 'ધ્યાન' શબ્દ પણ છઠ્ઠાથી આઠમા શ્લોકસુધી જણાવેલા ધ્યાનયોગમાંથી ફક્ત ધ્યાનમાત્રનો વાચક છે. અર્થાત્ ઉપાસ્ય દેવ માનીને સકામભાવથી માત્ર મન-બુદ્ધિને ભગવાનના સાકાર અથવા નિરાકાર સ્વરૂપમાં સ્થિર કરી દેવાનું વાચક છે. તેમાં ન તો પહેલાં જણાવ્યું છે તેવું વિવેક જ્ઞાન છે અને ન ભોગોની કામનાના ત્યાગરૂપી નિષ્કામ-ભાવ જ છે. તાત્પર્ય એ છે કે, તે ધ્યાન યોગમાં, જે સઘળા કર્મોનું ભગવાનને સમર્પણ કરવું, ભગવાનને જ પરમ પ્રાપ્ય સમજવા અને અનન્ય પ્રેમથી ભગવાનનું ધ્યાન કરવું – આ બધા ભાવો પણ (જે ધ્યાનયોગમાં) સામેલ હોય છે, તે આમાં નથી. કારણ કે ભગવાનને સર્વશ્રેષ્ઠ સમજીને અનન્ય પ્રેમથી નિષ્કામભાવે કરવામાં આવતો જે ધ્યાનયોગ છે, તેમાં વિવેકજ્ઞાન અને કર્મફળના ત્યાગનો અન્તર્ભાવ છે. તેથી તેની સાથે વિવેકજ્ઞાનની તુલના કરવી અને તેની અપેક્ષા કર્મફળના ત્યાગને શ્રેષ્ઠ કહેવો શક્ય નથી.

પહેલા પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવેલું વિવેકજ્ઞાન અને ઉપર્યુક્ત ધ્યાન – બન્ને જ શ્રદ્ધા-પ્રેમ અને નિષ્કામભાવના સંબંધથી પરમાત્માની પ્રાપ્તિ કરાવનારા છે, તેથી બન્ને જ ભગવાનની પ્રાપ્તિમાં સહાયક છે. પરંતુ બન્નેની એક-બીજા સાથે તુલના કરવાથી ધ્યાન અને અભ્યાસ રહિત જ્ઞાનની અપેક્ષા વિવેક-રહિત ધ્યાન જ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે; કારણ કે ધ્યાન અને અભ્યાસ વિના માત્ર વિવેકજ્ઞાન ભગવાનની પ્રાપ્તિમાં એટલું સહાયક નથી થઈ શકતું, જેટલું વિવેક-જ્ઞાન વિના માત્ર ધ્યાન સહાયક થઈ શકે છે. ધ્યાન દ્વારા ચિત્ત સ્થિર થઈ જવાથી ચિત્તનો મળ અને ચંચળતા નષ્ટ થઈ જાય છે; પરંતુ જાણી લેવા માત્રથી તેવું થતું નથી. આ ભાવ સ્પષ્ટ કરવા માટે જ્ઞાનથી ધ્યાનને શ્રેષ્ઠ કહ્યું છે.

પ્રશ્ન : 'કર્મફળત્યાગ' કોનો વાચક છે – અને તેને ધ્યાનથી શ્રેષ્ઠ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અગિયારમા શ્લોકમાં જે 'સર્વકર્મફલત્યાગ'નું સ્વરૂપ જણાવ્યું છે, તેનો જ વાચક 'કર્મફલત્યાગ' છે. બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવેલું ધ્યાન પણ પરમાત્માની પ્રાપ્તિમાં સહાયક છે; પરંતુ જ્યાં સુધી મનુષ્યની કામના અને આસક્તિનો નાશ થઈ જતો નથી, ત્યાં સુધી તેને પરમાત્માની પ્રાપ્તિ સરળતાથી થઈ શકતી નથી. તેથી ફલાસક્તિના ત્યાગ વિનાનું ધ્યાન પરમાત્માની પ્રાપ્તિમાં એટલું ઉપયોગી નથી થતું, જેટલું ધ્યાન વિના પણ બધાં કર્મોમાં અને આસક્તિનો ત્યાગ ઉપયોગી થઈ શકે છે.

પ્રશ્ન : ત્યાગથી તુરંત શાંતિ મળી જાય છે,

આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથનથી ભગવાને એ ભાવ બતાવ્યો છે કે, કર્મફળરૂપી આ લોક અને પરલોકના સમસ્ત ભોગોમાં મમતા, આસક્તિ અને કામનાનો સર્વથા ત્યાગ થઈ જવાથી મનુષ્યને તરત જ પરમેશ્વરની પ્રાપ્તિ થઈ જાય છે; પછી વિલંબનું કોઈ કારણ રહેતું નથી. કારણ કે વિષયોની આસક્તિ જ મનુષ્યને બાંધે છે, તેનો નાશ થયા પછી ભગવાન તેનાથી છૂપા રહી શકતા નથી.

આ શ્લોકમાં અભ્યાસયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ અને કર્મયોગનું તુલનાત્મક વિવેચન નથી, કારણ કે એ બધાં જ સાધનોમાં કર્મફળરૂપી ભોગોની આસક્તિનો ત્યાગરૂપી નિષ્કામભાવ રહેલો છે. તેથી તેનું તુલનાત્મક વિવેચન થઈ શકે નહીં. અહીં તો કર્મફળના ત્યાગનું મહત્ત્વ દેખાડવા માટે અભ્યાસ, જ્ઞાન અને ધ્યાનરૂપી સાધન, જે સંસારની ઝંઝટોથી અલગ થઈને કરવામાં આવે છે અને ક્રિયાની દૃષ્ટિથી એક પછી એક - ક્રમશઃ સાત્ત્વિક અને નિવૃત્તિપ્રેરક હોવાની દૃષ્ટિએ શ્રેષ્ઠ પણ છે, તેના કરતાં કર્મફળના ત્યાગમાં ભાવની પ્રધાનતા હોવાથી શ્રેષ્ઠ કહ્યો છે. તાત્પર્ય એ છે કે, આધ્યાત્મિક ઉન્નતિમાં ક્રિયા કરતાં ભાવનું વિશેષ મહત્ત્વ છે. વર્ણ-આશ્રમ પ્રમાણે યજ્ઞ, દાન, યુદ્ધ, વેપાર, સેવા વગેરે તથા શરીરનિર્વાહની ક્રિયા; પ્રાણાયામ, સ્તોત્રપાઠ, વેદપાઠ, નામ-જપ વગેરે અભ્યાસની ક્રિયા; સત્સંગ અને શાસ્ત્રો દ્વારા આધ્યાત્મિક રહસ્યને જાણવા માટે જ્ઞાનવિષયક ક્રિયા અને મનને સ્થિર કરવા માટે ધ્યાનવિષયક ક્રિયા - આ ઉત્તરોત્તર શ્રેષ્ઠ હોવા છતાં પણ, તેમાંથી એ જ શ્રેષ્ઠ છે જેમાં કર્મફળના ત્યાગરૂપી વૈરાગ્ય છે, કારણ કે સંસારમાં વૈરાગ્ય અને ભગવાનમાં અનન્ય-પ્રેમથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે, એ સિવાય નહીં. તેથી કર્મફળનો ત્યાગ જ શ્રેષ્ઠ છે; પછી ભલે તે કોઈ પણ શાસ્ત્રસંમત ક્રિયા સાથે કેમ ન હોય, તે જ ક્રિયા જોવામાં સામાન્ય હોવા છતાં પણ સર્વશ્રેષ્ઠ બની જાય છે.

સંબંધ : ઉપરના શ્લોકોમાં ભગવાનની પ્રાપ્તિ માટે ભક્તિનાં અંગભૂત જુદાં-જુદાં સાધનો બતાવીને એમનું ફળ પરમેશ્વરની પ્રાપ્તિ છે એમ જણાવ્યું છે. તેથી જેમને ભગવાન પ્રાપ્ત થયા છે તે પ્રેમી ભક્તોનાં લક્ષણો જાણવાની ઇચ્છા થાય, તો તે માટે ભગવાન હવે પછીના સાત શ્લોકોમાં ભગવત્પ્રાપ્ત જ્ઞાની ભક્તોનાં લક્ષણો દર્શાવે છે –

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥ १३॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १४॥

यः	= જે	निरहङ्कारः	= અહંકાર વિનાનો,
सर्वभूतानाम्	= સર્વ ભૂતોમાં	समदुःख-	= સુખ-દુઃખોની
अद्वेष्टा	= દ્વેષભાવ વિનાનો,	सुखः	પ્રાપ્તિમાં સમ (અને)
मैत्रः	= વિના સ્વાર્થે સૌનો પ્રેમી	क्षमी	= ક્ષમાશીલ છે એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે,
च	= અને		
करुणः	= કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે	योगी	= (તથા જે) યોગી
एव	= તથા	सततम्	= નિરંતર
निर्ममः	= મમતા વિનાનો,	सन्तुष्टः	= સંતુષ્ટ છે,

યતાત્મા	= મન-ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે (અને)	અર્પિતમનો-બુદ્ધિઃ	= અર્પેલ મન-બુદ્ધિનો
દૃઢનિશ્ચયઃ	= મારામાં દૃઢ નિશ્ચયવાળો છે –	મદ્ભક્તઃ	= મારો ભક્ત
સઃ	= એ	મે	= મને
મયિ	= મારામાં	પ્રિયઃ	= પ્રિય છે.

આ રીતે શાંતિ પામેલ જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થે સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે તથા મમત્વ વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે - એ મારામાં અર્પેલ મન-બુદ્ધિનો મારો ભક્ત મને પ્રિય છે ॥ ૧૩-૧૪॥

પ્રશ્ન : 'सर्वभूतानाम्' પદનો સંબંધ કોની સાથે છે અર્થાત્ તે શું સૂચવે છે?

ઉત્તર : મુખ્યત્વે તો એનો સંબંધ 'अद्वेष्टा' પદ સાથે છે, પણ અનુવૃત્તિથી તેનો સંબંધ 'मैत्रः' અને 'करुणः'ની સાથે પણ છે. ભાવ એવો છે કે સમસ્ત પ્રાણીઓ પ્રત્યે તેનામાં માત્ર દ્વેષનો અભાવ જ હોતો નથી, બલકે તે પ્રાણીઓ પ્રત્યે સ્વાભાવિક જ હેતુરહિત 'મૈત્રી' અને 'દયા' પણ હોય છે.

પ્રશ્ન : સિદ્ધ પુરુષને તો બધાંમાં સમભાવ થઈ જાય છે, તો પછી તેનામાં મૈત્રી અને કરુણાનો વિશેષ ભાવ કઈ રીતે હોઈ શકે?

ઉત્તર : ભક્તિની સાધના કરનારામાં તો શરૂઆતથી જ મૈત્રી અને કરુણાનો ભાવ હોય છે, તેથી સિદ્ધાવસ્થામાં પણ તેના સ્વભાવ અને વ્યવહારમાં આ બન્ને ભાવ સહજ રીતે હોય છે. આ સિવાય જેમ ભગવાનમાં હેતુરહિત અપાર દયા અને પ્રેમ વગેરે હોય છે તેવી જ રીતે તેમના સિદ્ધ ભક્તમાં પણ આવા ગુણો હોય તે સ્વાભાવિક અને ઉચિત જ છે.

પ્રશ્ન : 'निर्ममः' અને 'निरहङ्कारः' આ બન્ને લક્ષણોનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ બંને ગુણો દ્વારા અહીં એવો ભાવ દર્શાવ્યો છે કે ભગવાનના જ્ઞાની ભક્તનો સર્વત્ર સમભાવ હોય છે, તેથી તેને ન તો ક્રિયામાં મમતા હોય છે અને ન તો પોતાના શરીરમાં અહંકાર હોય છે; તોપણ તે કોઈ પણ પ્રયોજન વગર સમસ્ત પ્રાણીઓને પ્રેમ કરે છે અને બધાં પર દયાભાવ રાખે છે. આ જ તેની મહત્તા છે. ભગવાનનો સાધક–ભક્ત પણ દયા અને પ્રેમ તો કરી શકે છે, પણ તેનામાં મમતા અને અહંકારનો સર્વથા અભાવ નથી હોતો.

પ્રશ્ન : 'समदुःखसुखः' આ પદમાં આવેલ 'સુખ-દુઃખ' શબ્દો હર્ષ-શોકના વાચક છે કે પછી અન્ય કોઈના અને તેમાં સમ રહેવું – એ શું છે?

ઉત્તર : અહીં 'સુખ-દુઃખ' શબ્દો હર્ષ-શોકના વાચક નથી, પણ તેમના હેતુઓના વાચક છે; તથા એનાથી ઉત્પન્ન થનારા વિકારોનું નામ હર્ષ-શોક છે. અજ્ઞાની મનુષ્યોની સુખમાં આસક્તિ હોય છે, એ કારણે સુખ મળવાથી તેમને હર્ષ થાય છે અને દુઃખમાં તેમનો દ્વેષ થાય છે, તેથી દુઃખની પ્રાપ્તિમાં તેમને શોક થાય છે. પરંતુ જ્ઞાની ભક્તનો સુખ અને દુઃખમાં સમભાવ હોય છે, તેથી કોઈ પણ અવસ્થામાં તેના અંતઃકરણમાં હર્ષ, શોક વગેરે વિકારો થતા નથી. શ્રુતિમાં પણ કહ્યું છે – 'हर्षशोकौ जहाति' (કઠોપનિષદ ૧/૨/૧૨), અર્થાત્ 'જ્ઞાની પુરુષ હર્ષ-શોકોનો સર્વથા ત્યાગ કરે છે.' પ્રારબ્ધ-ભોગ અનુસાર શરીરમાં રોગ થવાથી પીડારૂપી દુઃખનો અનુભવ થાય છે અને શરીર સ્વસ્થ રહેવાથી પીડા નહિ હોવાના બોધરૂપ સુખ થાય છે, પણ રાગદ્વેષનો અભાવ હોવાથી તેને હર્ષ-શોક નથી થતો. તેવી જ રીતે કોઈ પણ અનુકૂળ અને પ્રતિકૂળ વસ્તુ કે ઘટનાના સંયોગ-વિયોગમાં તેને કોઈ પણ પ્રકારે હર્ષ-શોક નથી થતો. આનો

જ અર્થ 'સુખ-દુઃખમાં સમ રહેવું' એવો થાય.

પ્રશ્ન : 'ક્ષમાવાન્' કોને કહે છે? અને જ્ઞાની ભક્તોને 'ક્ષમાવાન્' શા માટે કહેવામાં આવ્યા છે?

ઉત્તર : પોતાની ઉપર અપકાર કરનારાને કોઈ પણ પ્રકારની શિક્ષા કરવાની ઇચ્છા નહિ રાખતાં અભય આપનારને 'ક્ષમાવાન્' કહે છે. ભગવાનના જ્ઞાની ભક્તોમાં ક્ષમાભાવ પણ અસીમ હોય છે. તેમની બધામાં ભગવદ્બુદ્ધિ થઈ જવાને કારણે તેઓ કોઈ પણ ઘટનાને વાસ્તવમાં કોઈનો અપરાધ જ માનતા નથી, તેથી તેઓ અપરાધ કરનારાને અપરાધના બદલામાં કોઈ પણ પ્રકારની શિક્ષા કરવા ઇચ્છતા નથી. આ ભાવ દર્શાવવા માટે જ તેમને 'ક્ષમાવાન્' કહ્યા છે. ક્ષમાની વ્યાખ્યા દસમા અધ્યાયના ચોથા શ્લોકમાં વિસ્તારથી કરવામાં આવી છે.

પ્રશ્ન : અહીં 'યોગી' પદ કોનું વાચક છે? અને 'તે નિરંતર સંતુષ્ટ રહે છે' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં 'યોગી' પદ ભક્તિયોગના માર્ગે ભગવાનને પ્રાપ્ત કરનાર જ્ઞાની ભક્ત માટે વપરાયેલું છે. આવો ભક્ત પરમાનંદના અક્ષય અને અનંત ભંડાર સમા શ્રીભગવાનને પ્રત્યક્ષ કરી લે છે અને તેથી તે સદાય સંતુષ્ટ રહે છે. તેને ક્યારેય કોઈ પણ પરિસ્થિતિમાં, જગતની કોઈ પણ વસ્તુના અભાવમાં અસંતોષનો અનુભવ થતો નથી. તે પૂર્ણકામ બની જાય છે; તેથી સંસારની કોઈ પણ ઘટનાથી તેમાં સંતોષનો અભાવ નથી થતો. આને જ 'તે નિરંતર સંતુષ્ટ રહે છે' એમ કહેવાય.

સંસારી મનુષ્યોને જે સંતોષ થાય છે તે ક્ષણિક હોય છે; જે કામનાની પૂર્તિ થવાથી તેમને સંતોષ થાય છે, તેનો જ અભાવ થવાને કારણે ફરીથી અસંતોષ ઉત્પન્ન થાય છે. તેથી તેઓ સદા સંતુષ્ટ નથી રહી શકતા.

પ્રશ્ન : 'યતાત્મા'નો શો અર્થ છે? આનો પ્રયોગ શા માટે થયો છે?

ઉત્તર : મન અને ઇન્દ્રિયો સહિત જેનું શરીર જિતાયેલું હોય તેને 'યતાત્મા' કહે છે. ભગવાનના જ્ઞાની ભક્તોનું મન અને ઇન્દ્રિયો સહિત શરીર સદા તેમના વશમાં રહે છે. તેઓ કદી મન અને ઇન્દ્રિયોને વશ નથી થતા. તેથી જ તેમનામાં કોઈ દુર્ગુણ કે દુરાચારની સંભાવના નથી રહેતી. આ ભાવ બતાવવા માટે આ શબ્દનો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : 'દૃઢનિશ્ચયઃ' પદ કોનું વાચક છે?

ઉત્તર : જેણે બુદ્ધિ વડે પરમેશ્વરના સ્વરૂપનો સમ્યક્પણે નિશ્ચય કરી લીધો છે, જેને સર્વત્ર ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તથા જેની બુદ્ધિ ગુણ, કર્મ અને દુઃખ વગેરેને કારણે પરમાત્માના સ્વરૂપમાંથી કદીયે વિચલિત થતી નથી તેને 'દૃઢનિશ્ચય' કહે છે.

પ્રશ્ન : 'ભગવાનમાં મન-બુદ્ધિને અર્પણ કરવાં' એ શું છે?

ઉત્તર : નિત્ય-નિરંતર મનથી ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું અને બુદ્ધિથી તેનો નિશ્ચય કરતાં કરતાં મન અને બુદ્ધિને ભગવાનના સ્વરૂપમાં કાયમ માટે લીન કરી દેવાં એને જ 'ભગવાનમાં મન-બુદ્ધિને અર્પણ કરવાં' કહેવાય.

પ્રશ્ન : 'તે મારો ભક્ત મને પ્રિય છે' – આ કથનનું તાત્પર્ય શું છે?

ઉત્તર : જેને ભગવાનમાં અહેતુક અને અનન્ય પ્રેમ છે; જેની ભગવાનના સ્વરૂપમાં અટલ સ્થિતિ છે; જેનો ભગવાનથી કદી વિયોગ થતો નથી; જેનાં મન અને બુદ્ધિ ભગવાનને અર્પિત છે; જેને માટે ભગવાન જ જીવન, ધન, પ્રાણ અને સર્વસ્વ છે; અને જે ભગવાનના જ હાથની કઠપૂતળી છે – એવા જ્ઞાની ભક્તને ભગવાન પોતાનો પ્રિય કહે છે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः॥ १५॥

यस्मात्	= જેનાથી
लोकः	= કોઈ પણ જીવ
न, उद्विजते	= ઉદ્વેગ નથી પામતો
च	= અને
यः	= જે (પોતે પણ)
लोकात्	= કોઈ જીવથી
न, उद्विजते	= ઉદ્વેગ નથી પામતો,
च	= તથા
यः	= જે
हर्षामर्ष-	= હર્ષ, અમર્ષ, ભય અને
भयोद्वेगैः	ઉદ્વેગ આદિથી
मुक्तः	= રહિત છે –
सः	= એ ભક્ત
मे	= મને
प्रियः	= પ્રિય છે.

અને જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે - એ ભક્ત મને પ્રિય છે ॥ ૧૫॥

પ્રશ્ન : 'જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ પામતો નથી' – આ કથનનો શો અભિપ્રાય છે? ભક્ત જાણી-જોઈને કોઈને પણ ઉદ્વિગ્ન નથી કરતો કે પછી તેનાથી કોઈને પણ ઉદ્વેગ (ક્ષોભ) થતો જ નથી?

ઉત્તર : સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ હોવાને કારણે ભક્ત જાણીજોઈને કોઈને દુઃખ, સંતાપ, ભય અને ક્ષોભ પહોંચાડી જ નથી શકતો, બલકે તેના વડે સ્વાભાવિક રીતે સૌની સેવા અને સૌનું પરમ હિત જ થાય છે. તેથી તેના તરફથી તો કોઈને ક્યારેય ઉદ્વેગ ન જ થવો જોઈએ. જો ભૂલથી પણ કોઈને ક્યારેક ઉદ્વેગ થાય છે તો તેમાં તેના પોતાના અજ્ઞાન જનિત રાગ, દ્વેષ, ઈર્ષ્યા વગેરે દોષો જ મુખ્યત્વે કારણભૂત હોય છે, ભગવદ્‌ભક્ત નહિ. કારણ કે જે સ્વયં દયા અને પ્રેમની મૂર્તિ છે તથા બીજાનું હિત કરવાનો જ જેનો સ્વભાવ છે – તે પરમ દયાળુ, પ્રેમી, ભગવત્પ્રાપ્ત ભક્ત તો કોઈના ઉદ્વેગનું કારણ હોઈ જ ન શકે.

પ્રશ્ન : ભક્તને બીજા કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ કેમ નથી થતો? શું તેને કોઈ પણ પ્રાણી દુઃખ આપતાં જ નથી કે પછી દુઃખનું કારણ પ્રાપ્ત થવા છતાં શું તેને ઉદ્વેગ (ક્ષોભ) થતો નથી?

ઉત્તર : જે જ્ઞાની ભક્તને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેનો બધામાં સમભાવ થઈ જાય છે. તેથી તે જાણીજોઈને પોતાના તરફથી એવું કોઈ કાર્ય કરતો નથી કે જેનાથી કોઈને તેના પ્રત્યે દ્વેષ થાય. તેથી બીજા લોકો પણ મોટે ભાગે એવું કશુંય કરતા નથી કે જેનાથી તેને દુઃખ થાય. છતાં સર્વથા એવું તો ન જ કહી શકાય કે બીજાં કોઈ પણ પ્રાણીઓ તેની (જ્ઞાની ભક્તની) શારીરિક અથવા માનસિક પીડાનું કારણ ન જ બની શકે. તેથી એમ સમજવું જોઈએ કે જ્ઞાની ભક્તને પણ પ્રારબ્ધ અનુસાર બીજાની ઇચ્છાથી દુઃખનાં નિમિત્તો તો પ્રાપ્ત થઈ શકે છે, પણ તેમાં રાગ-દ્વેષનો સંપૂર્ણ અભાવ થઈ ગયો હોવાથી મોટામાં મોટું દુઃખ પ્રાપ્ત થવાથી પણ તે વિચલિત થતો નથી (૬/૨૨). આથી જ્ઞાની ભક્તને કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ નથી થતો.

પ્રશ્ન : આ શ્લોકના પૂર્વાર્ધમાં એમ કહ્યું છે કે ભક્તને ઉદ્વેગ થતો નથી; તો પછી ઉત્તરાર્ધમાં ફરીથી ઉદ્વેગથી મુક્ત થવાનું કહેવામાં આવ્યું છે, તેનો શો અભિપ્રાય છે?

ઉત્તર : શ્લોકના પૂર્વાર્ધમાં માત્ર એટલું જ કહ્યું છે કે તેને બીજાં પ્રાણીઓથી ઉદ્વેગ થતો નથી. આ કથનથી બીજાની ઇચ્છા વડે ઉત્પન્ન થયેલ ઉદ્વેગની નિવૃત્તિ તો થઈ, પણ અનિચ્છા અને સ્વેચ્છાથી પ્રાપ્ત ઘટના અને પદાર્થથી પણ મનુષ્યને ઉદ્વેગ થાય છે. તેથી ઉત્તરાર્ધમાં ફરીથી ઉદ્વેગથી મુક્ત થવાની વાત કહીને ભગવાન એ સિદ્ધ કરી રહ્યા છે કે ભક્તને ક્યારેય કોઈ પણ કારણે ઉદ્વેગ થતો નથી.

પ્રશ્ન : હર્ષ અને ઉદ્વેગથી મુક્ત કહેવાથી પણ ભક્તની નિર્વિકારતા તો સિદ્ધ થઈ જ જાય છે, તો

પછી અમર્ષ (અસહિષ્ણુતા, ક્રોધ) અને ભયથી મુક્ત થવાની વાત કેમ કહેવામાં આવી છે?

ઉત્તર : હર્ષ અને ઉદ્વેગથી મુક્ત કહેવાથી નિર્વિકારતા તો સિદ્ધ થઈ જાય છે, પણ સમસ્ત વિકારોનો અત્યંત અભાવ સ્પષ્ટ થતો નથી. તેથી ભક્તમાં સંપૂર્ણ વિકારોનો અત્યંત અભાવ થાય છે તે વાતને વધુ સ્પષ્ટ કરવા માટે અમર્ષ (ક્રોધ, અસહિષ્ણુતા) અને ભયનો પણ અભાવ થાય છે એમ દર્શાવ્યું છે.

અહીં અભિપ્રાય એવો છે કે વાસ્તવમાં મનુષ્યને પોતાની અભિલાષા મુજબનાં માન-પાન, મોટાઈ અને ધન વગેરે વસ્તુઓના મળવાથી જે રીતે હર્ષ થાય છે, તેવી જ રીતે પોતાની જ જેમ અથવા પોતાનાથી વધારે આ બધું બીજાને મળે ત્યારે પણ તે જોઈને પ્રસન્નતા થવી જોઈએ, પણ મોટે ભાગે તેવું થવાને બદલે અજ્ઞાનને કારણે લોકોને ઊલટાની ઈર્ષ્યા થાય છે અને આવી ઈર્ષ્યા વિવેકશીલ મનુષ્યોના મનમાં પણ થતી જોવા મળે છે. તેવી જ રીતે ઇચ્છા, નીતિ અને ધર્મની વિરુદ્ધ પદાર્થોના મળવાથી ઉદ્વેગ થાય છે અને તેથી ઉદ્વેગ તથા નીતિ અને ધર્મને અનુકૂળ હોય પણ દુઃખ આપનાર હોય તેવી વસ્તુઓની પ્રાપ્તિ થવાથી અથવા તેની આશંકાથી ભય થતો જોવા મળે છે. બીજાની વાત દૂર રહી, મૃત્યુનો ભય તો વિવેકી લોકોને પણ થાય છે. પણ ભગવાનના જ્ઞાની ભક્તની સર્વત્ર ભગવદ્-બુદ્ધિ થઈ જાય છે અને તે સંપૂર્ણ ક્રિયાઓને ભગવાનની લીલા સમજે છે, તેથી જ્ઞાની ભક્તોને ન તો અમર્ષ થાય છે અને ન તો ઉદ્વેગ થાય છે અને ન તો ભય થાય છે – આ ભાવ દર્શાવવા માટે આ પ્રમાણે કહેવાયું છે.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६॥

यः	= જે	सः	= એ
अनपेक्षः	= ખેવના વિનાનો,	सर्वारम्भ-	= સર્વ આરંભોનો ત્યાગી
शुचिः	= બાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ,	परित्यागी	
दक्षः	= નિપુણ,	मद्भक्तः	= મારો ભક્ત
उदासीनः	= પક્ષપાત વિનાનો (અને)	मे	= મને
गतव्यथः	= દુઃખોમાંથી છૂટેલો છે –	प्रियः	= પ્રિય છે.

જે ખેવના વિનાનો, બાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુઃખોમાંથી છૂટેલો છે - એ સર્વ આરંભોનો ત્યાગી મારો ભક્ત મને પ્રિય છે ॥ ૧૬॥

પ્રશ્ન : 'આકાંક્ષા'થી રહિત – એમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : જેને પરમાત્માની પ્રાપ્તિ થઈ છે તેવા ભક્તને કોઈ પણ વસ્તુથી જરા જેટલું પણ પ્રયોજન નથી રહેતું; તેથી તેના મનમાં કોઈ પણ પ્રકારની ઇચ્છા, સ્પૃહા અથવા વાસના નથી રહેતી. તે પૂર્ણકામ બની જાય છે. આ ભાવ દર્શાવવા માટે એમ કહેવાયું છે કે તે ભક્ત આકાંક્ષાઓથી પર છે.

પ્રશ્ન : ઇચ્છા અથવા આવશ્યકતા વગર તો મનુષ્ય વડે કોઈ પણ કાર્ય થઈ શકતું નથી અને કામ કર્યા વગર તો જીવન-નિર્વાહ શક્ય નથી. તો પછી આવા ભક્તનો જીવન-નિર્વાહ કેવી રીતે ચાલે છે?

ઉત્તર : ઇચ્છા અને આવશ્યકતા વગર પણ પ્રારબ્ધથી કાર્યો થઈ શકે છે. તેથી તેનું જીવન પ્રારબ્ધથી ચાલે છે. અહીં અભિપ્રાય એવો છે કે તેનાં મન, વાણી અને શરીરથી પ્રારબ્ધ વશ સંપૂર્ણ ક્રિયાઓ આકાંક્ષા, સ્પૃહા અથવા સંકલ્પ વગર જ સ્વાભાવિક રીતે થતી રહેતી હોય છે (૪/૧૯). તેથી

તેના જીવનનિર્વાહમાં કોઈ પણ પ્રકારનો અવરોધ નડતો નથી.

પ્રશ્ન : ભગવાનનો ભક્ત અંદર-બહારથી શુદ્ધ હોય છે – તેની આ શુદ્ધિનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર : ભગવાનના ભક્તમાં પવિત્રતાની પરાકાષ્ઠા હોય છે. તેનાં મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, તેમનાં આચરણ અને શરીર વગેરે એટલાં પવિત્ર થઈ જાય છે કે તેની સાથે વાર્તાલાપ થાય તો કહેવું જ શું, પણ તેનાં દર્શન અને સ્પર્શમાત્રથી જ બીજા લોકો પવિત્ર થઈ જાય છે. આવો ભક્ત જ્યાં રહે છે તે સ્થાન પવિત્ર થઈ જાય છે અને તેના સંગથી ત્યાંનું વાયુમંડળ (વાતાવરણ), જળ, સ્થળ વગેરે બધું જ પવિત્ર થઈ જાય છે.

પ્રશ્ન : 'દક્ષ' શબ્દનો શો ભાવ છે?

ઉત્તર : જે ઉદ્દેશ્યની સફળતા માટે મનુષ્યદેહ મળ્યો છે તે ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં જ ખરું ડહાપણ છે. અનન્યભક્તિ વડે પરમ પ્રેમી, બધાંના સુહૃદ, સર્વેશ્વર, પરમેશ્વરને પ્રાપ્ત કરવા એ જ મનુષ્ય-જન્મના મુખ્ય ઉદ્દેશ્યની પ્રાપ્તિ કરવી છે. જ્ઞાની ભક્તે ભગવાનને પ્રાપ્ત કરી લીધા છે, એ ભાવ દર્શાવવા માટે તેને 'દક્ષ' કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : પક્ષપાતથી રહિત થવું – એ શું છે?

ઉત્તર : ન્યાયાલયમાં સાક્ષી આપતી વખતે અથવા પંચ કે ન્યાયકર્તાની હેસિયતથી કોઈના ઝઘડાનો ચુકાદો આપતી વખતે અથવા આવો કોઈ અવસર આવે ત્યારે પોતાના કોઈ કુટુંબીજન, સગા કે મિત્ર વગેરેની શરમથી અથવા દ્વેષથી અથવા અન્ય કોઈ કારણથી પણ ખોટી સાક્ષી આપવી, ન્યાયવિરુદ્ધ ફૅસલો કરવો અથવા અન્ય કોઈ રીતે કોઈને અયોગ્ય લાભ કે નુકસાન પહોંચાડવાની કોશિશ કરવી એ પક્ષપાત છે. આનાથી રહિત થવું તે પક્ષપાતથી રહિત થવું કહેવાય.

પ્રશ્ન : 'ભગવાનનો ભક્ત બધા જ પ્રકારનાં દુઃખોથી રહિત હોય છે' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : મૂળ શ્લોકમાં 'गतव्यथः' પદ છે. એનાથી ભગવાનનો એવો અભિપ્રાય પ્રતીત થાય છે કે કોઈ પણ પ્રકારના દુઃખનું કારણ પ્રાપ્ત થવા છતાં પણ તે ભક્ત તેનાથી દુઃખી થતો નથી અર્થાત્ તેના અંતઃકરણમાં કોઈ પ્રકારની ચિંતા, દુઃખ અથવા શોક નથી થતાં. ભાવ એવો છે કે શરીરમાં રોગો વગેરે થવું, પત્ની-પુત્ર વગેરેનો વિયોગ થવો તથા ધન-ગૃહ આદિનું નુકસાન થવું – વગેરે દુઃખનાં કારણો તો પ્રારબ્ધ અનુસાર તેને પ્રાપ્ત થાય જ છે, પણ આવું બધું થવા છતાં પણ તેના અંતઃકરણમાં કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી.

પ્રશ્ન : 'सर्वारम्भपरित्यागी'નો શો ભાવ છે?

ઉત્તર : સંસારમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે બધી ભગવાનની લીલા છે, તે બધું તેમની માયા-શક્તિનો ખેલ છે; તેઓ જેની પાસે જ્યારે અને જેવું કરાવવા ઇચ્છે છે તેવું જ કરાવી લે છે. મનુષ્ય મિથ્યા જ એવું અભિમાન કરે છે કે અમુક કર્મ હું કરું છું, મારી આટલી શક્તિ છે વગેરે. પણ ભગવાનનો ભક્ત આ રહસ્યને સમ્યક્‌પણે સમજી લે છે, તેથી તે કાયમ માટે ભગવાનના હાથની કઠપૂતળી બની રહે છે. ભગવાન તેને જ્યારે અને જે રીતે નચાવે છે તેમ તે પ્રસન્નતાપૂર્વક નાચે છે. તે પોતાની જાતનું જરા પણ અભિમાન કરતો નથી તેમ જ પોતાના તરફથી કશું કરતો નથી. તેથી લોકોની નજરમાં બધું કરતો હોવા છતાં વાસ્તવમાં કર્તાપણાના અભિમાનથી પર હોવાને કારણે 'તે 'સર્વારંભપરિત્યાગી' જ છે.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥ १७॥

यः	= જે	हृष्यति	= હર્ષ પામે છે,
न	= ન (તો કદી)	न	= ન

દ્વેષ્ટિ	= દ્વેષ કરે છે,
ન	= ન
શોચતિ	= શોક કરે છે
ન	= ન
કાઙ્ક્ષતિ	= કશાયની કામના કરે છે (તથા)
યઃ	= જે
શુભાશુભ-પરિત્યાગી	= શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે –
સઃ	= એ
ભક્તિમાન્	= ભક્તિયુક્ત માણસ
મે	= મને
પ્રિયઃ	= પ્રિય છે.

અને જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે - એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે ॥ ૧૭॥

પ્રશ્ન : 'કદી હર્ષ ન પામવો' – એટલે શું? અને આ લક્ષણથી કયો ભાવ દર્શાવવામાં આવ્યો છે?

ઉત્તર : ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં અને અનિષ્ટના વિયોગમાં પ્રાણીઓને હર્ષ થતો રહેતો હોય છે. તેથી, કોઈ પણ વસ્તુના સંયોગ-વિયોગથી (અર્થાત્ પ્રાપ્તિ કે અપ્રાપ્તિથી) અંતઃકરણમાં હર્ષનો વિકાર ન થવો એને જ 'હર્ષ ન પામવો' કહેવાય. જ્ઞાની ભક્તમાં આ પ્રમાણે હર્ષરૂપી વિકારનો સર્વથા અભાવ હોય છે તે દર્શાવવા માટે આ લક્ષણનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં અભિપ્રાય એવો છે કે ભક્ત માટે તો સર્વશક્તિમાન, સર્વના આધાર, પરમ દયાળુ ભગવાન જ પરમ પ્રિય વસ્તુ છે અને તે તેને કાયમ માટે પ્રાપ્ત જ છે. તેથી તે હર-હંમેશ પરમાનંદની સ્થિતિમાં જ રહે છે. જગતની કોઈ વસ્તુમાં તેને લેશમાત્ર પણ રાગ-દ્વેષ નથી હોતો. આને કારણે જગતના લોકોની દૃષ્ટિથી પ્રિય વસ્તુની પ્રાપ્તિથી કે અપ્રિયના વિયોગથી જ્ઞાની ભક્તના હૃદયમાં હર્ષનો જરા પણ વિકાર નથી થતો.

પ્રશ્ન : 'ભગવાનનો ભક્ત દ્વેષ નથી કરતો' – એમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : ભગવાનનો ભક્ત સંપૂર્ણ જગતને ભગવાનનું સ્વરૂપ સમજે છે. તેથી તેને કોઈ પણ વસ્તુ કે પ્રાણીમાં કોઈ પણ કારણે દ્વેષ નથી થતો. તેના અંતઃકરણમાં કાયમ માટે દ્વેષ-ભાવનો સર્વથા અભાવ થઈ જાય છે.

પ્રશ્ન : 'ભગવાનનો ભક્ત ક્યારેય શોક નથી કરતો' – આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : તેનામાં હર્ષની જેમ જ શોકનો પણ વિકાર નથી ઉદ્ભવતો. અણગમતું થવાથી અથવા મનગમતું નહિ થવાથી પ્રાણીઓને શોક થાય છે. ભગવદ્ભક્તને લીલામય પરમદયાળુ પરમેશ્વરની દયાથી પૂર્ણ એવા કોઈ પણ વિધાનમાં ક્યારેય પ્રતિકૂળતા પ્રતીત થતી જ નથી. ભગવાનની લીલાનું રહસ્ય તે સમજે છે, તેથી તે હરહંમેશ ભગવાનના પરમાનંદ સ્વરૂપના અનુભવમાં મગ્ન રહે છે. તો પછી તેને શોક કેવી રીતે થઈ શકે?

વળી એક બીજી વાત પણ છે – સર્વવ્યાપી, સર્વાધાર ભગવાન જ તેના માટે સર્વોત્તમ પરમ પ્રિય છે, જેમની સાથે તેનો કદી વિયોગ થતો જ નથી અને સાંસારિક વસ્તુની ઉત્પત્તિ કે વિનાશને કારણે તેને કંઈ લેવા-દેવા નથી. તેથી પણ લોકાચારની દૃષ્ટિથી અણગમતી વસ્તુની પ્રાપ્તિમાં કે મનગમતું ગુમાવવામાં તેને કોઈ પણ પ્રકારનો શોક થવા પામતો નથી.

પ્રશ્ન : ભગવાનનો ભક્ત ક્યારેય કોઈ પણ વસ્તુની આકાંક્ષા કેમ નથી કરતો?

ઉત્તર : મનુષ્યના મનમાં જે મનગમતી (ઇષ્ટ) વસ્તુઓનો અભાવ વર્તાય તેની જ તે આકાંક્ષા કરે છે. ભગવાનના ભક્તને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ જવાને કારણે તે કાયમ માટે પરમાનંદ અને પરમ શાંતિમાં સ્થિત થઈને પૂર્ણકામ બની જાય છે. તેના મનમાં ક્યારેય કોઈ વસ્તુના અભાવનો અનુભવ થતો જ નથી. તેની બધી જ આવશ્યકતાઓ નષ્ટ થઈ ગઈ હોય છે અને તે અચળ-પ્રતિષ્ઠામાં

સ્થિત થઈ જાય છે; તેથી તેના અંતઃકરણમાં સાંસારિક વસ્તુઓની આકાંક્ષા થવાનું કોઈ કારણ જ રહેવા પામતું નથી.

પ્રશ્ન : અહીં 'શુભાશુભ' શબ્દ કયા કર્મોનો વાચક છે? અને 'ભગવાનનો ભક્ત તે શુભાશુભ કર્મોનો પરિત્યાગી હોય છે' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : યજ્ઞ, દાન, તપ અને વર્ણાશ્રમ અનુસાર આજીવિકા અને શરીર-નિર્વાહ માટે કરવામાં આવતાં શાસ્ત્રવિહિત કર્મોનો વાચક અહીં 'શુભ' શબ્દ છે; અને અસત્ય, કપટ, ચોરી, હિંસા, વ્યભિચાર વગેરે પાપકર્મોનો વાચક 'અશુભ' શબ્દ છે. ભગવાનનો જ્ઞાની ભક્ત આ બંને પ્રકારનાં કર્મોનો ત્યાગી હોય છે; કારણ કે તેનાં દેહ, ઇન્દ્રિયો અને મન વડે થતાં બધાં જ કર્મો શુભ હોય છે અને તે કર્મોને તો તે ભગવાનને સમર્પણ કરી દે છે. તે કર્મોમાં તેની લેશમાત્ર પણ મમતા, આસક્તિ અથવા ફળેચ્છા નથી રહેતી; તેથી આવાં કર્મોને કર્મ જ માનવામાં આવતાં નથી (૪/૨૦); અને રાગ-દ્વેષનો અભાવ થઈ જવાને કારણે તેનાથી પાપ-કર્મો તો થતાં જ નથી. તેથી તેને 'શુભાશુભનો પરિત્યાગી' કહેવામાં આવ્યો છે.

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः॥ १८॥

शत्रौ, मित्रे	= (જે) શત્રુ કે મિત્રમાં
च	= અને
मानापमानयोः	= માન કે અપમાનમાં
समः	= સમ છે
तथा	= તથા
शीतोष्णसुख-दुःखेषु	= ઠંડી-ગરમી અને સુખ-દુઃખ આદિ દ્વંદ્વોમાં
समः	= સમ છે
च	= અને
सङ्गविवर्जितः	= આસક્તિ વિનાનો છે,

જે શત્રુ કે મિત્રમાં અને માન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ-દુઃખ આદિ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે, ॥ ૧૮॥

પ્રશ્ન : ભગવાનનો ભક્ત તો કોઈ પણ પ્રાણી પ્રત્યે દ્વેષભાવ નથી રાખતો, તો પછી તેનો કોઈ શત્રુ કેવી રીતે હોઈ શકે? આવી સ્થિતિમાં તે શત્રુ અને મિત્ર પ્રત્યે સમ છે, તેમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અવશ્યપણે જ ભક્તની દૃષ્ટિમાં તેનો કોઈ શત્રુ અથવા મિત્ર હોતો નથી, છતાં પણ લોકો પોતપોતાની ભાવના અનુસાર મૂર્ખતાવશ ભક્ત વડે અનિષ્ટ થાય છે તેવું માનીને અથવા તેનો (ભક્તનો) સ્વભાવ પોતાને અનુકૂળ નહિ જણાવાને કારણે અથવા ઈર્ષ્યાવશ પણ તે ભક્તમાં શત્રુભાવનું આરોપણ કરે છે; તે જ રીતે બીજા લોકો પોતાની ભાવના પ્રમાણે તે ભક્તમાં મિત્રભાવનું આરોપણ કરે છે. પણ સમસ્ત જગતમાં સર્વત્ર ભગવાનનાં જ દર્શન કરનારો ભક્ત બધાંમાં સમભાવ રાખે છે. તેની દૃષ્ટિમાં શત્રુ-મિત્રનો જરા પણ ભેદ નથી હોતો, તે તો હરહંમેશ બધાંની સાથે પરમ પ્રેમનો જ વ્યવહાર કરતો રહે છે. બધાંને ભગવાનનું સ્વરૂપ સમજીને બધાંની સમભાવથી સેવા કરવી એ જ તેનો સ્વભાવ બની જાય છે. જેમ વૃક્ષ પોતાને કાપનારાને અથવા પાણી સીંચનારાને – બંનેને છાંયડો, ફળ-ફૂલ વગેરે આપીને સેવા કરવામાં જરાય ભેદભાવ નથી રાખતું, તેવી જ રીતે ભક્ત પણ કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખતો નથી. ભક્તનું સમત્વ તો વૃક્ષ કરતાં પણ વધારે મહત્ત્વનું હોય છે. તેની દૃષ્ટિમાં પરમેશ્વરથી જુદું કંઈ જ હોતું નથી, તેથી તેનામાં ભેદ-ભાવની જરાય આશંકા જ રહેતી હોતી નથી. તેથી તેને શત્રુ-મિત્રમાં સમ કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : માન-અપમાન, ઠંડી-ગરમી, સુખ-દુઃખ

વગેરે દ્વન્દ્વોમાં 'સમ' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : માન-અપમાન, ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે અનુકૂળ અને પ્રતિકૂળ દ્વન્દ્વોનો મન, ઇન્દ્રિયો અને દેહ સાથે સંબંધ હોવાથી, તેમનો અનુભવ થવા છતાં પણ ભગવદ્‌ભક્તના અંતઃકરણમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક વગેરે જેવા કોઈ પણ પ્રકારના વિકાર ઉત્પન્ન થતા નથી; તે હંમેશાં સમ રહે છે. તે ન તો અનુકૂળને ચાહે છે અને ન તો પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ પણ કરે છે; ક્યારેય કોઈ પણ અવસ્થામાં તે પોતાની સ્થિતિથી જરા પણ વિચલિત થતો નથી. સર્વત્ર ભગવદ્‌દર્શન થવાને કારણે તેના અંતઃકરણમાં વિષમતાનો સર્વથા અભાવ થઈ જાય છે. આ જ અભિપ્રાયથી એમ કહ્યું છે કે ભક્ત બધાં જ દ્વન્દ્વોમાં સમ હોય છે.

પ્રશ્ન : 'सङ्गविवर्जितः'નો અર્થ સંસારના સંસર્ગથી રહિત થવું એવો માનવામાં આવે તો શો વાંધો છે?

ઉત્તર : જગતમાં મનુષ્યની જે આસક્તિ (સ્નેહ) છે તે જ સમસ્ત અનર્થોનું મૂળ છે. બાહ્ય રીતે મનુષ્ય સંસારનો સંસર્ગ ત્યાગી પણ દે, પરંતુ મનમાં આસક્તિ રહેલી હોય તો એવા ત્યાગથી વિશેષ લાભ થઈ શકતો નથી. બીજી રીતે કહીએ તો, મનની આસક્તિ નષ્ટ થઈ જતાં બહારથી જનકરાજા વગેરેની જેમ બધાંની સાથે મમતા અને આસક્તિરહિત સંસર્ગ રહેતો હોવા છતાં પણ કોઈ નુકસાન નથી. આવો આસક્તિનો ત્યાગી જ વાસ્તવમાં સાચો 'संगविवर्जित' છે. બીજા અધ્યાયના સત્તાવનમા શ્લોકમાં પણ આ જ વાત કહેવામાં આવેલી છે. તેથી, 'संगविवर्जित'નો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ બરાબર લાગે છે.

પ્રશ્ન : તેરમા શ્લોકમાં ભગવાને કહ્યું હતું કે ભક્તનો બધાં જ પ્રાણીઓમાં મિત્રભાવ હોય છે, જ્યારે અહીં સૌમાં આસક્તિરહિત થવાનું કહે છે. આ બંને કથનોમાં વિરોધાભાસ જણાય છે; તો તેનું શું સમાધાન છે?

ઉત્તર : આમાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી. ભગવાનના ભક્તનો બધાં જ પ્રાણીઓમાં જે મિત્રભાવ હોય છે તે આસક્તિરહિત, નિર્દોષ અને વિશુદ્ધ હોય છે. સાંસારિક મનુષ્યોનો પ્રેમ આસક્તિના સંબંધથી હોય છે. તેથી અહીં સ્થૂળ દૃષ્ટિએ વિરોધાભાસ જેવું લાગે છે; પણ વાસ્તવમાં વિરોધ છે નહિ. મૈત્રી સદ્‌ગુણ છે અને તે ભગવાનમાં પણ હોય છે; જ્યારે આસક્તિ દુર્ગુણ છે અને તે સમસ્ત દુર્ગુણોનું મૂળ છે, તેથી ત્યજવા યોગ્ય છે. તે (આસક્તિ) ભગવાનના ભક્તોમાં કેવી રીતે રહી શકે?

तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः॥ १९॥

तुल्यनिन्दा-	= (જે) નિંદા-સ્તુતિને
स्तुतिः	સમાન સમજનાર,
मौनी	= મનનશીલ (અને)
येन, केनचित्	= ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં
सन्तुष्टः	= સદા સંતુષ્ટ છે, (તથા) રહેવાના સ્થાનમાં
अनिकेतः	= મમતા અનેઆસક્તિ વિનાનો છે – (એ)
स्थिरमतिः	= સ્થિર બુદ્ધિનો
भक्तिमान्	= ભક્તિમાન
नरः	= માણસ
मे	= મને
प्रियः	= પ્રિય છે.

અને જે નિંદા-સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે - એ સ્થિરબુદ્ધિનો ભક્તિમાન માણસ મને પ્રિય છે. ॥ ૧૯॥

પ્રશ્ન : 'ભગવાનનો ભક્ત નિંદા અને સ્તુતિને સમાન સમજે છે' – આ કથનનો શો અર્થ છે?

ઉત્તર : ભગવાનના ભક્તને પોતાના નામ અને શરીરમાં લેશમાત્ર પણ અભિમાન કે મમત્વ નથી રહેતું, તેથી ન તો તેને સ્તુતિથી હર્ષ થાય છે અને ન તો નિંદાથી કોઈ પ્રકારનો શોક પણ થાય છે. તેનો બંનેયમાં સમભાવ રહે છે. સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ થઈ જવાને કારણે સ્તુતિ કરનારાઓ અને નિંદા કરનારાઓ વચ્ચે તેનામાં જરા પણ ભેદબુદ્ધિ નથી હોતી. આને જ 'ભગવાનનો ભક્ત નિંદા અને સ્તુતિને સમાન સમજે છે' – એમ કહેવાય.

પ્રશ્ન : 'મૌની' પદ નહીં બોલનારના વાચક તરીકે પ્રસિદ્ધ છે, તો પછી અહીં તેનો અર્થ 'મનનશીલ' એવો કેમ કરવામાં આવ્યો છે?

ઉત્તર : મનુષ્ય માત્ર વાણીથી જ બોલે છે એવું નથી, મનથી પણ બોલતો રહેતો હોય છે. વિષયોનું સતત ચિંતન એ જ મનનું નિરંતર બોલવું કહેવાય. ભક્તનું ચિત્ત ભગવાનમાં એટલું જોડાઈ જાય છે કે તેને ભગવાન સિવાય કંઈ જ યાદ આવતું નથી. તે હરહંમેશ ભગવાનના જ મનનમાં લાગેલો રહે છે; આ જ વાસ્તવિક મૌન છે. બોલવાનું બંધ કરી દેવામાં આવે અને મનથી વિષયોનું ચિંતન થતું રહે – આવું મૌન બાહ્ય મૌન છે. મનને નિર્વિષય કરવાના અને વાણીને પરિશુદ્ધ અને સંયમી બનાવવાના ઉદ્દેશ્યથી રખાતું બાહ્ય મૌન પણ લાભદાયક હોય છે. પણ અહીં ભગવાનના પ્રિય ભક્તનાં લક્ષણોનું વર્ણન છે, તેની વાણી તો સ્વાભાવિક રીતે જ પરિશુદ્ધ અને સંયમી હોય છે. તેથી એમ તો ન જ કહી શકાય કે તેનામાં માત્ર વાણીનું જ મૌન છે, બલકે તે ભક્તની વાણીથી તો મોટે ભાગે સદાય નિરંતર ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન થયા જ કરતું હોય છે, જેનાથી જગત પર પરમ ઉપકાર થાય છે. આ સિવાય ભગવાન પોતાની ભક્તિનો પ્રચાર પણ ભક્તો દ્વારા જ કરાવ્યા કરે છે. તેથી વાણીનું મૌન રાખનારો ભક્ત ભગવાનને પ્રિય હોય છે અને બોલનારો ભક્ત પ્રિય નથી હોતો એવી કલ્પના ન કરી શકાય. અઢારમા અધ્યાયના અડસઠમા અને ઓગણસિત્તેરમા શ્લોકમાં ભગવાને ગીતાનો પ્રચાર કરનારાને પોતાનું સૌથી પ્રિય કાર્ય કરનારો કહ્યો છે. આ મહત્ કાર્ય વાણીનું મૌન રાખનારાથી ન થઈ શકે. તે સિવાય સત્તરમા અધ્યાયના સોળમા શ્લોકમાં માનસિક તપનાં લક્ષણોમાં પણ 'મૌન' શબ્દ આવ્યો છે. જો ભગવાનને 'મૌન' શબ્દનો અર્થ વાણીનું મૌન અભિપ્રેત હોત તો તેઓ તેને વાણીના તપના પ્રસંગે કહેત, પણ તેમણે એવું નથી કર્યું. તેથી પણ એવું જ સિદ્ધ થાય છે કે મુનિભાવનું નામ જ મૌન છે; અને આ મુનિભાવ જેનામાં હોય છે તે જ મૌની કે મનનશીલ છે. વાણીનું મૌન તો મનુષ્ય હઠપૂર્વક પણ કરી શકે, તેથી તે કોઈ વિશેષ મહત્ત્વની વાત પણ નથી. તેથી અહીં 'મૌન' શબ્દનો અર્થ વાણીનું મૌન નહીં માનતાં મનની મનનશીલતા માનવો એ જ યોગ્ય છે. વાણીનો સંયમ તો તેમાં આપોઆપ જ આવી જાય છે.

પ્રશ્ન : 'येन केनचित् संतुष्टः'નો અહીં શો અભિપ્રાય છે? શું ભગવાનના ભક્તે શરીરના નિર્વાહ માટે કોઈ ચેષ્ટા (પ્રવૃત્તિ) નહિ કરવી જોઈએ–પોતાની મેળે જે કંઈ મળી રહે તેમાં જ સંતોષ માનવો જોઈએ?

ઉત્તર : જે ભક્ત અનન્યભાવે ભગવાનના ચિંતનમાં લીન રહે છે, અન્ય કોઈ ભાવનું જેના ચિત્તમાં સ્ફુરણ જ નથી થતું – તેના વડે શરીર-નિર્વાહ માટે કોઈ પણ પ્રકારની ચેષ્ટા ન થવી અને તેના લૌકિક યોગક્ષેમનું વહન પણ ભગવાન વડે જ થાય છે – તે સર્વથા સિદ્ધ અને સુસંગત છે, પણ અહીં 'येन केनचित् संतुष्टः' દ્વારા નિષ્કામભાવે વર્ણાશ્રમને અનુકૂળ શરીર-નિર્વાહ માટે યોગ્ય ન્યાયસંગત ક્રિયાઓ (ચેષ્ટા) કરવાનો નિષેધ નથી. આવી ક્રિયાઓ કરવાથી પ્રારબ્ધ અનુસાર જે કંઈ પ્રાપ્ત થાય છે તેમાં જ ભક્ત સંતુષ્ટ રહે છે. 'येन केनचित् संतुष्टः'નો ભાવ આ જ છે. વસ્તુતઃ સંસારી વસ્તુઓ પ્રાપ્ત થવી અથવા તેમનું નષ્ટ થવું તેની સાથે ભગવાનના ભક્તને કોઈ સંબંધ હોતો નથી. તે

તો પોતાના પરમ ઇષ્ટ ભગવાનને પામીને સદા સંતુષ્ટ રહે છે. તેથી અહીં 'येन केनचित् संतुष्टः'નો અભિપ્રાય એ જ જણાય છે કે બહારની વસ્તુઓ મળવાથી કે ગુમાવવાથી કોઈ પણ પ્રકારનો તેની તુષ્ટિમાં ફેર પડતો નથી. પ્રારબ્ધ અનુસાર સુખ-દુઃખના હેતુરૂપે જે કંઈ પણ પદાર્થ તેને પ્રાપ્ત થાય છે તેમાં જ તે સંતુષ્ટ રહે છે.

પ્રશ્ન : 'अनिकेतः' શબ્દનો શો અર્થ માનવો જોઈએ?

ઉત્તર : જેને પોતાનું ઘર ન હોય તેને 'અનિકેત' કહે છે. ભગવાનના જે સંન્યાસી જ્ઞાની ભક્તો ગૃહસ્થ-આશ્રમ છોડીને, પૂર્ણપણે મકાન (ઘર) વગેરેનો ત્યાગ કરી ચૂક્યા છે, જેમને કોઈ પણ સ્થાન-વિશેષમાં આસક્તિ, મમતા અથવા કોઈ પ્રકારનું સ્વત્વ (પોતાપણાનો ભાવ) નથી તેઓ તો 'અનિકેત' છે જ, પણ તેઓના સિવાય પણ જેઓ પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરીને સર્વથા અકિંચન બની ચૂક્યા છે; જેમનાં ઘરબાર, શરીર, વિદ્યા-બુદ્ધિ વગેરે બધું જ ભગવાનનું થઈ ચૂક્યું છે – ભલે ને તેઓ બ્રહ્મચારી હોય યા ગૃહસ્થ હોય અથવા વાનપ્રસ્થ હોય – તેઓ પણ 'અનિકેત' જ છે. જેમ શરીરમાં અહંતા, મમતા અને આસક્તિ નહિ હોવાથી દેહધારી હોવા છતાં જ્ઞાનીને 'વિદેહ' કહેવામાં આવે છે – તે જ રીતે જેની ઘરમાં મમતા અને આસક્તિ નથી તે ઘરમાં રહેતો હોવા છતાં પણ ઘર વગરનો 'અનિકેત' જ છે.

પ્રશ્ન : ભક્તને 'સ્થિરબુદ્ધિ' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : ભક્તને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થઈ જવાથી તેના બધા જ સંશયો સમૂળગા નષ્ટ થઈ જાય છે, ભગવાનમાં તેનો દૃઢ વિશ્વાસ થઈ જાય છે. તેનો વિશ્વાસ અટલ અને નિશ્ચળ હોય છે. તેથી તે સામાન્ય મનુષ્યોની જેમ કામ, ક્રોધ, લોભ, મોહ અથવા ભય વગરે વિકારોના વશમાં થઈને ધર્મથી અથવા ભગવાનના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતો નથી. તેથી જ તેને 'સ્થિરબુદ્ધિ' કહેવામાં આવ્યો છે. 'સ્થિરબુદ્ધિ' શબ્દનો વિશેષ અભિપ્રાય સમજવા માટે બીજા અધ્યાયના પંચાવનમાથી બોત્તેરમા શ્લોક સુધીની વ્યાખ્યા જોવી જોઈએ.

પ્રશ્ન : તેરમા શ્લોકથી ઓગણીસમા શ્લોક સુધીના સાત શ્લોકોમાં ભગવાને પોતાના પ્રિય ભક્તનાં લક્ષણો બતાવતાં 'જે મારો ભક્ત છે, તે મને પ્રિય છે', 'જે આવો ભક્તિમાન મનુષ્ય છે, તે મને પ્રિય છે', 'એવો મનુષ્ય મને પ્રિય છે' – આમ પૃથક્-પૃથક્ પાંચ વાર કહ્યું છે – તેનો શો ભાવ છે?

ઉત્તર : ઉપરનાં બધાં જ લક્ષણો ભગવદ્ભક્તોનાં છે અને બધાં જ શાસ્ત્રાનુકૂળ અને શ્રેષ્ઠ છે; પણ સ્વભાવ વગેરે ભેદને કારણે ભક્તોના પણ ગુણો અને આચરણોમાં થોડોઘણો ફેરફાર હોઈ શકે તે સ્વાભાવિક છે. બધાંમાં બધાં જ લક્ષણો એકસરખાં નથી મળતાં, પણ એટલું તો ચોક્કસ છે કે સમતા અને શાંતિ બધાંમાં જ હોય છે તથા રાગ-દ્વેષ, હર્ષ-શોક વગેરે વિકારો કોઈ પણ ભક્તમાં હોતા નથી. તેથી જ આ શ્લોકોમાં પુનરુક્તિ જોવા મળે છે. વિચાર કરશો તો તમને ખબર પડશે કે આ પાંચે વિભાગોમાં ક્યાંક ભાવથી અને ક્યાંક શબ્દો વડે રાગ-દ્વેષ અને હર્ષ-શોકનો અભાવ બધે જ જોવા મળે છે. પહેલા વિભાગમાં 'अद्वेष्टा' શબ્દ દ્વારા દ્વેષનો અભાવ, 'निर्ममः' શબ્દ દ્વારા રાગનો અભાવ અને 'समदुःखसुखः' શબ્દથી હર્ષ અને શોકનો અભાવ બતાવેલો છે. બીજા વિભાગમાં હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગનો અભાવ બતાવ્યો છે, એનાથી રાગ-દ્વેષ અને હર્ષ-શોકનો અભાવ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. ત્રીજા વિભાગમાં 'अनपेक्षः'થી રાગનો, 'उदासीनः'થી દ્વેષનો અને 'गतव्यथः'થી હર્ષ-શોકનો અભાવ દર્શાવ્યો છે. ચોથા વિભાગમાં 'न काङ्क्षति'થી રાગનો, 'न द्वेष्टि'થી દ્વેષનો અને 'न हृष्यति'થી તથા 'न शोचति'થી હર્ષ-શોકનો અભાવ દર્શાવાયો છે. તે જ રીતે પાંચમા વિભાગમાં 'सङ्गविवर्जितः'

અને 'सन्तुष्टः'થી રાગ-દ્વેષનો અભાવ અને 'शीतोष्णसुखदुःखेषु समः'થી હર્ષ-શોકનો અભાવ દર્શાવ્યો છે. 'सन्तुष्टः' પદ પણ આ પ્રકરણમાં બેવાર આવ્યું છે. તેનાથી ફલિત થાય છે કે રાગ-દ્વેષ અને હર્ષ-શોક વગેરે વિકારોનો અભાવ તથા સમતા અને શાંતિ તો બધામાં જ જરૂરી છે. બીજાં લક્ષણોમાં સ્વભાવ-ભેદને કારણે થોડોક ફેરફાર હોઈ શકે છે. આ ફેરફારને કારણે જ ભગવાને ભક્તોનાં લક્ષણો જુદીજુદી શ્રેણીઓમાં વિભક્ત કરીને પાંચ વાર પૃથક્-પૃથક્ બતાવ્યાં છે. આમાંથી કોઈ પણ એક વિભાગ અનુસાર પણ બધાં જ લક્ષણો જે ભક્તમાં પૂર્ણપણે હોય, તે જ ભગવાનનો પ્રિય ભક્ત છે.

પ્રશ્ન : આ લક્ષણો સિદ્ધ પુરુષનાં છે કે પછી સાધકનાં છે?

ઉત્તર : વિચાર કરવાથી તો એમ લાગે છે કે અહીં બતાવેલાં આ લક્ષણો સાધકનાં નહીં, પ્રત્યુત ભક્તિયોગ દ્વારા ભગવાનને પામેલા સિદ્ધ પુરુષનાં જ છે. કારણ કે પહેલાં તો ભગવત્પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા છે, તે પછી તેમનું ફળ દર્શાવ્યું છે, પછી આ લક્ષણોનું વર્ણન આવ્યું છે. આ ઉપરાંત, ચૌદમા અધ્યાયના બાવીસમાથી પચ્ચીસમા શ્લોક સુધી ભગવાને ગુણાતીત તત્ત્વદર્શી મહાત્માનાં જે લક્ષણો બતાવ્યાં છે તેમની સાથે આ લક્ષણો સામ્ય ધરાવે છે; તેથી આ સાધકનાં લક્ષણો ન જ હોઈ શકે.

પ્રશ્ન : આ સર્વે લક્ષણોને ભક્તિયોગ દ્વારા ભગવાનને પ્રાપ્ત થયેલ મનુષ્યનાં લક્ષણો કહેવાનું શું તાત્પર્ય છે?

ઉત્તર : આ અધ્યાયમાં ભક્તિયોગનું વર્ણન છે, તેથી આનું નામ 'ભક્તિયોગ' રાખવામાં આવ્યું છે. અર્જુનનો પ્રશ્ન અને ભગવાનનો ઉત્તર પણ ઉપાસનાવિષયક જ છે; તથા ભગવાને 'यो मद्भक्तः स मे प्रियः', 'भक्तिमान् यः स मे प्रियः' વગેરે વાક્યોની આવૃત્તિ પણ આ માટે જ કરી છે. તેથી અહીં એમ સમજવું જોઈએ કે જે લોકોએ ભક્તિમાર્ગ દ્વારા પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે ભક્તોનાં જ આ લક્ષણો છે.

પ્રશ્ન : કર્મયોગ, ભક્તિયોગ અથવા જ્ઞાનયોગ વગેરે કોઈ પણ માર્ગથી પરમ સિદ્ધિને પ્રાપ્ત કરી લીધા પછી પણ તે સિદ્ધ પુરુષોમાં (મનુષ્યોમાં) કોઈ ભેદ રહે છે ખરો?

ઉત્તર : તેઓની વાસ્તવિક સ્થિતિમાં અથવા પ્રાપ્ત થયેલ પરમ તત્ત્વમાં તો કોઈ ભેદ નથી રહેતો; પરંતુ સ્વભાવની ભિન્નતાને કારણે તેઓનાં આચરણોમાં ભેદ હોઈ શકે છે. 'सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि' (૩/૩૩) – આ કથનથી પણ એવું જ સિદ્ધ થાય છે કે બધા જ્ઞાનીઓનાં આચરણ અને સ્વભાવમાં જ્ઞાનોત્તર કાળમાં પણ ભેદ રહે છે.

અહંતા, મમતા અને રાગ-દ્વેષ, હર્ષ-શોક, કામ-ક્રોધ વગેરે અજ્ઞાનજનિત વિકારોનો અભાવ તથા સમતા અને પરમ શાંતિ – આ લક્ષણો તો બધામાં જ સમાનભાવે જોવા મળે છે; પરંતુ મૈત્રી અને કરુણા તો ભક્તિમાર્ગ દ્વારા ભગવાનને પ્રાપ્ત થયેલા મહાપુરુષોમાં વિશેષરૂપે હોય છે. સંસાર, શરીર અને કર્મોમાં ઉપરામ થવું – એ જ્ઞાનમાર્ગથી પરમ પદને પ્રાપ્ત મહાત્માઓમાં વિશેષરૂપે હોય છે, તેવી જ રીતે કર્મયોગ વડે ભગવાનને પ્રાપ્ત થયેલ પુરુષોમાં મન અને ઇન્દ્રિયોને સંયમમાં રાખીને અનાસક્ત ભાવે કર્મમાં તત્પર રહેવું એ વિશેષરૂપે હોય છે.

બીજા અધ્યાયના પંચાવનમા શ્લોકથી બોંતેરમા શ્લોક સુધી કેટલાય શ્લોકોમાં કર્મયોગ દ્વારા ભગવાનને પ્રાપ્ત થયેલ મનુષ્યોનાં તથા ચૌદમા અધ્યાયના બાવીસમાથી પચ્ચીસમા શ્લોક સુધી જ્ઞાનયોગ દ્વારા પરમાત્માને પ્રાપ્ત થયેલા ગુણાતીત પુરુષનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે; અને અહીં તેરમા શ્લોકથી ઓગણીસમા શ્લોક સુધી ભક્તિયોગ દ્વારા ભગવાનને પ્રાપ્ત મનુષ્યોનાં લક્ષણો બતાવ્યાં છે.

સંબંધ : પરમાત્માને પ્રાપ્ત થયેલ સિદ્ધ ભક્તોનાં લક્ષણો દર્શાવીને હવે તે લક્ષણોને આદર્શ માનીને અથાક પ્રયત્નપૂર્વક તેમનું સમ્યક્‌રૂપથી સેવન કરનારા, પરમ શ્રદ્ધાળુ, શરણાગત ભક્તોની પ્રશંસા કરવા માટે, તેમને પોતાના અત્યંત પ્રિય કહીને ભગવાન આ અધ્યાયનો ઉપસંહાર કરે છે –

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २०॥

तु	= પરંતુ	धर्म्यामृतम्	= ધર્મમય અમૃતને
ये	= જે	पर्युपासते	= નિષ્કામ પ્રેમભાવે સેવે છે,
श्रद्दधानाः	= શ્રદ્ધાળુ માણસો	ते	= તે
मत्परमाः	= મારે પરાયણ થઈને	भक्ताः	= ભક્તો
ईदम्	= આ	मे	= મને
यथा, उक्तम्	= ઉપર કહેલા	अतीव	= સૌથી
		प्रियाः	= પ્રિય છે.

પરંતુ જે શ્રદ્ધાળુ માણસો મારે પરાયણ થઈને ઉપર કહેલા ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે છે, એ ભક્તો મને સૌથી પ્રિય છે. ॥ ૨૦॥

પ્રશ્ન : અહીં 'तु' પદના પ્રયોગનો શો ઉદ્દેશ્ય છે?

ઉત્તર : તેરમા શ્લોકથી ઓગણીસમા શ્લોક સુધી ભગવાનને પ્રાપ્ત સિદ્ધ ભક્તોનાં લક્ષણોનું વર્ણન છે અને આ શ્લોકમાં તે ઉત્તમ સાધક ભક્તોની પ્રશંસા કરવામાં આવી છે કે જેઓ આ સિદ્ધ ભક્તોથી જુદા છે અને સિદ્ધ ભક્તોનાં આ લક્ષણોને આદર્શ માનીને તેમનું સેવન કરે છે. આ સિદ્ધ અને સાધકનો ભેદ દર્શાવવા માટે 'तु' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન : શ્રદ્ધાળુ ભગવત્પરાયણ પુરુષ કોને કહેવાય?

ઉત્તર : સર્વવ્યાપી, સર્વશક્તિમાન ભગવાનના અવતારોમાં, વચનોમાં તેમ જ તેમના ગુણો, પ્રભાવ, ઐશ્વર્ય અને ચરિત્રો (રૂપો) વગેરેમાં જે પ્રત્યક્ષની જેમ સમ્માનપૂર્વક શ્રદ્ધા રાખતો હોય તે 'શ્રદ્ધાળુ' છે. પરમ પ્રેમી અને પરમ દયાળુ ભગવાનને જ પરમ ગતિ, પરમ આશ્રય તેમ જ પોતાના પ્રાણાધાર, સર્વસ્વ માનીને તેમના પર નિર્ભર રહેનારા અને ભગવાન જે કંઈ વિધાન કરે તેમાં પ્રસન્ન રહેનારાને 'ભગવત્પરાયણ' પુરુષ કહે છે.

પ્રશ્ન : ઉપર્યુક્ત સાત શ્લોકોમાં વર્ણવાયેલાં ભગવદ્‌ભક્તોનાં લક્ષણોને અહીં ધર્મમય અમૃતના નામે ઓળખાવાનું શું તાત્પર્ય છે?

ઉત્તર : ભગવદ્‌ભક્તનાં ઉપર્યુક્ત લક્ષણો જ વાસ્તવમાં તેમના મનુષ્યધર્મનું સાચું સ્વરૂપ છે. તેમના પાલનમાં જ મનુષ્ય-જન્મની સાર્થકતા છે, કારણ કે તેમનું પાલન કરવાથી સાધક હંમેશ માટે મૃત્યુના પંજામાંથી છૂટી જાય છે અને તેને અમૃતસ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે. આ ભાવને સ્પષ્ટ રીતે સમજાવવા માટે અહીં આ લક્ષણોના સમૂહને 'ધર્મમય અમૃત' નામ આપવામાં આવ્યું છે.

પ્રશ્ન : અહીં '**पर्युपासते**'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : ઉપર વર્ણવેલાં લક્ષણોનું સમ્યક્‌રૂપથી તત્પર થઈને નિષ્કામ પ્રેમભાવથી, શ્રદ્ધાપૂર્વક હરહંમેશ સેવન કરવું તે જ '**पर्युपासते**'નો અભિપ્રાય છે.

પ્રશ્ન : પહેલા સાત શ્લોકોમાં ભગવત્પ્રાપ્ત સિદ્ધ ભક્તોનાં લક્ષણોનું વર્ણન કરતાં ભગવાને તેમને તો પોતાના 'પ્રિય ભક્ત' કહ્યા છે; અને આ શ્લોકમાં

જેઓ સિદ્ધ નથી પણ આ લક્ષણોની ઉપાસના કરનારા સાધક ભક્તો છે તેમને 'અતિશય પ્રિય' કહ્યા છે. એમાં શું રહસ્ય છે?

ઉત્તર : જે સિદ્ધ ભક્તોને ભગવાનની પ્રાપ્તિ થઈ ચૂકી છે તેમનામાં તો ઉપર્યુક્ત લક્ષણો સ્વાભાવિક રીતે જ હોય છે અને ભગવાનની સાથે તેમનો નિત્ય તાદાત્મ્ય-સંબંધ થઈ જાય છે, તેથી તેમનામાં આ ગુણ હોય તે કંઈ બહુ મોટી વાત નથી; પણ જે એકનિષ્ઠ સાધક ભક્તોને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં નથી છતાં પણ તેઓ ભગવાનમાં ભરોસો રાખી પરમ શ્રદ્ધાપૂર્વક તન-મન-ધન સર્વસ્વ ભગવાનને અર્પણ કરીને તેમના પરાયણ થઈ જાય છે તથા ભગવાનનાં દર્શન માટે સતત તેમનું જ નિષ્કામભાવથી પ્રેમપૂર્વક ચિંતન કરતા રહે છે અને સતત પ્રયત્ન કરતા રહીને ઉપર દર્શાવેલ લક્ષણો પ્રમાણે જ પોતાનું જીવન વિતાવવા ઇચ્છે છે – પ્રત્યક્ષ દર્શન ન થયાં હોવા છતાં માત્ર શ્રદ્ધાથી તેઓનું આટલું નિર્ભર થવું એ વિશેષ મહત્ત્વની વાત છે, તેથી ભગવાનને તેઓ વિશેષ પ્રિય હોય છે એમ કહ્યું છે. આવા પ્રેમી ભક્તોને ભગવાન પોતાનો નિત્યસંગ પ્રદાન કરીને જ્યાં સુધી સંતુષ્ટ નથી કરી દેતા ત્યાં સુધી તેઓ પોતે તેમના (ભક્તોના) ઋણી જ બન્યા રહે છે, એવું ભગવાન માને છે. તેથી સિદ્ધ ભક્તો કરતાં પણ આવા (સાધક) ભક્તોને ભગવાન 'અતિશય પ્રિય' કહે છે તે યોગ્ય જ છે.

• ★ •

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

॥ ભક્તિયોગ નામનો બારમો અધ્યાય સમાપ્ત ॥

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

તેરમો અધ્યાય

અધ્યાયનું નામ

'ક્ષેત્ર' (શરીર) અને 'ક્ષેત્રજ્ઞ' (આત્મા) પરસ્પર અત્યંત વિલક્ષણ છે. માત્ર અજ્ઞાનને કારણે જ એ બન્ને-માં એકત્વ-જેવું ભાસે છે. ક્ષેત્ર જડ, વિકારી, ક્ષણિક તેમ જ નાશવંત છે; અને ક્ષેત્રજ્ઞ ચેતન, જ્ઞાનસ્વરૂપ, નિર્વિકાર, નિત્ય અને અવિનાશી છે. આ અધ્યાયમાં 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ' - આ બંનેના સ્વરૂપના ઉપર્યુક્ત રીતે વિભાગ કરવામાં આવ્યાં છે. માટે આ અધ્યાયનું નામ 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ' રાખવામાં આવ્યું છે.

અધ્યાયનો સંક્ષેપ

આ અધ્યાયના પહેલા શ્લોકમાં ક્ષેત્ર (શરીર) અને ક્ષેત્રજ્ઞ (આત્મા)ના ગુણધર્મો બતાવવામાં આવ્યા છે. બીજા શ્લોકમાં પરમાત્માની સાથે આત્માની એકતાનું પ્રતિપાદન કરીને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે એમ દર્શાવવામાં આવ્યું છે. ત્રીજા શ્લોકમાં વિકારસહિત ક્ષેત્રનું સ્વરૂપ, તેનો સ્વભાવ વગેરેનું વર્ણન તથા પ્રભાવસહિત ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી છે અને ચોથા શ્લોકમાં ઋષિ, વેદ અને બ્રહ્મસૂત્રનું પ્રમાણ આપીને પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં વિકારોથી યુક્ત ક્ષેત્રનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. સાતમાથી અગિયારમા શ્લોક સુધી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં સાધન હોવાને કારણે જેમનું નામ 'જ્ઞાન' રાખવામાં આવ્યું છે એવા અમાનિત્વ' વગેરે વીસ સાત્ત્વિક ભાવો અને આચરણોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાર પછી બારમા શ્લોકથી સત્તરમા શ્લોક સુધી જ્ઞાન વડે જાણવા યોગ્ય પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરીને અઢારમા શ્લોકમાં અત્યાર સુધી જેમનું પ્રતિપાદન કર્યું છે તે વિષયોનાં નામ બતાવ્યાં છે અને આ પ્રકરણને જાણવાનું ફળ પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ છે એમ જણાવ્યું છે. તે પછી 'પ્રકૃતિ' અને 'પુરુષ'ના નામથી પ્રકરણ આરંભ કરીને ઓગણીસમા શ્લોકથી એકવીસમા શ્લોક સુધી પ્રકૃતિના સ્વરૂપ અને કાર્યનું તથા ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. બાવીસમા શ્લોકમાં પરમાત્મા અને આત્માની એકતાનું પ્રતિપાદન કરીને ત્રેવીસમા શ્લોકમાં ગુણોસહિત પ્રકૃતિને અને પુરુષને જાણવાનું ફળ બતાવ્યું છે તથા ચોવીસમા અને પચ્ચીસમા શ્લોકમાં પરમાત્મ-સાક્ષાત્કારના વિભિન્ન ઉપાયોનું વર્ણન કરવામાં આવ્યું છે. છવ્વીસમા શ્લોકમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સંયોગથી સમસ્ત ચરાચર પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે એમ જણાવીને સત્તાવીસમા શ્લોકથી ત્રીસમા શ્લોક સુધી 'પરમાત્મા સમભાવથી સ્થિત, અવિનાશી અને અકર્તા છે તથા જેટલાં પણ કર્મો થાય છે તે બધાં પ્રકૃતિ વડે થાય છે તથા બધું જ પરમાત્મતત્ત્વથી જ વિસ્તૃત છે અને તેમાં જ સ્થિત છે' આ પ્રમાણે સમજવાનું મહત્ત્વ અને તે સાથે તેનું ફળ પણ બતાવવામાં આવ્યું છે. એકત્રીસમા શ્લોકથી તેત્રીસમા શ્લોક સુધી આત્માના પ્રભાવને સમજાવીને તેના અકર્તાપણાનું અને નિર્લેપતાનું દૃષ્ટાંતસહિત નિરૂપણ કર્યું છે અને છેલ્લે ચોત્રીસમા શ્લોકમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના વિભાગને જાણી લેવાનું ફળ પરમાત્માની પ્રાપ્તિ છે એમ કહીને આ અધ્યાયનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

સંબંધ : બારમા અધ્યાયની શરૂઆતમાં અર્જુને સગુણના અને નિર્ગુણના ઉપાસકોની શ્રેષ્ઠતા વિષે પ્રશ્ન કર્યો હતો, તેનો ઉત્તર આપતાં ભગવાને બીજા શ્લોકમાં સંક્ષેપમાં સગુણના ઉપાસકોની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરીને ત્રીજાથી પાંચમા શ્લોક સુધી નિર્ગુણ ઉપાસનાનું સ્વરૂપ, તેનું ફળ અને દેહાભિમાનીઓ માટે ઉપાસના અઘરી છે એમ કહ્યું તે પછી છઠ્ઠા શ્લોકથી વીસમા શ્લોક સુધી સગુણ ઉપાસનાનું મહત્ત્વ, ફળ, પ્રકાર અને ભગવદ્ભક્તોનાં લક્ષણોનું વર્ણન કરતાં કરતાં જ અધ્યાયની સમાપ્તિ થઈ ગઈ; તેથી નિર્ગુણનું તત્ત્વ, તેનો મહિમા અને તેને પામવાનાં સાધનો વિસ્તારથી સમજાવવામાં આવ્યાં નહિ. તેથી નિર્ગુણ-નિરાકારના તત્ત્વને અર્થાત્ જ્ઞાન-યોગના વિષયને સમ્યક્‌પણે સમજાવવા માટે તેરમા અધ્યાયનો આરંભ કરવામાં આવે છે. આ અધ્યાયની શરૂઆતમાં ભગવાન ક્ષેત્ર (શરીર) અને ક્ષેત્રજ્ઞ (આત્મા)નાં લક્ષણો બતાવે છે -

શ્રીભગવાન્ ઉવાચ

ઇદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે ।
એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઇતિ તદ્વિદઃ ॥ ૧ ॥

કૌન્તેય	= હે કૌન્તેય!	યઃ	= જે
ઇદમ્	= આ	વેત્તિ	= જાણે છે
શરીરમ્	= શરીર	તમ્	= એને
ક્ષેત્રમ્ ઇતિ	= 'ક્ષેત્ર'	ક્ષેત્રજ્ઞઃ ઇતિ	= 'ક્ષેત્રજ્ઞ' જીવાત્મા (નામથી ઓળખાય છે)
અભિધીયતે	= કહેવાય છે (અને)	(એવમ્)	= આવું
એતત્	= એને	તદ્વિદઃ	= આ બન્નેના તત્ત્વને જાણનારા જ્ઞાનીજનોએ
		પ્રાહુઃ	= કહ્યું છે.

તે પછી શ્રીભગવાન બોલ્યા : હે કૌન્તેય! આ શરીર 'ક્ષેત્ર' કહેવાય છે અને એને જે જાણે છે એ 'ક્ષેત્રજ્ઞ' જીવાત્મા કહેવાય છે; એવું આ બન્નેના તત્ત્વને જાણનારા જ્ઞાનીજનોએ કહ્યું છે. ॥ ૧ ॥

પ્રશ્ન : 'શરીરમ્'ની સાથે 'ઇદમ્' પદના પ્રયોગનો શો અભિપ્રાય છે? અને શરીરને ક્ષેત્ર શા માટે કહે છે?

ઉત્તર : 'શરીરમ્'ની સાથે 'ઇદમ્' પદનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે આ આત્મા વડે જોવાય છે અને જાણી શકાય છે, તેથી આ દૃશ્ય છે અને તે દ્રષ્ટારૂપી આત્માથી સર્વથા ભિન્ન છે. અને જેમ ખેતરમાં બી વાવ્યા પછી તેને અનુરૂપ પાક નિર્ધારિત સમયે પાકે છે, તે જ પ્રમાણે આ શરીરમાં વાવેલાં કર્મ-સંસ્કાર રૂપી બીનાં ફળ પણ યોગ્ય સમયે પ્રગટ થતાં રહે છે. તેથી એને 'ક્ષેત્ર' કહે છે. આ ઉપરાંત, આનો અર્થાત્ શરીરનો પ્રત્યેક ક્ષણે ક્ષય થતો રહે છે, તેથી પણ તેને ક્ષેત્ર કહે છે; અને એટલા જ માટે પંદરમા અધ્યાયમાં એને 'ક્ષર' પુરુષ કહેવામાં આવ્યું છે. આ ક્ષેત્રનું સ્વરૂપ આ અધ્યાયના પાંચમા શ્લોકમાં સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'આને (ક્ષેત્રને) જે જાણે છે તેને ક્ષેત્રજ્ઞ કહે છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આથી ભગવાને અંતરાત્મા દ્રષ્ટાનો નિર્દેશ કર્યો છે. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, મહાભૂત ઇન્દ્રિયોના વિષયો વગેરે જેટલા પણ જ્ઞેય (જાણવા યોગ્ય અથવા જાણવામાં આવનારા) દૃશ્યવર્ગ છે - તે બધું જ જડ, વિનાશી, પરિવર્તનશીલ છે. ચેતન આત્મા તે જડ દૃશ્યવર્ગથી સર્વથા વિલક્ષણ છે. આ તેનો જ્ઞાતા છે, તેનામાં અનુસ્યુત (વ્યાપ્ત) જ છે અને તેનો અધિપતિ છે, તેથી તેને 'ક્ષેત્રજ્ઞ' કહે છે. આ જ જ્ઞાતા ચેતન આત્માને સાતમા અધ્યાયમાં 'પરા પ્રકૃતિ' (૭/૫), આઠમા અધ્યાયમાં 'અધ્યાત્મ' (૮/૩) અને પંદરમા અધ્યાયમાં 'અક્ષર પુરુષ' (૧૫/૧૬) કહ્યો છે. આ આત્મતત્ત્વ ખૂબ જ ગહન છે. તેથી જ ભગવાને જુદાં જુદાં પ્રકરણો વડે આનું વર્ણન ક્યાંક સ્ત્રીવાચક, ક્યાંક નપુંસકવાચક અને ક્યાંક પુરુષવાચક નામોથી કર્યું છે. વાસ્તવમાં આત્મા વિકારોથી સર્વથા રહિત છે, અલિંગ છે, નિત્ય, નિર્વિકાર અને ચેતન જ્ઞાનસ્વરૂપ છે.

પ્રશ્ન : 'તદ્વિદઃ'નો શો ભાવ છે?

આ પદમાં 'તત્' શબ્દથી 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ' બન્નેના અર્થને ગ્રહણ કરવાના છે. આ બન્ને (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ)ને જે યથાર્થરૂપે સમ્યક્‌રૂપથી જાણે છે તેઓ 'તદ્વિદઃ' છે. અહીં કહેવાનો અભિપ્રાય એવો છે કે તત્ત્વવેત્તા મહાત્માજન આ વાત કહે છે, તેથી તેમાં કોઈ શંકાને જરા પણ અવકાશ નથી.

સંબંધ : આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનાં લક્ષણો બતાવીને હવે ક્ષેત્રજ્ઞ અને પરમાત્માની એકતા સિદ્ધ કરતા ભગવાન જ્ઞાનનાં લક્ષણોનું નિરૂપણ કરે છે -

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ २॥

भारत	= હે ભારત!	क्षेत्रज्ञयोः	क्षेत्रज्ञ અર્થાત્ પુરુષના વિષયનું
सर्वक्षेत्रेषु	= બધાં ક્ષેત્રોમાં	यत्	= જે
क्षेत्रज्ञम्	= ક્ષેત્રજ્ઞ એટલે કે જીવાત્મા	ज्ञानम्	= તત્ત્વસહિત જ્ઞાન છે,
अपि	= પણ (તું)	तत्	= એ (જ)
माम्	= મને (જ)	ज्ञानम्	= (ખરું) જ્ઞાન છે –
विद्धि	= જાણ	(इति)	= એવો
च	= અને	मम	= મારો
क्षेत्र-	= ક્ષેત્ર અર્થાત્ વિકારસહિતની પ્રકૃતિ તથા	मतम्	= મત છે.

હે ભારત! બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ એટલે કે જીવાત્મા પણ તું મને જ જાણ અને ક્ષેત્ર અર્થાત્ વિકારસહિતની પ્રકૃતિ તથા ક્ષેત્રજ્ઞ અર્થાત્ પુરુષના વિષયનું જે તત્ત્વસહિત જ્ઞાન છે, એ જ ખરું જ્ઞાન છે - એવો મારો મત છે. ॥ ૨॥

પ્રશ્ન : 'બધાં ક્ષેત્રોમાં 'ક્ષેત્રજ્ઞ' (જીવાત્મા) પણ મને જ જાણ' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી 'આત્મા' અને 'પરમાત્મા'ની એકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આત્મા અને પરમાત્મામાં વાસ્તવમાં કોઈ જ ભેદ નથી. પ્રકૃતિના સંગથી ભેદ-જેવું લાગે છે; તેથી બીજા અધ્યાયના ચોવીસમા અને પચ્ચીસમા શ્લોકમાં આત્માના સ્વરૂપનું વર્ણન કરતાં જે શબ્દોનો પ્રયોગ થયો છે તે જ શબ્દોનો પ્રયોગ બારમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં નિર્ગુણ-નિરાકાર પરમાત્માનાં લક્ષણોનું વર્ણન કરતી વખતે પણ મોટે ભાગે કરવામાં આવ્યો છે. ભગવાનના કથનનો અભિપ્રાય એવો છે કે સમસ્ત ક્ષેત્રોમાં જે ચેતન આત્મા ક્ષેત્રજ્ઞ છે તે મારો જ અંશ (૧૫/૭) હોવાને કારણે વસ્તુતઃ મારાથી ભિન્ન નથી; હું પરમાત્મા જ જીવાત્માના રૂપમાં જુદા જુદા પ્રકારે પ્રતીત થાઉં છું - આ વાતને તું સમ્યક્‌રૂપે સમજી લે.

પ્રશ્ન : જો અહીં એવો અર્થ માની લેવામાં આવે કે સમસ્ત ક્ષેત્રોમાં અર્થાત્ શરીરોમાં તું ક્ષેત્રજ્ઞ (જીવાત્મા)ને અને મને પણ સ્થિત જાણે, તો શો વાંધો છે?

ઉત્તર : ભક્તિપ્રધાન પ્રકરણ હોત તો આવો અર્થ પણ માની લઈ શકાત. પણ અહીં પ્રકરણ જ્ઞાનપ્રધાન છે. આ પ્રકરણમાં ભક્તિનું વર્ણન જ્ઞાનના સાધનના રૂપમાં આવ્યું છે - તેથી અહીં ભક્તિનું સ્થાન ગૌણ માનવામાં આવ્યું છે. તેથી જ અહીં અદ્વૈતપરક વ્યાખ્યા જ યોગ્ય લાગે છે.

પ્રશ્ન : 'જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન છે તે જ જ્ઞાન છે - એવો મારો મત છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી એવો ભાવ દર્શાવ્યો છે કે 'ક્ષેત્ર' 'ઉત્પત્તિ-વિનાશ'-ધર્મવાળું, જડ, અનિત્ય, જ્ઞેય (જાણી શકાય એવું) અને ક્ષણિક છે; અને તેનાથી વિપરીત 'ક્ષેત્રજ્ઞ' (આત્મા) નિત્ય, ચેતન, જ્ઞાતા, નિર્વિકાર, શુદ્ધ અને હંમેશ એક સમાન રહેનારો છે. તેથી બન્ને પરસ્પર અત્યંત વિલક્ષણ છે, અજ્ઞાનને કારણે જ બન્નેની એકતા જેવું લાગે છે - આ વાતને તત્ત્વથી સમજી લેવી એ જ વાસ્તવિક જ્ઞાન છે. આવો મારો મત છે. આમાં કોઈ પણ પ્રકારનો સંશય અથવા ભ્રમ નથી.

સંબંધ : ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું પૂર્ણ જ્ઞાન થઈ જવાથી સંસાર-ભ્રમનો નાશ થાય છે અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે, તેથી 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'નાં સ્વરૂપ વગેરેને સમ્યક્‌રૂપે વિભાગવાર સમજાવવા માટે ભગવાન કહે છે -

तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ ३॥

तत् = એ	च = તથા
क्षेत्रम् = ક્ષેત્ર	सः = એ (ક્ષેત્રજ્ઞ પણ)
यत्, च = જે (સ્વરૂપનું,)	यः = જે સ્વરૂપનો
यादृक् = જે સ્વભાવ ધરાવનારું	च = અને
च = તથા	यत्प्रभावः = જે પ્રભાવ ધરાવનારો છે –
यद्विकारि = જે જે વિકારોથી યુક્ત છે	तत् = એ સઘળું (તું)
च = અને	समासेन = ટૂંકમાં
यतः = જે કારણથી	मे = મારી પાસેથી
यत् = એ (ઉદ્‌ભવ્યું) છે	शृणु = સાંભળ.

માટે એ ક્ષેત્ર જે સ્વરૂપનું અને જે સ્વભાવ ધરાવનારું તથા જે જે વિકારોથી યુક્ત છે અને જે કારણથી એ ઉદ્‌ભવ્યું છે તથા એ ક્ષેત્રજ્ઞ પણ જે સ્વરૂપનો અને જે પ્રભાવ ધરાવનારો છે - એ સઘળું તું ટૂંકમાં મારી પાસેથી સાંભળ. ॥ ૩॥

પ્રશ્ન : 'क्षेत्रम्'ની સાથે 'तत्' વિશેષણ લગાડવા પાછળ શો ભાવ છે? અને 'यत्' પદથી ભગવાને ક્ષેત્ર વિષે કઈ વાતના સ્પષ્ટીકરણનો સંકેત કર્યો છે; અને તે કયા શ્લોકમાં કર્યો છે?

ઉત્તર : 'क्षेत्रम्'ની સાથે 'तत्' વિશેષણ લગાડીને એવો ભાવ દર્શાવ્યો છે કે શરીરરૂપી ક્ષેત્રનાં લક્ષણો પહેલા શ્લોકમાં બતાવવામાં આવ્યાં છે તેનું જ સ્પષ્ટીકરણ કરવાની વાત આ શ્લોકમાં કહેવામાં આવે છે; અને 'यत्' પદથી ભગવાને ક્ષેત્રના સ્વરૂપને બતાવવાનો સંકેત કર્યો છે; અને આ જ અધ્યાયના પાંચમા શ્લોકમાં તે બતાવવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'यादृक्' પદથી ક્ષેત્ર વિષે શું કહેવાનો સંકેત કરવામાં આવ્યો છે; અને તે કયાં કહેવામાં આવ્યું છે?

ઉત્તર : 'यादृक्' પદથી ક્ષેત્રનો સ્વભાવ બતાવવાનો સંકેત કર્યો છે; અને તેનું (સ્વભાવનું) વર્ણન છવ્વીસમા અને સત્તાવીસમા શ્લોકમાં સમસ્ત ભૂતો ઉત્પત્તિ-વિનાશશીલ છે એમ બતાવીને કર્યું છે.

પ્રશ્ન : 'यद्विकारि' પદથી ક્ષેત્ર વિષે શું કહેવાનો સંકેત કર્યો છે; અને તે કયા શ્લોકમાં કહ્યું છે?

ઉત્તર : 'यद्विकारि' પદથી ક્ષેત્રના વિકારોનું વર્ણન કરવાનો સંકેત કરવામાં આવ્યો છે; અને તેનું (વિકારોનું) વર્ણન છઠ્ઠા શ્લોકમાં કર્યું છે.

પ્રશ્ન : 'यतः च यत्' આ પદોથી ક્ષેત્ર વિષે શું કહેવાનો સંકેત કર્યો છે; અને તે ક્યાં કહેવામાં આવ્યું છે?

ઉત્તર : જે પદાર્થોના સમુદાયનું નામ 'ક્ષેત્ર' છે તેમાંથી કયો પદાર્થ કોનામાંથી ઉત્પન્ન થયો છે તે બતાવવાનો સંકેત 'यतः च यत्' પદોથી કરવામાં આવ્યો છે; અને તેનું વર્ણન ઓગણીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં અને વીસમા શ્લોકના પૂર્વાર્ધમાં કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'सः' પદ કોનું વાચક છે? અને 'यः' પદથી તેના વિષે ભગવાને શું કહેવાનો સંકેત કર્યો છે; અને તે ક્યાં કહેવામાં આવ્યું છે?

ઉત્તર : 'सः' પદ 'ક્ષેત્રજ્ઞ'નું વાચક છે; અને 'यः' પદથી તેનું સ્વરૂપ બતાવવાનો સંકેત કરવામાં

આવ્યો છે; અને આગળ જતાં તેનાં પ્રકૃતિસ્થ અને વાસ્તવિક બન્ને સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે - જેમ કે ઓગણીસમા શ્લોકમાં તેને 'અનાદિ', વીસમા શ્લોકમાં 'સુખ-દુઃખોનો ભોક્તા' અને એકવીસમા શ્લોકમાં 'સારી-નરસી યોનિઓમાં જન્મ લેનાર' કહીને તે પ્રકૃતિસ્થ પુરુષનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તથા બાવીસમા શ્લોકમાં અને સત્તાવીસમા શ્લોકથી ત્રીસમા શ્લોક સુધી પરમાત્માની સાથે એકત્વ બતાવીને તેના વાસ્તવિક સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'यत्प्रभावः' પદથી ક્ષેત્રજ્ઞ વિષે શું કહેવાનો સંકેત કરવામાં આવ્યો છે; અને તે કયા શ્લોકોમાં કહેવામાં આવ્યું છે?

ઉત્તર : 'यत्प्रभावः'થી ક્ષેત્રજ્ઞનો પ્રભાવ જણાવવા માટે સંકેત કરવામાં આવ્યો છે; અને તે એકત્રીસમાથી તેત્રીસમા શ્લોકમાં બતાવવામાં આવ્યું છે.

સંબંધ : ત્રીજા શ્લોકમાં ભગવાને અર્જુનને 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'ના તત્ત્વને સંક્ષેપમાં સાંભળવાનું કહ્યું છે; હવે તેના વિષે ઋષિઓ, વેદો અને બ્રહ્મસૂત્રોની ઉક્તિઓનું પ્રમાણ આપીને ભગવાન ઋષિઓ, વેદો અને બ્રહ્મસૂત્રોને આદર આપે છે -

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक्।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः॥ ४॥

ऋषिभिः	= (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું આ તત્ત્વ) ઋષિઓ દ્વારા	(गीतम्)	= કહેવામાં આવ્યું છે
बहुधा	= અનેક પ્રકારે	च	= તેમ જ
गीतम्	= કહેવાયું છે,	विनिश्चितैः	= સારી રીતે નિશ્ચિત કરેલાં
विविधैः	= વિવિધ	हेतुमद्भिः	= યુક્તિપૂર્વકનાં
छन्दोभिः	= વેદમંત્રો દ્વારા (પણ)	ब्रह्मसूत्रपदैः	= બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા
पृथक्	= વિભાગપૂર્વક	एव	= પણ
		(गीतम्)	= કહેવાયું છે.

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું આ તત્ત્વ ઋષિઓ દ્વારા અનેક પ્રકારે કહેવાયું છે, વિવિધ વેદમંત્રો દ્વારા પણ વિભાગપૂર્વક કહેવામાં આવ્યું છે તેમજ સારી રીતે નિશ્ચિત કરેલાં યુક્તિપૂર્વકનાં બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા પણ કહેવાયું છે ॥ ૪॥

પ્રશ્ન : 'ઋષિઓ વડે ઘણા પ્રકારે કહેવામાં આવ્યું છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનનો એવો ભાવ છે કે મંત્રોના દ્રષ્ટા તેમ જ શાસ્ત્રો અને સ્મૃતિઓના રચનાર ઋષિગણોએ 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'ના સ્વરૂપને અને તેનાથી સંબંધિત બધી જ વાતોને પોતપોતાના ગ્રંથોમાં તથા ઇતિહાસ અને પુરાણોમાં વર્ણવીને વિસ્તારથી સમજાવી છે; તેનો જ સાર ભગવાન ખૂબ જ થોડા શબ્દોમાં અહીં કહે છે.

પ્રશ્ન : 'विविधैः' વિશેષણની સાથે 'छन्दोभिः' પદ કોનું વાચક છે? અને એમના વડે (તે તત્ત્વ) પૃથક્ કહેવામાં આવ્યું છે - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'विविधैः' વિશેષણની સાથે 'छन्दोभिः' પદ ઋક્, યજુઃ, સામ અને અથર્વ - આ ચારે વેદોની 'સંહિતાઓ' અને 'બ્રાહ્મણ ગ્રંથો' - એ બન્નેય ભાગોનું વાચક છે; બધાં જ ઉપનિષદોને અને જુદી જુદી શાખાઓને પણ આની અંતર્ગત સમજી લેવાં જોઈએ (અર્થાત્ छन्दोभिः પદમાં આ સર્વેનો સમાવેશ થાય છે). આ સર્વે દ્વારા તે (તે તત્ત્વ) પૃથક્ કહેવામાં આવ્યું છે - આ કથનનો એવો અભિપ્રાય છે કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ વિષે જે સિદ્ધાંત ભગવાન અહીં સંક્ષેપમાં પ્રગટ કરે છે તેનું જ વિસ્તારથી અને વિભાગપૂર્વક વર્ણન તેઓમાં

ઠેર-ઠેર અનેક પ્રકારે કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'विनिश्चितैः' અને 'हेतुमद्भिः' વિશેષણોની સાથે 'ब्रह्मसूत्रपदैः' પદ કયા પદોનું વાચક છે? અને આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : જે પદો સમ્યક્‌પણે નિશ્ચિત કરેલાં હોય અને સર્વથા અસન્દિગ્ધ હોય તેમને 'विनिश्चित' કહે છે; અને જે પદોમાં વિભિન્ન યુક્તિઓથી સિદ્ધાંતનો નિર્ણય કરવામાં આવ્યો હોય તેમને 'हेतुमत्' કહે છે. તેથી આ બન્ને વિશેષણોની સાથે 'ब्रह्मसूत्रपदैः' પદ અહીં 'વેદાન્તદર્શન'ના જે 'अथातो ब्रह्मजिज्ञासा' વગેરે સૂત્રરૂપે આવેલાં પદો છે તેમનું જ વાચક જણાય છે; કારણ કે ઉપર્યુક્ત બધાં લક્ષણો તેમનામાં બંધબેસતી રીતે મળી આવે છે. અહીં આ કથનનો એવો ભાવ છે કે શ્રુતિ-સ્મૃતિ વગેરેમાં વર્ણિત જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું તત્ત્વ બ્રહ્મસૂત્રનાં પદો વડે યુક્તિપૂર્વક સમજાવવામાં આવ્યું છે તેનો સાર પણ ભગવાન અહીં સંક્ષેપમાં કહી રહ્યા છે.

સંબંધ : આ પ્રમાણે ઋષિઓ, વેદો અને બ્રહ્મસૂત્રનું પ્રમાણ આપીને ભગવાન હવે ત્રીજા શ્લોકમાં 'यत्' પદથી વ્યક્ત કરેલ 'क्षेत्र'નું અને 'यद्विकारि' પદથી વ્યક્ત કરેલા તેના વિકારોનું વર્ણન આગલા બે શ્લોકોમાં કરે છે –

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः॥ ५॥*

महाभूतानि	= પાંચ મહાભૂત,	दश	= દસ
अहङ्कारः	= અહંકાર	इन्द्रियाणि	= ઇન્દ્રિયો,
बुद्धिः	= બુદ્ધિ	एकम्	= એક મન
च	= અને (એ જ રીતે)	च	= અને
अव्यक्तम्	= મૂળ પ્રકૃતિ	पञ्च	= પાંચ
एव	= પણ;	इन्द्रिय-	= ઇન્દ્રિયોના વિષયો –
च	= તેમ જ	गोचराः	શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ –

પાંચ મહાભૂત, અહંકાર, બુદ્ધિ અને એ જ રીતે મૂળ પ્રકૃતિ પણ; તેમ- જ દસ ઇન્દ્રિયો, એક મન અને ઇન્દ્રિયોના પાંચ વિષયો - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ - ॥ ૫॥

---

* આની સાથે મળતું વર્ણન સાંખ્યકારિકા અને યોગદર્શનમાં પણ આવે છે. જેમ કે –

मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त।
षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः॥ (सांख्यकारिका ३)

અર્થાત્ એક મૂળ પ્રકૃતિ છે, તે કોઈની વિકૃતિ (વિકાર) નથી. મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-તન્માત્ર) આ સાત પ્રકૃતિ-વિકૃતિ છે, અર્થાત્ આ સાતે પંચભૂતાદિના કારણ હોવાથી 'પ્રકૃતિ' પણ છે અને મૂળ પ્રકૃતિનાં કાર્ય હોવાને કારણે 'વિકૃતિ' પણ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો તથા મન - આ અગિયાર ઇન્દ્રિયો અને પંચમહાભૂત - આ સોળ માત્ર વિકૃતિ (વિકાર) છે. તેઓ કોઈની પ્રકૃતિ અર્થાત્ કારણ નથી. આમાંથી અગિયાર ઇન્દ્રિયો તો અહંકારનાં અને પાંચ સ્થૂળ મહાભૂતો પાંચ તન્માત્રાઓનાં કાર્ય છે; પણ પુરુષ ન તો કોઈનું કારણ છે અને ન તો કોઈનું કાર્ય છે, તે સર્વથા અસંગ છે.

યોગદર્શનમાં કહ્યું છે, 'विशेषाविशेषलिङ्गमात्रालिङ्गानि गुणपर्वाणि।' (२/१९). વિશેષ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, એક મન અને પાંચ સ્થૂળ, ભૂત; અવિશેષ એટલે અહંકાર અને પાંચ તન્માત્રાઓ; લિંગમાત્ર એટલે મહત્તત્ત્વ અને અલિંગ એટલે મૂળ પ્રકૃતિ - આ ચોવીસ તત્ત્વો-ગુણોના અવસ્થા વિશેષ છે; આમને જ 'દૃશ્ય' કહે છે.

યોગદર્શનમાં જેને 'દૃશ્ય' કહે છે તેને જ ગીતામાં 'ક્ષેત્ર' કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'महाभूतानि' પદ કોનું વાચક છે?

ઉત્તર : સ્થૂળ ભૂતોના અને શબ્દાદિ વિષયોના કારણરૂપ જે પાંચ-તન્માત્રાઓ અર્થાત્ સૂક્ષ્મ પંચ-મહાભૂતો છે -જેમનું વર્ણન સાતમા અધ્યાયમાં 'भूमिः', 'आपः', 'अनलः', 'वायुः' અને 'खम्'ના નામથી થયેલું છે - તે પાંચેનું વાચક અહીં 'महाभूतानि' પદ છે.

પ્રશ્ન : 'अहंकारः' પદ કોનું વાચક છે?

ઉત્તર : આ 'સમષ્ટિ અંતઃકરણ'નો એક ભેદ છે. અહંકાર જ પાંચ-તન્માત્રાઓ, મન અને સમસ્ત ઇન્દ્રિયોનું કારણ છે તથા મહત્તત્ત્વનું કાર્ય છે; આને 'અહંભાવ' પણ કહે છે. અહીં 'अहंकारः' પદ તેનું જ વાચક છે.

પ્રશ્ન : 'बुद्धिः' પદ અહીં કોનું વાચક છે?

જેને 'મહત્તત્ત્વ' (महान्) અને 'સમષ્ટિ બુદ્ધિ' પણ કહે છે, જે સમષ્ટિ અંતઃકરણનો એક ભેદ છે, નિશ્ચય કરવો એ જ જેનું સ્વરૂપ છે તેનું વાચક અહીં 'बुद्धिः' પદ છે.

પ્રશ્ન : 'अव्यक्तम्' પદ કોનું વાચક છે?

ઉત્તર : જે મહત્તત્ત્વ વગેરે સમસ્ત પદાર્થોની કારણરૂપ મૂળ પ્રકૃતિ છે, જેને સાંખ્યશાસ્ત્રમાં 'પ્રધાન' કહે છે, ભગવાને ચૌદમા અધ્યાયમાં જેને 'મહદ્બ્રહ્મ' કહ્યું છે તથા આ અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં જેને 'પ્રકૃતિ' નામ આપવામાં આવ્યું છે તેનું વાચક અહીં 'अव्यक्तम्' પદ છે.

પ્રશ્ન : દસ ઇન્દ્રિયો કઈ કઈ છે?

ઉત્તર : વાક્, પાણિ (હાથ), પાદ (પગ), ઉપસ્થ, અને ગુદા - આ પાંચ કર્મેન્દ્રિયો છે અને શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને ઘ્રાણ - આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. આ બધી મળીને દસ ઇન્દ્રિયો છે. આ સર્વેનું કારણ અહંકાર છે.

પ્રશ્ન : 'एकम्' પદ કોનું વાચક છે?

ઉત્તર : સમષ્ટિ અંતઃકરણની મનન કરવાની જે વિશેષ-શક્તિ છે, સંકલ્પ-વિકલ્પ જ જેનું સ્વરૂપ છે - તે મનનું વાચક અહીં 'एकम्' પદ છે; આ પણ અહંકારનું કાર્ય છે.

પ્રશ્ન : 'पञ्च इन्द्रियगोचराः' આ પદોનો શો અર્થ છે?

ઉત્તર : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - કે જે પાંચ જ્ઞાનેન્દ્રિયોના સ્થૂળ વિષયો છે, તેમનું જ વાચક અહીં 'पञ्च इन्द्रियगोचराः' પદ છે.

इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ६॥

इच्छा = ઇચ્છા,	धृतिः = ધૃતિ – (આટલા)
द्वेषः = દ્વેષ,	सविकारम् = વિકારો સહિતનું
सुखम् = સુખ,	एतत् = આ
दुःखम् = દુઃખ,	क्षेत्रम् = ક્ષેત્ર
सङ्घातः = સ્થૂળ શરીર,	समासेन = ટૂંકમાં
चेतना = ચેતના (અને)	उदाहृतम् = કહેવાયું છે.

તથા ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતના અને ધૃતિ - આટલા વિકારો સહિતનું આ ક્ષેત્ર ટૂંકમાં કહેવાયું છે ॥ ૬॥

પ્રશ્ન : 'इच्छा' પદ કોનું વાચક છે?

ઉત્તર : જે પદાર્થોને મનુષ્ય સુખના હેતુ અને દુઃખોના નાશક માને છે તેમને પામવાની જે આસક્તિયુક્ત કામના છે - જેના વાસના, તૃષ્ણા, આશા, લાલસા, સ્પૃહા વગેરે અનેક ભેદો છે - તેનું જ વાચક અહીં 'इच्छा' પદ છે. આ અંતઃકરણનો વિકાર છે, તેથી ક્ષેત્રના વિકારોમાં આની ગણતરી કરવામાં આવી છે.

પ્રશ્ન : 'દ્વેષ' કોને કહે છે?

ઉત્તર : જે પદાર્થોને મનુષ્ય દુઃખમાં હેતુ અથવા સુખમાં બાધક સમજે છે, તેમનામાં જે વિરોધબુદ્ધિ હોય છે તેનું નામ 'દ્વેષ' છે. તેનાં સ્થૂળ રૂપ વેર-ભાવના, ઈર્ષ્યા, ઘૃણા, ક્રોધ વગેરે છે. આ પણ અંતઃકરણનો વિકાર છે, તેથી તેની ગણતરી પણ ક્ષેત્રના વિકારોમાં કરવામાં આવી છે.

પ્રશ્ન : 'સુખ' શી વસ્તુ છે?

ઉત્તર : અનુકૂળની પ્રાપ્તિ અને પ્રતિકૂળની નિવૃત્તિથી અંતઃકરણમાં પ્રસન્નતાની જે વૃત્તિ ઉત્પન્ન થાય છે તેનું નામ 'સુખ' છે. આ અંતઃકરણનો વિકાર છે તે કારણે આની ગણતરી પણ ક્ષેત્રના વિકારોમાં કરવામાં આવી છે.

પ્રશ્ન : 'દુઃખમ્' પદ કોનું વાચક છે?

ઉત્તર : પ્રતિકૂળની પ્રાપ્તિ અને અનુકૂળના વિનાશથી અંતઃકરણમાં જે વ્યાકુળતા થાય છે, જેને વ્યથા પણ કહે છે - તેનું વાચક અહીં 'દુઃખમ્' પદ છે. આ પણ અંતઃકરણનો વિકાર છે, તેથી આની પણ ગણતરી ક્ષેત્રના વિકારોમાં થાય છે.

પ્રશ્ન : 'સઙ્ઘાતઃ' પદનો શો અર્થ છે?

ઉત્તર : પંચભૂતોથી બનેલો જે આ સ્થૂળ શરીરનો પિંડ છે, મૃત્યુ થયા પછી સૂક્ષ્મ શરીરના નીકળી ગયા પછી પણ જે બધાંની સામે પડ્યો રહે છે - તે સ્થૂળ શરીરનું નામ 'સઙ્ઘાત' છે. ઉપર્યુક્ત પંચભૂતોનો વિકાર હોવાને કારણે આની ગણતરી પણ ક્ષેત્રના વિકારોમાં કરવામાં આવી છે.

પ્રશ્ન : 'ચેતના' પદ કોનું વાચક છે?

ઉત્તર : અંતઃકરણમાં જે જ્ઞાન-શક્તિ છે, જેના વડે સુખદુઃખ અને સમસ્ત પદાર્થોનો અનુભવ થાય છે, જેને દસમા અધ્યાયના બાવીસમા શ્લોકમાં 'ચેતના' કહેવામાં આવી છે - તેનું જ વાચક અહીં 'ચેતના' પદ છે. આ પણ અંતઃકરણની એક વિશેષવૃત્તિ છે, તેથી આની પણ ગણતરી ક્ષેત્રના વિકારોમાં કરવામાં આવી છે.

પ્રશ્ન : 'धृतिः' પદ કોનું વાચક છે?

ઉત્તર : અઢારમા અધ્યાયના તેત્રીસમા, ચોત્રીસમા અને પાંત્રીસમા શ્લોકોમાં જે ધારણાશક્તિના સાત્ત્વિક, રાજસ અને તામસ - એમ ત્રણ ભેદ કરવામાં આવ્યા છે, જેના સાત્ત્વિક અંશનો સોળમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં દૈવી સમ્પદાઓની અંતર્ગત 'ધૃતિ'ના નામથી ઉલ્લેખ થયો છે, તેનું જ વાચક અહીં 'धृतिः' પદ છે. અંતઃકરણનો વિકાર હોવાને કારણે આની ગણતરી પણ ક્ષેત્રના વિકારોમાં કરવામાં આવી છે.

પ્રશ્ન : 'આ વિકારો સહિત ક્ષેત્ર સંક્ષેપમાં કહેવામાં આવ્યું છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથનનો ભાવ એવો છે કે અહીં સુધી વિકારો સહિત ક્ષેત્રનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે, અર્થાત્ પાંચમા શ્લોકમાં ક્ષેત્રનું સ્વરૂપ સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે અને છઠ્ઠા શ્લોકમાં તેના વિકારોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે.

સંબંધ : આ પ્રમાણે ક્ષેત્રના સ્વરૂપનું અને તેના વિકારોનું વર્ણન કર્યા પછી હવે બીજા શ્લોકમાં કહ્યું હતું કે મારા મત પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે - તે જ્ઞાનને પ્રાપ્ત કરવાનાં સાધનોનું વર્ણન 'જ્ઞાન'ના નામથી જ આગળના પાંચ શ્લોકોમાં ભગવાન કરે છે.

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७॥

अमानित्वम्	=	પોતાને શ્રેષ્ઠ માનવારૂપી અભિમાનનો અભાવ
अदम्भित्वम्	=	દંભાચરણનો અભાવ હોવો,
अहिंसा	=	કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારે કષ્ટ ન આપવું,
क्षान्तिः	=	ક્ષમાભાવ,
आर्जवम्	=	મન-વાણી આદિમાં ઋજુભાવ હોવો,
आचार्योपासनम्	=	શ્રદ્ધાભક્તિ સાથે ગુરુજનોની સેવા,

શૌચમ્	= બાહ્ય તેમ જ આંતરિક શુદ્ધિ હોવી,	આત્મવિનિ-	= મન-ઇન્દ્રિયો સહિત
સ્થૈર્યમ્	= અન્તઃકરણની સ્થિરતા હોવી,	ગ્રહઃ	શરીરનો નિગ્રહ –

પોતાને શ્રેષ્ઠ માનવારૂપી અભિમાનનો અભાવ હોવો, દંભાચરણનો અભાવ હોવો, કોઈ પણ પ્રાણીને કોઈપણ પ્રકારે કષ્ટ ન આપવું, ક્ષમાભાવ, મન-વાણી આદિમાં ઋજુભાવ હોવો, શ્રદ્ધા-ભક્તિ સાથે ગુરુજનોની સેવા, બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ હોવી, અન્તઃકરણની સ્થિરતા હોવી, મન-ઇન્દ્રિયો સહિત શરીરનો નિગ્રહ - ॥ ૭॥

પ્રશ્ન : 'अमानित्वम्'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : પોતાને શ્રેષ્ઠ, સમ્માન્ય, પૂજ્ય અથવા ખૂબ જ મોટો માનવો તેમ જ માન-મોટાઈ, પ્રતિષ્ઠા-પૂજા વગેરેની ઇચ્છા કરવી; અથવા ઇચ્છા કર્યા વગર પણ જો આ બધું મળે તો પ્રસન્ન થવું - આ 'માનિત્વ' છે. આ સર્વેનું ન હોવું તે 'અમાનિત્વ' છે. જેનામાં અમાનિત્વ પૂર્ણરૂપથી આવી જાય છે તેના માટે માન, મોટાઈ, પ્રતિષ્ઠા, પૂજા વગેરે મળવાથી પ્રસન્ન થવું એ તો દૂરની વાત રહી, ઊલટાનું તેને આ સર્વેથી વિરક્તિ અને ઉપરતિ થઈ જાય છે.

પ્રશ્ન : 'अदम्भित्वम्'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : માન, મોટાઈ, પ્રતિષ્ઠા અને પૂજા માટે, ધન વગેરેના લોભથી અથવા કોઈને ઠગવા વગેરેના અભિપ્રાયથી પોતાની જાતને ધર્માત્મા, દાનશીલ, ભગવદ્ભક્ત, જ્ઞાની અથવા મહાત્માના રૂપમાં વિખ્યાત કરવી તેમ જ ધર્મપાલન, ઉદારતા, દાતાપણું, ભક્તિ, યોગસાધના, વ્રત-ઉપવાસ દ્વારા અથવા અન્ય કોઈ પણ પ્રકારનો ઢોંગ કરવો - આ બધું 'દમ્ભિત્વ' છે. આનો સર્વથા અભાવ હોવો તેનું નામ 'અદમ્ભિત્વ' છે. જે સાધકમાં 'અદમ્ભિત્વ' પૂર્ણરૂપે આવી જાય છે તે માન-પાનની જરા પણ ઇચ્છા ધરાવતો નથી અને તેથી પોતાના સાચા ધાર્મિક ભાવોને, સદ્ગુણોને અથવા ભક્તિનાં આચરણોને પણ બીજાની સામે પ્રગટ કરવામાં સંકોચ કરે છે, તો પછી આવા સદ્ગુણો અને ભક્તિ-ભાવના વગેરે જો તેનામાં ન હોય તો તેનો દેખાવ કરવાનો તો પ્રશ્ન જ નથી.

પ્રશ્ન : 'अहिंसा'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : કોઈ પણ પ્રાણીને મનથી, વાણીથી અથવા શરીરથી કોઈ પણ પ્રકારે કષ્ટ આપવું - મનથી કોઈનું બૂરું ઇચ્છવું, કઠોર વચનો બોલવાં ચાડી કરવી, કોઈની નિંદા કરવી અથવા અન્ય કોઈ પણ પ્રકારનાં દુઃખદાયક અને અહિતકારી વચનો કહેવાં; શરીરથી કોઈને મારવું, કષ્ટ પહોંચાડવું અથવા કોઈ પણ રીતે નુકસાન કરવું વગેરે જે હિંસાના ભાવ છે તે બધાનો સર્વથા અભાવ થવો તેનું જ નામ 'અહિંસા' છે. જે સાધકમાં સર્વથા 'અહિંસા'નો ભાવ આવી જાય છે તેનો કોઈમાં પણ વૈરભાવ અથવા દ્વેષભાવ રહેતો નથી; તેથી તે કોઈ પણ પ્રાણીનું અહિત ક્યારેય કરતો નથી, અને તેના વડે એવું કશુંય થતું નથી કે જેના પરિણામે કોઈને દુઃખ થાય; અને તે ખરેખર કોઈને પણ ભયદાયક પણ હોતો નથી. મહર્ષિ પતંજલિએ તો ત્યાં સુધી કહ્યું છે કે તેની પાસે રહેનારાં હિંસક પ્રાણીઓમાં પણ તેમની સ્વાભાવિક વૈરભાવના પણ રહેતી નથી.*

પ્રશ્ન : 'क्षान्तिः'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'क्षान्ति' ક્ષમાભાવને કહે છે. પોતાનો અપરાધ કરનારાને કોઈ પણ પ્રકારનો દંડ આપવાનો ભાવ મનમાં ન રાખવો, તેનો બદલો લેવાની ઇચ્છા અથવા તેના અપરાધ માટે આ લોકમાં અથવા પરલોકમાં તેને દંડ મળે એવી ઇચ્છા ન રાખવી અને તેના અપરાધીને ખરેખર અપરાધ જ નહિ માનીને તેને હંમેશ માટે ભૂલી જવું તેને 'ક્ષમાભાવ' કહે છે. દસમા અધ્યાયના ચોથા શ્લોકમાં આની

* 'अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः' (પાતંજલદર્શન ૨/૩૫)

થોડીક વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે.

પ્રશ્ન : 'आर्जवम्'નો શો ભાવ છે?

ઉત્તર : મન, વાણી અને શરીરની સરળતાનું નામ 'આર્જવ' છે. જે સાધકમાં આ ભાવ પૂર્ણપણે આવી જાય છે તે બધાંની સાથે સરળ વ્યવહાર કરે છે; તેનામાં કુટિલતાનો સર્વથા અભાવ થઈ જાય છે, અર્થાત્ તેના વ્યવહારમાં દાવ-પેચ, કપટ જરા પણ રહેતું નથી; તે બહારથી અને ભીતરથી હંમેશાં સમાન અને સરળ રહે છે.

પ્રશ્ન : 'आचार्योपासनम्'નો શો ભાવ છે?

ઉત્તર : વિદ્યા અને સદુપદેશ આપનારા ગુરુનું નામ 'આચાર્ય' છે. આવા ગુરુની પાસે રહીને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક મન, વાણી અને શરીર વડે બધી જ રીતે તેમને સુખી કરવાની કોશિશ કરવી, તેમને નમસ્કાર કરવા, તેમની આજ્ઞાઓનું પાલન કરવું અને તેમને અનુકૂળ આચરણ કરવું વગેરે 'આચાર્યોપાસન' અર્થાત્ ગુરુ-સેવા છે.

પ્રશ્ન : 'शौचम्' પદનો શો અર્થ છે?

ઉત્તર : 'શૌચ' શુદ્ધિને કહે છે. સત્યનું આચરણ કરીને શુદ્ધ વ્યવહાર રાખવાથી દ્રવ્યની શુદ્ધિ થાય છે, તે દ્રવ્યથી ઉપાર્જિત કરેલા અન્નથી આહારની શુદ્ધિ થાય છે; યથાયોગ્ય શુદ્ધ વ્યવહારથી આચરણોની શુદ્ધિ થાય છે; અને પાણી-માટી વગેરેથી પ્રક્ષાલનાદિ ક્રિયાઓથી શરીરની શુદ્ધિ થાય છે. આ બધી બહારની શુદ્ધિ છે. રાગ-દ્વેષ અને છળ-કપટ વગેરે વિકારોનો નાશ થઈ જાય અને અંતઃકરણ સ્વચ્છ થઈ જાય એ ભીતરની શુદ્ધિ છે. બન્ને પ્રકારની શુદ્ધિઓનું નામ 'શૌચ' છે.

પ્રશ્ન : 'स्थैर्यं'નો શો અભિપ્રાય છે?

ઉત્તર : સ્થિરભાવને 'સ્થૈર્ય' કહે છે, અર્થાત્ મોટામાં મોટાં કષ્ટ, વિપત્તિ, ભય અથવા દુઃખ આવી પડે તોપણ વિચલિત ન થવું; અને કામ, ક્રોધ, ભય અથવા લોભ વગેરેના કારણે કોઈ પણ રીતે પોતાના ધર્મ અને કર્તવ્યમાંથી જરા પણ ડગવું નહિ તથા મન અને બુદ્ધિમાં કોઈ પણ પ્રકારની ચંચળતા ન રહેવી તેને 'સ્થૈર્ય' કહે છે.

પ્રશ્ન : 'आत्मविनिग्रहः' નો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં 'આત્મા' પદ અંતઃકરણ અને ઇન્દ્રિયોની સાથે શરીરનું વાચક છે. તેથી આ સર્વેને સમ્યક્‌રૂપે પોતાના વશમાં કરી લેવાં તેને 'આત્મવિનિગ્રહ' કહે છે. જે સાધકમાં આત્મવિનિગ્રહનો ભાવ સંપૂર્ણપણે આવી જાય છે તેનાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો તેના આજ્ઞાંકિત અનુચર થઈ જાય છે; તેઓ પછી તે સાધકને વિષયોમાં ફસાવી શકતાં નથી, અને હંમેશાં તે સાધકની ઇચ્છા પ્રમાણે સાધનમાં જ લાગ્યાં રહે છે.

इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८॥

इन्द्रियार्थेषु	= આ લોક અને પરલોકના સર્વ ભોગોમાં	एव	અભાવ હોવો;
वैराग्यम्	= આસક્તિ ન હોવી	जन्ममृत्युजरा-	= જન્મ, મૃત્યુ, જરા અને
च	= અને	व्याधिदुःख-	રોગ આદિમાં દુઃખો
अनहङ्कारः,	= અહંકારનો પણ	दोषानुदर्शनम्	અને દોષોને વારંવાર જોવાં –

તથા આ લોક અને પરલોકના સર્વ ભોગોમાં આસક્તિ ન હોવી અને અહંકારનો પણ અભાવ હોવો; જન્મ, મૃત્યુ, જરા અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવાં-॥ ૮॥

પ્રશ્ન : 'इन्द्रियार्थेषु वैराग्यम्'નો શો ભાવ છે?

ઉત્તર : આ લોક અને પરલોકના જેટલા પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપી વિષય-પદાર્થો છે - અંતઃકરણ અને ઇન્દ્રિયો વડે જેમનો ઉપભોગ

કરવામાં આવે છે અને અજ્ઞાનને કારણે મનુષ્ય જેમને સુખના હેતુ માને છે, પણ વાસ્તવમાં જેઓ દુઃખનાં જ કારણો છે - તે સર્વેમાં પ્રીતિનો સર્વથા અભાવ થઈ જવો તેને જ 'इन्द्रियार्थेषु वैराग्यम्' અર્થાત્ ઇન્દ્રિયોનો વિષયોમાં વૈરાગ્ય થવો કહેવાય.

પ્રશ્ન : 'अनहङ्कार' કોને કહે છે?

ઉત્તર : મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને શરીર - આ સર્વેમાં જે 'અહમ્' બુદ્ધિ રહ્યા કરે છે અર્થાત્ અજ્ઞાનને કારણે આ અનાત્મ વસ્તુઓમાં જે આત્મબુદ્ધિ રહ્યા કરે છે એ દેહાભિમાનનો સર્વથા અભાવ થઈ જવો તે જ 'અનહંકાર' કહેવાય છે.

પ્રશ્ન : જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિમાં દુઃખ અને દોષો વારંવાર જોવા - એ શું છે?

ઉત્તર : જન્મનું કષ્ટ સહજ નથી; પહેલાં તો અસહાય જીવને માતાના ગર્ભમાં લાંબા સમય સુધી જુદા જુદા પ્રકારના કલેશો થાય છે, તે પછી જન્મના સમયે યોનિના દ્વારમાંથી નીકળવામાં અસહ્ય યન્ત્રણા ભોગવવી પડે છે. અનેક પ્રકારની યોનિઓમાં વારંવાર જન્મ લેવો પડે છે અને આવાં જન્મ-દુઃખ ભોગવવાં પડે છે. મૃત્યુકાળમાં પણ મહાન કષ્ટ થાય છે. જે શરીર અને ઘરમાં આજીવન મમતા રહી હોય તેને પરાણે છોડીને જવું પડે છે. મરણના સમયે મરનારનાં નિરાશ નેત્રોને અને શારીરિક પીડાને જોઈને આપણે કલ્પના કરી શકીએ કે મરનારને કેવી પીડા અને યન્ત્રણા થઈ રહી છે. વૃદ્ધાવસ્થાની યન્ત્રણા પણ ઓછી નથી હોતી. ઇન્દ્રિયો શિથિલ અને શક્તિહીન થઈ જાય છે, શરીર જર્જર થઈ જાય છે, મનમાં હંમેશાં લાલસાના તરંગો ઊછળતા રહેતા હોય છે અસહાય અવસ્થા થઈ જાય છે. આવી દશામાં જે કષ્ટ થાય છે તે ખૂબ જ ભયાનક હોય છે. આ જ રીતે માંદગીની પીડા પણ ખૂબ જ દુઃખદાયક હોય છે. શરીર ક્ષીણ થઈ ગયું હોય, અનેક પ્રકારનાં અસહ્ય કષ્ટ થઈ રહ્યાં હોય, બીજાના ઓશિયાળા બનવું પડે. સ્થિતિ નિરુપાય હોય છે. આ જ બધાં જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનાં દુઃખો છે. આ દુઃખોનું વારંવાર સ્મરણ કરવું અને તેમના વિશે વિચાર કરતા રહેવું - એનો જ અર્થ છે આ દુઃખો અને દોષોને જોવાં.

જીવોની જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિની પ્રાપ્તિ પાપોના પરિણામના સ્વરૂપમાં જ થાય છે અને તેથી આ ચારેય દોષમય છે. તેથી આનો વારંવાર વિચાર કરતા રહેવું, એને જ જન્મ-મૃત્યુ વગેરેમાં દુઃખ અને દોષો જોવાં - એમ કહેવાય.

એમ તો એક ચેતન આત્માને બાદ કરતાં વાસ્તવમાં આ સંસારમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જેમાં આ ચારે દોષ ન હોય. જડ મકાન એક દિવસે બનીને તૈયાર થયું, એ તેનો જન્મ છે; ક્યાંકથી ભાંગતોડ થઈ, એ તેની વ્યાધિ છે; તે ભાંગતોડનું સમારકામ કરાવ્યું, એ તેનો ઇલાજ છે; મકાન પુરાણું થયું, એ એનો બુઢાપો છે. હવે સમારકામ ન થઈ શકે; વધારે જીર્ણ થતાં મકાન પડી ગયું, એ તેનું મૃત્યુ છે. નાની-મોટી બધી જ વસ્તુઓની આ જ સ્થિતિ છે. આ પ્રમાણે જગતની તમામ વસ્તુઓને જન્મ મૃત્યુ, જરા અને વ્યાધિમય જોઈ-જોઈને તેનાથી વૈરાગ્ય કરવો જોઈએ.

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९॥

पुत्रदार-	= પુત્ર, સ્ત્રી, ઘર અને
गृहादिषु	ધન આદિમાં
असक्तिः	= આસક્તિનો અભાવ (અને)
अनभिष्वङ्गः	= મમતા ન હોવી,
च	= તથા
इष्टानिष्टो-	= પ્રિય અને અપ્રિયની
पपत्तिषु	પ્રાપ્તિ થતાં
नित्यम्	= સદાય
समचित्तत्वम्	= ચિત્તનું સમ રહેવું -

અને પુત્ર, સ્ત્રી, ઘર અને ધન આદિમાં આસક્તિનો તેમજ મમતાનો અભાવ, તથા પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિ થતાં સદાય ચિત્તનું સમ રહેવું-॥ ૯॥

પ્રશ્ન : આઠમા શ્લોકમાં ઇન્દ્રિયોના અર્થોમાં જે વૈરાગ્ય કહ્યો છે તેનામાં જ પુત્ર, પત્ની, ઘર, ધન વગેરેમાં આસક્તિનો અભાવ આવી જ જાય છે; તો પછી ફરીથી તે જ વાતને કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : પત્ની, પુત્ર, ઘર, શરીર, અને ધન વગેરે પદાર્થોની સાથે મનુષ્યનો વિશેષ સંબંધ હોવાને કારણે મોટે ભાગે આ બધાંમાં તેની વિશેષ આસક્તિ હોય છે. ઇન્દ્રિયોના શબ્દ વગેરે સાધારણ વિષયોમાં વૈરાગ્ય હોવા છતાં પણ આ સર્વેમાં ગુપ્ત ભાવે આસક્તિ રહી જતી હોય છે. તેથી આ બધાંમાં આસક્તિનો સર્વથા અભાવ થવો જોઈએ - એમ ભારપૂર્વક અને પૃથક્ રીતે જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'अनभिष्वङ्ग'નો અર્થ અહંકારનો અભાવ એમ કરવાને બદલે મમતાનો અભાવ એવો અર્થ શા માટે કરવામાં આવ્યો છે?

ઉત્તર : અહંકારના અભાવની વાત અગાઉના શ્લોકમાં 'अनहङ्कारः' પદમાં સ્પષ્ટપણે આવી જ ગઈ છે. તેથી અહીં 'અનભિષ્વંગ'નો અર્થ 'મમતાનો અભાવ' કરવામાં આવ્યો છે. મમત્વને કારણે જ મનુષ્યનો પત્ની, પુત્ર વગેરેની સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાય છે. આથી તેમનાં સુખ-દુઃખ અને લાભ-હાનિ વગેરેથી મનુષ્ય પોતે સુખી-દુઃખી થયા કરે છે. મમતાના અભાવથી જ આનો અભાવ થઈ શકે. તેથી અહીં અનભિષ્વંગનો અર્થ 'મમતાનો અભાવ' કરવો એ જ ઉચિત લાગે છે.

પ્રશ્ન : 'ઇષ્ટ અને અનિષ્ટની ઉપપત્તિ' - એ શું છે? અને તેમાં સમચિત્તતા કોને કહે છે?

ઉત્તર : અનુકૂળ વ્યક્તિ, ક્રિયા, ઘટના અને પદાર્થોનો સંયોગ તથા પ્રતિકૂળનો વિયોગ સૌને 'ઇષ્ટ' છે. આ જ પ્રમાણે અનુકૂળનો વિયોગ અને પ્રતિકૂળનો સંયોગ 'અનિષ્ટ' છે. આ 'ઇષ્ટ' અને 'અનિષ્ટ'ની સાથે સંબંધ થતાં હર્ષશોકાદિનું ન થવું અર્થાત્ અનુકૂળના સંયોગથી અને પ્રતિકૂળના વિયોગથી હર્ષ વગેરે ચિત્તમાં ન થવાં; તથા પ્રતિકૂળના સંયોગથી અને અનુકૂળના વિયોગથી કોઈ પણ પ્રકારનો શોક, ભય, ક્રોધ વગેરે ન થવાં - હંમેશાં જ નિર્વિકાર, એકરસ, સમ રહેવું - એને જ 'ઇષ્ટ અને અનિષ્ટની ઉપપત્તિમાં (પ્રાપ્તિમાં) સમચિત્તતા' કહેવાય.

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १०॥

मयि	= મુજ પરમેશ્વરમાં
अनन्य-	= અનન્ય યોગનો
योगेन	આશરો લઈને
अव्यभिचारिणी	= અવ્યભિચારિણી
भक्तिः	= ભક્તિ હોવી
च	= તથા
विविक्तदेश-	= એકાન્ત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો
सेवित्वम्	સ્વભાવ હોવો (અને)
जनसंसदि	= વિષયાસક્ત માણસોના સમુદાયમાં
अरतिः	= પ્રીતિ ન હોવી -

અને મુજ પરમેશ્વરમાં અનન્ય યોગનો આશરો લઈને અવ્યભિચારિણી ભક્તિ હોવી તથા એકાન્ત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો અને વિષયાસક્ત માણસોના સમુદાયમાં પ્રીતિ ન હોવી - ॥ ૧૦॥

પ્રશ્ન : 'અનન્ય યોગ' શું છે? અને તેના વડે ભગવાનમાં 'અવ્યભિચારિણી ભક્તિ' કરવી કોને કહેવાય?

ઉત્તર : ભગવાન જ સર્વશ્રેષ્ઠ છે અને તેઓ જ આપણા સ્વામી છે, શરણ ગ્રહણ કરવા યોગ્ય છે; પરમ ગતિ, પરમ આશ્રય, માતા-પિતા, ભાઈ-

બંધુ, પરમ હિતકારી, પરમ આત્મીય અને સર્વસ્વ છે; તેમના સિવાય આપણું કોઈ પણ નથી - આ ભાવથી ભગવાનની સાથે જે અનન્ય સંબંધ છે તેનું નામ 'અનન્ય યોગ' છે; અને આ પ્રકારના સંબંધથી એકમાત્ર ભગવાનમાં જ અટલ અને પૂર્ણ વિશુદ્ધ પ્રેમભાવ રાખીને નિરંતર ભગવાનનું ભજન અને ધ્યાન કરતા રહેવું એને જ અનન્ય યોગથી ભગવાનની અવ્યભિચારિણી ભક્તિ કરવી કહેવાય.

આ પ્રકારની ભક્તિ કરનારા મનુષ્યમાં સ્વાર્થ અને અભિમાન તો લેશમાત્ર પણ રહેતાં નથી અને સંસારની કોઈ પણ વસ્તુમાં તેનું મમત્વ પણ રહેતું નથી. ભગવાનના સંબંધ થકી જ તેનો સંસાર સાથેનો સંબંધ હોય છે, કોઈની સાથે કોઈ પણ પ્રકારનો સ્વતંત્ર સંબંધ તે ધરાવતો નથી. તે એમ જ માને છે કે સર્વ કાંઈ ભગવાનનું જ છે અને તેથી શ્રદ્ધા અને પ્રેમપૂર્વક તે નિષ્કામભાવથી હંમેશાં ભગવાનનું જ ચિંતન કર્યા કરે છે. તેની જે પણ ક્રિયા થાય છે તે બધી ભગવાન માટે જ થાય છે.

પ્રશ્ન : 'વિવક્તદેશ' તે કેવા પ્રકારનું સ્થાન છે? અને તેનું સેવન કરવું એટલે શું?

ઉત્તર : જ્યાં કોઈ પણ પ્રકારનો ઘોંઘાટ ન હોય કે ભીડ ન હોય; જ્યાં બીજું કોઈ રહેતું ન હોય, જ્યાં રહેવામાં કોઈને પણ ક્ષોભ ન હોય કે કોઈ વાંધો ન હોય, જ્યાં કોઈ પણ પ્રકારની ગંદગી ન હોય, જ્યાં કૂડો-કચરો, કાંટા, કાંકરા વગેરે ન હોય, જ્યાંનું પ્રાકૃતિક દૃશ્ય સુંદર હોય, જ્યાંનાં પાણી, વાયુ અને વાતાવરણ નિર્મળ તથા પવિત્ર હોય, જ્યાં કોઈ પણ પ્રકારની બીમારી અથવા માંદગી ન હોય, જ્યાં હિંસક પ્રાણીઓ અને હિંસાનો અભાવ હોય અને જ્યાં સ્વાભાવિક સાત્ત્વિકતાના પરમાણુ ભરેલા હોય - એવાં દેવાલય, તપોભૂમિ, ગંગા વગેરે પવિત્ર નદીઓનો કિનારો તથા પવિત્ર વન, ગિરિ-ગુફા વગેરે નિર્જન, એકાંત અને શુદ્ધ પ્રદેશને 'વિવિક્તદેશ' કહે છે; અને જ્ઞાન મેળવવા માટે સાધના કરવા ત્યાં વસવું એને જ આવા સ્થાનનું સેવન કરવું કહેવાય.

પ્રશ્ન : 'જનસંસદિ' કોને કહે છે? અને તેનામાં પ્રેમ ન કરવો એટલે શું?

ઉત્તર : અહીં 'જનસંસદિ' પદ 'પ્રમાદી' અને 'વિષયાસક્ત' સાંસારિક મનુષ્યોના સમુદાયનું વાચક છે. આવા લોકોના સંગને સાધનમાં બધી રીતે બાધક માનીને તેનાથી વિરક્ત રહેવું એને જ તેનામાં પ્રેમ ન કરવો કહેવાય. સંત, મહાત્મા અને સાધક પુરુષોનો સંગ તો સાધનમાં સહાયક થાય છે; તેથી તેઓના સમુદાયનું વાચક 'જનસંસદિ' પદ સમજવાનું નથી.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११॥

अध्यात्मज्ञान-	= અધ્યાત્મજ્ઞાનમાં	ज्ञानम्	= જ્ઞાન છે; (અને)
नित्यत्वम्	નિત્ય સ્થિત રહેવું	यत्	= જે
तत्त्वज्ञानार्थ -	= (અને) તત્ત્વજ્ઞાન વડે જેનું પ્રતિપાદન	अतः	= આ બધાથી
दर्शनम्	કરવામાં આવ્યું છે, એ પરમાત્માને જ	अन्यथा	= અવળું છે,
	જોતા રહેવું –	अज्ञानम्, इति	= એ અજ્ઞાન
एतत्	= આ બધું	प्रोक्तम्	= કહેવાયું છે.

અને અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિત રહેવું અને તત્ત્વજ્ઞાન વડે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એ પરમાત્માને જ જોતા રહેવું - આ બધું જ્ઞાન છે; અને જે આ બધાથી અવળું છે, એ અજ્ઞાન કહેવાયું છે ॥ ૧૧॥

પ્રશ્ન 'અધ્યાત્મજ્ઞાન' કોને કહે છે? અને તેમાં હંમેશાં સ્થિત રહેવું એ શું છે?

ઉત્તર : આત્મા નિત્ય, ચેતન, નિર્વિકાર અને અવિનાશી છે; તેનાથી ભિન્ન જે નાશવંત, જડ, વિકારી અને પરિવર્તનશીલ વસ્તુઓ પ્રતીત થાય છે તે બધી અનાત્મા છે, તેમની સાથે આત્માનો કોઈ સંબંધ નથી - શાસ્ત્રો અને આચાર્યોના ઉપદેશથી આ પ્રમાણે આત્મતત્ત્વને સમ્યક્‌રૂપે સમજી લેવું એ જ 'અધ્યાત્મજ્ઞાન' છે; અને બુદ્ધિમાં ઉપર પ્રમાણે આત્મા અને અનાત્માનો દૃઢ નિશ્ચય કરીને મનથી હંમેશાં તે આત્મતત્ત્વનું નિત્ય નિરંતર મનન કરતા રહેવું એને જ 'અધ્યાત્મજ્ઞાન'માં હંમેશાં સ્થિત રહેવું કહેવાય.

પ્રશ્ન : તત્ત્વજ્ઞાનનો અર્થ (પ્રતિપાદ્ય વિષય) શો છે? અને તેનું દર્શન કરતાં રહેવું એ શું છે?

ઉત્તર : તત્ત્વજ્ઞાનનો અર્થ (પ્રતિપાદ્યવિષય) છે – સચ્ચિદાનંદઘન પૂર્ણ બ્રહ્મ પરમાત્મા; કારણ કે તત્ત્વજ્ઞાનથી તેમની પ્રાપ્તિ થાય છે. તે સચ્ચિદાનંદઘન ગુણાતીત પરમાત્માનું સર્વત્ર સમભાવથી નિત્ય નિરંતર ધ્યાન કરતા રહેવું તેને જ તે અર્થનું દર્શન કરવું કહેવાય.

પ્રશ્ન : 'આ બધું જ્ઞાન છે' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'अमानित्वम्'થી શરૂ કરીને 'तत्त्वज्ञानार्थदर्शनम्' સુધી જેમનું વર્ણન કરવામાં આવ્યું છે તે બધાં જ જ્ઞાનપ્રાપ્તિનાં સાધન છે; તેથી તેઓનું નામ પણ 'જ્ઞાન' રાખવામાં આવ્યું છે અહીં અભિપ્રાય એવો છે કે બીજા શ્લોકમાં ભગવાને એમ કહ્યું છે કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે, તે જ મારા મત (ભગવાનના) પ્રમાણે જ્ઞાન છે - આ કથનથી કોઈ એમ ન સમજી લે કે શરીરનું નામ 'ક્ષેત્ર' છે અને તેની અંદર રહેનારા જ્ઞાતા આત્માનું નામ 'ક્ષેત્રજ્ઞ' છે, આ વાત આપણે સમજી જ લીધી; બસ, આપણને જ્ઞાન મળી ગયું, પણ વાસ્તવમાં સાચું જ્ઞાન તે જ છે કે જે ઉપર જણાવેલ વીસ સાધનો વડે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સ્વરૂપને યથાર્થ રૂપમાં જાણી લેવાથી થાય છે. આ જ વાત સમજાવવા માટે અહીં આ સાધનોને 'જ્ઞાન'નું નામ આપવામાં આવ્યું છે. તેથી જ્ઞાનીમાં ઉપર્યુક્ત ગુણોનો સમાવેશ તો પહેલાંથી જ થયેલો હોવો જરૂરી છે. પણ તે જરૂરી નથી કે આ બધા જ ગુણો બધા જ સાધકોમાં એક જ સમયે હોય. એટલું તો નક્કી જ છે કે 'અમાનિત્વ', 'અદમ્ભિત્વ' વગેરે જે ઘણાબધા બધાંને ઉપયોગી ગુણો છે તે તો બધાંમાં હોય જ છે. તે સિવાય 'અવ્યભિચારિણી ભક્તિ', 'એકાન્તદેશસેવિત્વ', 'અધ્યાત્મજ્ઞાનનિત્યત્વ', 'તત્ત્વજ્ઞાનાર્થ-દર્શન' વગેરે પોત-પોતાની સાધનશૈલી પ્રમાણે વિકલ્પરૂપે પણ હોઈ શકે છે.

પ્રશ્ન : 'જે આનાથી વિપરીત છે તે અજ્ઞાન છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં આ કથનથી એવો ભાવ દર્શાવ્યો છે કે ઉપર્યુક્ત અમાનિત્વ વગેરે ગુણોથી વિપરીત માન-મોટાઈની કામના, દંભ, હિંસા, ક્રોધ, કપટ, કુટિલતા, દ્રોહ, અપવિત્રતા, અસ્થિરતા, લોલુપતા, આસક્તિ, અહંતા, મમતા, વિષમતા, અશ્રદ્ધા, કુસંગ વગેરે જે દોષો છે તે બધા જ જન્મ-મૃત્યુના કારણ-રૂપ અજ્ઞાનને વધારનારા અને જીવનું પતન કરનારા છે, તેથી આ બધા (દોષો) અજ્ઞાન જ છે; તેથી તે સર્વેનો સર્વથા ત્યાગ કરવો જ જોઈએ.

સંબંધ : આ પ્રમાણે જ્ઞાનનાં સાધનોનું 'જ્ઞાન'ના નામથી વર્ણન સાંભળીને એવી જિજ્ઞાસા થઈ શકે કે આ સાધનો વડે પ્રાપ્ત 'જ્ઞાન'થી જાણવા જેવું શું છે અને તેને જાણી લેવાથી શું થાય? તેનો ઉત્તર આપવા માટે ભગવાન હવે જાણવા જેવી વસ્તુના સ્વરૂપનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે અને તેને જાણી લેવાનું ફળ 'અમૃતત્વની પ્રાપ્તિ' છે એમ જણાવીને આગળના છ શ્લોકોમાં જાણવા યોગ્ય પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરે છે –

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १२॥

યત્	= જે
જ્ઞેયમ્	= જાણવાયોગ્ય તત્ત્વ છે (તથા)
યત્	= જેને
જ્ઞાત્વા	= જાણીને (માણસ)
અમૃતમ્	= પરમાનંદને
અશ્નુતે	= પ્રાપ્ત થાય છે,
તત્	= એ
પ્રવક્ષ્યામિ	= સમ્યક્ રીતે કહીશ
તત્	= એ
અનાદિમત્	= (પ્રકૃતિ અને જીવાત્મા – એ બે) અનાદિઓનો સ્વામી
પરમ્બ્રહ્મ	= પરમ બ્રહ્મ
ન	= નથી
સત્	= સત્
ઉચ્યતે	= કહેવાતો (કે)
ન	= નથી
અસત્	= અસત્.

અને હે અર્જુન! જે જાણવાયોગ્ય તત્ત્વ છે તથા જેને જાણીને માણસ પરમાનંદને પ્રાપ્ત થાય છે, એને સમ્યક્ રીતે કહીશ. એ પ્રકૃતિ અને જીવાત્મા - એ બે અનાદિઓનો સ્વામી પરમ બ્રહ્મ નથી સત્ કહેવાતો કે નથી અસત્. ॥ ૧૨॥

પ્રશ્ન : જેનું વર્ણન કરવાની ભગવાને પ્રતિજ્ઞા કરી છે તે 'જ્ઞેયમ્' પદ અહીં કોનું વાચક છે?

ઉત્તર : અહીં 'જ્ઞેયમ્' પદ સચ્ચિદાનંદઘન નિર્ગુણ અને સગુણ બ્રહ્મનું વાચક છે; કારણ કે આ જ પ્રકરણમાં સ્વયં ભગવાને જ તેને નિર્ગુણ અને ગુણોનો ભોક્તા બતાવેલ છે.

પ્રશ્ન : તે જ્ઞેયને જાણી લેવાથી જેની પ્રાપ્તિ થાય છે તે 'અમૃત' શું છે?

ઉત્તર : 'અમૃત' પદ અહીં પરમાનંદસ્વરૂપ પરમાત્માનું વાચક છે. અહીં અભિપ્રાય એવો છે કે જાણવા યોગ્ય પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનથી મનુષ્ય હંમેશ માટે જન્મ-મરણરૂપી સંસાર-બંધનમાંથી મુક્ત થઈને પરમાનંદસ્વરૂપ પરબ્રહ્મને પામી લે છે. આને જ પરમગતિ અને પરમપદની પ્રાપ્તિ પણ કહે છે.

પ્રશ્ન : 'અનાદિમત્' પદનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ જ અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં ભગવાને પ્રકૃતિ અને જીવાત્માને અનાદિ બતાવ્યાં છે. આ બન્નેના સ્વામી હોવાને કારણે પરબ્રહ્મ પુરુષોત્તમને 'અનાદિમત્' અર્થાત્ અનાદિવાળા કહે છે.

પ્રશ્ન : 'પરમ્' વિશેષણની સાથે 'બ્રહ્મ' પદનો શો અર્થ છે?

ઉત્તર : અહીં 'પરમ્' વિશેષણની સાથે 'બ્રહ્મ' પદનો પ્રયોગ તે જ્ઞેય તત્ત્વ જ નિર્ગુણ, નિરાકાર, સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મા છે એ બતાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યો છે. 'બ્રહ્મ' પદ વેદ, બ્રહ્મા અને પ્રકૃતિનું પણ વાચક હોઈ શકે છે, તેથી જ્ઞેય તત્ત્વનું સ્વરૂપ તેઓથી વિલક્ષણ છે એ બતાવવા માટે 'બ્રહ્મ' પદની સાથે 'પરમ્' વિશેષણનો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : તે પરબ્રહ્મ પરમાત્માને 'સત્' અને 'અસત્' શા માટે ન કહી શકાય?

ઉત્તર : જે વસ્તુને પ્રમાણો દ્વારા સિદ્ધ કરવામાં આવે છે તેને 'સત્' કહે છે. સ્વતઃપ્રમાણ નિત્ય અવિનાશી પરમાત્માને કોઈ પણ પ્રમાણ દ્વારા સિદ્ધ ન કરી શકાય; કારણ કે પરમાત્માથી જ સૌની સિદ્ધિ થાય છે, પરમાત્મા સુધી કોઈ પણ પ્રમાણ પહોંચી ન શકે. શ્રુતિએ પણ કહ્યું છે કે 'તે જાણનારાને કેવી રીતે જાણી શકાય?' તે પ્રમાણો વડે જાણી શકાય તેવી વસ્તુઓથી અત્યંત વિલક્ષણ છે, તેથી પરમાત્માને 'સત્' ન કહી શકાય. તેમ જ જે વસ્તુનું વાસ્તવમાં કોઈ અસ્તિત્વ જ નથી હોતું તેને 'અસત્' કહે છે. પણ પરબ્રહ્મ પરમાત્માનું અસ્તિત્વ નથી એવી વાત નથી. તે અવશ્ય છે, અને તે છે - તેથી જ બીજા બધાયનું હોવું (અસ્તિત્વ) પણ સિદ્ધ થાય છે. તેથી તેને 'અસત્' પણ ન કહી શકાય. તેથી પરમાત્મા 'સત્' અને 'અસત્' બન્નેથી પર છે.

પ્રશ્ન : નવમા અધ્યાયના ઓગણીસમા

શ્લોકમાં તો ભગવાને કહ્યું છે કે 'सत्' પણ હું છું અને 'असत्' પણ હું છું; અને અહીં ભગવાન એમ કહે છે કે તે જાણવા યોગ્ય પરમાત્માને ન તો 'सत्' કહી શકાય અને ન તો 'असत्' કહી શકાય. તેથી આ વિરોધનું શું સમાધાન છે?

ઉત્તર : વાસ્તવમાં એમાં કોઈ પણ પ્રકારનો વિરોધ છે જ નહીં, કારણ કે જ્યાં પરમાત્માના સ્વરૂપનું વર્ણન વિધિમુખથી કરવામાં આવે છે ત્યાં એમ જ સમજાવવામાં આવે છે કે જે કશુંય છે તે બધું બ્રહ્મ જ છે; અને જ્યાં નિષેધમુખથી વર્ણન થાય છે ત્યાં એમ કહેવામાં આવે છે કે તે 'આવો પણ નથી, આવો પણ નથી', પણ છે અવશ્ય. તેથી અહીં વિધિમુખથી વર્ણન છે, તેથી ભગવાનનું એ કથન કે 'सत्' પણ હું જ છું અને 'असत्' પણ હું જ છું, ઉચિત જ છે. પણ વાસ્તવમાં તે પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું વર્ણન નથી તો વિધિમુખથી થઈ શકતું અને નથી તો નિષેધમુખથી થઈ શકતું. તેના વિષે જે કંઈ પણ કહેવામાં આવે છે તે બધું માત્ર શાખાચન્દ્રન્યાયથી તેને લક્ષ્ય કરાવવા માટે જ છે, તેના સાક્ષાત્ સ્વરૂપનું વર્ણન વાણી વડે થઈ જ શકતું નથી. શ્રુતિ પણ કહે છે - 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।' (તૈત્તિરીય ઉપ૦ ૨/૯) અર્થાત્ 'મનની સાથે વાણી જેને નહિ પામીને પાછી આવી જાય છે (તે બ્રહ્મ છે).' આ જ વાતને સ્પષ્ટ કરવા માટે ભગવાને અહીં નિષેધમુખથી કહ્યું છે કે તેને ન તો 'सत्' કહી શકાય અને ન તો 'असत्' પણ કહી શકાય. અર્થાત્ હું જે શેય વસ્તુનું વર્ણન કરવા ઇચ્છું છું તેનું વાસ્તવિક સ્વરૂપ તો મન, વાણીનો વિષય નથી; તેથી તેનું જેટલું જે કંઈ વર્ણન કરવામાં આવે તેને તેનું તટસ્થ લક્ષણ જ માનવું જોઈએ.

સંબંધ : આ પ્રમાણે જ્ઞેય તત્ત્વના વર્ણનની પ્રતિજ્ઞા કર્યા પછી તે તત્ત્વનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું; પણ તે જ્ઞેય તત્ત્વ તો ઘણું ગહન છે. તેથી સાધકોને તેનું જ્ઞાન કરાવવા માટે સર્વવ્યાપકત્વ વગેરે લક્ષણો વડે ફરીથી તેનું વિસ્તારથી ભગવાન વર્ણન કરે છે -

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम्।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३॥*

तत्	= એ	श्रुतिमत्	ધરાવનાર છે
सर्वतःपाणि-	= સર્વ તરફ હાથ-પગ	(यतः)	= કેમકે
पादम्	ધરાવનાર,	लोके	= સંસારમાં (એ)
सर्वतोऽक्षि-	= સર્વ તરફ આંખ, મસ્તક અને	सर्वम्	= સૌને
शिरोमुखम्	મુખ ધરાવનાર (અને)	आवृत्य	= વ્યાપીને
सर्वतः-	= સર્વ તરફ કાન	तिष्ठति	= સ્થિત છે.

પરંતુ એ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર, સર્વ તરફ આંખ, મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે, કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે ॥ ૧૩॥

પ્રશ્ન : 'તે બધે જ હાથ-પગવાળો છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી એવો ભાવ દર્શાવ્યો છે કે તે પરબ્રહ્મ પરમાત્મા બધી બાજુ હાથવાળો છે. તેને કોઈ પણ વસ્તુ કોઈ પણ સ્થળે સમર્પિત કરવામાં આવે, તેને તત્કાલ ત્યાંથી જ ગ્રહણ કરવામાં તે સમર્થ છે. તે જ પ્રમાણે તે બધે જ પગવાળો છે. કોઈ પણ ભક્ત કોઈ પણ સ્થળેથી તેનાં ચરણોમાં પ્રણામ વગેરે કરે, તો તે ત્યાં જ તેનો સ્વીકાર કરી લે છે; કારણ કે તે સર્વશક્તિમાન હોવાને કારણે બધી જ જગ્યાએ

* આ શ્લોક શ્વેતાશ્વતરોપનિષદમાં અક્ષરશઃ આવેલો છે. (૩/૧૬)

બધી જ ઇન્દ્રિયોનું કામ તે કરી શકે છે. તેની હસ્તેન્દ્રિયનું કામ કરનારી ગ્રહણ-શક્તિ અને પાદેન્દ્રિયનું કામ કરનારી ચલણ-શક્તિ સર્વત્ર વ્યાપ્ત છે.

પ્રશ્ન : 'બધી બાજુએ તે નેત્ર, શિર અને મુખવાળો છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથન વડે પણ તે જ્ઞેય તત્ત્વની સર્વવ્યાપકતાનો જ ભાવ દર્શાવવામાં આવ્યો છે. અભિપ્રાય એવો છે કે તે સર્વત્ર આંખવાળો છે. એવું કોઈ પણ સ્થળ નથી, જ્યાં તે જોઈ શકતો ન હોય; તેથી તેનાથી કશુંય પણ છુપાયેલું નથી. તે બધે જ શિરવાળો છે. કોઈ પણ સ્થળે જ્યાં ભક્ત લોકો તેનો સત્કાર કરવાના ઉદ્દેશ્યથી પુષ્પ વગેરે તેના માથે ચઢાવે છે, તે બધું જ બરાબર તેના પર જ ચઢે છે; એવું કોઈ પણ સ્થળ નથી જ્યાં ભગવાનનું મસ્તક ન હોય. તે બધે જ મુખવાળો છે. તેના ભક્તો જે કોઈ પણ સ્થળે તેને ખાવાની વસ્તુ સમર્પિત કરે છે ત્યાં જ તે વસ્તુઓનો સ્વીકાર કરી શકે છે. એવી કોઈ પણ જગ્યા નથી જ્યાં તેનું મુખ નથી. અર્થાત્ તે જ્ઞેય સ્વરૂપ પરમાત્મા બધાનો જ સાક્ષી છે, બધું જ જોનારો છે અને બધાંની પૂજા અને ભોગનો સ્વીકાર કરવાને શક્તિમાન છે.

પ્રશ્ન : 'તે બધી બાજુએ કાનવાળો છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી પણ જ્ઞેયસ્વરૂપ પરમાત્માની સર્વવ્યાપકતાનું જ વર્ણન કરવામાં આવ્યું છે. અહીં અભિપ્રાય એવો છે કે તે પરમાત્મા બધી જ જગ્યાએ સાંભળવાની શક્તિ ધરાવે છે. તેના ભક્તો જે કોઈ સ્થળે તેની સ્તુતિ કરે છે અથવા તેની પ્રાર્થના કરે છે, વિનંતી કરે છે તે બધાને તે સમ્યક્‌પણે સાંભળે છે.

પ્રશ્ન : 'સંસારમાં તે સૌને વ્યાપ્ત કરીને સ્થિત છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'આ કથનથી પણ તે જ્ઞેયતત્ત્વની સર્વવ્યાપકતાનું જ સમગ્ર રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં અભિપ્રાય એવો છે કે આકાશ જે રીતે વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીનું કારણ છે અને તેથી તેઓને વ્યાપ્ત કરીને સ્થિત છે તે જ રીતે તે જ્ઞેયસ્વરૂપ પરમાત્મા પણ આ ચરાચર જીવસમૂહસહિત સમસ્ત જગતનું કારણ હોવાને કારણે બધાંને જ વ્યાપ્ત કરીને સ્થિત છે, તેથી સર્વ કાંઈ તેનાથી જ પરિપૂર્ણ છે.

સંબંધ : જ્ઞેય સ્વરૂપ પરમાત્માને બધી જ બાજુએ હાથ, પગ વગેરે સમસ્ત ઇન્દ્રિયોની શક્તિવાળો બતાવ્યા પછી હવે તેના (પરમાત્માના) સ્વરૂપની અલૌકિકતાનું ભગવાન નિરૂપણ કરે છે –

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १४॥

सर्वेन्द्रिय-	= (એ) સઘળી ઇન્દ્રિયોના	असक्तम्	= આસક્તિ વિનાનો
गुणाभासम्	વિષયોને જાણનારો છે, (છતાં વાસ્તવમાં)	एव	= (હોવા છતાં) પણ
सर्वेन्द्रिय-	= સઘળી ઇન્દ્રિયો	सर्वभृत्	= સર્વનું ધારણ-પોષણ કરનારો
विवर्जितम्	વિનાનો છે	च	= અને
च	= તથા	निर्गुणम्	= નિર્ગુણ હોવા છતાં (પણ)
		गुणभोक्तृ	= ગુણોને ભોગવનારો છે.

અને એ સઘળી ઇન્દ્રિયોના વિષયોને જાણનારો છે, છતાં વાસ્તવમાં સઘળી ઇન્દ્રિયો વિનાનો છે તથા આસક્તિ વિનાનો હોવા છતાં પણ સર્વનું ધારણ-પોષણ કરનારો અને નિર્ગુણ હોવા છતાં પણ ગુણોને ભોગવનારો છે ॥ ૧૪॥

પ્રશ્ન : 'તે પરમાત્મા બધી ઇન્દ્રિયોના વિષયોને જાણનારો છે, પણ વાસ્તવમાં તે બધી ઇન્દ્રિયોથી રહિત છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી એમ દર્શાવવામાં આવ્યું છે કે તે જ્ઞેયસ્વરૂપ પરમાત્માનું સગુણ રૂપ પણ ખૂબ જ અદ્‌ભુત અને અલૌકિક છે. અહીં અભિપ્રાય એવો છે કે તેરમા શ્લોકમાં તેને (જ્ઞેય સ્વરૂપને) બધી જ જગ્યાએ હાથ-પગવાળો અને અન્ય બધી ઇન્દ્રિયોવાળો બતાવવામાં આવ્યો છે તેનાથી એમ નહિ સમજી લેવું જોઈએ કે તે જ્ઞેય પરમાત્મા અન્ય જીવોની જેમ હાથ-પગ વગેરે ઇન્દ્રિયોવાળો છે; તે આવા પ્રકારની ઇન્દ્રિયોથી સર્વથા રહિત છે, તોપણ સર્વત્ર તે ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવામાં સમર્થ છે. તેથી તેને બધે બધી ઇન્દ્રિયોવાળો અને બધી ઇન્દ્રિયોથી રહિત કહેવામાં આવ્યો છે.

શ્રુતિમાં પણ કહ્યું છે -

अपाणिपादो जवनो ग्रहीता
पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।

(શ્વેતાશ્વતરોપનિષદ ૩/૧૯)

અર્થાત્ 'તે પરમાત્મા હાથ-પગ ન હોવા છતાં વેગથી ચાલે છે અને ગ્રહણ કરે છે તથા નેત્ર વગર જોઈ શકે છે અને કાન વગર પણ સાંભળી શકે છે.' તેથી તેનું સ્વરૂપ અલૌકિક છે, આ વર્ણનમાં આ જ વાત જ સમજાવવામાં આવી છે.

પ્રશ્ન : 'તે આસક્તિરહિત છે, તોપણ તે બધાંનું ધારણ-પોષણ કરનારો છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે કે જેમ સંસારમાં માતા-પિતા વગેરે આસક્તિવશ થઈને પોતાના પરિવારનું ભરણ-પોષણ કરે છે, તે પરબ્રહ્મ પરમાત્મા તે જ રીતે ધારણ-ભરણ-પોષણ કરનારો નથી. તે કોઈ પણ પ્રકારની આસક્તિ વગર સર્વેનું ધારણ-ભરણ-પોષણ કરે છે. તેથી ભગવાનને બધાં જ પ્રાણીઓના સુહૃદ અર્થાત્ કોઈ પણ કારણ વગર હિત કરનારો કહેવામાં આવ્યો છે (૫/૨૯). અહીં અભિપ્રાય એવો છે કે તે જ્ઞેયસ્વરૂપ સર્વવ્યાપી પરમાત્મા વાસ્તવમાં આસક્તિના દોષથી સર્વથા રહિત છે, તોપણ પ્રકૃતિના સંબંધને કારણે સર્વેનું ધારણ-ભરણ-પોષણ કરનારો છે, આ જ એની અલૌકિકતા છે.

પ્રશ્ન : 'તે ગુણોથી અતીત છે તોપણ ગુણોને ભોગવનારો છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી પણ તે પરમાત્માની અલૌકિકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં અભિપ્રાય એવો છે કે તે પરમાત્મા બધા ગુણોનો ભોક્તા હોવા છતાં પણ અન્ય જીવોની જેમ પ્રકૃતિના ગુણોથી લિપ્ત નથી. તે વાસ્તવમાં ગુણોથી સર્વથા અલિપ્ત છે, તોપણ પ્રકૃતિના સંબંધને કારણે સમસ્ત ગુણોનો ભોક્તા છે. આ જ તેની અલૌકિકતા છે.

बहिरन्तश्च भूतानामचरं चरमेव च।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥ १५॥

भूतानाम्	= (એ) ચરાચર સર્વ ભૂતોની
बहिः, अन्तः	= અંદર-બહાર (પૂર્ણરૂપે વ્યાપેલો છે)
च	= તેમ જ
चरम्, अचरम्	= ચર-અચરરૂપે
एव	= પણ (એ જ છે)
च	= અને
तत्	= એ
सूक्ष्मत्वात्	= સૂક્ષ્મ હોવાને લીધે
अविज्ञेयम्	= જાણી શકાતો નથી
च	= તથા
अन्तिके	= એકદમ પાસે
च	= તેમ જ
दूरस्थम्	= ઘણો દૂર પણ રહેલો
तत्	= એ જ છે.

અને એ ચરાચર સર્વ ભૂતોની અંદર-બહાર પૂર્ણરૂપે વ્યાપેલો છે તેમ જ ચર-અચરરૂપે પણ એ જ છે અને એ સૂક્ષ્મ હોવાને લીધે જાણી શકાતો નથી તથા એકદમ પાસે તેમ જ ઘણો દૂર રહેલો પણ એ જ છે. ॥ ૧૫॥*

પ્રશ્ન : 'તે જ્ઞેયસ્વરૂપ પરમાત્મા બધાં ભૂતોની બહાર અને અંદર પરિપૂર્ણ છે - એ કેવી રીતે?

ઉત્તર : જે પ્રમાણે સમુદ્રમાં પડેલા બરફમાં બહાર અને અંદર બધે પાણી જ પાણી હોય છે, તે જ પ્રમાણે સમસ્ત ચરાચર ભૂતોની બહાર અને અંદર તે જ્ઞેયસ્વરૂપ પરમાત્મા પરિપૂર્ણ છે.

પ્રશ્ન : 'ચર અને અચર પણ તે જ છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : પહેલા વાક્યમાં એ વાત કહેવામાં આવી છે કે તે પરમાત્મા ચરાચર ભૂતોની અંદર પણ છે અને બહાર પણ છે; તેથી કોઈએ એમ નહિ સમજી લેવું જોઈએ કે ચરાચર ભૂતો તેનાથી ભિન્ન હશે. આ જ વાત સ્પષ્ટ કરવા માટે (ભગવાન) કહે છે કે ચરાચર ભૂતો પણ તે જ છે. અર્થાત્ જેમ બરફની અંદર અને બહાર પણ જળ છે અને બરફ પોતે પણ વાસ્તવમાં જળ જ છે, જળથી ભિન્ન કોઈ અન્ય પદાર્થ નથી; તે જ પ્રમાણે આ સમસ્ત ચરાચર જગત તે પરમાત્માનું જ સ્વરૂપ છે, તેનાથી ભિન્ન નથી.

પ્રશ્ન : 'તે સૂક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : તે જ્ઞેયને સર્વરૂપ બતાવવાથી એમ શંકા થાય છે કે જો તે જ બધું છે, તો પછી બધાં એને શા માટે જાણતાં નથી? તો, આ શંકાનું નિવારણ કરવા માટે (ભગવાન) કહે છે કે જેમ સૂર્યનાં કિરણોમાં સ્થિત પરમાણુરૂપી જળ સાધારણ મનુષ્યોના જાણવામાં આવતું નથી - તેમને માટે તે દુર્વિજ્ઞેય છે, તે જ પ્રમાણે તે સર્વવ્યાપી પરબ્રહ્મ પરમાત્મા પણ તે પરમાણુરૂપી જળ કરતાં પણ અત્યંત સૂક્ષ્મ હોવાને કારણે સાધારણ મનુષ્યોના જાણવામાં આવતા નથી, તેથી તે અવિજ્ઞેય છે.

પ્રશ્ન : 'તે અતિ સમીપ છે અને દૂર પણ સ્થિત છે' - આમ કેમ બની શકે?

ઉત્તર : સંપૂર્ણ જગતમાં તેમ જ જગતની બહાર એવી કોઈ પણ જગ્યા નથી કે જ્યાં પરમાત્મા ન હોય. તેથી તે અત્યંત સમીપ પણ છે અને ખૂબ દૂર પણ છે; કારણ કે મનુષ્ય જેને દૂર સમજે છે અથવા નજીક માને છે તે બધાં જ સ્થાનોમાં તે વિજ્ઞાનાનન્દઘન પરમાત્મા હંમેશાં પરિપૂર્ણ છે જ. તેથી આ તત્ત્વને સમજનારા શ્રદ્ધાવાન મનુષ્યો માટે તે પરમાત્મા અત્યંત સમીપ છે અને શ્રદ્ધાહીન લોકો માટે તે અત્યંત દૂર છે.

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६॥

अविभक्तम्	= (એ પરમાત્મા,) અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ પરિપૂર્ણ હોવા છતાં	तत्	= એ
		ज्ञेयम्	= જાણવાયોગ્ય પરમાત્મા
च	= પણ	भूतभर्तृ	= વિષ્ણુરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો
भूतेषु	= ચરાચર બધાં ભૂતોમાં	च	= અને
विभक्तम्, इव	= જાણે વિભાજિત હોય એમ	ग्रसिष्णु	= રુદ્રરૂપે સંહાર કરનારો
स्थितम्	= સ્થિત (જણાય છે)	च	= તેમ જ
च	= તથા	प्रभविष्णु	= બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે.

* શ્રુતિમાં પણ કહ્યું છે, 'तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके। तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः॥' (ઈશોપનિષદ ૫)

અર્થાત્ 'તે ચાલે પણ છે અને નથી પણ ચાલતો, તે દૂર પણ છે અને પાસે પણ છે. તે આ સંપૂર્ણ જગતની અંદર પણ છે અને આ બધાંથી બહાર પણ છે.'

અને એ પરમાત્મા, અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ પરિપૂર્ણ હોવા છતાં પણ ચરાચર બધાં ભૂતોમાં જાણે વિભાજિત હોય એમ સ્થિત જણાય છે તથા એ જાણવાયોગ્ય પરમાત્મા વિષ્ણુરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો, રુદ્રરૂપે સંહાર કરનારો તેમજ બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે ॥ ૧૬॥

પ્રશ્ન : 'અવિભક્ત હોવા છતાં બધાં જ પ્રાણીઓમાં વિભક્ત-જેવો સ્થિત છે' - આ વાક્યનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ વાક્યથી તે જાણવા યોગ્ય પરમાત્માના એકત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં અભિપ્રાય એવો છે કે જેમ મહાકાશ વાસ્તવમાં વિભાગરહિત છે તોપણ જુદા જુદા ઘડાઓના સંબંધથી વિભક્ત-જેવું પ્રતીત થાય છે - તેવી રીતે પરમાત્મા વાસ્તવમાં વિભાગરહિત છે, તોપણ સમસ્ત ચરાચર પ્રાણીઓમાં ક્ષેત્રજ્ઞરૂપથી જુદો જુદો સ્થિત છે, એવો ભાસ થાય છે. પણ આ જુદાપણું એ કેવળ એક પ્રતીતિમાત્ર છે. વાસ્તવમાં તે પરમાત્મા એક જ છે અને તે સર્વત્ર પરિપૂર્ણ છે.

પ્રશ્ન : 'ભૂતભર્તૃ', 'ગ્રસિષ્ણુ' અને 'પ્રભવિષ્ણુ' - આ પદોનો શો અર્થ છે? અને તેમનો પ્રયોગ અહીં કયા અભિપ્રાયથી થયો છે?

ઉત્તર : બધાં જ પ્રાણીઓને ધારણ કરનારાને અને તેઓનું પોષણ કરનારાને 'ભૂતભર્તૃ' કહે છે, સંપૂર્ણ જગતનો સંહાર કરનારાને 'ગ્રસિષ્ણુ' કહે છે અને સૌની ઉત્પત્તિ કરનારાને 'પ્રભવિષ્ણુ' કહે છે. આ ત્રણે પદોનો પ્રયોગ કરીને અહીં એવો ભાવ દર્શાવ્યો છે કે તે સર્વશક્તિમાન જ્ઞેયસ્વરૂપ પરમાત્મા સંપૂર્ણ ચરાચર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનારો છે. તે જ બ્રહ્માના રૂપમાં આ જગતને ઉત્પન્ન કરે છે, તે જ વિષ્ણુના રૂપમાં તેનું પાલન કરે છે અને તે જ રુદ્રના રૂપમાં આ જગતનો સંહાર કરે છે. અર્થાત્ તે પરમાત્મા જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે.

જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્તમસઃ પરમુચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ॥ ૧૭॥

તત્	= એ પરબ્રહ્મ
જ્યોતિષામ્	= જ્યોતિઓનો
અપિ	= પણ
જ્યોતિઃ	= જ્યોતિ (તેમ જ)
તમસઃ	= માયાથી
પરમ્	= સાવ પર
ઉચ્યતે	= કહેવાય છે; (એ પરમાત્મા)
જ્ઞાનમ્	= બોધસ્વરૂપ,
જ્ઞેયમ્	= જાણવા યોગ્ય (તેમ જ)
જ્ઞાનગમ્યમ્	= તત્ત્વજ્ઞાનથી પામવા યોગ્ય છે (અને)
સર્વસ્ય	= સૌના
હૃદિ	= હૃદયમાં
વિષ્ઠિતમ્	= વિશેષરૂપે રહેલો છે.

અને એ પરબ્રહ્મ જ્યોતિઓનો પણ જ્યોતિ તેમજ માયાથી સાવ પર કહેવાય છે; એ પરમાત્મા બોધસ્વરૂપ, જાણવા યોગ્ય તેમજ તત્ત્વજ્ઞાનથી પામવા યોગ્ય છે; અને સૌના હૃદયમાં વિશેષરૂપે રહેલો છે. ॥ ૧૭॥

પ્રશ્ન : 'તે પરબ્રહ્મ જ્યોતિઓની પણ જ્યોતિ છે' - એ કેવી રીતે?

ઉત્તર : ચન્દ્રમા, સૂર્ય, વીજળી, તારાઓ વગેરે જેટલી પણ બાહ્ય જ્યોતિઓ છે; બુદ્ધિ, મન અને ઇન્દ્રિયો વગેરે જેટલી પણ આધ્યાત્મિક જ્યોતિઓ છે; તથા વિભિન્ન લોકો અને વસ્તુઓના અધિષ્ઠાતા દેવતારૂપી જે દેવજ્યોતિઓ છે - તે સર્વેનો પ્રકાશક તે પરમાત્મા છે; અને તે સર્વમાં પ્રકાશ આપવાની જેટલી શક્તિ છે તે પણ તે પરબ્રહ્મ પરમાત્માનો જ એક અંશમાત્ર છે. તેથી તે સમસ્ત જ્યોતિઓની પણ જ્યોતિ છે અર્થાત્ સૌને પ્રકાશ આપનારો, સૌનો પ્રકાશક છે. તેનો પ્રકાશક અન્ય કોઈ નથી.

શ્રુતિમાં પણ કહ્યું છે - 'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भन्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति॥' (કઠોપનિષદ ૨/૨/૧૫; શ્વેતાશ્વતર ઉપ૦ ૬/૧૪) અર્થાત્ 'ત્યાં ન તો સૂર્ય પ્રકાશ કરે છે અને ન તો ચંદ્રમા અને તારાઓ પણ પ્રકાશ કરે છે. ત્યાં વીજળી પણ પ્રકાશ નથી કરતી, તો પછી આ અગ્નિની તો વાત જ ક્યાં રહી? તેના પ્રકાશિત થવાથી આ બધાં પ્રકાશમાન થાય છે અને તેના જ પ્રકાશથી આ સમસ્ત જગત પ્રકાશિત થાય છે.' ગીતામાં પણ પંદરમા અધ્યાયના બારમા શ્લોકમાં કહ્યું છે કે, 'જે તેજ સૂર્યમાં સ્થિત થઈને સમસ્ત જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમા અને અગ્નિમાં સ્થિત છે તે તેજને તું મારું જ તેજ સમજ.'

પ્રશ્ન : અહીં 'तमः' પદ કોનું વાચક છે? અને તે પરમાત્માને તેનાથી 'પર' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં 'तमः' પદ અંધકાર અને અજ્ઞાનનું વાચક છે; અને તે પરમાત્મા સ્વયંજ્યોતિ તથા જ્ઞાનસ્વરૂપ છે, અંધકાર અને અજ્ઞાન તેની નિકટ નથી રહી શકતાં. તેથી તેને તમથી અત્યંત 'પર' - આ સૌથી સર્વથા રહિત - બતાવવામાં આવ્યો છે.

પ્રશ્ન : અહીં 'ज्ञानम्' પદ કોનું વાચક છે? અને એના પ્રયોગનો શો ભાવ છે?

ઉત્તર : અહીં 'ज्ञानम्' પદ પરમાત્માના સ્વરૂપનું વાચક છે. આના પ્રયોગનો અભિપ્રાય એવો છે કે તે પરમાત્મા ચેતન અને બોધસ્વરૂપ છે.

પ્રશ્ન : અહીં ફરીથી તેને 'ज्ञेय' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : અહીં ફરીથી તેને 'ज्ञेय' કહીને એવો ભાવ દર્શાવ્યો છે કે બારમા શ્લોકમાં જે 'ज्ञेय'નું પ્રકરણ શરૂ કર્યું છે તે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું એ જ આ સંસારમાં મનુષ્ય-શરીરનું પરમ કર્તવ્ય છે. આ સંસારમાં જાણવા યોગ્ય એકમાત્ર પરમાત્મા જ છે. તેથી તેનું તત્ત્વ જાણવા માટે બધાંએ સંપૂર્ણપણે ઉદ્યોગ કરવો જોઈએ, પોતાના અમૂલ્ય જીવનને સાંસારિક ભોગોમાં લગાડીને નષ્ટ નહિ કરવું જોઈએ.

પ્રશ્ન : તેને 'ज्ञानगम्यम्' કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'ज्ञेयम्' પદથી એમ જણાવ્યું છે કે તેને (પરમાત્માને) જાણવો જરૂરી છે. તેથી એમ પ્રશ્ન થઈ શકે છે કે તેને કેવી રીતે જાણવો જોઈએ. તેથી (ભગવાન) કહે છે કે તે જ્ઞાનગમ્ય છે અર્થાત્ અગાઉ જણાવેલ અમાનિત્વ વગેરે જ્ઞાનનાં સાધનોથી પ્રાપ્ત તત્ત્વજ્ઞાન વડે તે (પરમાત્મા) જાણવામાં આવે છે. તેથી તે સાધનો વડે તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરીને પરમાત્માને જાણવો જોઈએ.

પ્રશ્ન : અગાઉના શ્લોકોમાં તે પરમાત્માને સર્વત્ર વ્યાપ્ત બતાવવામાં આવ્યો છે, તો પછી અહીં 'हृदि सर्वस्य विष्ठितम्' આ કથનથી તે પરમાત્મા કેવળ સૌના હૃદયમાં જ સ્થિત છે - એમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : તે પરમાત્મા બધી જ જગ્યાએ સમાન ભાવથી પરિપૂર્ણ હોવા છતાં પણ હૃદયમાં તેની વિશેષ અભિવ્યક્તિ છે. જેમ સૂર્યનો પ્રકાશ સર્વત્ર સમાનરૂપથી વિસ્તૃત રહેવા છતાં પણ દર્પણ વગેરેમાં તેના પ્રતિબિંબની વિશેષ અભિવ્યક્તિ થાય છે તથા સૂર્યમુખી કાચમાં (બીલોરી કાચમાં) તેનું તેજ પ્રત્યક્ષ પ્રગટ થઈને અગ્નિ ઉત્પન્ન કરે છે; અન્ય પદાર્થોમાં તેની એવી અભિવ્યક્તિ નથી થતી. તે જ રીતે હૃદય તે પરમાત્માની ઉપલબ્ધિનું સ્થાન છે. જ્ઞાનીના હૃદયમાં તો તે પ્રત્યક્ષ જ પ્રગટ થાય છે. આ જ વાતને સમજાવવા માટે તેને (પરમાત્માને) સૌના હૃદયમાં વિશેષરૂપથી સ્થિત બતાવવામાં આવ્યો છે.

સંબંધ : આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયના સ્વરૂપનું સંક્ષેપમાં વર્ણન કરીને હવે આ પ્રકરણને જાણવાનું ફળ શું છે એ વિષે ભગવાન કહે છે –

ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥ ૧૮॥

ઇતિ	= આ પ્રમાણે	ઉક્તમ્	= કહ્યું;
ક્ષેત્રમ્, તથા	= ક્ષેત્ર અને	મદ્ભક્તઃ	= મારો ભક્ત
જ્ઞાનમ્	= જ્ઞાન	એતત્	= એને
ચ	= તેમ જ	વિજ્ઞાય	= તત્ત્વથી જાણીને
જ્ઞેયમ્	= જાણવા યોગ્ય પરમાત્માનું સ્વરૂપ	મદ્ભાવાય	= મારા સ્વરૂપને
સમાસતઃ	= ટૂંકમાં	ઉપપદ્યતે	= પામે છે.

હે અર્જુન! આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન તેમજ જાણવા યોગ્ય પરમાત્માનું સ્વરૂપ ટૂંકમાં કહ્યું; મારો ભક્ત એને તત્ત્વથી જાણીને મારા સ્વરૂપને પામે છે ॥ ૧૮॥

પ્રશ્ન : અહીં સુધી ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ કયા-કયા શ્લોકોમાં કહેવામાં આવ્યું છે?

ઉત્તર : પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં વિકારો સહિત ક્ષેત્રના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. સાતમાથી અગિયારમા શ્લોક સુધી જ્ઞાનના નામથી જ્ઞાનનાં વીસ સાધનોનું તથા બારમાથી સત્તરમા શ્લોક સુધી જ્ઞેય અર્થાત્ જાણવા યોગ્ય પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : 'मद्भक्तः' પદના પ્રયોગનો શો અભિપ્રાય છે? અને તે ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને જાણી લેવાં - એ શું છે? તથા ભગવદ્ભાવને પામવો એ શું છે?

ઉત્તર : 'मद्भक्तः' પદ અહીં ભગવાનનું ભજન, ધ્યાન, આજ્ઞાપાલન, પૂજન અને સેવા વગેરે રૂપમાં ભક્તિ કરનારા ભગવદ્ભક્તનું વાચક છે. આના પ્રયોગથી ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે આ જ્ઞાનમાર્ગમાં પણ મારા શરણે આવેલો સાધક (ઉપર્યુક્ત સાધન કરીને) સહેજમાં જ પરમપદને પામી શકે છે.

અહીં ક્ષેત્રને પ્રકૃતિનું કાર્ય, જડ, વિકારી, અનિત્ય અને નાશવંત માનવું, જ્ઞાનનાં સાધનોને સમ્યક્‌પણે ધારણ કરવાં અને તે સાધનો વડે ભગવાનના નિર્ગુણ, સગુણ રૂપને સમ્યક્‌પણે સમજી લેવું - એને જ ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને જાણી લેવાં કહેવાય. તથા તે જ્ઞેયસ્વરૂપ પરમાત્માને પામી લેવા એને જ ભગવદ્ભાવને પામી લેવો કહેવાય.

સંબંધ : ત્રીજા શ્લોકમાં ભગવાને ક્ષેત્ર વિષે ચાર વાતો અને ક્ષેત્રજ્ઞ વિષે બે વાતો સંક્ષેપમાં સાંભળવા માટે અર્જુનને કહ્યું હતું અને પછી વિષયનો આરંભ કરતાં જ ક્ષેત્રના સ્વરૂપનું અને તેના વિકારોનું વર્ણન કરવા ઉપરાંત ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના તત્ત્વને સમ્યક્‌પણે જાણી લેવાનાં ઉપાયભૂત સાધનોનું અને જાણવા યોગ્ય પરમાત્માના સ્વરૂપનું વર્ણન પ્રસંગવશ કરવામાં આવ્યું, તેથી ક્ષેત્રના વિષયમાં તેના સ્વભાવનું વર્ણન નથી થયું, તેમ જ કયા કારણે કયું કાર્ય ઉત્પન્ન થાય છે તે વિષેનું તેમ જ પ્રભાવસહિત ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું વર્ણન પણ થયું નથી. તેથી હવે આ સર્વનું વર્ણન કરવા માટે ફરીથી પ્રકૃતિ અને પુરુષના નામથી ભગવાન પ્રકરણનો આરંભ કરે છે. પ્રકરણ આરંભ કરતા પહેલાં ભગવાન જણાવે છે કે પ્રકૃતિ અને પુરુષ અનાદિ છે અને સમસ્ત ગુણો અને વિકારો પ્રકૃતિજન્ય છે –

પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ।
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ ॥ ૧૯॥

પ્રકૃતિમ્	= મૂળ પ્રકૃતિ	વિકારાન્	= રાગ-દ્વેષ આદિ વિકારોને
ચ	= અને	ચ	= તથા
પુરુષમ્	= પુરુષ –	ગુણાન્	= ત્રિગુણાત્મક બધાય પદાર્થોને
ઉભૌ, એવ	= આ બેયને (તું)	અપિ	= પણ
અનાદી	= અનાદિ	પ્રકૃતિસમ્ભવાન્	= પ્રકૃતિથી ઉદ્ભવેલા
વિદ્ધિ	= જાણ	એવ	= જ
ચ	= અને	વિદ્ધિ	= જાણ.

અને હે અર્જુન! મૂળ પ્રકૃતિ અને પુરુષ - એ બેયને તું અનાદિ જાણ અને રાગ-દ્વેષ આદિ વિકારોને તથા ત્રિગુણાત્મક બધાય પદાર્થોને પણ પ્રકૃતિથી ઉદ્ભવેલા જાણ. ॥ ૧૯॥

પ્રશ્ન : આ શ્લોકમાં 'પ્રકૃતિ' શબ્દ કોનો વાચક છે? અને સાતમા અધ્યાયના ચોથા અને પાંચમા શ્લોકોમાં જેનું વર્ણન 'અપરા પ્રકૃતિ'ના નામથી થયું છે અને આ જ અધ્યાયના પાંચમા શ્લોકમાં જે ક્ષેત્રનું સ્વરૂપ બતાવ્યું છે, તેમનામાં અને આ પ્રકૃતિમાં શો તફાવત છે?

ઉત્તર : અહીં 'પ્રકૃતિ' શબ્દ ઈશ્વરની અનાદિસિદ્ધ મૂળ પ્રકૃતિનો વાચક છે. ચૌદમા અધ્યાયમાં આને જ મહદ્બ્રહ્મના નામથી ઓળખાવવામાં આવી છે. સાતમા અધ્યાયના ચોથા અને પાંચમા શ્લોકોમાં અપરા પ્રકૃતિના નામથી અને આ અધ્યાયના પાંચમા શ્લોકમાં ક્ષેત્રના નામથી પણ એનું વર્ણન કરવામાં આવ્યું છે. તફાવત માત્ર એટલો જ છે કે ત્યાં તેના કાર્યનું - મન, બુદ્ધિ, અહંકાર, અને પંચમહાભૂતાદિ સહિત મૂળ પ્રકૃતિનું વર્ણન છે અને અહીં માત્ર 'મૂળ પ્રકૃતિ'નું વર્ણન છે.

પ્રશ્ન : 'પ્રકૃતિ' અને 'પુરુષ' આ બન્ને અનાદિ છે એમ તું જાણી લે – આ કથનનો શો અભિપ્રાય છે? તેમ જ 'ચ' અને 'એવ' - આ બન્ને પદોનો પ્રયોગ અહીં શા માટે થયો છે?

ઉત્તર : 'પ્રકૃતિ' અને 'પુરુષ' આ બન્ને સમાન રૂપથી અનાદિ છે એ વાતને જાણી લેવા માટે અર્થાત્ આ લક્ષણમાં બન્નેની એકતા કરવા માટે જ 'ચ' અને 'એવ' – આ બન્ને પદોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. બન્નેને અનાદિ સમજવાં એમ કહેવાનો અભિપ્રાય એવો છે કે જીવનું જીવત્વ અર્થાત્ પ્રકૃતિની સાથે તેનો સંબંધ કોઈ કારણ અથવા હેતુથી થનારો કે આગંતુક નથી, પણ આ સંબંધ અનાદિસિદ્ધ છે તથા આ પ્રકારે ઈશ્વરની શક્તિ, આ પ્રકૃતિ પણ અનાદિસિદ્ધ છે એમ સમજવું જોઈએ.

પ્રશ્ન : અહીં 'વિકારાન્' પદ કોનું વાચક છે? અને 'ગુણાન્' પદ કોનું વાચક છે? તથા 'આ બન્નેને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં જાણ' એમ કહેવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ જ અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં જે ઇચ્છા-દ્વેષ, સુખ-દુઃખ વગેરે વિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે; તે સર્વેનું વાચક અહીં 'વિકારાન્' પદ છે; તથા સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણોનું અને આનાથી ઉત્પન્ન સમસ્ત જડ પદાર્થોનું વાચક અહીં 'ગુણાન્' પદ છે. આ બન્નેને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં જાણ - એમ કહેવા પાછળ ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણોનું નામ પ્રકૃતિ નથી; પ્રકૃતિ અનાદિ છે. આ ત્રણે ગુણો સૃષ્ટિના આરંભમાં તેનાથી (પ્રકૃતિથી) ઉત્પન્ન થાય છે. (ભાગવત - ૨/૫/૨૨ અને ૧૧/૨૪/૫) - આ જ વાતને સ્પષ્ટ કરવા માટે ભગવાને ચૌદમા અધ્યાયના પાંચમા શ્લોકમાં સત્ત્વ, રજ અને તમ

- આ પ્રમાણે ત્રણે ગુણોનાં નામ આપીને ત્રણેને પ્રકૃતિ-સંભવ બતાવ્યા છે. આ સિવાય ત્રીજા અધ્યાયના પાંચમા શ્લોકમાં અને અઢારમા અધ્યાયના ચાલીસમા શ્લોકમાં તથા આ જ અધ્યાયના એકવીસમા શ્લોકમાં પણ ગુણોને પ્રકૃતિજન્ય બતાવ્યા છે. ત્રીજા અધ્યાયના સત્તાવીસમા અને ઓગણત્રીસમા શ્લોકોમાં પણ ગુણોનું વર્ણન પ્રકૃતિના કાર્યરૂપમાં થયું છે. તેથી સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણોને અને તેમનાં કાર્યોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં સમજવાં જોઈએ તથા આ જ પ્રમાણે સમસ્ત વિકારોને પણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સમજવા જોઈએ.

સંબંધ : ત્રીજા શ્લોકમાં, જેનાથી જે ઉત્પન્ન થયું છે, આ વાત સાંભળવા માટે કહેવામાં આવ્યું હતું, તેનું વર્ણન અગાઉના શ્લોકમાં ઉત્તરાર્ધ ભાગમાં થોડુંક કરવામાં આવ્યું છે. હવે આ જ વાતની થોડીક ચર્ચા આ શ્લોકના પૂર્વાર્ધમાં કરીને એના ઉત્તરાર્ધમાં અને એકવીસમા શ્લોકમાં પ્રકૃતિમાં સ્થિત પુરુષના સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે –

કાર્યકરણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।
પુરુષઃ સુખદુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ॥ ૨૦॥

કાર્યકરણકર્તૃત્વે	= કાર્યો અને કરણોને ઉત્પન્ન કરવામાં	સુખદુઃખાનામ્	= સુખ-દુઃખોનો
પ્રકૃતિઃ	= પ્રકૃતિ	ભોક્તૃત્વે	= અનુભવ થવામાં
હેતુઃ	= કારણ	પુરુષઃ	= જીવાત્મા
ઉચ્યતે	= કહેવાય છે (અને)	હેતુઃ	= કારણ
		ઉચ્યતે	= કહેવાય છે.

કારણ કે કાર્યો અને કરણોને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ કહેવાય છે અને સુખ-દુઃખોનો અનુભવ થવામાં જીવાત્મા કારણ કહેવાય છે. ॥ ૨૦॥

પ્રશ્ન : 'કાર્ય' અને 'કરણ' શબ્દો કયાં કયાં તત્ત્વોના વાચક છે? અને તેમના કર્તૃત્વમાં પ્રકૃતિને હેતુરૂપ દર્શાવવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચે સૂક્ષ્મ મહાભૂતો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે ઇંન્દ્રિયોના વિષયો - આ દસેનો વાચક અહીં 'કાર્ય' શબ્દ છે. બુદ્ધિ, અહંકાર અને મન એ ત્રણે અંતઃકરણો; શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ એ પાંચે જ્ઞાનેન્દ્રિયો તેમ જ વાક્, હસ્ત, પાદ, ઉપસ્થ અને ગુદા એ પાંચે કર્મેન્દ્રિયો, આ તેરનો વાચક 'કરણ' શબ્દ છે. આ ત્રેવીસ તત્ત્વો પ્રકૃતિથી જ ઉત્પન્ન થાય છે, પ્રકૃતિ જ તેમનું ઉપાદાનકારણ છે; તેથી પ્રકૃતિને આ સર્વેને ઉત્પન્ન કરવામાં હેતુરૂપ બતાવવામાં આવી છે.

પ્રશ્ન : આ ત્રેવીસ તત્ત્વોમાં એકથી બીજાની ઉત્પત્તિ કેવી રીતે માનવામાં આવે છે?

ઉત્તર : પ્રકૃતિથી મહત્તત્ત્વની, મહત્તત્ત્વથી અહંકારની, અહંકારથી પાંચ સૂક્ષ્મ મહાભૂતો, મન અને દસ ઇંન્દ્રિયોની અને પાંચ સૂક્ષ્મ મહાભૂતોથી પાંચે ઇંન્દ્રિયોના શબ્દ વગેરે પાંચે સ્થૂળ વિષયોની ઉત્પત્તિ માનવામાં આવે છે. સાંખ્યકારિકામાં પણ કહ્યું છે –

प्रकृतेर्महांस्ततोऽहङ्कारस्तस्माद्गणश्च षोडशकः।
तस्मादपि षोडशकात् पञ्चभ्यः पञ्च भूतानि॥

(सांख्यकारिका २२)

અર્થાત્ 'પ્રકૃતિથી મહત્તત્ત્વ (સમષ્ટિ-બુદ્ધિ)ની અર્થાત્ બુદ્ધિતત્ત્વની, તેનાથી અહંકારની અને અહંકારથી પાંચ તન્માત્રાઓ, એક મન અને દસ ઇંન્દ્રિયો આ સોળના સમુદાયની ઉત્પત્તિ થઈ અને

તે સોળમાંથી પાંચ તન્માત્રાઓથી પાંચ સ્થૂળ ભૂતોની ઉત્પત્તિ થઈ.' ગીતાના વર્ણનમાં પાંચ તન્માત્રાઓને બદલે પાંચ સૂક્ષ્મ મહાભૂતોનાં નામ આવ્યાં છે અને પાંચ સ્થૂળ ભૂતોને બદલે પાંચ ઇન્દ્રિયોનાં વિષયોના નામો આવ્યાં છે, એટલો જ ભેદ છે.

પ્રશ્ન : ક્યાંક ક્યાંક 'કાર્યકરણ'ના સ્થળે 'કાર્યકારણ' પાઠ પણ જોવા મળે છે. જો તે પાઠ માની લેવામાં આવે તો 'કાર્ય' અને 'કારણ' શબ્દોને કયાં કયાં તત્ત્વોના વાચક માનવા જોઈએ?

ઉત્તર : 'કાર્ય' અને 'કારણ' પાઠ માનવાથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, એક મન અને પાંચ ઇન્દ્રિયોના વિષયો - આ સોળનો વાચક 'કાર્ય' શબ્દ છે તેમ સમજવું જોઈએ; કેમ કે આ સર્વે બીજાઓનાં કાર્યો છે, પણ પોતે કોઈનાં પણ કારણ નથી. તેમ જ બુદ્ધિ, અહંકાર અને પાંચ સૂક્ષ્મ મહાભૂતોનું વાચક પદ 'કારણ' છે – એમ સમજવું જોઈએ. કારણ કે બુદ્ધિ અહંકારનું કારણ છે; અહંકાર મન, ઇન્દ્રિયો અને સૂક્ષ્મ પાંચ મહાભૂતોનું કારણ છે તથા સૂક્ષ્મ પાંચ મહાભૂતો પાંચ ઇન્દ્રિયોના વિષયોનાં કારણ છે.

પ્રશ્ન : અંતઃકરણના બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને મન એવા ચાર ભેદો બીજાં શાસ્ત્રોમાં માનવામાં આવ્યા છે. તો પછી ભગવાને શા માટે અહીં માત્ર ત્રણ જ ભેદોનું વર્ણન કર્યું છે?

ઉત્તર : ભગવાન ચિત્ત અને મનને જુદાં જુદાં તત્ત્વો માનતા નથી, તેઓ એક જ તત્ત્વનાં બે નામ માને છે. સાંખ્ય અને યોગશાસ્ત્ર પણ આવું જ માને છે. તેથી અંતઃકરણના ચાર ભેદ નહિ કરતાં ત્રણ જ ભેદ કરવામાં આવ્યા છે.

પ્રશ્ન : 'પુરુષ' શબ્દ ચેતન આત્માનો વાચક છે અને આત્માને નિર્લેપ તથા શુદ્ધ માનવામાં આવ્યો છે; તો પછી અહીં પુરુષને સુખદુઃખોના ભોક્તાપણામાં શા માટે 'કારણ' કહેવામાં આવ્યો છે?

ઉત્તર : પ્રકૃતિ જડ છે, તેમાં ભોક્તાપણાની સંભાવના નથી અને પુરુષ અસંગ છે, તેથી તેમાં પણ વાસ્તવમાં ભોક્તાપણું નથી. પ્રકૃતિના સંગથી જ પુરુષમાં ભોક્તાપણાની પ્રતીતિ થાય છે અને આ પ્રકૃતિ-પુરુષનો સંગ અનાદિ છે, તેથી અહીં પુરુષને સુખ-દુઃખોના ભોક્તાપણામાં હેતુ અર્થાત્ નિમિત્ત માનવામાં આવ્યો છે. આ જ વાતને સ્પષ્ટ કરવા માટે આગળના શ્લોકમાં એમ કહેવાયું છે કે 'પ્રકૃતિમાં સ્થિત પુરુષ જ પ્રકૃતજનિત ગુણોને ભોગવે છે.' તેથી પ્રકૃતિથી મુક્ત પુરુષમાં ભોક્તાપણાની ગંધમાત્ર પણ નથી.

પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુઙ્ક્તે પ્રકૃતિજાન્ગુણાન્ ।
કારણં ગુણસઙ્ગોઽસ્ય સદસદ્યોનિજન્મસુ ॥ ૨૧॥

પ્રકૃતિસ્થઃ	= પ્રકૃતિમાં રહીને	ભુઙ્ક્તે	= અનુભવે છે (અને આ)
હિ	= જ	ગુણસઙ્ગઃ	= ગુણોનો સંગ (જ)
પુરુષઃ	= પુરુષ	અસ્ય	= આ જીવાત્માના
પ્રકૃતિજાન્	= પ્રકૃતિમાંથી જન્મેલા	સદસદ્યોનિજન્મસુ	= સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં
ગુણાન્	= ત્રિગુણાત્મક પદાર્થોને	કારણમ્	= કારણ બને છે.

પરંતુ પ્રકૃતિમાં રહીને જ પુરુષ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોને અનુભવે છે અને આ ગુણોનો સંગ જ આ જીવાત્માના સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં કારણ બને છે. ॥ ૨૧॥

પ્રશ્ન : અહીં 'પ્રકૃતિજાન્' વિશેષણની સાથે 'ગુણાન્' પદ કોનું વાચક છે? અને 'પુરુષઃ'ની સાથે 'પ્રકૃતિસ્થઃ' વિશેષણ આપીને તેને તે ગુણોનો ભોક્તા બતાવવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : પ્રકૃતિજનિત સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણો તથા એમનાં કાર્ય-શબ્દ, સ્પર્શ,

રૂપ, રસ અને ગંધરૂપી જેટલા પણ સાંસારિક પદાર્થો છે તે બધાનું વાચક અહીં 'प्रकृतिजान्' વિશેષણની સાથે 'गुणान्' પદ છે; તથા 'पुरुषः'ની સાથે 'प्रकृतिस्थः' વિશેષણ આપીને તેને તે ગુણોનો ભોક્તા બતાવવાનો અભિપ્રાય એવો છે કે પ્રકૃતિથી બનેલાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - આ ત્રણે પ્રકારનાં શરીરોમાંથી કોઈ પણ શરીરની સાથે જ્યાં સુધી આ જીવાત્માનો સંબંધ રહે છે ત્યાં સુધી તે પ્રકૃતિમાં સ્થિત (પ્રકૃતિસ્થ) કહેવાય છે. તેથી જ્યાં સુધી આત્માનો પ્રકૃતિની સાથે સંબંધ રહે છે ત્યાં સુધી તે પ્રકૃતિજનિત ગુણોનો ભોક્તા છે. પ્રકૃતિથી સંબંધ છૂટી ગયા પછી તેનામાં ભોક્તાપણું રહેતું નથી, કારણ કે વાસ્તવમાં પુરુષનું સ્વરૂપ નિત્ય અસંગ જ છે.

પ્રશ્ન : 'सदसद्योनि' શબ્દ કઈ યોનિઓનો વાચક છે? અને ગુણોનો સંગ શું છે તથા તે આ જીવાત્માનું સદસદ્યોનિઓમાં જન્મ લેવાનું કારણ કેવી રીતે છે?

ઉત્તર : 'सदसद्योनि' શબ્દ અહીં સારી અને નરસી યોનિઓનો વાચક છે. અહીં અભિપ્રાય એવો છે કે મનુષ્યથી માંડીને તેનાથી ઊંચી જેટલી પણ દેવાદિ યોનિઓ છે તે બધી सत् યોનિઓ છે અને મનુષ્યથી નીચી જેટલી પણ પશુ, પક્ષી, વૃક્ષ, લતા વગેરે યોનિઓ છે તે असत् છે. સત્ત્વ રજ અને તમ - આ ત્રણે ગુણોની સાથે જીવનો જે અનાદિસિદ્ધ સંબંધ છે અને તેઓના કાર્યરૂપ સાંસારિક પદાર્થોમાં જે આસક્તિ છે તે જ ગુણોનો સંગ છે; જે મનુષ્યની જે ગુણમાં અથવા તેના કાર્યરૂપી પદાર્થમાં આસક્તિ હશે તેની તેવી જ વાસના હશે અને તે જ પ્રમાણે તેને પુનર્જન્મ પ્રાપ્ત થશે. તેથી જ અહીં સારી-નરસી યોનિઓની પ્રાપ્તિમાં ગુણોના સંગને કારણ બતાવવામાં આવ્યું છે.

પ્રશ્ન : ચોથા અધ્યાયના તેરમા શ્લોકમાં તો ભગવાને એમ કહ્યું છે કે ગુણ અને કર્મો પ્રમાણે ચારે વર્ણોની રચના મારા વડે કરવામાં આવી છે, આઠમા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે અંતકાળમાં મનુષ્ય જે-જે ભાવનું સ્મરણ કરતાં કરતાં પ્રયાણ કરે છે તેને જ તે પામે છે; અને અહીં એમ કહે છે કે સારી-નરસી યોનિઓની પ્રાપ્તિમાં કારણ ગુણોનો સંગ છે. આ ત્રણેનો સમન્વય કેવી રીતે થઈ શકે?

ઉત્તર : ત્રણેમાં વાસ્તવમાં અસામંજસ્યની કોઈ જ વાત નથી. જો આપણે શાંતિ અને ગંભીરતાથી વિચારીએ તો આપણને સમજાશે કે ત્રણેમાં પ્રકારભેદે ગુણોના સંગને સારી-નરસી યોનિઓની પ્રાપ્તિમાં હેતુ બતાવવામાં આવ્યો છે.

(૧) ભગવાન ચારે વર્ણોની રચના તેઓના ગુણ અને કર્મો પ્રમાણે જ કરે છે. આમાં જીવોનો ગુણો સાથેનો સંગ સ્વાભાવિક રીતે જ હેતુ બની જાય છે.

(૨) મનુષ્ય જેવાં કર્મો અને સંગ કરે છે તે જ પ્રમાણે તેની આ ત્રણે ગુણોમાંથી કોઈ એકમાં વિશેષ આસક્તિ હોય છે અને તે કર્મોના સંસ્કાર બને છે; અને જેવા સંસ્કાર હોય છે તેવી જ અંતકાળમાં સ્મૃતિ હોય છે અને સ્મૃતિ પ્રમાણે જ તેને સારી-નરસી યોનિઓની પ્રાપ્તિ થાય છે. તેથી આમાં પણ મૂળમાં ગુણોનો સંગ જ મૂળ કારણ છે.

(૩) આ શ્લોકમાં તો સ્પષ્ટ રીતે ગુણોના સંગને હેતુ બતાવવામાં આવ્યો છે. તેથી આ ત્રણેમાં એક જ વાત કહેવામાં આવી છે.

સંબંધ : આ પ્રમાણે પ્રકૃતિસ્થ પુરુષના સ્વરૂપનું વર્ણન કર્યા પછી હવે જીવાત્મા અને પરમાત્માની એકતા જણાવતા ભગવાન આત્માના ગુણાતીત સ્વરૂપનું વર્ણન કરે છે -

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः॥ २२॥

અસ્મિન્	= આ
દેહે (સ્થિતઃ)	= દેહમાં રહેલો
અપિ	હોવા છતાં,
પુરુષઃ	= આ જીવાત્મા (વાસ્તવમાં)
પરઃ (એવ)	= પરમાત્મા જ છે; (એ જ)
ઉપદ્રષ્ટા	= સાક્ષી હોવાને લીધે ઉપદ્રષ્ટા
ચ	= અને
અનુમન્તા	= ખરી સંમતિ આપનારો હોવાને લીધે અનુમંતા,
ભર્તા	= સૌનું ધારણ-પોષણ કરનારો હોવાને લીધે ભર્તા,
ભોક્તા	= જીવરૂપે ભોક્તા,
મહેશ્વરઃ	= બ્રહ્મા આદિનો પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર
ચ	= અને
પરમાત્મા	= શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા –
ઇતિ	= એમ
ઉક્તઃ	= કહેવાયો છે.

આ દેહમાં રહેલો હોવા છતાં, આ જીવાત્મા વાસ્તવમાં પરમાત્મા જ છે; એ જ સાક્ષી હોવાને લીધે ઉપદ્રષ્ટા અને ખરી સંમતિ આપનારો હોવાને લીધે અનુમંતા, સૌનું ધારણ-પોષણ કરનારો હોવાને લીધે ભર્તા, જીવરૂપે ભોક્તા, બ્રહ્મા આદિનો પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર અને શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા - એમ કહેવાયો છે. ॥૨૨॥

પ્રશ્ન : 'આ શરીરમાં સ્થિત આ આત્મા વાસ્તવમાં પરમાત્મા જ છે' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'આ કથનથી ક્ષેત્રજ્ઞના ગુણાતીત સ્વરૂપનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં અભિપ્રાય એવો છે કે પ્રકૃતિજનિત શરીરોની ઉપાધિથી જે ચેતન આત્મા અજ્ઞાનને કારણે જીવભાવને પ્રાપ્ત થયેલો જણાય છે, તે ક્ષેત્રજ્ઞ વાસ્તવમાં આ પ્રકૃતિથી સર્વથા અતીત પરમાત્મા જ છે; કારણ કે તે પરબ્રહ્મ પરમાત્મામાં અને ક્ષેત્રજ્ઞમાં વસ્તુતઃ કોઈ પણ પ્રકારનો ભેદ નથી, માત્ર શરીરરૂપી ઉપાધિને કારણે જ ભેદ પ્રતિભાસિત થાય છે.

પ્રશ્ન : 'તે આત્મા જ ઉપદ્રષ્ટા, અનુમંતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા પણ કહેવાયો છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે જુદાં-જુદાં નિમિત્તો હોવાથી એક જ પરબ્રહ્મ પરમાત્માને જુદાં-જુદાં નામોથી પોકારવામાં આવે છે. વસ્તુદૃષ્ટિથી બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. અહીં અભિપ્રાય એવો છે કે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ જ અંતર્યામીરૂપથી બધાંનાં શુભાશુભ કર્મોનું નિરીક્ષણ કરનારો છે, તેથી તેને 'ઉપદ્રષ્ટા' કહે છે. તે જ અંતર્યામીરૂપથી સન્મતિની ઇચ્છા કરનારાને યોગ્ય અનુમતિ આપે છે, તેથી તેને 'અનુમન્તા' કહે છે. તે જ વિષ્ણુરૂપથી સમસ્ત જગતનું રક્ષણ અને પાલન કરે છે, તેથી તેને 'ભર્તા' કહે છે. તે જ દેવતાઓના રૂપમાં સમસ્ત યજ્ઞોના હવિને અને સમસ્ત પ્રાણીઓના રૂપમાં સમસ્ત ભોગો ભોગવે છે, તેથી તેને 'ભોક્તા' કહે છે; તે જ સમસ્ત લોકપાલ અને બ્રહ્માદિ ઈશ્વરોનું પણ નિયમન કરનારો મહાન ઈશ્વર છે, તેથી તેને 'મહેશ્વર' કહે છે અને વાસ્તવમાં તે હંમેશાં બધા ગુણોથી સર્વથા અતીત છે અર્થાત્ પર છે, તેથી તેને 'પરમાત્મા' કહે છે. આ પ્રમાણે તે એક જ પરબ્રહ્મ 'પરમાત્મા'ને જુદાં-જુદાં નિમિત્તોથી જુદાં-જુદાં નામો વડે પોકારવામાં આવે છે, વાસ્તવમાં તેમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી.

સંબંધ : આ પ્રમાણે ગુણો સહિત પ્રકૃતિના અને પુરુષના સ્વરૂપનું વર્ણન કર્યા પછી હવે તેમને યથાર્થ રીતે જાણી લેવાનું ફળ ભગવાન જણાવે છે –

ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ।
સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે ॥ ૨૩॥

એવમ્	= આ રીતે
પુરુષમ્	= પુરુષને
ચ	= અને
ગુણૈઃ	= ગુણોની
સહ	= સાથે
પ્રકૃતિમ્	= પ્રકૃતિને,
યઃ	= જે માણસ
વેત્તિ	= તત્ત્વથી જાણે છે,
સઃ	= એ
સર્વથા	= સર્વ રીતે
વર્તમાનઃ	= કર્તવ્ય કર્મ કરતો (હોવા છતાં)
અપિ	= પણ
ભૂયઃ	= ફરી
ન	= નથી
અભિજાયતે	= જન્મ પામતો.

આ રીતે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને, જે માણસ તત્ત્વથી જાણે છે, એ સર્વ રીતે કર્તવ્ય કર્મ કરતો હોવા છતાં પણ ફરી નથી જન્મ પામતો. ॥ ૨૩॥

પ્રશ્ન : પૂર્વોક્ત પ્રકારથી પુરુષને અને ગુણો સહિત પ્રકૃતિને તત્ત્વથી જાણી લેવાં - એ શું છે?

ઉત્તર : આ અધ્યાયમાં જે રીતે પુરુષના સ્વરૂપનું અને પ્રભાવનું વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે તેને સમ્યક્‌રૂપથી સમજી લેવું અર્થાત્ જેટલા પણ જુદા-જુદા ક્ષેત્રજ્ઞોની પ્રતીતિ થાય છે - તેઓ સર્વે તે એક પરબ્રહ્મ પરમાત્માનું જ અભિન્ન સ્વરૂપ છે; પ્રકૃતિના સંગને લીધે તેમનામાં ભિન્નતા જેવું પ્રતીત થાય છે, પણ વાસ્તવમાં કોઈ ભેદ નથી અને તે પરમાત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત અને અવિનાશી અને પ્રકૃતિથી સર્વથા અતીત છે - આ વાતને સંશયરહિત થઈને સમ્યક્‌રૂપથી સમજી લેવી અને એકીભાવથી તે સચ્ચિદાનંદઘનમાં નિત્ય સ્થિત થઈ જવું - એને જ 'પુરુષને તત્ત્વથી જાણી લેવો' કહેવાય. ત્રણે ગુણો પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલા છે અને આ સમસ્ત વિશ્વ પ્રકૃતિનો જ પ્રસાર છે (વિસ્તાર છે) અને તે નાશવંત, જડ, ક્ષણભંગુર અને અનિત્ય છે - આ રહસ્યને સમજી લેવું એને જ 'ગુણો સહિત પ્રકૃતિને તત્ત્વથી જાણી લેવી કહેવાય.

પ્રશ્ન : 'સર્વથા વર્તમાનઃ'ની સાથે 'અપિ' પદનો પ્રયોગ કરીને શો ભાવ દર્શાવ્યો છે?

ઉત્તર : 'સર્વથા વર્તમાનઃ'ની સાથે 'અપિ' પદનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે જે ઉપર જણાવ્યા પ્રમાણે પુરુષને અને ગુણો સહિત પ્રકૃતિને જાણે છે તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર - કોઈ પણ વર્ણમાં અને બ્રહ્મચર્ય વગેરે કોઈ પણ આશ્રમમાં રહેલો હોવા છતાં અને તે-તે વર્ણાશ્રમો માટે શાસ્ત્રોમાં વિધાન કરેલાં સમસ્ત કર્મોને યથાયોગ્ય કરતો હોવા છતાં પણ વાસ્તવમાં કશુંય કરતો નથી, તેથી તે પુનર્જન્મને પ્રાપ્ત થતો નથી.

પ્રશ્ન : અહીં 'સર્વથા વર્તમાનઃ'ની સાથે 'અપિ' પદના પ્રયોગથી જો એવો ભાવ માની લેવામાં આવે કે તે નિષિદ્ધ કર્મો કરતો હોવા છતાં પણ તેનો પુનર્જન્મ નથી થતો - તો શો વાંધો?

ઉત્તર : આત્મતત્ત્વને જાણનારા જ્ઞાનીમાં કામ-ક્રોધ વગેરે દોષોનો સર્વથા અભાવ થઈ જવાને કારણે (૫/૨૬) તેના વડે નિષિદ્ધ કર્મો થવાં એ સંભવ જ નથી; તેથી જ તેનાં આચરણ સંસારમાં પ્રમાણરૂપ માનવામાં આવે છે (૩/૨૧). તેથી અહીં 'સર્વથા વર્તમાનઃ'ની સાથે 'અપિ' પદના પ્રયોગનો આવો અર્થ લેવો યોગ્ય ન ગણાય; કારણ કે પાપોમાં મનુષ્યની પ્રવૃત્તિ કામ-ક્રોધ વગેરે અવગુણોને કારણે જ થાય છે. અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ત્રીજા અધ્યાયના સાડત્રીસમા શ્લોકમાં આ વાત સ્પષ્ટપણે કહી જ દીધી છે.

પ્રશ્ન : આ પ્રમાણે પ્રકૃતિ અને પુરુષના તત્ત્વને જાણનારો પુનર્જન્મને શા માટે પામતો નથી?

ઉત્તર : પ્રકૃતિ અને પુરુષના તત્ત્વને જાણી લેવાની સાથે જ પુરુષનો પ્રકૃતિ સાથેનો સંબંધ તૂટી જાય છે; કારણ કે પ્રકૃતિ અને પુરુષનો

સંયોગ સ્વપ્નવત્, અવાસ્તવિક અને માત્ર અજ્ઞાનજનિત જ માનવામાં આવ્યો છે. જ્યાં સુધી પ્રકૃતિ અને પુરુષનું પૂર્ણ જ્ઞાન નથી થતું ત્યાં સુધી પુરુષનો પ્રકૃતિ સાથે અને તેના ગુણો સાથે સંબંધ રહે છે અને ત્યાં સુધી તેનો વારંવાર અનેક પ્રકારની યોનિઓમાં જન્મ થાય છે (૧૩/૨૧). તેથી પ્રકૃતિ અને પુરુષનું તત્ત્વ જાણી લીધા પછી પુનર્જન્મ નથી થતો.

સંબંધ : આ પ્રમાણે ગુણો સહિત પ્રકૃતિ અને પુરુષના જ્ઞાનનું મહત્ત્વ સાંભળીને એવી ઇચ્છા થઈ શકે કે આવું જ્ઞાન કઈ રીતે થાય છે. તેથી હવે આગળના બે શ્લોકો વડે ભિન્ન-ભિન્ન અધિકારીઓ માટે તત્ત્વજ્ઞાનનાં ભિન્ન-ભિન્ન સાધનોનું ભગવાન પ્રતિપાદન કરે છે -

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાઙ્ખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥ ૨૪॥

આત્માનમ્	= પરમાત્માને,
કેચિત્	= કેટલાક માણસો
આત્મના	= શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે
ધ્યાનેન	= ધ્યાન દ્વારા
આત્મનિ	= હૃદયમાં
પશ્યન્તિ	= જુએ છે, (તો)
અન્યે	= બીજા કેટલાક
સાઙ્ખ્યેન	= જ્ઞાનયોગ દ્વારા
યોગેન	
ચ	= અને વળી
અપરે	= બીજા કેટલાક
કર્મયોગેન	= કર્મયોગ દ્વારા
(પશ્યન્તિ)	= જુએ છે એટલે કે પામે છે.

હે અર્જુન ! એ પરમ પુરુષ પરમાત્માને, કેટલાક માણસો શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે ધ્યાન દ્વારા હૃદયમાં જુએ છે, તો બીજા કેટલાક જ્ઞાનયોગ દ્વારા અને વળી બીજા કેટલાક કર્મયોગ દ્વારા જુએ છે એટલે કે પામે છે. ॥ ૨૪॥

પ્રશ્ન : અહીં 'ધ્યાન' શબ્દ કોનો વાચક છે? અને તેના વડે આત્માથી આત્મામાં આત્માને જોવો એ શું છે?

ઉત્તર : છઠ્ઠા અધ્યાયના અગિયારમા, બારમા અને તેરમા શ્લોકમાં બતાવવામાં આવેલી વિધિ પ્રમાણે શુદ્ધ અને એકાંત સ્થળમાં યોગ્ય આસન પર નિશ્ચળ ભાવથી બેસીને, ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવીને, મનને વશમાં કરીને તથા એક પરમાત્મા સિવાય દૃશ્યમાત્રને ભૂલીને નિરંતર પરમાત્માનું ચિંતન કરવું એ 'ધ્યાન' છે. આ પ્રમાણે ધ્યાન કરતા રહેવાથી બુદ્ધિ શુદ્ધ થઈ જાય છે અને તે વિશુદ્ધ સૂક્ષ્મ બુદ્ધિથી હૃદયમાં જે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં આવે છે એને જ ધ્યાન વડે આત્માથી આત્મામાં આત્માને જોવો કહેવાય.

પ્રશ્ન : અહીં જે ધ્યાન વડે સચ્ચિદાનંદઘન બ્રહ્મની પ્રાપ્તિ બતાવવામાં આવી છે તે ધ્યાન સગુણ પરમેશ્વરનું છે કે પછી નિર્ગુણ બ્રહ્મનું છે, સાકારનું છે કે પછી નિરાકારનું છે? અને આ ધ્યાન ભેદભાવથી કરવામાં આવે છે કે પછી અભેદભાવથી કરવામાં આવે છે? અને આ ધ્યાન કરવાથી જે ફળસ્વરૂપ સચ્ચિદાનંદઘન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે ભેદભાવથી હોય છે કે પછી અભેદભાવથી હોય છે?

ઉત્તર : અહીં બાવીસમા શ્લોકમાં પરમાત્મા અને આત્માના અભેદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને તે જ પ્રમાણે પુરુષના સ્વરૂપનું જ્ઞાન કે જે વિવિધ સાધનોનું ફળ છે તેની પ્રાપ્તિ માટેનાં વિવિધ સાધનોનું વર્ણન છે; તેથી અહીં પ્રસંગ પ્રમાણે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મના અભેદ-ધ્યાનનું જ વર્ણન છે અને તેનું ફળ અભિન્નભાવથી જ પરમાત્માની

પ્રાપ્તિ બતાવવામાં આવ્યું છે. પણ ભેદભાવથી સગુણ-નિરાકારનું અને સગુણ-સાકારનું ધ્યાન કરનારા સાધકો પણ જો આવું ફળ ઇચ્છતા હોય તો તેઓને પણ અભેદભાવથી નિર્ગુણ-નિરાકાર સચ્ચિદાનંદઘન બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે.

પ્રશ્ન : 'सांख्येन' અને 'योगेन' - આ બન્ને પદો જુદાં-જુદાં બે સાધનોનાં વાચક છે કે પછી એક જ સાધનનાં વિશેષ્ય-વિશેષણ છે? જો તેઓ એક જ સાધનનાં વાચક છે તો તેઓ કયા સાધનનાં વાચક છે? અને એના વડે આત્માને જોવો એ શું છે?

ઉત્તર : અહીં 'सांख्येन' અને 'योगेन' - આ બન્ને પદો સાંખ્યયોગનાં વાચક છે. આનું વર્ણન બીજા અધ્યાયના અગિયારમા શ્લોકથી ત્રીસમા શ્લોક સુધી વિસ્તારથી કરવામાં આવ્યું છે. તે ઉપરાંત આનું વર્ણન પાંચમા અધ્યાયના આઠમા, નવમા અને તેરમા શ્લોકોમાં તથા ચૌદમા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં તેમ જ જ્યાં-જ્યાં પણ આનું પ્રકરણ આવ્યું છે ત્યાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અભિપ્રાય એવો છે કે સંપૂર્ણ પદાર્થ મૃગતૃષ્ણાના જળની જેમ અથવા સ્વપ્નની સૃષ્ટિની જેમ માયામાત્ર છે; તેથી પ્રકૃતિના કાર્યરૂપે સમસ્ત ગુણો ગુણોમાં વરતી રહ્યા છે - એમ સમજીને મન, ઇન્દ્રિયો અને શરીર વડે થનારાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈ જવું તથા સર્વવ્યાપી સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકીભાવથી નિત્ય સ્થિત રહીને એક સચ્ચિદાનઘન પરમાત્મા સિવાય અન્ય કોઈની પણ ભિન્ન સત્તા નહિ માનવી - એ જ 'સાંખ્યયોગ' નામનું સાધન છે અને એના વડે જે આત્મા અને પરમાત્માના અભેદનું પ્રત્યક્ષ થવું અને તેથી સચ્ચિદાનંદઘન બ્રહ્મને અભિન્ન ભાવથી પામવો એ જ સાંખ્યયોગ વડે આત્માને આત્મામાં જોવો કહેવાય.

સાંખ્યયોગનું આ સાધન સાધન-ચતુષ્ટય-સમ્પન્ન અધિકારી વડે જ સરળતાથી થઈ શકે છે.

પ્રશ્ન : 'साधनचतुष्टय' એ શું છે?

ઉત્તર : આમાં વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુત્વ - આ ચાર સાધન છે. જે નીચે પ્રમાણે છે -

૧. વિવેક

ઉપર્યુક્ત ચાર સાધનોમાં પહેલું સાધન છે વિવેક. સત્-અસત્ અને નિત્ય-અનિત્ય વસ્તુઓના વિવેચનનું નામ 'વિવેક' છે. વિવેક આમનું સમ્યક્‌રૂપે પૃથક્‌કરણ કરી આપે છે. વિવેકનો અર્થ છે - તત્ત્વનો યથાર્થ અનુભવ કરવો. બધી અવસ્થાઓમાં અને પ્રત્યેક વસ્તુમાં પ્રતિક્ષણ આત્મા અને અનાત્માનું વિશ્લેષણ કરતા રહેવાથી આ વિવેક-સિદ્ધિ પ્રાપ્ત થાય છે. 'વિવેક'નો યથાર્થ ઉદય થાય તો સત્ અને અસત્ તથા નિત્ય અને અનિત્ય વસ્તુનો ક્ષીર-નીર-વિવેકની જેમ પ્રત્યક્ષ અનુભવ થવા લાગે છે.

૨. વૈરાગ્ય

એ પછીનું સાધન વૈરાગ્ય છે. વિવેક થકી સત્-અસત્ અને નિત્ય-અનિત્યનું પૃથક્‌કરણ થયા પછી અસત્ અને અનિત્યથી સાહજિક રીતે રાગ દૂર થાય છે. આનું જ નામ 'વૈરાગ્ય' છે. મનમાં ભોગોની અભિલાષાઓ કાયમ હોય અને બાહ્ય રીતે સંસારથી દ્વેષ અને ઘૃણા કરતા હોઈએ, તેનું નામ વૈરાગ્ય નથી. વૈરાગ્યમાં રાગનો સર્વથા અભાવ હોય છે, વૈરાગ્ય યથાર્થમાં આત્યન્તરિક અનાસક્તિનું નામ છે. જેમણે સાચો વૈરાગ્ય મેળવી લીધો હોય તે પુરુષોના ચિત્તમાં બ્રહ્મલોક સુધ્ધાંના સમસ્ત ભોગોમાં તૃષ્ણા અને આસક્તિનો અત્યંત અભાવ થઈ જાય છે. તેઓ અસત્ અને અનિત્યથી દૂર રહીને અખંડરૂપથી સત્ અને નિત્યમાં લાગેલા રહે છે. આ જ વૈરાગ્ય છે. જ્યાં સુધી આવો વૈરાગ્ય ન થાય ત્યાં સુધી એમ સમજવાનું કે વિવેકમાં ત્રુટિ રહી ગઈ છે. વિવેકની પૂર્ણતા થયા પછી વૈરાગ્ય અવશ્યમેવ થાય છે.

૩. ષટ્સંપત્તિ

વૈરાગ્ય પછીનું સાધન ષટ્સમ્પત્તિ છે. વિવેક અને વૈરાગ્યના ફળસ્વરૂપે સાધકને છ વિભાગોવાળી એક પરમસમ્પત્તિ મળે છે. જો તે સમ્પત્તિ પૂરેપૂરી ન મળે તો એમ સમજવું જોઈએ કે વિવેક અને

વૈરાગ્યમાં કસર રહી ગઈ છે; કારણ કે વિવેક અને વૈરાગ્ય જ્યારે સમ્યક્‌રૂપથી સમ્પન્ન થઈ જાય ત્યારે સાધકને આ સમ્પત્તિ સહજ રીતે મળી જાય છે. આ સમ્પત્તિનું નામ છે 'ષટ્‌સમ્પત્તિ' અને એના છ વિભાગ આ પ્રમાણે છે –

૧. **શમ** : મનનું સંપૂર્ણપણે નિગૃહીત, નિશ્ચલ અને શાંત થઈ જવું એનું નામ 'શમ' છે. વિવેક અને વૈરાગ્યની પ્રાપ્તિ પછી મન સ્વાભાવિક રીતે જ નિશ્ચલ અને શાંત થઈ જાય છે.

૨. **દમ** : ઇન્દ્રિયોનું સંપૂર્ણપણે નિગૃહીત થવું અને વિષયોના રસાસ્વાદથી રહિત થઈ જવું એનું નામ 'દમ' છે.

૩. **'ઉપરતિ'** : વિષયોથી જ્યારે ચિત્ત ઉપરત થાય છે ત્યારે તેને 'ઉપરતિ' કહે છે. જ્યારે મન અને ઇન્દ્રિયોને વિષયોમાં રસાનુભૂતિ નહિ હોય, ત્યારે સ્વાભાવિક રીતે જ સાધકની તેમનાથી ઉપરતિ થઈ જાય છે. આ ઉપરતિ ભોગ-માત્રથી થવી જોઈએ અને માત્ર બહારથી જ નહિ પણ અંદરથી પણ થવી જોઈએ. ભોગસંકલ્પની પ્રેરણાથી બ્રહ્મલોક સુધ્ધાંના દુર્લભ ભોગો તરફ પણ સાધકના ચિત્તમાં કોઈ પણ અને ક્યારેય વૃત્તિ ન જ જાય એનું નામ ઉપરતિ છે.

૪. **તિતિક્ષા** : દ્વન્દ્વોને સહન કરવા એનું નામ તિતિક્ષા છે. જોકે શરદી-ગરમી, સુખ-દુઃખ, માન-અપમાન વગેરેને સહન કરવું એ પણ 'તિતિક્ષા' તો છે જ; પણ વિવેક, વૈરાગ્ય અને શમ, દમ, ઉપરતિ પછી જે તિતિક્ષા પ્રાપ્ત થાય છે તે તિતિક્ષા તો જુદી અને વિલક્ષણ જ હોવી જોઈએ. સંસારમાં દ્વન્દ્વોનો નાશ તો નથી જ થઈ શકતો અને કોઈ પણ આ દ્વન્દ્વોથી સર્વથા બચી પણ શકતું નથી. કોઈ પણ રીતે આ સર્વને સહન કરી લેવાં એ પણ ઉત્તમ જ છે; પણ સર્વોત્તમ તો છે - દ્વન્દ્વ જગતથી ઉપર ઊઠવું અને સાક્ષી થઈને દ્વન્દ્વોને જોતા રહેવું. આ જ વાસ્તવિક તિતિક્ષા છે. આવું થયા પછી (સાધકને) શરદી-ગરમી અને માન-અપમાન વિચલિત કરી શકતાં નથી.

૫. **શ્રદ્ધા** : આત્મસત્તામાં પ્રત્યક્ષની જેમ અખંડ વિશ્વાસનું નામ જ 'શ્રદ્ધા' છે. પહેલાં તો શાસ્ત્ર, ગુરુ, સાધન વગેરેમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે; તેનાથી આત્મશ્રદ્ધા વધે છે. પણ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં પૂર્ણ શ્રદ્ધા ન થાય ત્યાં સુધી એકમાત્ર નિષ્કલ, નિરંજન, નિરાકાર, નિર્ગુણ બ્રહ્મને લક્ષ્ય બનાવીને તેમાં બુદ્ધિને સ્થિત કરવી એ શક્ય નથી.

૬. **સમાધાન** : મન અને બુદ્ધિનું પરમાત્મામાં સંપૂર્ણપણે સમાહિત થઈ જવું - જેમ અર્જુનને ગુરુ દ્રોણ સમક્ષ પરીક્ષા આપતી વખતે વૃક્ષ પર મૂકેલ નકલી પક્ષીનું એકમાત્ર ગળું જ દેખાતું હતું, તેવી જ રીતે મન અને બુદ્ધિને નિરંતર એકમાત્ર લક્ષ્યવસ્તુ બ્રહ્માનાં જ દર્શન થતાં રહેવાં – આ સમાધાન છે.

૪. મુમુક્ષુત્વ

આ પ્રમાણે જ્યારે વિવેક, વૈરાગ્ય અને ષટ્‌સમ્પત્તિની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે સાધક સ્વાભાવિક રીતે જ અવિદ્યાના બંધનમાંથી સર્વથા મુક્ત થવા ઇચ્છે છે અને તે બધી બાજુએથી ચિત્ત હટાવીને બીજી કોઈ પણ વસ્તુ તરફ લક્ષ્ય કર્યા વગર એકમાત્ર પરમાત્મા તરફ જ દોડે છે. તેનું આ તીવ્ર ગતિથી દોડવું અર્થાત્ તીવ્ર સાધન કરવું એ તેની પરમાત્માને પામવાની તીવ્રતમ લાલસાનો પરિચય આપે છે. આ જ મુમુક્ષુત્વ છે.

પ્રશ્ન : અહીં 'કર્મયોગ' શબ્દ કયા સાધનનો વાચક છે? અને તેના વડે આત્મામાં આત્માને જોવો એ શું છે?

ઉત્તર : જે સાધનનું બીજા અધ્યાયમાં ચાળીસમા શ્લોકથી તે અધ્યાયની સમાપ્તિ સુધી ફળ-સહિત વર્ણન કરવામાં આવ્યું છે તેનો વાચક

અહીં 'કર્મયોગ' છે. અર્થાત્ આસક્તિ અને કર્મફળનો સર્વથા ત્યાગ કરીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમત્વ રાખીને શાસ્ત્રાનુસાર નિષ્કામભાવથી પોતપોતાના વર્ણ અને આશ્રમ પ્રમાણે બધા પ્રકારનાં વિહિત કર્મોનું અનુષ્ઠાન કરવું એ કર્મયોગ છે; અને આના વડે જે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં અભિન્નભાવથી પ્રાપ્ત કરી લે છે એને જ કર્મયોગથી આત્મામાં આત્માને જોવો કહેવાય.

પ્રશ્ન : કર્મયોગના સાધનમાં સાધક પોતાને પરમાત્માથી ભિન્ન સમજે છે, તેથી તેને ભિન્નભાવથી જ બ્રહ્મની પ્રાપ્તિ, થવી જોઈએ; અહીં અભેદભાવથી બ્રહ્મની પ્રાપ્તિ શા માટે બતાવવામાં આવી છે?

ઉત્તર : સાધનકાળમાં ભેદભાવ રહેવા છતાં પણ જે સાધક ફળમાં અભેદ માને છે તેને અભેદભાવથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે; અને અહીં કયાં સાધનોથી અભેદભાવથી બ્રહ્મનું જ્ઞાન થઈ શકે છે, તે બતાવવાનો પ્રસંગ છે. તેથી અહીં કર્મયોગ વડે પણ અભિન્નભાવથી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે એમ બતાવવામાં આવ્યું છે.

અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે ।
તેઽપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥ ૨૫॥

તુ = પરંતુ	ઉપાસતે = ઉપાસના કરે છે,
અન્યે = આ બધા કરતાં અન્ય પ્રકારના અર્થાત્ મંદબુદ્ધિના માણસો,	ચ = અને
એવમ્ = આ પ્રમાણે	તે = એ
અજાનન્તઃ = ન જાણતા (હોવાને લીધે)	શ્રુતિ-પરાયણાઃ = શ્રવણપરાયણ પુરુષો
અન્યેભ્યઃ = બીજા માણસો પાસેથી એટલે કે તત્ત્વજ્ઞાનીઓ પાસેથી	અપિ = પણ
શ્રુત્વા = સાંભળીને જ (એ મુજબ)	મૃત્યુમ્ = મૃત્યુરૂપી સંસારસાગરને
	અતિતરન્તિ, એવ = નિઃસંદેહ તરી જાય છે.

પરંતુ આ બધા કરતાં અન્ય પ્રકારના અર્થાત્ મંદબુદ્ધિના માણસો, આ પ્રમાણે ન જાણતા હોવાને લીધે બીજા માણસો પાસેથી એટલે કે તત્ત્વજ્ઞાનીઓ પાસેથી સાંભળીને એ મુજબ ઉપાસના કરે છે અને એ શ્રવણ-પરાયણ પુરુષો પણ મૃત્યુરૂપી સંસારસાગરને નિઃસંદેહ તરી જાય છે. ॥ ૨૫॥

પ્રશ્ન : અહીં 'તુ' પદના પ્રયોગનો શો ભાવ છે?

ઉત્તર : 'તુ' પદ અહીં એ વાતનું દ્યોતક છે કે અગાઉ જેમનું વર્ણન કર્યું છે તેમના કરતાં જુદા પ્રકારના સાધકોનું વર્ણન હવે કરવામાં આવે છે. અહીં અભિપ્રાય એવો છે કે જે લોકો ઉપર જણાવેલ સાધનોને સમ્યક્‌પણે સમજી નથી શકતા તેઓનો ઉદ્ધાર કઈ રીતે થઈ શકે - તેનો ઉત્તર આ શ્લોકમાં આપવામાં આવ્યો છે.

પ્રશ્ન : 'એવમ્ અજાનન્તઃ' વિશેષણની સાથે 'અન્યે' પદ કોનું વાચક છે? અને તેઓ બીજા પાસેથી સાંભળીને ઉપાસના કરે છે - એ શું છે?

ઉત્તર : બુદ્ધિની મંદતાને કારણે જે લોકો ઉપર જણાવ્યા પ્રમાણે ધ્યાનયોગ, સાંખ્યયોગ અને કર્મયોગ - આમાંથી કોઈ પણ સાધનને સમ્યક્‌પણે સમજી નથી શકતા તેવા સાધકોનું વાચક અહીં 'एवम् अजानन्तः' વિશેષણની સાથે 'अन्ये' પદ છે.

જબાલાના પુત્ર સત્યકામ બ્રહ્મને જાણવાની ઇચ્છાથી ગૌતમગોત્રવાળા મહર્ષિ હારિદ્રુમતની પાસે ગયા. ત્યાં ગુરુ સાથે એમને વાતચીત થઈ અને ગુરુએ એમને ચાર સો અત્યંત કૃશ અને દુર્બળ ગાયો જૂદી પાડી આપીને કહ્યું, 'સૌમ્ય! તું આ

ગાયોની પાછળ પાછળ જા.' ગુરુજીની આજ્ઞા પ્રમાણે અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ, અને હર્ષ સાથે તેઓને વન તરફ લઈ ગયા અને જતાં જતાં સત્યકામે ગુરુજીને કહ્યું કે - 'આમની સંખ્યા જ્યારે એક હજાર થઈ જશે ત્યારે હું પાછો આવીશ તેઓ તે ગાયોને એવા જંગલમાં લઈ ગયા કે જ્યાં અવર-જવર ન હતી, ઘાસ અને પાણી પુષ્કળ હતું; અને જ્યારે તેમની સંખ્યા પૂરી એક હજારની થઈ ગઈ ત્યારે તેઓ પાછા ફર્યા. આનું ફળ એવું મળ્યું કે પાછા ફરતી વેળાએ માર્ગમાં જ એમને બ્રહ્મજ્ઞાન થઈ ગયું (છાન્દોગ્ય ઉપ૦ ૪/૪-૯). આ જ પ્રમાણે તત્ત્વને જાણનારા જ્ઞાની પુરુષોનો આદેશ મેળવીને અત્યંત શ્રદ્ધા અને પ્રેમ સાથે જે સાધક તે પ્રમાણે આચરણ કરે છે - એને જ બીજાઓ પાસેથી સાંભળીને ઉપાસના કરવી કહેવાય.

પ્રશ્ન : 'श्रुतिपरायणाः' વિશેષણનો શો ભાવ છે? અને અહીં 'अपि' પદનું પ્રયોજન શું છે?

ઉત્તર : જેઓ સાંભળવામાં પરાયણ હોય છે અર્થાત્ જેવું સાંભળે છે તે પ્રમાણે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક તત્પરતાથી સાધન કરવામાં લાગી જાય છે તેમને 'श्रुतिपरायणाः' કહે છે. 'अपि' પદનો પ્રયોગ કરીને અહીં એવો ભાવ દર્શાવ્યો છે કે જ્યારે આવા અલ્પ બુદ્ધિવાળા પુરુષો બીજાઓ પાસેથી સાંભળીને પણ ઉપાસના કરીને મૃત્યુથી તરી જાય છે - આમાં કોઈ શંકાને સ્થાન નથી, તો પછી જે સાધકો ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણે પ્રકારનાં સાધનોમાંથી કોઈ પણ એક પ્રકારનું સાધન કરે છે તેમના તરી જવામાં તો કહેવાનું જ શું હોય!

પ્રશ્ન : અહીં 'मृत्युम्' પદ કોનું વાચક છે? અને 'अति' ઉપસર્ગની સાથે 'तरन्ति' ક્રિયાપદના પ્રયોગનો શો ભાવ છે?

ઉત્તર : અહીં 'मृत्युम्' પદ વારંવાર જન્મ અને મૃત્યુરૂપી સંસારનું વાચક છે; અને 'अति' ઉપસર્ગની સાથે 'तरन्ति' ક્રિયાપદનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે ઉપર જણાવ્યા પ્રમાણે સાધન કરનારા પુરુષો જન્મ-મૃત્યુરૂપી દુઃખમય સંસાર-સમુદ્રમાંથી પાર ઊતરીને હંમેશ માટે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માને પામી લે છે; પછી તેઓનો પુનર્જન્મ નથી થતો. અહીં અભિપ્રાય એવો છે કે ત્રેવીસમા શ્લોકમાં જે વાત 'न स भूयोऽभिजायते'થી અને ચોવીસમા શ્લોકમાં જે વાત 'आत्मनि आत्मानं पश्यन्ति'થી કહેવામાં આવી છે તે જ વાત અહીં 'मृत्युम् अतितरन्ति'થી કહેવામાં આવી છે.

સંબંધ : આ પ્રમાણે પરમાત્મા સંબંધી તત્ત્વજ્ઞાનનાં જુદાં જુદાં સાધનોનું પ્રતિપાદન કરીને હવે ત્રીજા શ્લોકમાં 'यावत्' પદથી ક્ષેત્રના સ્વભાવને સાંભળવા માટે કહ્યું હતું તે પ્રમાણે ભગવાન બે શ્લોકો દ્વારા તે ક્ષેત્રને ઉત્પત્તિ-વિનાશશીલ બતાવીને તેના સ્વભાવનું વર્ણન કરીને આત્માના યથાર્થ તત્ત્વને જાણનારની પ્રશંસા કરે છે.

यावत्सञ्जायते किञ्चित्सत्त्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २६॥

भरतर्षभ	= હે ભરતશ્રેષ્ઠ!	सञ्जायते	= જન્મે છે,
यावत्	= યાવન્માત્ર	तत्	= એ બધાંયને (તું)
किञ्चित्	= જેટલાં પણ	क्षेत्रक्षेत्रज्ञ-	= ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના
स्थावरजङ्गमम्	= સ્થાવરજંગમ	संयोगात्	સંયોગથી જ (ઉદ્ભવેલાં)
सत्त्वम्	= પ્રાણીઓ	विद्धि	= જાણ.

હે ભરતશ્રેષ્ઠ! યાવન્માત્ર જેટલાં પણ સ્થાવર-જંગમ પ્રાણીઓ જન્મે છે, એ બધાંયને તું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉદ્ભવેલાં જાણ. ॥ ૨૬॥

પ્રશ્ન : 'यावत्', 'किञ्चित्' અને 'स्थावरजङ्गमम्' આ ત્રણે વિશેષણોનો શો અભિપ્રાય છે? અને આ ત્રણે વિશેષણોથી યુક્ત 'सत्त्वम्' પદ કોનું વાચક છે?

ઉત્તર : 'यावत्' અને 'किञ्चित्' - આ બન્ને પદો ચરાચર જીવોની સંપૂર્ણતાનાં બોધક છે. દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે હરતાં-ફરતાં પ્રાણીઓને 'જંગમ' કહે છે અને વૃક્ષ, લતા, પહાડ વગેરે સ્થિર રહેનારાં પ્રાણીઓને 'સ્થાવર' કહે છે. તેથી આ ત્રણે વિશેષણોથી યુક્ત 'सत्त्वम्' પદ સમસ્ત ચરાચર પ્રાણીસમુદાયનું વાચક છે.

પ્રશ્ન : 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ' શબ્દો અહીં કોના વાચક છે? અને આ બન્નેનો સંયોગ તથા તેનાથી બધા જ પ્રાણીસમુદાયનું ઉત્પન્ન થવું - એ શું છે?

ઉત્તર : આ અધ્યાયના પાંચમા શ્લોકમાં જે ચોવીસ તત્ત્વોના સમુદાયને ક્ષેત્રનું સ્વરૂપ કહેવામાં આવ્યો છે, સાતમા અધ્યાયના ચોથા-પાંચમા શ્લોકોમાં જેને 'अपरा प्रकृति' કહી છે તે જ ક્ષેત્ર છે અને તેને જે જાણનારો છે, સાતમા અધ્યાયના પાંચમા શ્લોકમાં જેને 'परा प्रकृति' કહેવામાં આવ્યો છે તે ચેતન તત્ત્વ જ 'ક્ષેત્રજ્ઞ' છે. તેનો અર્થાત્ 'પ્રકૃતિસ્થ' પુરુષનો પ્રકૃતિથી બનેલાં જુદાં-જુદાં સૂક્ષ્મ અને સ્થૂળ શરીરો સાથે જે સંબંધ હોય છે તે જ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો સંયોગ છે; અને આવો સંયોગ થતાં જ જુદી-જુદી યોનિઓમાં જુદી જુદી આકૃતિઓમાં પ્રાણીઓનું પ્રગટ થવું એને જ એમનું ઉત્પન્ન થવું કહેવાય.

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ २७॥

यः	= જે માણસ
विनश्यत्सु	= નષ્ટ થઈ રહેલાં
सर्वेषु	= સઘળાં
भूतेषु	= ચરાચર ભૂતોમાં
परमेश्वरम्	= પરમેશ્વરને
अविनश्यन्तम्	= નષ્ટ ન થતા, (તેમ જ)
समम्	= સમભાવે
तिष्ठन्तम्	= રહેલા
पश्यति	= જુએ છે,
सः	= એ જ (ખરું)
पश्यति	= જુએ છે.

આ રીતે જાણીને જે માણસ નષ્ટ થઈ રહેલાં સઘળાં ચરાચર ભૂતોમાં પરમેશ્વરને નષ્ટ ન થતા, તેમજ સમભાવે રહેલા જુએ છે, એ જ ખરું જુએ છે. ॥ ૨૭॥

પ્રશ્ન : 'विनश्यत्सु' અને 'सर्वेषु' આ બન્ને વિશેષણોની સાથે 'भूतेषु' પદ કોનું વાચક છે? અને તેઓની સાથે આ બન્ને વિશેષણોનો પ્રયોગ કરીને કયો ભાવ દર્શાવવામાં આવ્યો છે?

ઉત્તર : વારંવાર જન્મ લેનારાં અને મરનારાં જેટલાં પણ પ્રાણીઓ છે, જુદાં-જુદાં સૂક્ષ્મ અને સ્થૂળ શરીરોના સંયોગ-વિયોગથી જેમનું જન્મવું અને મરવું માનવામાં આવે છે તે સર્વેનું વાચક અહીં 'विनश्यत्सु' અને 'सर्वेषु' આ બન્ને વિશેષણોની સાથે 'भूतेषु' પદ છે. સમસ્ત પ્રાણીઓને આવરી લેવા માટે તેની સાથે 'सर्वेषु' વિશેષણનો પ્રયોગ થયો છે અને શરીરની સાથે તેઓનો સંબંધ હોવાથી તેમને વિનાશશીલ બતાવવા માટે 'विनश्यत्सु' વિશેષણનો પ્રયોગ થયો છે.

અહીં એ વાત ધ્યાનમાં લેવી જોઈએ કે વિનાશ થવો એ શરીરનો ધર્મ છે, આત્માનો નથી. આત્મતત્ત્વ નિત્ય અને અવિનાશી છે અને તે શરીરોના ભેદથી ભિન્ન ભિન્ન ભાસે છે પણ ખરેખર પ્રાણી-સમુદાયમાં એક જ છે. આ જ વાત આ શ્લોકમાં બતાવવામાં આવી છે.

પ્રશ્ન : અહીં 'પરમેશ્વરમ્' પદ કોનું વાચક છે? અને ઉપર્યુક્ત સમસ્ત ભૂતોમાં 'તેને નાશરહિત અને સમભાવથી સ્થિત જોવો' એ શું છે?

ઉત્તર : અહીં 'પરમેશ્વરમ્' પદ પ્રકૃતિથી સર્વથા અતીત તે નિર્વિકાર ચેતન તત્ત્વનું વાચક છે, જેનું વર્ણન 'ક્ષેત્રજ્ઞ'ની સાથે એકત્વ બતાવીને આ અધ્યાયના બાવીસમા શ્લોકમાં ઉપદ્રષ્ટા, અનુમન્તા, ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્માના નામે કરવામાં આવ્યું છે. આ પરમ પુરુષ જોકે વાસ્તવમાં શુદ્ધ સચ્ચિદાનંદઘન છે અને પ્રકૃતિથી સર્વથા અતીત છે, તોપણ પ્રકૃતિના સંગને કારણે આને ક્ષેત્રજ્ઞ અને પ્રકૃતિજન્ય ગુણોનો ભોક્તા કહેવામાં આવે છે. તેથી સમસ્ત પ્રાણીઓનાં જેટલાં પણ શરીર છે, જેમના સંબંધને કારણે તેમને વિનાશશીલ કહેવામાં આવે છે, તે સમસ્ત શરીરોમાં તેઓના વાસ્તવિક સ્વરૂપભૂત એક જ અવિનાશી નિર્વિકાર ચેતનતત્ત્વને જે વિનાશશીલ વાદળાંઓમાં આકાશની જેમ સમભાવથી સ્થિત અને નિત્ય જોવું છે – તે જ તે પરમેશ્વરને સમસ્ત પ્રાણીઓમાં વિનાશરહિત અને સમભાવથી સ્થિત જોવો કહેવાય.

પ્રશ્ન : અહીં 'જે જુએ છે તે જ યથાર્થ જુએ છે' - આ વાક્યથી શો ભાવ દર્શાવવામાં આવ્યો છે?

ઉત્તર : આ શ્લોકમાં આત્મતત્ત્વને જન્મ અને મૃત્યુ વગેરે સમસ્ત વિકારોથી રહિત - નિર્વિકાર અને સમ બતાવવામાં આવ્યું છે. તેથી આ વાક્યથી એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે કે જે મનુષ્ય આ નિત્ય ચેતન આત્મતત્ત્વને આ પ્રમાણે નિર્વિકાર, અવિનાશી અને અસંગરૂપથી સર્વત્ર સમભાવથી સ્થિત જુએ છે તે જ યથાર્થ જુએ છે. જે આને (આત્મતત્ત્વને) શરીરના સંગથી જન્મ-મરણશીલ અને સુખી-દુઃખી સમજે છે તેઓનું તેમ જોવું તે યથાર્થ જોવાનું નથી; તેથી તેઓ જુએ છે તોપણ જોતા નથી.

સંબંધ : ઉપર્યુક્ત શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે તે પરમેશ્વરને જે બધાં ભૂતોમાં નાશરહિત અને સમભાવથી સ્થિત જુએ છે, તે જ યથાર્થ જુએ છે; આ કથનની સાર્થકતા બતાવતાં, તેનું ફળ પરમગતિની પ્રાપ્તિ છે એમ ભગવાન જણાવે છે -

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ २८॥

हि	= કેમકે	आत्मना	= પોતાના વડે
सर्वत्र	= સર્વમાં	आत्मानम्	= પોતાને
समवस्थितम्	= સમભાવે રહેલા	न, हिनस्ति	= નષ્ટ નથી કરતો;
ईश्वरम्	= પરમેશ્વરને	ततः	= માટે (એ)
समम्	= સમસ્વરૂપે	पराम्	= પરમ
पश्यन्	= જોતો (માણસ)	गतिम्	= ગતિને
		याति	= પામે છે.

કેમકે સર્વમાં સમભાવે રહેલા પરમેશ્વરને સમસ્વરૂપે જોતો માણસ પોતાના વડે પોતાને નષ્ટ નથી કરતો, માટે એ પરમ ગતિને પામે છે ॥ ૨૮॥

પ્રશ્ન : અહીં 'हि' પદ કયા અર્થમાં યોજાયું છે? અને આના પ્રયોગનો શો ભાવ છે?

ઉત્તર : અહીં 'हि' પદ 'હેતુ'ના અર્થમાં પ્રયોજાયું છે. આના પ્રયોગથી એવો ભાવ દર્શાવ્યો છે કે સમભાવથી જોનારો પોતાનો નાશ કરતો નથી અને પરમ ગતિને પામી લે છે. તેથી તેનું જોવાનું

જ યથાર્થ જોવું કહેવાય.

પ્રશ્ન : બધે જ સમભાવથી સ્થિત પરમેશ્વરને સમ જોવા - એ શું છે? અને 'આ પ્રમાણે જોનારો પોતાના વડે પોતાને નષ્ટ કરતો નથી' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : એક જ સચ્ચિદાનંદઘન પરમાત્મા સર્વત્ર સમભાવથી સ્થિત છે, અજ્ઞાનને કારણે જ જુદાં-જુદાં શરીરોમાં તેની ભિન્નતા પ્રતીત થાય છે - વાસ્તવમાં એનામાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. આ તત્ત્વને સમ્યક્‌રૂપણે સમજીને પ્રત્યક્ષ કરી લેવું એને જ 'સર્વત્ર સમભાવથી સ્થિત પરમેશ્વરને સમ જોવા' કહેવાય. જેઓ આ તત્ત્વને જાણતા નથી તેઓનું જોવું 'સમ જોવું' નથી, કારણ કે તેઓની બધામાં વિષમબુદ્ધિ હોય છે; તેઓ કોઈને પોતાનો પ્રિય અને હિતૈષી માને છે તો અન્ય કોઈને અપ્રિય અને અહિત કરનારો માને છે; તેમ જ પોતાની જાતને બધા જ કરતાં ભિન્ન અને એકદેશીય માને છે. તેથી તેઓ શરીરોના જન્મ અને મરણને પોતાનો જન્મ અને મરણ માને છે અને તેથી વારંવાર અનેક પ્રકારની યોનિઓમાં જન્મ લે છે અને મરતા રહે છે, આને જ એમ કહી શકાય કે 'તેઓ પોતે જ પોતાની જાતને નષ્ટ કરે છે.' પણ જે પુરુષ ઉપર જણાવ્યા પ્રમાણે એક પરમેશ્વરને જ સર્વત્ર સમભાવથી સ્થિત જુએ છે, તે ન તો પોતાને તે પરમેશ્વરથી જુદો માને છે અને ન તો પોતે આ શરીરો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ છે એમ માને છે, તેથી તે શરીરોના વિનાશમાં પોતાનો વિનાશ જોતો નથી અને તેથી તે પોતાને પોતાના વડે નષ્ટ કરતો નથી. અહીં અભિપ્રાય એવો છે કે તેની સ્થિતિ સર્વજ્ઞ, અવિનાશી, સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં અભિન્નભાવથી થઈ જાય છે; તેથી તે હંમેશ માટે જન્મ અને મરણના ચક્કરમાંથી મુક્ત થઈ જાય છે.

પ્રશ્ન : 'તતઃ' પદનો પ્રયોગ કયા અર્થમાં થયો છે? અને આનો પ્રયોગ કરીને પરમ ગતિને પ્રાપ્ત કરવાની વાત કહેવાનો શો ભાવ છે?

ઉત્તર : 'તતઃ' પદ પણ હેતુબોધક છે. આ પદનો પ્રયોગ કરીને પરમ ગતિને પ્રાપ્ત કરવાની વાતનો ભાવ એવો છે કે સર્વત્ર સમભાવથી સ્થિત સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્નભાવથી સ્થિત રહેનારો પરમ પુરુષ પોતાના વડે પોતાનો વિનાશ કરતો નથી, તેથી તે હંમેશ માટે જન્મ-મૃત્યુના બંધનથી મુક્ત થઈને પરમગતિને પામી લે છે. જેને પરમપદના નામથી જણાવેલ છે, જેને પામ્યા પછી ફરીથી પાછા આવવાનું થતું નથી અને જે સમસ્ત સાધનોનું અંતિમ ફળ છે - તેને પામવું એને જ 'પરમગતિને પામવું' કહેવાય.

સંબંધ : આ પ્રમાણે નિત્ય વિજ્ઞાનાનંદઘન આત્મતત્ત્વને સર્વત્ર સમભાવથી જોવાનો મહિમા અને તેનું ફળ બતાવીને હવે આગળના શ્લોકમાં ભગવાન તેને (આત્મતત્ત્વને) અકર્તાના રૂપમાં જોનારાનો મહિમા જણાવે છે -

પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।
યઃ પશ્યતિ તથાત્માનમકર્તારં સ પશ્યતિ ॥ ૨૯॥

ચ	= અને
યઃ	= જે માણસ
કર્માણિ	= બધાંય કર્મોને
સર્વશઃ	= સર્વ રીતે
પ્રકૃત્યા	= પ્રકૃતિ વડે
એવ	= જ
ક્રિયમાણાનિ	= થનારાં
પશ્યતિ	= જુએ છે
તથા	= તથા
આત્માનમ્	= આત્માને
અકર્તારમ્	= અકર્તા
(પશ્યતિ)	= જુએ છે,
સઃ	= એ જ (ખરું)
પશ્યતિ	= જુએ છે.

અને જે માણસ બધાંય કર્મોને સર્વ રીતે પ્રકૃતિ વડે જ થનારાં જુએ છે તથા આત્માને અકર્તા જુએ છે, એ જ ખરું જુએ છે ॥ ૨૯॥

પ્રશ્ન : ત્રીજા અધ્યાયના સત્તાવીસમા અને અઠ્ઠાવીસમા શ્લોકમાં તથા ચૌદમા અધ્યાયના ઓગણીસમા શ્લોકમાં સમસ્ત કર્મો ગુણો વડે કરવામાં આવે છે એમ બતાવ્યું છે તથા પાંચમા અધ્યાયના આઠમા અને નવમા શ્લોકમાં જણાવ્યું છે કે બધી જ ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાં જ વર્તે છે; અને અહીં બધાં કર્મોને પ્રકૃતિ દ્વારા કરવામાં આવી રહ્યા છે, એમ જોવાનું કહ્યું છે. આ પ્રમાણે ત્રણ પ્રકારનાં વર્ણન છે, તેનો શો અભિપ્રાય છે?

ઉત્તર : સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણો પ્રકૃતિનાં જ કાર્યો છે; અને સમસ્ત ઇન્દ્રિયો અને મન, તથા બુદ્ધિ વગેરે ઇન્દ્રિયોના વિષયો - આ બધાં જ ગુણોનો જ વિસ્તાર છે. તેથી ઇન્દ્રિયોનું ઇન્દ્રિયોના વિષયોમાં વરતવું, ગુણોનું ગુણોમાં વરતવું અને ગુણો વડે સમસ્ત કર્મો થાય છે એમ કહેવું - આ સર્વે પ્રકૃતિ વડે બધાં જ કર્મો થાય છે એમ કહી શકાય. આ પ્રમાણે આ ત્રણે કથનોમાં વાસ્તવમાં એક જ વાત કહેવામાં આવી છે. આમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. બધે સ્થળે કરેલાં કથનોનો અભિપ્રાય આત્મામાં કર્તાપણાનો અભાવ બતાવવો એ છે.

પ્રશ્ન : આત્માને અકર્તા જોવો એ શું છે? 'જે આમ જુએ છે તે જ યથાર્થ જુએ છે' - આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત અને બધા પ્રકારના વિકારોથી રહિત છે; પ્રકૃતિની સાથે તેનો કશોય સંબંધ નથી. તેથી તે કોઈ પણ કર્મોનો કર્તા નથી અને કર્મોનાં ફળોનો ભોક્તા પણ નથી - આ વાતનો અપરોક્ષભાવથી અનુભવ કરી લેવો એને જ 'આત્માને અકર્તા સમજવો' કહેવાય. 'જે આમ જુએ છે તે જ યથાર્થ જુએ છે' - આ કથનમાં તેનો મહિમા પ્રગટ કરવામાં આવ્યો છે. અભિપ્રાય એવો છે કે જેઓ આત્માને મન, બુદ્ધિ અને શરીરના સંબંધથી સમસ્ત કર્મોનો કર્તા અને ભોક્તા માને છે તેમનું તેમ જોવું ભ્રમયુક્ત હોવાથી ખોટું છે.

સંબંધ : આ પ્રમાણે આત્માને અકર્તા સમજવાનો મહિમા બતાવીને હવે ભગવાન તેના એકત્વદર્શનનું ફળ બતાવે છે –

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા ॥ ૩૦॥

યદા	= જે ક્ષણે, (આ માણસ)
ભૂત-	= પ્રાણીઓનાં જાત-
પૃથગ્ભાવમ્	જાતનાં સ્વરૂપોને
એકસ્થમ્	= એક પરમાત્મામાં જ રહેલાં
ચ	= તથા
તતઃ	= એ પરમાત્માથી
એવ	= જ
વિસ્તારમ્	= સઘળાં પ્રાણીઓનો વિસ્તાર
અનુપશ્યતિ	= જુએ છે,
તદા	= એ જ ક્ષણે (એ)
બ્રહ્મ	= સચ્ચિદાનંદઘન બ્રહ્મને
સમ્પદ્યતે	= પામી જાય છે.

અને જે ક્ષણે, આ માણસ પ્રાણીઓનાં જાતજાતનાં સ્વરૂપોને એક પરમાત્મામાં જ રહેલાં તથા એ પરમાત્માથી જ સઘળાં પ્રાણીઓનો વિસ્તાર જુએ છે, એ જ ક્ષણે એ સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામી જાય છે. ॥ ૩૦॥

પ્રશ્ન : 'ભૂતપૃથગ્ભાવમ્' પદ કોનું વાચક છે? અને તે એકમાં સ્થિત અને તે જ એકથી સૌનો વિસ્તાર જોવો - એ શું છે?

ઉત્તર : જે ચરાચર સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી બતાવવામાં આવી છે (૧૩/૨૬) તથા જે સમસ્ત ભૂતોમાં પરમેશ્વરને સમભાવથી જોવાનું કહ્યું છે (૧૩/૨૭), તે સમસ્ત પ્રાણીઓના નાનાત્વનું વાચક અહીં 'भूतपृथग्भावम्' પદ છે; અને જેમ સ્વપ્નમાંથી જાગેલો મનુષ્ય સ્વપ્નકાળમાં જોવામાં આવતા બધા જ પ્રાણીઓના નાનાત્વને પોતે જ પોતાનામાં જ જુએ છે અને એમ પણ સમજે છે કે તે બધાનો વિસ્તાર મારામાં મારાથી જ થયો હતો; વાસ્તવમાં સ્વપ્નની સૃષ્ટિમાં મારાથી જુદું કશું જ હતું નહીં, એક હું જ પોતાને અનેક રૂપોમાં જોઈ રહ્યો હતો - આ પ્રમાણે જે સમસ્ત પ્રાણીઓને કેવલ એક પરમાત્મામાં જ સ્થિત જુએ છે અને પરમાત્માથી જ સૌનો વિસ્તાર જુએ છે તે જ સાચું જુએ છે; અને આ પ્રમાણે જોવું એને જ સૌને એકમાં સ્થિત જોવાં અને તે જ એકમાં સૌનો વિસ્તાર જોવો - કહેવાય.

પ્રશ્ન : અહીં 'यदा' અને 'तदा' પદોના પ્રયોગનો શો ભાવ છે? અને બ્રહ્મને પામવું એ શું છે?

ઉત્તર : 'यदा' અને 'तदा' પદો કાળવાચક અવ્યયો છે. તેમનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે મનુષ્યને જે ક્ષણે આવું જ્ઞાન થઈ જાય છે તે જ ક્ષણે તે બ્રહ્મને પામી જાય છે અર્થાત્ બ્રહ્મ જ થઈ જાય છે. તેમાં જરા પણ વિલમ્બ થતો નથી. આ પ્રમાણે સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે અભિન્નતા પ્રાપ્ત થઈ જવી એને જ પરમ ગતિ પામવી, મોક્ષ પામવો, આત્યન્તિક સુખની પ્રાપ્તિ થવી અને પરમ શાંતિની પ્રાપ્તિ થવી કહે છે.

સંબંધ : આ પ્રમાણે આત્માને બધા પ્રાણીઓમાં સમભાવથી સ્થિત, નિર્વિકાર અને અકર્તા જણાવવાથી એવી શંકા થાય છે કે, બધાં શરીરોમાં રહેતો હોવા છતાં પણ તેના (શરીરોના) દોષોથી આત્મા અલિપ્ત અને અકર્તા કઈ રીતે રહી શકે છે, આ શંકાનું નિવારણ કરવા માટે હવે ભગવાન – ત્રીજા શ્લોકમાં જે 'यत्प्रभावश्च' પદથી ક્ષેત્રજ્ઞનો પ્રભાવ સાંભળવાનો સંકેત કરવામાં આવ્યો હતો તે પ્રમાણે - ત્રણ શ્લોકો દ્વારા આત્માના પ્રભાવનું વર્ણન કરે છે.

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥ ૩૧॥

कौन्तेय	= હે કૌન્તેય!	शरीरस्थः	= શરીરમાં રહેલો (હોવા છતાં)
अनादित्वात्	= અનાદિ હોવાને લીધે (તથા)	अपि	= પણ,
निर्गुणत्वात्	= નિર્ગુણ હોવાથી	न	= (ખરી રીતે)ન (તો કશું)
अयम्	= આ	करोति	= કરે છે (કે)
अव्ययः	= અવિનાશી	न	= ન (તો)
परमात्मा	= પરમાત્મા,	लिप्यते	= લેપાય છે.

હે કૌન્તેય! અનાદિ હોવાને લીધે તથા નિર્ગુણ હોવાને લીધે આ અવિનાશી પરમાત્મા, શરીરમાં રહેલો હોવા છતાં પણ, ખરી રીતે ન તો કશું કરે છે કે ન તો લેપાય છે. ॥ ૩૧॥

પ્રશ્ન : 'अनादित्वात्' અને 'निर्गुणत्वात्' - આ બન્ને પદોનો શો અર્થ છે? અને આ બન્ને પદોનો પ્રયોગ કરીને અહીં શો ભાવ દર્શાવવામાં આવ્યો છે?

ઉત્તર : જેનો કોઈ આદિ ન હોય અર્થાત્ કારણ ન હોય અને જેની કોઈ પણ કાળે નવી ઉત્પત્તિ ન થઈ હોય અને જે હંમેશાં જ હોય છે તેને 'અનાદિ' કહે છે. પ્રકૃતિ અને તેના ગુણોથી જે હંમેશાં અતીત હોય છે, ગુણોથી અને ગુણોનાં કાર્યોથી જેનો વાસ્તવિક સંબંધ કોઈ પણ કાળમાં અથવા કોઈ પણ અવસ્થામાં હોતો નથી તેને 'નિર્ગુણ' કહે છે. તેથી

અહીં 'अनादित्वात्' અને 'निर्गुणत्वात्' આ બન્ને પદોનો પ્રયોગ કરીને એમ બતાવવામાં આવ્યું છે કે જેનું પ્રકરણ ચાલી રહ્યું છે તે આત્મા 'અનાદિ' અને 'નિર્ગુણ' છે; તેથી તે અકર્તા, નિર્લિપ્ત અને અવ્યય છે - જન્મ, મૃત્યુ વગેરે છ વિકારોથી સર્વથા અતીત છે.

પ્રશ્ન : અહીં 'પરમાત્મા'ની સાથે 'अयम्' વિશેષણ યોજવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'अयम्' પદ જેનું પ્રકરણ અગાઉથી ચાલી આવી રહ્યું છે તેનો નિર્દેશ કરે છે. તેથી અહીં 'પરમાત્મા' શબ્દની સાથે 'अयम्' વિશેષણ લગાવીને એવો ભાવ દર્શાવ્યો છે કે જેને સત્તાવીસમા શ્લોકમાં 'પરમેશ્વર', અઠ્ઠાવીસમા શ્લોકમાં 'ઈશ્વર', ઓગણત્રીસમા શ્લોકમાં 'આત્મા' અને ત્રીસમા શ્લોકમાં 'બ્રહ્મ' કહેવામાં આવ્યો છે - તેને જ અહીં 'પરમાત્મા' કહેવામાં આવ્યો છે. અર્થાત્ આ સર્વેની અભિન્નતા - એકતા બતાવવા માટે અહીં 'अयम्' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન : સત્તાવીસમા શ્લોકમાં પરમેશ્વર, અઠ્ઠાવીસમા શ્લોકમાં ઈશ્વર, ઓગણત્રીસમા શ્લોકમાં આત્મા અને ત્રીસમા શ્લોકમાં બ્રહ્મ તથા આ શ્લોકમાં પરમાત્મા - આ પ્રમાણે એક જ તત્ત્વને બતાવવા માટે આ શ્લોકોમાં જુદાં-જુદાં નામોનો પ્રયોગ શા માટે કરવામાં આવ્યો છે?

ઉત્તર : ત્રીજા શ્લોકમાં ભગવાને અર્જુનને 'ક્ષેત્રજ્ઞ'ના સ્વરૂપ અને પ્રભાવ વિશે જણાવવાનો સંકેત કર્યો હતો. તે પ્રમાણે પરબ્રહ્મ પરમાત્માની સાથે 'ક્ષેત્રજ્ઞ'ની અભિન્નતા બતાવીને તેના વાસ્તવિક સ્વરૂપનું નિરૂપણ કરવા માટે અહીં પરમાત્માનાં વાચક ભિન્ન ભિન્ન નામોનો સહેતુક પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન : શરીરમાં સ્થિત હોવા છતાં પણ આત્મા કર્તા કેમ નથી હોતો? અને આત્મા તેનાથી લિપ્ત શા માટે નથી હોતો?

ઉત્તર : વાસ્તવમાં આત્માનો પ્રકૃતિના ગુણો સાથે અને તેઓના વિસ્તાર પામેલાં રૂપો બુદ્ધિ, મન ઇન્દ્રિયો અને શરીર સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. તે ગુણોથી સર્વથા અતીત છે. જેમ આકાશ વાદળાંઓમાં સ્થિત હોવા છતાં પણ તે તેનું કર્તા નથી બનતું અને તેમનામાં લિપ્ત પણ નથી થતું, તેવી જ રીતે આત્મા પણ કર્મોનો કર્તા બનતો નથી અને શરીરોમાં લિપ્ત પણ નથી થતો. આ જ વાતને ભગવાન સ્વયં આગળના બે શ્લોકોમાં દૃષ્ટાંત આપીને સમજાવે છે.

સંબંધ : શરીરમાં સ્થિત હોવા છતાં પણ આત્મા કેમ લિપ્ત થતો નથી? આ વાતને સમજાવતાં ભગવાન કહે છે –

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ ૩૨॥

यथा	= જેમ
सर्वगतम्	= સર્વ સ્થળે વ્યાપેલું
आकाशम्	= આકાશ
सौक्ष्म्यात्	= સૂક્ષ્મ હોવાને લીધે
न, उपलिप्यते	= (સ્થાનોના ગુણ-દોષોથી) લેપાતું નથી,
तथा	= એ જ રીતે
देहे	= દેહમાં
सर्वत्र	= સર્વત્ર
अवस्थितः	= રહેલો
आत्मा	= આત્મા
न, उपलिप्यते	= (નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી) લેપાતો નથી.

જેમ સર્વ સ્થળે વ્યાપેલું આકાશ સૂક્ષ્મ હોવાને લીધે સ્થાનોના ગુણ-દોષોથી લેપાતું નથી, એ જ રીતે દેહમાં સર્વત્ર રહેલો આત્મા નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી લેપાતો નથી. ॥ ૩૨॥

પ્રશ્ન : આ શ્લોકમાં આકાશનું દૃષ્ટાંત આપીને કઈ વાત સમજાવવામાં આવી છે?

ઉત્તર : આકાશના દૃષ્ટાંતથી આત્મામાં નિર્લેપતા સિદ્ધ કરવામાં આવી છે. અહીં અભિપ્રાય એવો છે કે જેમ આકાશ—વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીમાં બધે જ સમભાવથી વ્યાપ્ત હોવા છતાં પણ તેઓના ગુણ-દોષોથી કોઈ પણ રીતે લિપ્ત થતું નથી; તેવી જ રીતે આત્મા પણ આ શરીરમાં સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી અને ગુણોથી સર્વથા અતીત હોવાથી બુદ્ધિ, મન, ઇન્દ્રિયો અને શરીરના ગુણ-દોષોથી જરાય લિપ્ત થતો નથી.

સંબંધ : શરીરમાં સ્થિત હોવા છતાં પણ આત્મા શા માટે કર્તા નથી હોતો? - આ વાતને સમજાવતાં ભગવાન કહે છે :

યથા પ્રકાશયત્येકः कृत्स्नं लोकमिमं रविः।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३३॥

ભારત	= હે ભારત!
યથા	= જેવી રીતે
એકઃ	= એક જ
રવિઃ	= સૂર્ય
ઇમમ્	= આ
કૃત્સ્નમ્	= આખાય
લોકમ્	= બ્રહ્માંડને
પ્રકાશયતિ	= ઉજાળે છે,
તથા	= એ જ રીતે
ક્ષેત્રી	= એક જ આત્મા
કૃત્સ્નમ્	= આખાય
ક્ષેત્રમ્	= ક્ષેત્રને
પ્રકાશયતિ	= ઉજાળે છે.

હે ભારત! જેવી રીતે એક જ સૂર્ય આ આખાય બ્રહ્માંડને ઉજાળે છે, એ જ રીતે એક જ આત્મા આખાય ક્ષેત્રને ઉજાળે છે. ॥ ૩૩॥

પ્રશ્ન : આ શ્લોકમાં રવિ (સૂર્ય)નું દૃષ્ટાંત આપીને કઈ વાત સમજાવવામાં આવી છે અને 'रविः' પદની સાથે 'एकः' વિશેષણ યોજવાનો અભિપ્રાય શો છે?

ઉત્તર : અહીં રવિ (સૂર્ય)નું દૃષ્ટાંત આપીને આત્માનું અકર્તાપણું અને 'रविः' પદની સાથે 'एकः' વિશેષણ આપીને આત્માના અદ્વૈતભાવને સાબિત કર્યો છે. અહીં અભિપ્રાય એવો છે કે જે પ્રમાણે એક જ સૂર્ય સંપૂર્ણ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે એક જ આત્મા સમસ્ત ક્ષેત્રને - અર્થાત્ પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં વિકારસહિત ક્ષેત્રના નામથી જેના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સમસ્ત જડવર્ગને પ્રકાશિત કરે છે, સૌને સત્તા-સ્ફૂર્તિ આપે છે; અને જુદાં જુદાં અંતઃકરણોના સંબંધથી જુદાં જુદાં શરીરોમાં તેનું જુદું-જુદું પ્રાગટ્ય થવું - એમ ભાસે છે. આવું હોવા છતાં પણ તે આત્મા સૂર્યની જેમ ન તો કર્મોને કરનારો છે અને ન તો કરાવનારો છે તથા ન તો દ્વૈતભાવ અથવા વૈષમ્યાદિ દોષોથી યુક્ત પણ હોય છે. તે અવિનાશી આત્મા પ્રત્યેક અવસ્થામાં હરહંમેશ માટે શુદ્ધ, વિજ્ઞાનસ્વરૂપ, અકર્તા, નિર્વિકાર, સમ અને નિરંજન જ રહે છે.

સંબંધ : ત્રીજા શ્લોકમાં જે છ વાતો કહેવાનું ભગવાને સંકેતથી જણાવ્યું હતું તેઓનું વર્ણન કરીને હવે આ અધ્યાયમાં વર્ણન કરવામાં આવેલ સમસ્ત ઉપદેશને સમ્યક્‌પણે સમજવાનું ફળ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ છે એમ જણાવીને ભગવાન આ અધ્યાયનો ઉપસંહાર કરે છે –

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥ ૩૪॥

એવમ્	= આ પ્રમાણે	યે	= જે માણસો
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ	= ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના	જ્ઞાનચક્ષુષા	= જ્ઞાનચક્ષુ દ્વારા
અન્તરમ્	= ભેદને	વિદુઃ	= તત્ત્વથી જાણી લે છે,
ચ	= તથા	તે	= એ મહાત્માજનો
ભૂતપ્રકૃતિ-	= કાર્યસહિત	પરમ્	= પરમ બ્રહ્મ પરમાત્માને
મોક્ષમ્	પ્રકૃતિથી મુક્ત થવાને,	યાન્તિ	= પ્રાપ્ત થઈ જાય છે.

આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને તથા કાર્ય- સહિત પ્રકૃતિથી મુકત થવાને, જે માણસો જ્ઞાનચક્ષુ દ્વારા તત્ત્વથી જાણી લે છે, એ મહાત્માજનો પરમ બ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૩૪॥

પ્રશ્ન : 'ज्ञानचक्षुषा' પદનો શો અભિપ્રાય છે? અને જ્ઞાનચક્ષુ વડે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને જાણવો એ છે?

ઉત્તર : બીજા શ્લોકમાં ભગવાને જેને પોતાના મત પ્રમાણે 'જ્ઞાન' કહ્યું છે અને પાંચમા અધ્યાયના સોળમા શ્લોકમાં જેને અજ્ઞાનનો નાશ કરવામાં કારણરૂપ બતાવ્યું છે, જેની પ્રાપ્તિ અમાનિત્વ વગેરે સાધનોથી થાય છે તે જ 'તત્ત્વજ્ઞાન'નું વાચક અહીં 'ज्ञानचक्षुषा' પદ છે.

તે જ્ઞાન વડે સમ્યક્‌રૂપથી તત્ત્વથી એમ સમજવાનું છે કે મહાભૂતાદિ ચોવીસ તત્ત્વોના સમુદાયરૂપી સમષ્ટિશરીરનું નામ 'ક્ષેત્ર' છે; તે જાણી શકાય છે, પરિવર્તનશીલ છે, વિનાશી, વિકારી, જડ, પરિણામી અને અનિત્ય છે; તેમ જ 'ક્ષેત્રજ્ઞ' તેનો જ્ઞાતા છે (જાણનારો છે), ચેતન, નિર્વિકાર, અકર્તા, નિત્ય, અવિનાશી, અસંગ, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ અને એક છે. આ પ્રમાણે બન્નેમાં વિલક્ષણતા હોવાને કારણે ક્ષેત્રજ્ઞ ક્ષેત્રથી સર્વથા ભિન્ન છે. તેની ક્ષેત્ર સાથે જે એકતા ભાસે છે તે અજ્ઞાનમૂલક છે. વાસ્તવમાં ક્ષેત્રજ્ઞનો તેની સાથે (ક્ષેત્ર સાથે) કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. આને જ 'જ્ઞાનચક્ષુ' વડે 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'ના ભેદને જાણવો - એમ કહેવાય.

પ્રશ્ન : 'भूतप्रकृतिमोक्षम्'નો શો અભિપ્રાય છે? અને તેને જ્ઞાનચક્ષુથી જાણી લેવું એ શું છે?

ઉત્તર : અહીં 'ભૂત' શબ્દ પ્રકૃતિના કાર્યરૂપી સમસ્ત દૃશ્યવર્ગનો અને 'પ્રકૃતિ' શબ્દ તેના કારણનો વાચક છે.

તેથી કાર્યસહિત પ્રકૃતિથી સર્વથા મુક્ત થઈ જવું એ જ 'ભૂતપ્રકૃતિમોક્ષ' છે એમ કહેવાય; અને ઉપર જણાવ્યા પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને જાણી લેવાની સાથે સાથે ક્ષેત્રજ્ઞનું પ્રકૃતિથી જુદા થઈને પોતાના વાસ્તવિક પરમાત્મસ્વરૂપમાં અભિન્ન ભાવથી પ્રતિષ્ઠિત થઈ જવું એને જ કાર્યસહિત પ્રકૃતિથી મુક્ત થઈ જવું કહેવાય.

અહીં અભિપ્રાય એવો છે કે જેમ સ્વપ્નમાં મનુષ્યને કોઈ પણ નિમિત્તથી પોતાની જાગ્રત અવસ્થાની સ્મૃતિ થઈ જવાથી એવી ખબર પડી જાય છે કે આ તો સ્વપ્ન છે, તેથી પોતાના અસલી શરીરમાં જાગી જવું એ જ આનાં અર્થાત્ સ્વપ્નનાં દુઃખોમાંથી છૂટી જવાનો ઉપાય છે, આ ભાવના ઉદય થતાં જ તે જાગી ઊઠે છે; તેવી જ રીતે જ્ઞાનયોગી પણ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞની વિલક્ષણતાને સમજીને સાથે-સાથે જે, એવું સમજી લેવું કે

અજ્ઞાનવશ ક્ષેત્રને સત્ય વસ્તુ સમજવાથી જ તેની સાથે મારો જાણે સંબંધ થઈ રહ્યો હતો. તેથી ખરેખર સચ્ચિદાનંદઘન પરમાત્મસ્વરૂપમાં સ્થિત થઈ જવું એ જ એનાથી મુક્ત થવું છે, એ જ તેનું કાર્યસહિત પ્રકૃતિથી મુક્ત થવાને, જાણવું છે.

પ્રશ્ન : 'જે આમને જાણે છે, તે પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે' - આ કથનનો શો ભાવ છે?

ઉત્તર : આ કથનથી એવો ભાવ દર્શાવ્યો છે કે ઉપર્યુક્ત તત્ત્વજ્ઞાન થઈ જવાથી અજ્ઞાનસહિત સમસ્ત દૃશ્યનો અભાવ થઈ જાય છે અને તત્કાળ જ તેમને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

• ★ •

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥ १३॥

॥ ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ નામનો તેરમો અધ્યાય સમાપ્ત ॥

॥ ॐ श्रीपरमात्मने नमः ॥

ચૌદમો અધ્યાય

અધ્યાયનું નામ

આ અધ્યાયમાં સત્ત્વ, રજ અને તમ – આ ત્રણે ગુણોના સ્વરૂપનું, એમનાં કાર્યો, કારણો અને શક્તિનું; તથા તેઓ કઈ રીતે, કઈ અવસ્થામાં જીવાત્માને કેવી રીતે બંધનમાં નાખે છે અને મનુષ્ય તેમાંથી કેમ છુટકારો મેળવીને પરમ પદને પામી શકે છે; તથા આ ત્રણે ગુણોથી અતીત થઈને જે પરમાત્માને પામી લે છે તેવા મનુષ્યનાં શાં લક્ષણો હોય છે વગેરે – આ ત્રણે ગુણોથી સંબંધિત વાતોનું વિવેચન કરવામાં આવ્યું છે. સૌથી પહેલાં સાધનકાળમાં રજ અને તમનો ત્યાગ કરીને સત્ત્વગુણને ગ્રહણ કરવો જોઈએ અને છેલ્લે બધા જ ગુણો સાથેનો સર્વથા સંબંધ ત્યજી દેવો જોઈએ, આને સમજાવવા માટે આ ત્રણે ગુણોનું વર્ણન વિભાગવાર કરવામાં આવ્યું છે. તેથી આ અધ્યાયનું નામ 'ગુણત્રયવિભાગયોગ' રાખવામાં આવ્યું છે.

અધ્યાયનો સંક્ષેપ

આ અધ્યાયના પહેલા અને બીજા શ્લોકમાં આગળ જે જ્ઞાનની ચર્ચા કરવાની છે તેનો મહિમા જણાવીને તે જ્ઞાન વિષે સમજણ આપવાની ભગવાને પ્રતિજ્ઞા કરી છે. ત્રીજા અને ચોથા શ્લોકમાં પ્રકૃતિ અને પુરુષના સંબંધથી બધાં પ્રાણીઓની ઉત્પત્તિના પ્રકાર જણાવ્યા છે અને પાંચમા શ્લોકમાં સત્ત્વ, રજ અને તમ આ ત્રણે ગુણોને જીવાત્માના બંધનના હેતુ બતાવ્યા છે. છઠ્ઠાથી આઠમા શ્લોક સુધી સત્ત્વ વગેરે ત્રણે ગુણોનું સ્વરૂપ અને તેઓના વડે જીવાત્માના બંધાઈ જવાના પ્રકારો ક્રમશઃ બતાવવામાં આવ્યા છે. નવમા શ્લોકમાં જીવાત્માને કયો ગુણ શામાં લગાડે છે - તેનો સંકેત આપીને દસમા શ્લોકમાં જણાવ્યું છે કે કેવી રીતે એક ગુણની વૃદ્ધિ થાય છે અને બીજા બે ગુણો દબાઈ જાય છે, તેમ જ અગિયારમાથી તેરમા શ્લોક સુધી વૃદ્ધિ પામેલા સત્ત્વ, રજ અને તમ – આ ત્રણે ગુણોનાં ક્રમશઃ લક્ષણ બતાવવામાં આવ્યાં છે. ચૌદમા અને પંદરમા શ્લોકમાં ત્રણે ગુણોમાં દરેક ગુણની વૃદ્ધિ-સમયે મરનાર વ્યક્તિની ગતિનું નિરૂપણ કરીને સોળમા શ્લોકમાં સાત્ત્વિક, રાજસ અને તામસ – ત્રણે પ્રકારનાં કર્મોનું તેમને અનુરૂપ ફળ બતાવવામાં આવ્યું છે. સત્તરમા શ્લોકમાં જણાવ્યું છે કે જ્ઞાનની ઉત્પત્તિમાં સત્ત્વગુણ, લોભની ઉત્પત્તિમાં રજોગુણ તથા પ્રમાદ, મોહ અને અજ્ઞાનની ઉત્પત્તિમાં તમોગુણ હેતુરૂપ છે. અઢારમા શ્લોકમાં જણાવ્યું છે કે ત્રણે ગુણોમાંથી દરેક ગુણમાં સ્થિત જીવાત્માની ગતિ તે ગુણને અનુરૂપ જ થાય છે. ઓગણીસમા અને વીસમા શ્લોકમાં જણાવ્યું છે કે સમસ્ત કર્મો ગુણો વડે થાય છે અને આત્મા આ બધા ગુણોથી અતીત છે અને અકર્તા છે તથા જે આ સારી રીતે જાણી લે છે તે ત્રણે ગુણોથી અતીત થઈ જાય છે (અર્થાત્ આત્માને ગુણોથી અતીત જાણવાનું ફળ આ ત્રણે ગુણોથી અતીત થવું એમ પ્રતિપાદિત થયું છે). એકવીસમા શ્લોકમાં અર્જુને ગુણાતીત પુરુષનાં લક્ષણો, આચરણ અને ગુણાતીત થવાના ઉપાયો જાણવા માટે પ્રશ્ન કર્યો છે; તેના ઉત્તરમાં બાવીસમાથી પચીસમા શ્લોક સુધી ભગવાને ગુણાતીતનાં લક્ષણો અને આચરણો વિષે જણાવ્યું છે તેમ જ છવ્વીસમા શ્લોકમાં ગુણોથી અતીત થવાના ઉપાયનું અને તેના ફળનું વર્ણન કર્યું છે. તે પછી છેલ્લા સત્તાવીસમા શ્લોકમાં બ્રહ્મ, અમૃત, અવ્યય વગેરે બધાં ભગવાનનાં જ સ્વરૂપો હોવાથી પોતાને (ભગવાનને) આ સર્વની પ્રતિષ્ઠા બતાવીને ભગવાને અધ્યાયનો ઉપસંહાર કર્યો છે.

સંબંધ : તેરમા અધ્યાયમાં 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'નાં લક્ષણોનો નિર્દેશ કરીને તે બંનેના જ્ઞાનને જ 'જ્ઞા॰' બતાવ્યું છે અને તે પ્રમાણે ક્ષેત્રના સ્વરૂપ, સ્વભાવ, વિકાર અને તેનાં તત્ત્વોની ઉત્પત્તિના ક્રમ વગેરેનું તથા ક્ષેત્રજ્ઞના સ્વરૂપ અને તેના પ્રભાવનું વર્ણન કર્યું છે. ત્યાં ઓગણીસમા શ્લોકથી પ્રકૃતિ-પુરુષના નામથી પ્રકરણનો આરંભ કરીને ગુણોને પ્રકૃતિજન્ય બતાવ્યા છે અને એકવીસમા શ્લોકમાં એમ પણ જણાવ્યું છે કે પુરુષ વારંવાર સારી-નરસી યોનિઓમાં જન્મ લે છે તેનું કારણ તેનો ગુણો

સાથેનો સંબંધ છે. ગુણોનાં જુદાં-જુદાં સ્વરૂપો કયાં છે, આ ગુણો જીવાત્માને કઈ રીતે શરીરમાં બાંધે છે, કયા ગુણના સંગથી કઈ યોનિમાં જન્મ થાય છે, ગુણોથી છૂટવાના ઉપાયો કયા છે, ગુણોથી મુક્ત થયેલા પુરુષોનાં લક્ષણો કયાં છે અને તેઓનું આચરણ કેવું હોય છે – આ બધી વાતો જાણવાની સ્વાભાવિક જ ઇચ્છા થાય; તેથી આ વિષયનું સ્પષ્ટીકરણ કરવા માટે આ ચૌદમા અધ્યાયનો આરંભ કરવામાં આવ્યો છે. તેરમા અધ્યાયમાં વર્ણિત જ્ઞાનને જ સ્પષ્ટ કરીને ચૌદમા અધ્યાયમાં વિસ્તારપૂર્વક સમજાવવાનાં છે તેથી પહેલા બે શ્લોકોમાં તે જ્ઞાનનું મહત્ત્વ બતાવીને ભગવાન તેનું ફરીથી વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે –

શ્રીભગવાન્ ઉવાચ

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १॥

ज्ञानानाम्	= સર્વ જ્ઞાનો કરતાં
उत्तमम्	= ચઢિયાતા
परम्	= વધારે ઉત્કૃષ્ટ
(तत्)	= એવા
ज्ञानम्	= જ્ઞાનને (હું)
भूयः	= ફરી
प्रवक्ष्यामि	= કહીશ,
यत्	= જેને
ज्ञात्वा	= જાણીને
सर्वे	= સઘળા
मुनयः	= મુનિજનો
इतः	= આ સંસારથી (છૂટીને)
पराम्	= પરમ
सिद्धिम्	= સિદ્ધિને
गताः	= પામી ચુક્યા છે.

શ્રીભગવાન બોલ્યા : અર્જુન! સર્વ જ્ઞાનો કરતાં ચઢિયાતા વધારે ઉત્કૃષ્ટ એવા જ્ઞાનને હું ફરી કહીશ, જેને જાણીને સઘળા મુનિજનો આ સંસારથી છૂટીને પરમ સિદ્ધિને પામી ચુક્યા છે. ॥ ૧॥

પ્રશ્ન : અહીં 'ज्ञानानाम्' પદ કયાં જ્ઞાનોનું વાચક છે? અને તેઓમાંથી કયા જ્ઞાનનું વર્ણન કરવાની ભગવાન અહીં પ્રતિજ્ઞા કરે છે; અને ભગવાન તે જ્ઞાનને બીજાં જ્ઞાનો કરતાં ઉત્તમ અને ઉત્કૃષ્ટ શા માટે બતાવે છે?

ઉત્તર : શ્રુતિ-સ્મૃતિ-પુરાણ વગેરેમાં વિભિન્ન વિષયોને સમજાવવા માટે જે અનેક પ્રકારના ઘણાબધા ઉપદેશો આપવામાં આવ્યા છે તે બધાનું વાચક અહીં 'ज्ञानानाम्' પદ છે. તેમનામાં પ્રકૃતિ અને પુરુષના સ્વરૂપનું વિવેચન કરીને પુરુષના વાસ્તવિક સ્વરૂપને પ્રત્યક્ષ કરાવનારું જે તત્ત્વજ્ઞાન છે તે જ જ્ઞાનનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા ભગવાન અહીં કરે છે. તે જ્ઞાન પરમાત્માના સ્વરૂપને પ્રત્યક્ષ કરાવનારું છે અને જીવાત્માને પ્રકૃતિના બંધનમાંથી હંમેશ માટે મુક્તિ અપાવનારું છે, તેથી તે જ્ઞાનને અન્ય બીજા જ્ઞાનો કરતાં ઉત્તમ અને ઉત્કૃષ્ટ બતાવવામાં આવ્યું છે.

પ્રશ્ન : અહીં 'भूयः' પદના પ્રયોગનો શો ભાવ છે?

ઉત્તર : 'भूयः' પદનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે કે આ જ્ઞાનનું નિરૂપણ તો અગાઉ પણ કરી દેવાયું છે, પણ તે અત્યંત ગહન અને દુર્વિજ્ઞેય હોવાથી સમજાવું અઘરું છે, તેથી સમ્યક્‌રૂપણે સમજાવવા માટે પ્રકારભેદે ફરીથી તેનું જ વર્ણન કરવામાં આવે છે.

પ્રશ્ન : અહીં 'मुनयः' પદ કોનું વાચક છે? અને તે લોકો આ જ્ઞાનને સમજીને જેને પામી ચૂક્યા છે તે 'પરમ સિદ્ધિ શું છે?

ઉત્તર : અહીં 'मुनयः' પદ જ્ઞાનયોગના સાધન વડે પરમગતિને પામેલા જ્ઞાનીઓનું વાચક છે; તથા જેને 'પરબ્રહ્મની પ્રાપ્તિ' કહે છે – જેનું વર્ણન 'પરમ શાંતિ', 'આત્યંતિક સુખ' અને 'અપુનરાવૃત્તિ' વગેરે અનેક નામોથી કરવામાં આવ્યું છે, જ્યાં પહોંચ્યા પછી કોઈ પાછું ફરતું નથી – મુનિજનો દ્વારા પ્રાપ્ત કરવામાં આવતી 'પરમસિદ્ધિ' પણ એ જ છે.

પ્રશ્ન : 'इतः' પદ કોનું વાચક છે? અને એના પ્રયોગનો શો અભિપ્રાય છે?

ઉત્તર : 'इतः' પદ સંસારનું વાચક છે. એનો પ્રયોગ કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે તે મુનિઓનો આ મહાન દુઃખમય મૃત્યુરૂપ સંસાર સાથેનો સંબંધ હંમેશ માટે છૂટી ગયો છે.

ઇદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ।
સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ॥ ૨॥

ઇદમ્	= આ	સર્ગે	= સૃષ્ટિના આરંભે (ફરીથી)
જ્ઞાનમ્	= જ્ઞાનને	ન, ઉપજાયન્તે	= નથી જન્મતા
ઉપાશ્રિત્ય	= આશ્રયે	ચ	= અને
મમ	= મારા	પ્રલયે	= પ્રલયકાળે
સાધર્મ્યમ્	= સ્વરૂપને	અપિ	= પણ
આગતાઃ	= પામી ચુકેલા માણસો,	ન, વ્યથન્તિ	= નથી વ્યાકુળ થતા.

હે અર્જુન! આ જ્ઞાનને આશ્રયે મારા સ્વરૂપને પામી ચુકેલા માણસો, સૃષ્ટિના આરંભે ફરીથી નથી જન્મતા કે પ્રલયકાળેય નથી વ્યાકુળ થતા. ॥ ૨॥

પ્રશ્ન : 'ज्ञानम्'ની સાથે 'इदम्' વિશેષણનો પ્રયોગ શા માટે થયો છે? અને તે જ્ઞાનનો આશ્રય લેવો એ શું છે?

ઉત્તર : જેનું વર્ણન તેરમા અધ્યાયમાં કરી દેવાયું છે અને આ ચૌદમા અધ્યાયમાં પણ કરવામાં આવી રહ્યું છે, તે જ્ઞાનનો મહિમા આવો છે – એ વાતને સ્પષ્ટ કરવા માટે અહીં 'ज्ञानम्' પદની સાથે 'इदम्' વિશેષણનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તથા આ પ્રકરણમાં વર્ણિત જ્ઞાન પ્રમાણે પ્રકૃતિ અને પુરુષના સ્વરૂપને સમજીને ગુણો સહિત પ્રકૃતિથી સર્વથા અતીત થઈ જવું અને નિર્ગુણ-નિરાકાર સચ્ચિદાનંદ પરમાત્માના સ્વરૂપમાં અભિન્ન ભાવથી સ્થિત રહેવું – એને જ આ જ્ઞાનનો આશ્રય લેવો કહેવાય.

પ્રશ્ન : અહીં 'ભગવાનના સાધર્મ્યને પામવું' – એ શું છે?

ઉત્તર : અગાઉના શ્લોકમાં 'परां सिद्धिं गताः'થી જે વાત કહેવામાં આવી છે તે જ વાત આ શ્લોકમાં 'मम साधर्म्यमागताः' કથનથી કહેવામાં આવી છે. અહીં અભિપ્રાય એવો છે કે 'ભગવાનના નિર્ગુણરૂપને અભેદભાવથી પામી જવું' એને જ ભગવાનના સાધર્મ્યને પામી જવું કહેવાય.

પ્રશ્ન : 'ભગવત્પ્રાપ્ત પુરુષો સૃષ્ટિના આદિમાં ફરીથી ઉત્પન્ન થતા નથી અને પ્રલયકાળમાં પણ વ્યાકુળ થતા નથી' – આ કથનનો શો અભિપ્રાય છે?

ઉત્તર : આ કથનથી ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે આ અધ્યાયોમાં વર્ણિત જ્ઞાનનો આશ્રય લઈને તે પ્રમાણે સાધન કરીને જે પુરુષો પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને અભેદભાવથી પામી ચૂક્યા છે તે મુક્ત પુરુષો મહાસર્ગના આરંભમાં ફરીથી ઉત્પન્ન થતા નથી તેમ જ પ્રલયકાળમાં પીડિત પણ થતા નથી. વાસ્તવમાં સૃષ્ટિના સર્ગ

અને પ્રલયથી તેમનો કોઈ સંબંધ જ નથી રહેવા પામતો. કારણ કે સારી-નરસી યોનિઓમાં જન્મ થવાનું મુખ્ય કારણ ગુણોનો સંગ છે અને મુક્ત પુરુષો ગુણોથી સર્વથા અતીત હોય છે; તેથી તેઓનું પુનરાગમન થતું નથી; અને જ્યારે ઉત્પત્તિ જ નથી ત્યારે વિનાશનો તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી

સંબંધ : આ પ્રમાણે જ્ઞાનને ફરીથી કહેવાની પ્રતિજ્ઞા કરીને અને તેના મહત્ત્વનું નિરૂપણ કરીને હવે ભગવાન તે જ્ઞાનના વર્ણનનો આરંભ કરે છે અને હવે પછીના બે શ્લોકોમાં પ્રકૃતિ અને પુરુષથી સંપૂર્ણ જગતની ઉત્પત્તિ થાય છે એમ પ્રતિપાદિત કરે છે –

મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ગર્ભં દધામ્યહમ્ ।
સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥ ૩॥

ભારત	= હે ભારત!
મમ	= મારી
મહત્, બ્રહ્મ	= મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ
યોનિઃ	= (સર્વભૂતોની) યોનિ છે અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે (અને)
અહમ્	= હું
તસ્મિન્	= એ યોનિમાં
ગર્ભમ્	= ચેતન (જીવ) સમુદાયરૂપી ગર્ભને
દધામિ	= સ્થાપું છું;
તતઃ	= એ જડ-ચેતનના સંયોગમાંથી
સર્વભૂતાનામ્	= સકળ ભૂતોનો
સમ્ભવઃ	= ઉદ્ભવ
ભવતિ	= થાય છે.

હે ભારત! મારી મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ સકળ ભૂતોની યોનિ છે અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે અને હું એ યોનિમાં ચેતન(જીવ)સમુદાયરૂપી ગર્ભને સ્થાપું છું; એ જડ-ચેતનના સંયોગમાંથી સકળ ભૂતોનો ઉદ્ભવ થાય છે ॥ ૩॥

પ્રશ્ન : 'महत्' વિશેષણની સાથે 'ब्रह्म' પદ કોનું વાચક છે? અને તેને 'मम' કહેવાનો તથા 'योनिः' નામ આપવાનો શો અભિપ્રાય છે?

ઉત્તર : સંપૂર્ણ જગતની કારણરૂપ જે મૂળ પ્રકૃતિ છે, જેને 'અવ્યક્ત' અને 'પ્રધાન' પણ કહે છે, તે પ્રકૃતિનું વાચક 'महत्' વિશેષણની સાથે 'ब्रह्म' પદ છે. આની વ્યાખ્યા નવમા અધ્યાયના સાતમા શ્લોકમાં કરવામાં આવી છે. તેને 'मम' (મારી) કહીને ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે મારી સાથે આનો અનાદિ સંબંધ છે. 'योनिः' ઉપાદાનકારણ અને ગર્ભાધાનના આધારને કહે છે. અહીં તેને 'યોનિ' નામ આપીને ભગવાને એવો ભાવ દર્શાવ્યો છે કે સમસ્ત પ્રાણીઓનાં વિભિન્ન શરીરોનું આ જ ઉપાદાન-કારણ છે અને આ જ ગર્ભાધાનનો આધાર છે.

પ્રશ્ન : અહીં 'गर्भम्' પદ કોનું વાચક છે? અને તેને મહદ્બ્રહ્મરૂપી પ્રકૃતિમાં સ્થાપન કરવું – એ શું છે?

ઉત્તર : સાતમા અધ્યાયમાં જેને 'પરા પ્રકૃતિ' કહી છે, તે જ ચેતન સમૂહનું વાચક અહીં 'गर्भम्' પદ છે; અને મહાપ્રલયના સમયે પોતપોતાના સંસ્કારો સહિત પરમેશ્વરમાં સ્થિત જીવસમુદાયને મહાસર્ગના આરંભમાં પ્રકૃતિની સાથે જે વિશેષ સંબંધ કરાવવામાં આવે છે તેને જ તે ચેતન-સમુદાયના ગર્ભનું પ્રકૃતિરૂપી યોનિમાં સ્થાપન કરવું કહેવાય.

પ્રશ્ન : 'ततः' પદ કોનું વાચક છે? અને 'सर्वभूतानाम्' પદ કોનું વાચક છે તથા તેઓની ઉત્પત્તિ શું છે?

ઉત્તર : 'ततः' પદ અહીં ભગવાન વડે કરાનારા જડ અને ચેતનના સંયોગનું વાચક છે; અને 'सर्वभूतानाम्' પદ પોતપોતાના કર્મ-સંસ્કારો